અનુક્રમણિકા

વિભાગ – ૧

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૧	જન્માષ્ટમીની વધાઈ	વ્રજ ભયો મહરિકે પૂત	૧
૨		નૈનભર દેખૌ નંદકુમાર	૯
૩		આજ ગૃહ નંદમહરકૈ બધાઈ	૧૧
૪		આજ બન કોઉ વહ જીન જાય	૧૨
૫		જન્મફલ માનત યશોદામાય	૧૩
૬		વિધાતા યહ દિન વેગી દિખાયૌ	૧૪
૭		શોભા દેખી રી નંદઘરૈ	૧૫
૮		હરિવદન ઉઘારી નિહારી જસોદા	૧૭
૯		સો ગોવિંદ તિહારે વ્રજબાલક	૧૮
૧૦		શોભાસિંધુ ન અનત રહી રી	૨૦
૧૧		ધન્ય ગોકુલ જહાં ગોવિંદ આયે	૨૧
૧૨		રાની જૂ યે સુત યહ સુખ ઐસો સુહાગ	૨૩
૧૩		કમલનયન શશીબદન મનોહર દેખીયે	૨૬
૧૪		દેખ સખી ગોરસકી આંગન	૨૭
૧૫		ચલો ભૈયા ઉત જાઈ મહરિકે	૨૮
૧૬		માઈ આજ તો ગોકુલગામ	૩૨
૧૭		યહ ધન ધર્મ હી તેં પાયો	૩૪
૧૮	માહાત્મ્ય લીલા	સો બલ કહા ભયૌ ભગવાન	૩૭
૧૯	નાલછેદન લીલા	ઝગરિની ઠાન્યો ઝગરૌ હરિકો	૩૮
૨૦	છઠ્ઠી લીલા	મંગલઘોસ છઠીકૌ આયૌ	૩૯
૨૧	પૂતનાવધ લીલા	આજ હોં રાજકાજ કરી આંઉ	૪૦
૨૨	પલના લીલા	દિવ્ય કનિકકો પાલનૌ રાની	૪૧
૨૩		હાલરો હુલાવત મૈયા હાલરૌ મેરે	૪૨
૨૪		પ્રિય નવનિત પાલને ઝૂલે	૪૩
૨૫	નામકરણ વિધિ લીલા	જહાં ગગન ગતિ ગર્ગ કહ્યો	૪૫
૨૬	ઢાઢી લીલા	લાલ પર ઢાઢિન વારને કીની	૪૬
૨૭	કાન છેદન લીલા	સૂચી પઢી દીની દ્વિજવર દેવા	૪૭
૨૮	મૃતિકાભક્ષણ લીલા	ઉગલૌ પ્યારે બાલગોપાલ માંટી	૪૮
૨૯	અન્નપ્રાસન લીલા	સુદિન સવારૌ શોધિકેં લાલજૂ	૫૧
૩૦	ઉખલ લીલા	ગોવિંદ બારબાર મુખ જોવૈ	૫૨
૩૧	બાળલીલા	હૌં ભોરી મેરો કાન્હ સયાનો	૫૪
૩૨		નાંહિન ગોકુલ વાસ હમારો	૫૫
૩૩		મેરો સાંવરો કન્હાઈ માઈ	૫૬
૩૪	દાવાનલલીલા	અબકે રાખી લેહુ ગોપાલ	૫૭

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
		વિભાગ – ૨	
૩૫	શ્રી લલિતાજીની વધાઈ	આજ સખી સારદા કન્યા જાઈ	૬૩
૩૬	શ્રીબલદાઉજીકી વધાઈ	માંદલ બાજચૌરી વ્રજજનકેં પ્રગટે	૬૩
૩૭	શ્રી વિસાખાજીની વધાઈ	રાવલ રસિક બેલી નવફૂલી	૬૪
૩૮	રાધાજીની વધાઈ	સખી બરસાનોં લાગત નીકો	૬૫
૩૯		જબતેં રાધિકા ભૂતલ પ્રકટી તબત	૬૬
૪૦		સકલ લોકકી સુંદરતા વૃષભાન	૬૭
૪૧	વામન જયંતિ	રાજા એક પંડિત પૌરી તિહારી	૬૮
૪૨		વામન આયૈ બલિયૈ માંગન	૭૦
૪૩	દાન	દાન હી દાન કરી ન કમાની	૭૨
૪૪		તેરે કોઉ હૈ રે કહૈયા સુનૈયા કન્હૈયા	૭૩
૪૫		ગુજરીયા બાવરી ભઈ કૈઈ બેર	૭૫
૪૬		હમારૌ દાન દૈ હો ગુજરૈટી	૭૭
૪૭		કૃપા અવલોકની દાન દૈરી	૭૯
૪૮		કાન્હ એસો દાન ન માંગીએ	૮૦
૪૯		કહૌ જુ દાન લૈહો કૈસે	૮૧
૫૦		અહો બિધિના તો પૈ અંચરા	૮૨
૫૧		દધિ ન બેચીયે હમારે કુલ એ તો	૮૪
૫૨	સાંઝી	આઈ હું અકેલી સાંઝ સાંઝી કે કુસુમ લેંન	૮૫
૫૩		સખીયન સંગ રાધિકા વિનત	૮૭
૫૪		છબરિયાં બાંસકી ફૂલેં ફૂલ ભરી	૮૯
૫૫		મુરલીવારે સાંવરે નેંક મારગ મોહી	૯૦
૫૬		અરી તુમ કૌન હો રી ફૂલવા બિનન હારી	૯૧
૫૭	મુરલી	કૌન ઠગોરી ભરી હરિ આજ બજાઈ	૯૫
૫૮		મુરલી મનમોહનકી સુનીકેં ગજ	૯૬
૫૯		મુરલી હરિ કો અપને બસ કીને માય	૯૭
૬૦		વાહી કે બલ ધેનુ ચરાવત	૯૭
૬૧		સુન સજની યહ સાંચી બાની	૯૮
૬૨		હરિ મુરલી કે હાથ બિકાને	૯૯
૬૩		યહ મુરલી બનઝારકી બિન લાયે લાયી	૧૦૦
૬૪		યહ મુરલી કુલ દાહનકારી સુનહૂ	૧૦૧
૬૫		ચલૌરી મુરલી સુનીયૈ કાન્હ	૧૦૨
૬૬		બંસી બજાવૈ સાંમરો હો કિંહી	૧૦૩
૬૭		બીન જાનેં હરિ જાહિ બઢાઈ	૧૦૫
૬૮		મૈં અપને બલ રહત સ્યામ સંગ	૧૦૫
૬૯		મુરલી કે ઐસે ઢંગ માઈ	૧૦૬
૭૦		મુરલી ભયેં રહત લડબી રી	૧૦૭

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૭૧		માતપિતા ગુણ કહૌ બુઝાય	૧૦૭
૭૨		મુરલી આપ સ્વારથીન નાર	૧૦૮
૭૩		કાહેં ન મુરલી સૌં હિત જોરૈ	૧૦૯
૭૪		બિધના મુરલી સૌત બનાઈ	૧૦૯
૭૫		સ્યામહી દોષ કહા કહી દીજૈ	૧૧૦
૭૬		સ્યામહીં દોષ જીન માઈ	૧૧૧
૭૭		બંશી ન કાહૂ કે બસ બંશીને	૧૧૧
૭૮		જાન્યૌ જાન્યૌ રી સયાન	૧૧૩
૭૯		મુરલી હરિ તેં ન છૂટત હૈ	૧૧૫
૮૦		યે બંશીનાદ સુરસાધિકે બજાઈ	૧૧૬
૮૧		મુરલી કૌ મન હરિ સૌ માન્યો	૧૧૭
૮૨		મુરલી હમસોં વૈર દ્દઢાયૌ	૧૧૯
૮૩		વૈર સદા હમસોં હરિ કીનૌ	૧૨૦
૮૪		સખીરી માધૌ દોષ ન દીજૈ	૧૨૩
૮૫		જબ હી મુરલી અધર લગાવત	૧૨૪
૮૬		મુરલી હરિકો નાચ નચાવત	૧૨૫
૮૭		મુરલી સોં અબ પ્રીતિ કરૌરી	૧૨૬
૮૮		મુરલીયા બાજત હૈ બહુબાન	૧૨૭
૮૯		સ્યામ મુરલિકા કેં મનહીં ઢરે	૧૨૭
૯૦		બાંસુરી બાજત મદનમોહનકી તટ	૧૨૮

વિભાગ – ૩

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૯૧	ધનતેરસ	યશોદા મદન ગોપાલ બુલાવે	૧૩૩
૯૨		પ્યારી અપનો ધન જો સંભારે	૧૩૩
૯૩	રૂપચતુર્દશી	બલન્હાયે તૈસેં લાલન ન્હૈયેં	૧૩૪
૯૪	દીવારીનાં પદ	ધરી એક છાંડો તાત વિહાર	૧૩૫
૯૫	ગાય ખિલાયવેકા પદ	ગાય ખિલાયો ચાહત ગિરિવરધર	૧૩૫
૯૬		કૂકેં દેત જાત કાનનપર ઊંચી ટેરન	૧૩૬
૯૭		સબ ગાયનમેં ઘૂમર ખેલી	૧૩૮
૯૮	દીવાળીનું પદ	દીપદાન દે શ્યામમનોહર સબ ગાયન	૧૩૯
૯૯	ગાયકો કાન જગાવે કો પદ	ઘરમેંસુ બાહિર ઉઠી આયે સબ ગાયનકે	૧૪૦
૧૦૦	દીપમાલિકા	પરમમંગલ પરબની દીપમાલિકા	૧૪૨
૧૦૧	હટરી	સુરભી કાન જગાય ખરીક બલ મોહન	૧૪૩
૧૦૨	સરસલીલા	૧. નંદહિ કહતિ યશોદારાની	૧૪૪
		૨. નંદ કહ્યો સુધિ ભલી દિવાઈ	૧૪૫
		૩. કહત મહેરિ તબ એસીબાની	૧૪૫
		૪. મહેર દીયો એક ગ્વાલ ચલાઈ	૧૪૬
		૫. ગોપસબૈં ઉપનંદ બુલાયે	૧૪૬

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
		૬. પૂજા સુનત બહુત સુખ કીનોં	૧૪૭
		૭. નંદઘરનિ વ્રજવધૂ બુલાંઈ	૧૪૮
		૮. ઘરન ચલી સબ કહી યશુમતિસોં	૧૪૮
		૯. નંદ મહર ઘર હોત બધાઈ	૧૪૯
		૧૦. મહેરિ સબેં નેવજ લે સેંતત	૧૪૯
		૧૧. યુવતી કહત કાન્હ રિસપાયો	૧૫૦
		૧૨. નંદ નિકટ તબ ગયે કન્હાઈ	૧૫૧
		૧૩. સુરપતિ પૂજા જાન કન્હાઈ	૧૫૧
		૧૪. જાવો ઘરહિ બલહારી તેરી	૧૫૨
		૧૫. યહ તબ કહે લગે દેવરાઈ	૧૫૩
		૧૬. માનહુ કહ્યો સત્ય યહ વાની	૧૫૩
		૧૭. સુરપતિ પૂજા મેટ કન્હાઈ	૧૫૪
		૧૮. વ્રજ ઘરઘર સબ ભોજન સાજતા	૧૫૪
		૧૯. ઈક આવત ઘરતેં ચલધાઈ	૧૫૫
		૨૦. સાજ શૃંગાર ચલીં વ્રજનારી	૧૫૫
		૨૧. નંદગોપ ઉપનંદ ગયે તહાં	૧૫૬
		૨૨. આય જુરે સબ વ્રજકે વાસી	૧૫૭
		૨૩. તુરત તહાં તબ વિપ્ર બુલાયે	૧૫૭
		૨૪. શ્યામ કહ્યો તબ ભોજન લાવો	૧૫૮
		૨૫. કાન્હ કહ્યો નંદભોગ લગાવો	૧૫૯
		૨૬. સ્યામકહી સોઈ સબ માની	૧૫૯
		૨૭. જેંમત દેખ નંદ સુખ પાયે	૧૬૦
		૨૮. યહ છબી દેખ રાધિકા ભૂલી	૧૬૦
		૨૯. ઈતહિ શ્યામ ગોપન સંગ ઠાડે	૧૬૧
		૩૦. ભોજન કરત દેવ ભયે પરસન	૧૬૧
		૩૧. નંદકહ્યો કહા માંગેં સ્વામી	૧૬૨
		૩૨. માંગ લેહુ કછુ ઓર પદારથ	૧૬૩
		૩૩. કૌતુક દેખત સુરનર ભૂલે	૧૬૩
		૩૪. દોઉકર જોર ભયે સબ ઠાડે	૧૬૪
		૩૫. પરસત ચરણ ચલત સબ ઘરકોં	૧૬૪
		૩૬. કોઉ પહોંચે કોઉ મારગ માંહી	૧૬૫
		૩૭. બડેદેવતા કાન્હ પુજાયો	૧૬૬
		૩૮. હરિ સબકે મન યહ ઉપજાઈ	૧૬૬
		૩૯. બ્રહ્મ દઈ જાકોં ઠકુરાઈ	૧૬૭
		૪૦. ગ્વાલન મોસોં કરી ઢિઠાઈ	૧૬૭
		૪૧. મોંકોં નિંદિત પર્વત વંદિત	૧૬૮
		૪૨. પર્વત પહેલેં ખોદિ બહાઉં	૧૬૯
		૪૩. દેખ ઈંદ્ર મન ગર્વબઢાયો	૧૭૦

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
		૪૪. સુરપતિ ક્રોધ કિયો અતિ ભારી	૧૭૦
		૪૫. ચિતવતહી સબ ગયે જુરાઈ	૧૭૧
		૪૬. મેઘનસોં બોલે સુરરાઈ	૧૭૨
		૪૭. રિસલાયક તાપર રિસ કીજે	૧૭૨
		૪૮. આયુસ પાય તુરતહી ધાયે	૧૭૩
		૪૯. ગરજ ગરજ વ્રજ ઘેરત આવેં	૧૭૩
		૫૦. ફિરત લોગ જહાંતહાં વિડરાને	૧૭૪
		૫૧. યમુના જલહી ગઈ જે નારી	૧૭૫
		૫૨. ગરજત ઘન અતિહી ઘહરાવત	૧૭૫
		૫૩. મેઘવર્ત મેઘન સમઝાવત	૧૭૬
		૫૪. વરખતહેં ઘન ગિરિકે ઉપર	૧૭૬
		૫૫. રાખિ લેહો ગોકુલ વ્રજનાયક	૧૭૭
		૫૬. ગોવર્ધન લીનો ઉચકાઈ	૧૭૭
		૫૭. શ્યામ ધર્યો ગિરિ ગોવર્ધન કર	૧૭૮
		૫૮. બોલ લિયે સબ ગ્વાલ કન્હાઈ	૧૭૮
		૫૯. બાત કહત આપસમેં બાદર	૧૭૯
		૬૦. પ્રલય મેઘ આયે લે બાનેં	૧૮૦
		૬૧. મેઘ ચલે મુખ ફેર અમરપુર	૧૮૦
		૬૨. ચક્રિત ભયો વ્રજ વાત સુનાઈ	૧૮૧
		૬૩. સુરપતિ આગે ભયે સબ ઠાઢે	૧૮૧
		૬૪. સુરન કહી સુરપતિ કે આગેં	૧૮૨
		૬૫. યહ મોકોં તબહી ન સુનાઈ	૧૮૬
		૬૬. જબ જાન્યોં વ્રજ દેવમુરારી	૧૮૪
		૬૭. કરત વિચાર ચલ્યો સન્મુખ વ્રજ	૧૮૫
		૬૮. નિકટ જાન ત્યાગ્યો વાહનકોં	૧૮૫
		૬૯. હંસહંસ કહત કૃષ્ણ મુખબાની	૧૮૫
		૭૦. હરિ કરતેં ગિરિરાજ ઉતાર્યો	૧૮૭
૧૦૩	ગોપાષ્ટમી	ધેનનકો ધ્યાન માઈ નિશદિન મેરે લાલન કો	૧૮૯
૧૦૪		ગૈયા દૂર નિકસ ગઈ મોહન બગદાવો દે હાંક	૧૯૧
૧૦૫		પોંછત લાલ ગાયનકી પીઠ	૧૯૨
૧૦૬		મૈયારી મેં કેસી ચરાઈ ગાય	૧૯૪
૧૦૭		મૈયા હોં ન ચરેહોં ગાય	૧૯૫
૧૦૮	શ્રીગુસાંઈજીની વધાઈ	ભક્તિ શ્રીગોકુલતેં પ્રકટ ભઈ	૧૯૮
૧૦૯		હીં યાચક શ્રી વલ્લભ તુમારો યાચન	૨૦૦
૧૧૦		ચતુરાઈ તાકી સાંચી જો શ્રીવલ્લભનંદન	૨૦૨
૧૧૧		કેસરકી ધોતી કટી કેસરી ઉપરના ઓઢે	૨૦૩
૧૧૨		ગોવલ્લભ ગોવર્ધન વલ્લભ શ્રીવલ્લભ	૨૦૪
૧૧૩		ગાયનસોં રતિ ગોકુલસોં રતિ	૨૦૬

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૧૧૪		કલિમેં એક બડો આધાર	૨૦૭
૧૧૫		શ્રીવિઠ્ઠલેશ ચરણકમલ પાવન ત્રૈલોકકરણ	૨૦૭
૧૧૬		સદા વ્રજ હી મેં કરત વિહાર	૨૦૮
૧૧૭		અમૃત રસ શ્રવ્યો શ્રીવલ્લભ મુખ માધુરી	૨૦૯
૧૧૮		જો પેં શ્રીવિઠ્ઠલ રૂપ ન ધરતે	૨૧૧
૧૧૯		હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી	૨૧૨
૧૨૦		તુમારે ચરણકમલકે શરણ	૨૧૩
૧૨૧		હોં ચરણાત પત્રકી છૈયાં	૨૧૩
૧૨૨		તિહારી કૃપા વિઠ્ઠલેશ ગુસાંઇ	૨૧૪
૧૨૩		પરમકૃપાળુ શ્રીવલ્લભનંદન કરત કૃપા	૨૧૫
૧૨૪		જુગ જુગ રાજ કરો શ્રીગોકુલ જુગ જુગ રાજ કરો	૨૧૭
૧૨૫	ભોગી	ભોગી ભોગ કરત સબ રસકો	૨૧૮
૧૨૬	મકરસંક્રાંતિ	ગોપાલ માઈ ખેલત હે ચોગાન	૨૧૯
૧૨૭	પતંગ	કાન્હ અટા પર ચંગ ઉડાવત	૨૨૦

।।શ્રીહરિઃ।।

કમલદલ-

ભગવત્ કીર્તન રહસ્ય

વિભાગ-૧

- જન્માષ્ટમી વધાઈ
- બાળલીલાઓ

દેવેન્દ્ર શાહ

ભરૂચ

જન્માષ્ટમીની વધાઈ

(૧) રાગ – દેવગંધાર ૧/૦૧

વ્રજ ભયો મહરિકે પૂત, જબ યહ બાત સુની
સુની આનંદે સબ લોગ, ગોકુલ ગણિત ગુની
વ્રજ પૂરબ પૂરે પુન્ય રૂપી ફલ સુથીર ધુની
ગ્રહ લગ્ન નછત્ર સોધી કરની વેદ ધુની ...૧

જ્યારે વ્રજવાસીઓએ જાણ્યું કે... મહરી જસોદાજીને પુત્ર પ્રકટ્યો છે ત્યારે તે સાંભળતાં વેંતમાં જ બધાં ખૂબ જ આનંદીત થઈ ગયા. કેમ કે તેથી ગોકુલ ભાગ્યવાન થયું. વ્રજવાસીઓએ પૂર્વે કરેલાં પૂણ્યે આજે સ્વરૂપ ધારણ કર્યું. એટલે કે ફલીભૂત થયાં અને આ કૂળમાં (નંદજીના / ગોવાળોના / નિઃસાધનભક્તોના) સ્વતંત્ર પણે પૂણ્ય સ્થિર થયાં. આ સમયે બ્રાહ્મણોએ ગ્રહ, લગ્ન, નક્ષત્ર વગેરેનું બલવત્તર પણું જોતાં વેદગાન કર્યું.

સુની ધાઈ સબે વ્રજનારી સહજ સિંગાર કીયે
તન પહેરે નૌતન ચીર, કાજર નૈન દીયે
કસી કંચુકી તીલક લલાટ, સોભિત હાર હીયે
કર કંકન, કંચન થાર, મંગલ સાજ લીયે ...૨

પ્રભુ પ્રાક્ટ્ય સાંભળીને બધી વ્રજનારીઓ (આત્માના શૃંગાર) સહજ શૃંગાર ધારણ કરીને દોડી. તન ઉપર નવાં વસ્ત્ર ધારણ કર્યાં (ચિરંજીવી પણું થયું અથવા તનુનવત્વ થયું). આંખોમાં કાજલ આંજ્યું કેમ કે પોતાની જ નજર લાલનને ન લાગે! કંચૂકી કસીને બાંધી કેમ કે હૈયું આનંદને હિલોળે ચઢ્યું છે. ભાલમાં સૌભાગ્ય ચિન્હ ધર્યું છે કેમ કે પોતાના સ્વામી પધાર્યા છે. સૌભાગ્ય ચિન્હ જ્ઞાનશક્તિરૂપે છે. હૃદય પર હાર શોભી રહ્યો છે જેનાથી હૃદયનો ભાવ પ્રકટી રહ્યો છે. કરમાં કંકણ ધાર્યા છે. આ સૌભાગ્યચિન્હ ક્રિયાશક્તિરૂપા છે, હસ્તમાં કંચન થાર જેમાં મંગલ સાજ છે તે લઈને ધાયા છે. આ દોટ પ્રભુને વધાવવા માટેની છે.

વે અપને અપને મેલ નીકસી ભલી ભાંતી
માનો લાલ મુનીનકી પાંતી પીંજરન ચૂર ચલી
વે ગાવેં મંગલ ગીત મિલી દસ-પાંચ અલી
માનોં ભોર ભયો રવી દેખી ફૂલી કમલ કલી ...૩

તે ગોપીઓ પોતપોતાની મેળવાળી (સમાનશીલ) સાથે, તે તે પ્રકારે સજી ધજીને (ભલી-ભાંતી) નીકળી. લાલ રંગના વસ્ત્રધારી મુનીઓની (પક્ષીઓની) હારમાળા જેમ (પીંજરામાંથી) સંસારમાંથી ભાગી છૂટે તેમ.

અહીં પણ ગોપીઓ ઘરસંસારને વિસારીને પ્રભુ દર્શનાર્થે અનુરાગરૂપ લાલ વસ્ત્ર તથા શૃંગાર સજીને ધસમસતી પોતાની નિશ્ચિત દિશામાં પ્રભુ પ્રતિ નીકળી પડી છે. તેઓ પાંચ-દશની મંડળી બનાવીને પ્રભુ પધાર્યાનાં મંગલગીત વધાઈરૂપે કે પોતાનાં સૌભાગ્યનાં મંગલગીત ગાતી સમૂહમાં નીકળી પડી છે. જાણે ગુંજારવ કરતાં ભ્રમર ન હોય! ભક્તોનો સમૂહ સગુણ-૯ અને સાત્વિક-૧ તેમ ૧૦ છે ભ્રમર ગીતના શ્લોક પણ ૧૦ છે.

આ ગોપીઓ ઊગતી સવારે નીકળી છે કે જ્યારે સૂર્ય ઊગ્યો છે, પ્રકાશ પથ્થરાયો છે પણ સૂર્ય દેખાયો નથી. જેમ કમળ સુરૂપ, સુગંધીત અને સુકોમળ છે પણ બિડાયેલું છે અને સૂર્યદર્શન થતાં તેની પાંખડી ખિલી ઊઠે છે તેમ ગોપીજનો માટે ભાગ્યરૂપ-સુખરૂપ સવાર ઊગ્યું છે. વિરહયાતના રૂપ અંધકાર દૂર થયો છે ત્યારે આ ભક્તો પોતાનું સર્વસ્વ (નામ-રૂપ-ગુણ) પ્રભુને સમર્પિત કરવા જઈ રહી છે. આવી તેઓની પ્રેમદશા છે.

ઉર અંચલ ઉડત ન જાન્યો સારી સુરંગ સુહી
મુખ માંડયો રોરી રંગ સિન્દુર માંગ છૂહી
શ્રમ શ્રવનન તરલ તરોંના બેની સિથિલગુહી
સિર બરખત કુસુમ સુદેશ માનોં મેઘ ફૂહી ... ૪

તેમના વક્ષસ્થળ પરથી ઓઢણીનો છેડો ખસી (ઊડી) ગયો છે, જે પ્રેમના આવેગને કારણે દેહવિસ્મૃતિ બતાવે છે. પરંતુ જે વસ્ત્રો ધાર્યા છે તે તો સુંદર રંગોથી રંગાયેલ છે એટલે કે પ્રેમરંગોથી રંગાયેલ છે. મુખને સુંદર રંગથી ચિત્રીત કર્યું છે, એટલે કે પ્રેમના ભાવોનું ચિતરામણ કર્યું છે. શિર ઉપર પાંથીમાં સિંદુર ભભરાવ્યું છે જે પોતાના પાતિવ્રત્યને પ્રક્ટ કરે છે અથવા ‘‘સૌભાગ્ય નિશાનીરૂપ સિંદુર અમારા શિર પર છે’’ જે ભગવદ્ અધીનતાનો ભાવ પ્રક્ટ કરે છે.

ઝડપી ચાલથી ચાલે છે (શ્રમ) તેથી કાનમાં (શ્રવનન) પહેરેલાં લટકતા કુંડલ (ઝુમક) હલી રહ્યાં છે, ચંચલ (તરલ) થઈ રહ્યા છે. તેમની ઉતાવળી ચાલ સાથે તેમનું મન તો અધિક ઉતાવળું બન્યું છે તેથી ચરણ અને મન બન્નેની ચંચલ ગતિ છે. તેનું કારણ એ છે કે **‘‘વ્રજભયો મહરિકે પૂત’’** આ શબ્દો સાંભળ્યા છે.

વાળમાં બાંધેલ વેણી પણ (તેમની) ઢીલી થઈ ગઈ છે **(બેની સિથીલ ગુહી)**. જેમ દેહ સાથે અંગો જોડાયા હોવાથી મન ચંચળ થાય તો દેહ પણ ચંચળ થાય અને તેથી દેહના અંગો તેમના કાર્યોમાં દૃઢ ન રહે, મન વૃત્તિમાં સ્થિર ન રહે, તેવું જ ગોપીજનોની વેણી સિથીલ થવા બાબતે છે. વેણી વાળ સાથે બાંધી છે પણ પકડ ઢીલી થઈ જવાથી પુષ્પો વેરાઈ જાય છે. વેણુગીતના શ્લોક-૧૨માં અપ્સરાઓની આવી દશા છે. (શિર બરખત કુસુમ સુદેશ માનો મેઘ ફૂહી.)

માથા પરની વેણીમાં ગુંથેલા પુષ્પો ભૂમિ પર ખરી પડે છે જેમ (આકાશ) મેઘમાંથી છૂટાં પડેલાં જલબિંદુ ભૂતલ પર પડે ! અતી પ્રેમનું એવું લક્ષણ છે કે પ્રિય બાબતે શંકા-આશંકા થાય. આ સંશય તે અદૃઢતા છે, જે જ્ઞાનનું લય થવાને લીધે છે. આમ અજ્ઞાન તે અદૃઢતા છે અને તે અધોગતિનું કારણ બને છે. પુષ્પો વેણીમાં અદૃઢ થવાથી નીચે પડે છે. પરંતુ પ્રેમની બાબતમાં ઉલટું છે, તેમાં તો પ્રેમના અતીરેકમાં જ્ઞાન વિસરાય તો ઉર્ધ્વગતિ થાય !

ગોપીજનોને અજુગતી આશંકા થવાથી ઝડપથી ચાલીને - ''પીય પહેલે પહોંચી જાય અતી આનંદ ભરી'' પીય પાસે પહોંચી જાય છે ત્યારે આનંદ સ્વરૂપમાંથી આનંદ ભરી લે છે આ ઉર્ધ્વગતિ !

વહેલા પહોંચી જવાની ભાવ-ભાવના જ્યારે પ્રક્ટે છે ત્યારે તેની તીવ્રતાને કારણે સ્વરૂપભાવના અને લીલાભાવના તિરોહીત રહે છે.

લઈ ભિતર ભવન બુલાય સબ શિશુ પાંય પરી
એક વદન ઉઘારી નિહારત દેત અશિષ ખરી
ચિરજીયૌ યશોદાનંદ પૂરન કામ કરી ...૫

હવે લીલાભાવના પ્રક્ટે છે -

રોહિણીજીએ તે ઘેલીઓને ભવનના ગર્ભગૃહમાં બોલાવી, કેમ કે તેમનો ભાવ પણ ભિતરનો છે. આ બધી શ્રુતિરૂપાઓ યશોદાજીની ગોદમાં પોઢેલા શિશુની સ્તુતિ કરતાં કરતાં પાયે પડી કેમ કે આજે પ્રભુએ તેમને કૃતાર્થ કરી. તેઓએ પોતાનું દાસત્વ તથા સમર્પણ સ્વીકારવા વિનતી કરી. સૌને તો એમ જ લાગ્યું કે આ બધી યશોદાજીને પગે પડે છે !

હવે સ્વરૂપભાવના પ્રક્ટે છે -

તામસ ગોપીથી રહ્યું નથી જતું તેથી કોઈ જ ઉપક્રમ વગર પ્રભુની માયાને હટાવીને

વદનકમળના દર્શન કરે છે. સ્તુતિ કરનારીઓ માહાત્મ્ય વિસારીને ફરી સ્નેહના કુંડાળામાં આવી જાયે છે, તેથી બાળ કનૈયાને શુદ્ધ આશીષ આપે છે કે - આ યશોદાનંદન ચિરંજીવી હો, એટલે કે અમારા હૃદયકમળમાં ચિરંજીવી હો અને **પૂરણકામ કરી** એટલે કે આપ તો પૂર્ણકામ છે પણ અમારાં અપૂર્ણકામને આપના આનંદથી ભરી દો. તે પ્રકારે અમને સુખી કરે.

ધની ધન્ય દિવસ ધનીરાત, ધની યહ પ્રહર ઘરી
ધની ધન્ય મહરિજૂકી કૂખ ભાગ સુહાગ ભરી
જીન જાયો ઐસો પૂત સબ સુખ ફલન ફરી
શિર થાપ્યો સબ પરિવાર મનકી શૂલ હરી ...૬

હવે યશોદાજીના ભાગ્યને વધાઈ આપે છે.

સૌ પહેલાં કાળને વધાઈ આપે છે કે તારાં ધન્યભાગ્ય છે કે તારા સ્વામીની અલૌકિક અનૂઠી લીલાનો તુ સાક્ષી બની રહ્યો છે. આ અષ્ટમીની રાત્રી અને નવમીનો દિન બન્ને ધન્ય છે. આપ જે પ્રહરમાં ગોકુલ પ્રધાર્યા તે પ્રહર ધન્ય છે. જે ઘડીએ આપે મહરીને દર્શન આપ્યા તે પણ ધન્ય છે. જસોદા મહરીની કૂખથી આપ પ્રક્ટ્યા તેવી પ્રસિદ્ધિને કારણે યશોદાની કૂખ ધન્ય બની. આપે વારંવાર યશોદાને પ્રતીતિ કરાવી છે કે આપ તેના પુત્ર છો. તેવું ભાગ્ય હોવું તે તો સુખની પરિસીમા છે, એટલે કે તેનાથી આગળ કોઈ સુખ નથી બચ્યું. વળી આપ પોતાના સમસ્ત પરિકર (પરિવાર) જેવાં કે શ્રી ગિરિરાજજી, શ્રીયમુનાજી, શ્રીવૃંદાવન, ગોપ-ગોપી-ગાયો, વ્રજભક્તો સમસ્તને લઈને ભૂતલ પર વ્યાપી વૈકુંઠમાંથી પધાર્યા, એટલું જ નહિ તેમને વ્રજમાં હંમેશ માટે સ્થાપ્યા. તેથી સર્વના મનમાં રહેલ શૂલ-દુઃખ જતાં રહ્યાં. આનંદ પરિકર સાથે પધારે ત્યારે પરમાનંદ થાય.

સુની ગ્વાલન ગાય બહોરી બાલક બોલી લીયે
ગુહી ગુંજા ઘસી વનધાતુ અંગઅંગ ચિત્ર ઠયે
સિરધરી માખનકે માટ ગાવત ગીત નયે
મિલી ઝાંઝ મૃદંગ બજાવત્ સબ નંદભવન ગયે ...૭

હવે જ્યારે ગ્વાલોએ **''જન્મ ભયો મહરિકે પૂત''** તે સાંભળ્યું ત્યારે તે ગ્વાલ-વૈશ્યોને પોતાની સંપત્તિ, ગાય અને બાળકો યાદ આવ્યા. તેથી ગાયોને વાળીને ભેગી કરી અને બાળકોને બોલાવી લીધા. ગુંજાની માળાઓ ગુંથી, વનધાતુના રંગ ઘસ્યા અને તેનાથી ગાયોના શરીર પર જાત-ભાતના ચિતરામણ કરીને તેમને સુશોભિત કર્યાં. આમ પ્રભુને પ્રિય ગાયોને આગળ કરી.

બ્રહ્માજી પણ પ્રભુને ભૂતલ પર પધારવા સ્તુતિ કરવા નિકળ્યા ત્યારે ગાયને જ (પૃથ્વીરૂપ) આગળ કરી હતી. જેમ બ્રહ્માજીમાં દિવ્ય રજોગુણ મુખ્ય તેમ વૈશ્ય ગ્વાલોમાં પણ દિવ્ય રજોગુણ મુખ્ય. તેથી તેઓએ પોતાની સંપત્તિ રૂપે માખણના માટને શિર પર ધારણ કર્યા. ગોપલોકોનો શૃંગાર પણ આ જ ! આ પ્રકારે તેઓ ટોળીમાં જાત-ભાતના ગીત ગાતાં, ઝાંઝ અને મૃદંગ વગાડતા, આનંદ વિભોર હૃદયે પોતાની સંપત્તિનું સમર્પણ પ્રભુને કરવા નંદદ્વારે આવ્યા.

એક નાચત કરત કુલાહલ છિરકત હરદ દહિ
માનોં બરખત ભાદોં માસ નદી ઘૃત દૂધ બહિ
જાકો જહીં જહીં ચિત જાય કૌતુક તહીં તહીં
રસ આનંદ મગન ગુવાલ કાહૂ બદંત નહિ ...૮

પ્રેમરસમાં મુગ્ધ તેવા ગ્વાલ, જે ગાતા ગાતા આવ્યા પણ પ્રભુના આકર્ષણે તેમનો પ્રેમ ઉછાળા મારવા લાગ્યો, તેથી નાચવા લાગ્યા અને ગાવાનો લય તૂટીને કૂલાહલરૂપ થઈ ગયો.

દહિં જે શિર પર માહાત્મ્ય રૂપે હતું, તેમાં હલદી રૂપ ભાવનો રંગ મેળવી તેને સ્નેહમાં પલટાવ્યો. તે એક બીજાને છાંટીને પ્રેમ પ્રદર્શિત કરવા લાગ્યા. આ પ્રેમરસ ઉછાળો મારતો હતો, હૈયામાં સમાતો નહોતો તે એટલી હદે કે ભાદરવા (શ્રાવણ-ગુજરાતી)માં ભારે વર્ષાથી નદીઓ છલકાઈ જાય તેમ !

પહેલાં જે લૌકિક હતું તે પ્રભુ પ્રાકટ્ય પછી અલૌકિક થઈ જવાથી જે જૂએ તે (દેખાય તે નહિ) આશ્ચર્યજનક જ હોય !

હવે આનંદમગ્નતાએ ઉન્માદનું રૂપ ધર્યું તેથી કોઈ જ શિષ્ટતા (મર્યાદા) તેમના ચિત્તમાં રહેતી નથી. તેથી કોઈને ય ગાંઠતા નથી.

એક ધાઈ નંદજૂ પે જાય પુની પુની પાય પરે
એક આપુ હી આપુ માંઝ હંસી હંસી અંક ભરે
એક અંબર સબ હી ઉતારી દેત નિઃશંક ખરે
એક દધિરોચન ઔર દૂબ સબનકે સીસ ધરે ...૯

આમ બુદ્ધિ-ચિત્ત પર કાબુ ન રહેવાથી, કોઈ વારંવાર નંદજીને પાયે પડે છે કેમકે નંદજીએ લાલન આપ્યો. આ સાત્વિક ગ્વાલ છે. તો બીજા કોઈક માંહ્ય માંહ્ય ખૂબ હસે છે અને પરસ્પર ભેટે છે, આ રાજસ ગોપ છે. તો ત્રીજા કોઈ ગોપ લાજ નેવે

મૂકીને બિંદાસ કપડાં ઉતારી મૂકે છે. આ તામસ છે, તો કોઈક દૂબને દૂધમાં બોળીને બધાના શિશ-પાઘ પર ધરાવે છે આ નિર્ગુણ ભાવવાળા ગોપ છે. આ બધી પ્રેમની ઉત્કટતા છે.

તબ નંદ ન્હાય ભયે ઠાડે અરૂ કુશ હાથ ધરૈ
નાંદીમુખ પિતર પૂજાય અંતર સોચ હરૈ
ઘસી ચંદન ચારૂ મંગાય વિપ્રન તીલક કરૈ
વર ગુરુજન દ્વિજન પહરાય સબન કે પાંય પરૈ ...૧૦

હવે નંદજી સ્નાન કરી, હાથમાં કુશ-પવિત્રધાસને ધારણ કરીને, વૃદ્ધિશ્રાધ્ધ-પૂર્વક પિતૃઓનું પૂજન કરીને, ચિત્તશુદ્ધિ કરીને, ઉત્તમ કોટીનું ઘસેલું ચંદન મંગાવ્યું અને તેના વડે વિપ્રોને તિલક કરી, તેમનું સન્માન કર્યું. પોતાનાથી વડીલો અને દ્વિજદીક્ષા ધારણ કરી છે તેવા સૌને ઉપરણા પહેરાવી સન્માનિત કરી તે સૌને પગે પડ્યા. આ પ્રકારે નંદજીએ વૈદિક વિધિ કરી.

ધર્મ કાર્ય કર્યું તેથી અહીં પ્રભુનો **જ્ઞાનધર્મ** નંદજીમાં પ્રકટ થયો.

ગનગૌઆ ગીની ન જાય તરૂન સુબચ્છ બઢી
નિત ચરૈં યમુનાજી કે કાછ દૂને દૂધ ચઢી
ખુર રૂપે તાંબે પીઠ સોને શીંગ મઢી
તે દીની દ્વિજન અનેક હરખી અશીષ પઢી ...૧૧

નંદજી પાસે અનેક પ્રકારની વાછરડાં વાળી ગાયો છે, જે નિત્ય શ્રીયમુનાજીને કાંઠે લીલું ઘાસ ચરે છે જેથી ખૂબ જ દૂધ દેતી થઈ છે. તેવી ઉત્તમ ગાયોની ખળી રૂપાથી મઢેલ છે અને પીઠ તાંબાની મઢી છે અને શિંગડાં સોનાથી મઢયા છે. તેવી ઉત્તમ ગાયો નંદજીએ દ્વિજોને ઘણી દાન કરી કે જે દ્વિજો લાલનને ખૂબ જ ભાવપૂર્વક આશીષ આપે છે. અહીં નંદજીના પ્રભુએ દીધેલ **ઐશ્વર્ય** અને **વૈરાગ્ય**નાં દર્શન થાય છે.

સ્મૃતિ ધર્મનું પાલન પણ નંદજી આ પ્રકારે કરે છે.

તબ અપને મિત્ર સુબંધુ હંસી હંસી બોલી લીયે
મથી મૃગમદ મલયકપૂર માથેં તિલક કીયે
ઉર મણિમાલા પહરાય વસન વિચિત્ર દીયે
માનોં બરસત માસ અષાઢ દાદુર મોર જીયે ...૧૨

પછી નંદજીએ પોતાના મિત્ર તથા સગાઓ પ્રતિ હસીને કંઈક ખબર અંતર પૂછ્યા. ત્યાર બાદ કસ્તૂરી, ચંદન અને કપૂર મેળવીને, ઘસીને તેનું તીલક સૌને કર્યું. વળી સૌને મણિમાળા અને જાત-ભાતના વસ્ત્રો ભેટ ધર્યા. જેમ અષાઢ માસમાં વર્ષા થાય તેના કારણે દાદુર-દેડકાં અને મોરને જીવનદાન મળે છે તેમ નંદજીની ઉદારતા ઘણાંઓની જીવનદોરી બની.

અહીં નંદજીનો પ્રભદત્ત **વીર્ય** અને **શ્રી** ધર્મ પ્રકટ થાય છે. નંદજી લોકધર્મોના પ્રતિપાલક છે.

વીર બંદી માગધસૂત આંગન ભવન ભરૈં
તે બોલે લૈ લૈ નામ હિત કોઉ ના બિસરૈ
જિન જો જાચ્યોં સો દીની રસ નંદરાય ઢરૈ
અતી-દાન માન પરધાન પૂરન કામ કરૈ ...૧૩

યશ-કીર્તિ ગાનારા તેવા બંદીજન તથા માગધસૂત વ.થી નંદભવનનું આંગન ભરાઈ ગયું છે. તે બધા નંદજી તથા તેમના પૂર્વજો, પ્રત્યેકને યાદ કરી કરીને કીર્તિ-ગાન કરે છે પ્રભુના સંબંધિઓની પ્રસંશાથી પ્રસન્ન થઈને નંદજીએ જેણે જે માંગ્યું તે રસપૂર્વક તથા દીનતાપૂર્વક (**ઢરૈ**) આપ્યું. આ અતી-દાનમાં ‘આપવું’ તે મુખ્ય નથી પણ સન્માન કરવું તેની પ્રધાનતા છે અને તેના કારણે દાન લીધા પછી પણ સર્વ પૂર્ણકામ થયા. એટલે કે પછી ક્યાંય-ક્યારેય માંગવાની મનસા ન રહી.

અહીં નંદરાયજીમાં પ્રભુદત્ત **‘યશ’** ધર્મ પ્રકટ થયો.

તબ રોહિની અંબર મગાય સારી સુરંગ ઘની
તે દીની વધૂન બુલાય જૈસી જાય બની
વે અતી આનંદીત બહોરી નિજગૃહ ગોપધરી
મિલી નિકસી દેહી અશીષ રૂચિ અપુની અપુની ...૧૪

ત્યાર બાદ ગામની વધૂઓ કે જે લાલનની વધાઈ માટે આવી હતી તે બધીને એક એક કરી બોલાવીને રોહિણીજીએ સુંદર રંગીન અંબર સાડી વ. મંગાવીને વિદાય

ભેટ આપી. તે ગોપવધુઓ પણ પોત-પોતાના ભાવાનુસાર આશીષ આપીને, ખૂબ જ આનંદીત થઈને પોતા-પોતાના ઘરે ગઈ. આનંદ હૃદયમાં ભરી ભરીને ગઈ.

તબ ઘર ઘર ભેરી મૃદંગ પટહ નિશાન બજે
વર બાંધી વંદનમાલ અરૂ ધ્વજ કલશ સજે
તબ તા દિનતેં વે લોગ સુખ સંપત્તિ ન તજે
સુની 'સૂર' સબનકી યહ ગતિ જો હરિચરણ ભજે ...૧૫

ત્યાર બાદ આ સૌ વ્રજજનો પોતપોતાના ઘરે જઈને ભેરી, મૃદંગ, ઢોલ-નગારા (પટહ), નિશાન બજાવવા લાગ્યા અને ઊંચે-ઘરનાં બારણાંના ટોડલે તોરણ બાંધ્યા, ધ્વજાઓ ફરકાવીને ઊંચે બાંધી તથા કલશને સુંદર રીતે સજાવીને મંગલમય પ્રદર્શન કર્યું. એટલે કે પોતાના હરખને ખૂબ ઊંચો કર્યો તે એટલો વધ્યો કે માત્ર તે કૃષ્ણનો જ યશ (ધ્વજા) ગાવા લાગ્યા. (કથા) બસ તે દિવસથી ભગવદ્ પ્રેમ તેમના હૃદયમાં સ્થિર થયો અને તે એવું સુખ હતું કે જે છોડવા તેમણે ક્યારેય ચાહ્યું નથી અથવા તે આનંદ-સુખરૂપ સંપત્તિ પ્રભુ જ હતા, તે પ્રભુ તેમને ક્યારેય છોડીને ગયા નથી.

સૂરદાજીએ આ અવતારકાલીન પ્રભુ-પ્રાક્ટ્યની, પ્રભુ પ્રેમના મહિમાની કથા ગાયા પછી, તેમના મનમાં અનવતારકાલીન જીવો માટે ચિંતા થઈ કે તેમનું શું થશે ? શ્રીમહાપ્રભુજી સુરદાસજીના મનનો ભાવ કળી ગયા, તેથી આ કીર્તનની છેલ્લી ટૂંક પૂરી કરતાં આપ કહે **''સૂની સૂર, સબનકી યહ ગતિ જો હરિચરણ ભજે''**. એટલે કે જે કોઈ શ્રીહરિચરણને પ્રેમપૂર્વક ભજશે તેમની ગતિ પણ વ્રજજનો જેવી જ થશે. એટલે કે જે પ્રેમપૂર્વક સેવા અને કથામાં આસક્ત રહેશે, તે પણ તેવો જ પરમાનંદ પ્રાપ્ત કરશે.

(૨) રાગ – દેવગંધાર

નૈનભર દેખૌ નંદકુમાર
જસુમતી કુખ ચંદ્રમા પ્રક્ટયૌ યા વ્રજકો ઉજીયાર ...૧
બન જીન જાઉ આજ કોઊ ગો સુત ગાય ગુવાર
અપને અપને ભૈષ સબૈ મિલી લાવૌ વિવિધ શિંગાર ...૨
હરદ દુબ અચ્છત દધિ કુમકુમ મંડિત કરો દુવાર
પુરૌ ચૌક વિવિધ મુક્તાફળ ગાવૌ મંગલચાર ...૩
ચહૂં વેદધૂની કરત મહામુની હોત નછત્ર વિચાર
ઉદયો પૂન્ય કો પૂંજ સાંવરો સકલ સિધ્ધિ દાતાર ...૪
ગોકુલવધૂ નિરખી આનંદીત સુંદરતાકોં સાર
દાસચતુર્ભૂજ પ્રભુ સબ સુખનિધિ ગિરિધર પ્રાનઆધાર ...૫

ભાવાર્થ :

ગોકુલવધૂ એટલે કે અન્યપૂર્વા -શ્રુતિઓજેમના ગુનગાન યુગોથી ગાઈ રહી હતી અને ચાતકની જેમ આપના પ્રાક્ટ્યની રાહ જોઈ રહી હતી, તેમનો વિશ્વાસ આજે ફલીભૂત થયો. તેઓ જેમના યશોગાન કરતી હતી તેમને પહેલીવાર નિરખવાનો લ્હાવો મળવાનો છે. તેથી તો તેવા ઉત્સાહમાં તે પોતાની સર્વ સખીઓને કહે છે - **''નૈન ભર દેખૌ નંદકુમાર...''** જે આનંદની ગણાત્રી થઈ શકે તેમ નથી. તેવા આ નંદકુમારનાં દર્શન આંખોથી કરી, આંખોથી ભરીને હૃદયમાં પધરાવી લો. જેમની મતિ-બુદ્ધિમાં પ્રભુના યશ સિવાય કંઈ જ નથી તેવાં યશોમતિની અગાઢ કૂખમાંથી આ પ્રાક્ટ્ય થયું છે. જેમ અગાધ સમુદ્રનું મંથન કર્યા પછી તેમાંથી ચંદ્રમા પ્રક્ટ્યો તેમ, બુદ્ધિ-મતિનું મંથન કરવાથી જે યશોમતિ બની છે, તેમાંથી આ ચંદ્રમા પ્રક્ટ્યો છે. ચંદ્રવંશનો કુલદીપક હોવાથી પણ આ ચંદ્રમા છે. આ એ ચંદ્ર છે કે જે કોઈક મહાભાગ્યશાળી શદરપૂર્ણિમાને દિવસે આપણને ફલદાન કરવાનો છે. આપણે તો વનસ્પતિ સમાન જડબુદ્ધિવાળા છીયે પણ તે તો ચંદ્ર છે જેથી આપણને રસથી ભરી દેશે. આપણે તો જડ-વૃક્ષ સમાન, વૈષ્ણવ છીએ, તેથી આપણા ભાવનું પોષણ કરનાર ચંદ્ર આપ જ છે. વનમાં ગમે ત્યાં ઊગી નીકળતી વનસ્પતિ એટલે અસંસ્કારી તેથી નિ:સાધન. તેના જેવી અમ વ્રજાંગનાના ચંદ્ર-ઈશ્વર આપ છે અમોને, અરે પૂરા વ્રજને, આપ સમાન (તાદૃશ) દિવ્ય-ઉજવળ - પ્રકાશમાન ભગવદરૂપ બનાવનાર જે છે તે ચંદ્રમા આજે પ્રક્ટ્યો છે. માટે તેને **નૈનભર દેખૌ....** (૧)

આજે ગાય-વાછરડાં કે ગોવાળ કોઈ કહેતાં કોઈ વનમાં જશો નહિ. ગોવાળ પોતાની વૃત્તિના સાધનો-ગાયો માટે તથા ગાયો પોતાનું પેટ ભરવા વનમાં જાય છે. આ સ્વવૃત્તિ તે સંસાર છે, વન છે. તેવા સંસારને છોડીને આજે પ્રભુ પ્રાકટ્ય ઉત્સવમાં જોડાઓ. ઉત્સવને અનુસરનાર, પોતાની પાસે જે જે કંઈ વેશ-પહેરવેશ છે, તેને ધારણ કરી, શૃંગાર સજી લો. ગોપીઓએ આત્માના શૃંગાર ધર્યા છે અને આત્મસમર્પણ કરવા આવી છે, પ્રભુને ભેટ ધરવા આવી છે. આજના આ સમર્પણ દિને, આપણી પાસે આપણું જે કંઈ પ્રિય છે તે બધું ભેટ માટે લઈને આવો. (૨)

આપણે આપણા ઘરને શણગારવાનું છે. આપણું ઘર પ્રભુને લાયક પવિત્ર કરવા માટે હલદી, દૂબ, અક્ષત, દહીં તથા કુમકુમ આ પાંચથી દ્વારને મંડિત કરો. પાંચ તન્માત્રાને પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિયને આ દેહદ્વાર પર પ્રભુ પ્રીત્યર્થે લગાવો. આમ તનને પ્રભુ પ્રિત્યર્થ લગાવો.

અંદરના ચોકને મોતીના સાથીયા પૂરીને સજાવીને સુશોભિત કરો. અંદરની ઈન્દ્રિયો-અંતઃકરણ, મન વગેરે ને પ્રભુસંબંધિત કરો.

મંગલવચનો વાળાં ગીત મળીને ગાઈને બધું પવિત્ર કરો. આ પ્રકારે વાણીને પવિત્ર કરો. (૩)

મહામુનીઓ પોતાની સમાધી અવસ્થામાં જ જાણી ગયા કે પ્રભુનું પ્રાકટ્ય થયું છે તેથી સમાધી ત્યજીને શુભનક્ષત્ર અનુસાર ચારે દિશામાં વેદધ્વની થકી પ્રભુનાં ગુણગાન કરવા લાગ્યા. તેઓ પોતાની સિમિત મતિથી એમ માનતા કે પૂણ્ય ઘણું ભેગું થયું તેથી પ્રભુનું પ્રાકટ્ય થયું. આ પ્રભુ સાંવળા છે તેથી કલિકાળમાં પણ આપના નામ માત્રથી ઉદ્ધાર થશે અથવા આ સાંવળા પ્રભુ દુષ્ટોનો જરૂર સંહાર કરશે. પરંતુ ભક્તોને તો સકલ સિદ્ધિના દાતાર બની રહેશે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સર્વ સિદ્ધિ દેવાનું સામર્થ્ય આ બાળકનું છે. (૪)

પરંતુ જે ગોકુલવધૂ છે જે ગોકુળમાં રહેતા દીનભાવવાળા ભક્તો છે, તે તો પ્રભુને નિરખતાં જ ખૂબ પ્રસન્ન થાય છે, કેમ કે તેમને સ્વરૂપાસક્તિ છે. તેમના માટે તો સૃષ્ટિના સૌંદર્યનું પણ સૌંદર્ય એટલે કે સારરૂપ સૌંદર્ય નંદકુમાર છે. આ વ્રજભક્તો કહે છે કે - અમે તો આપના દાસ છીએ. આપ જ અમારા રક્ષક છો. આપની અમારા પર અસીમ કૃપા છે એટલે ચારે હાથ અમારા પર છે. અમારા સુખનો ભંડાર આપ છો. તેમનાથી અમને સુખ નથી જોઈતું પણ તે જ અમારું

સુખ છે. આપમાં અમારા ચિત્ત આપમાં સ્થિત કરવા માટે તો આપ ગિરિરાજધરણ લીલા કરવાના છો. તેવા નંદકુમાર, અમારા પ્રાણને ટકાવી રાખવા માટે આધારરૂપ છે. તેમના ભજનના આધારે, તેમની લીલા સ્મરણને આધારે તો, આપ મથુરા-દ્વારકા પધારે તો પણ અમે જીવી જવાના. આપ અમારા સર્વસ્વ છો. આવા નંદકુમારનું પ્રાક્ટ્ય થયું છે અને તેમનું નેણભરીને દર્શન કરવાનું છે. (૫)

(૩) રાગ – દેવગંધાર ૧/૩

આજ ગૃહ નંદમહરકૈ બધાઈ
પ્રાતસમયૈ મોહનમુખ નિરખત કોટી ચંદ છબી છાઈ ...૧
મિલી વ્રજનારી મંગલ ગાવત નંદભવન મેં આઈ
દેત અસીસ જીયૌ જસુમતીસૂત કોટીક બરસ કન્હાઈ ...૨
નિત આનંદ બઢત વૃંદાવન ઉપમા કહી ન જાઈ
સૂરદાસ ધન્ય ધન્ય નંદરાની દેખત નૈન સીરાઈ ...૩

ભાવાર્થ :

આજે શ્રીગોકુલમાં પરમ સન્માનીય (મહર) નંદજીના ઘરે વધાઈ છે. પુત્ર જન્મ થવાથી વિશેષ આનંદ છે.

આ સમાચાર વ્રજ સિમંતીનીઓના હૈયા સુધી પહોંચ્યા ત્યારે તેઓ આત્માના શૃંગાર સજીને, સર્વસમર્પણ કરવા માટે નંદઘરે પહોંચી, પણ ત્યારે પ્રાતઃકાળ હતો એટલે કે સૂય ઉગ્યો નથી અને ચંદ્ર આથમ્યો નથી. નંદરાની રૂપ આકાશમાં જે ચંદ્રને વિચારમાં જ નિરખ્યો, તેનાથી તો તેમને મોહીની લાગી ગઈ, કે જાણે પ્રભુએ જ તેમને આત્મનિવેદન કરાવી દીધું.

સહસ્ત્ર પરિવત્સરથી ભટકી ગયેલાંઓની સુધી પ્રભુએ લીધી. ચંદ્રવંશમાં પ્રત્યેક ચંદ્ર હોય પણ આ વ્રજનો ગોપીવલ્લભ કૃષ્ણ તો કોટીક ચંદ્ર સમાન તેજસ્વી છે કે જેનું સ્વરૂપ (છબી) સર્વત્ર ફેલાઈ ગયું છે. મતલબ કે તે જ સર્વના રૂપ ધારી છે. આ ચંદ્ર અહીં તો વિશેષ, ભક્તોના હૃદય પર છવાઈ ગયો છે. (૧)

આવા વ્રજભક્તોના ભાગ્ય ખૂલી ગયા, તેથી સહજતાએ તેઓ સ્વહૃદયમાં બિરાજેલા પ્રભુના યશ વાણીથી ગાય તેમાં આશ્ચર્ય શું ? તેથી તો તે બધી મળીને મંગલગીત ગાતી ગાતી નંદભવનમાં આવી અને પ્રભુનાં ઓવારણા લેવા લાગી. પ્રભુની મોહનીને કારણે તો આપનું મહાત્મ્ય જ્ઞાન ભૂલી ગઈ અને પ્રેમ વિવશતામાં

યશોદાસૂતને આશીષ આપવા લાગી કે-ઘણી રાહ જોવડાવ્યા પછી થયેલ આ સુંદરપુત્ર-કન્હાઈ, કરોડો વર્ષના આયુષ્યવાળો થાઓ ! પરંતુ હકિકતમાં તો આ ગોપીજનો પ્રભુ પાસે આશીર્વાદ માંગતી હતી કે કન્હાઈ ! અમારી મતિ આપના યશ ગાનારી એવી થાઓ કે જેથી આપ (**સુત**) પ્રેમપાત્ર બનીને અમારી અંદર સેંકડો-કરોડો વર્ષ અનંતકાળ સુધી વિહાર કરો (**જીયો**). (૨)

આ પછી તો (વૃંદા-વનમાં) આ સ્ત્રીઓના સમૂહમાં આનંદ-પ્રેમ વધવા લાગ્યો (ભાગવત દશમ્ સ્કંધના પ્રમાણ પ્રકરણમાં વ્રજભક્તોમાં પ્રભુએ પ્રેમ પ્રક્ટાવ્યો તે પ્રમેય પ્રકરણમાં આસક્તિરૂપ થયો અને સાધન પ્રકરણમાં તો પ્રભુએ અનેક લીલા કરીને વ્યસનાવસ્થાએ લાવી મૂક્યો) આવી ભગવદ્‌કૃપા ''ન ભૂતો ન ભવિષ્યતિ'' હોવાથી, તેની ઉપમા કે સરખામણી થઈ શકે તેમ નથી. **સૂર** તેવા દેવાધિદેવ કૃષ્ણ (कृष्णात् परम् नास्ति दैवम्) નો **દાસ** સૂરદાસ કહે છે - અમે તો નંદરાણીના કારણે ધન્ય થઈ ગયા. આ નંદરાનીના ઘરે પ્રભુએ પધારવાની કૃપા કરી, તેમનાં દર્શન માત્રથી અમારા તાપ-ક્લેશ તિરોહિત થયાં અને આનંદ પ્રકટી ગયો (**સિરાઈ**). આ શિતલતા પ્રાપ્ત કરવામાં પ્રથમ સદ્‌ભાગી નયનાં, ત્યાર પછી સર્વ ઈન્દ્રિયો, મન વગેરે અને સર્વ અહંતા-મમતાત્મક પદાર્થો...

તેથી આજે નંદમહરના ઘરે વધાઈ આપવા સૌ સાથે મળીને ગતાં ગાતાં જઈ રહ્યા છે. (૩)

(૪) રાગ – દેવગંધાર ૧/૨

આજ બન કોઉ વહ જીન જાય
સબ ગાયન બછરન સમેત ઘર લાવૌ ચિત્ર બનાય...૧
ઢોટા હો વ્રજ ભયો રાયજૂકેં કહત સુનાય સુનાય
ચહૂં દિશ ઘોષ ચહી કોલાહલ ઉર આનંદ ન સમાય...૨
કીતહી વિલંબ કરત બિન કાજૈ વેગી ચલો ઉઠી ધાય
અપને અપને મનકે ચિતેં નૈનન દેખોં આય ...૩
એક ફિરત દધિદૂબ દેત હૈ એક રહત ગહી પાય
એક વસન પટ દેખ બંધાઈ એક ઉઠત હંસી ગાય ...૪
બાલ બિરધ નર-નારીન કે મન ભયે ચૌગુને ચાય
સૂરદાસ પ્રમુંદીત વ્રજવાસી ગીનત ન રાજારાય ...૫

ભાવાર્થ :

વ્રજજનો અકેબીજાને કહે છે કે, આજે કોઈએ પણ વનમાં ગાયો ચરાવવા નથી

જવાનું, પરંતુ ખિરકમાંથી સૌ વાછરડાં સહિત પોતાની ગાયો પોતપોતાને ઘેર લઈ આવો અને તેના પર ચિતરામણ કરી કરીને તેમને શોભાયમાન કરો. (૧)

''આજે વ્રજરાજ નંદરાયજીને ત્યાં પુત્રનો જન્મ થયો છે.'' આ વાત બધાં એકબીજાને કહેતાં ફરે છે, તેથી બધા જ નેસડામાં ખૂબ કોલાહલ મચી ગયો છે અને વ્રજવાસીઓના હૃદયમાંથી કોલાહલ રૂપે આનંદ છલકાઈ રહ્યો છે. (૨)

દરેકની ધીરજ ખૂટી ગઈ છે, ઢોટાને જોવા ખૂબ જ ઉત્સુક થઈ ગયા છે. તેથી એકબીજાને કહે છે-શા માટે ફોગટનો વિલંબ કરો છો ? જલ્દી ચાલવા લાગો, અરે દોડવા લાગો અને તમારા દિલમાં જે સ્વરૂપ સ્થિત થયેલું છે તેને તમારી સગી આંખથી જૂઓ. (૩)

ઉત્વસમય થવાથી બધાને જ મસ્તી ચડી ગઈ છે તેથી કોઈકની દહીંની મટકી સંતાડી દે છે તો કોઈ તે બતાવી દે છે. કોઈ વસ્ત્રો આપીને વધાઈ કરે છે તો કોઈ હસતાં હસતાં લલકારે છે. (૪)

સર્વ કોઈ એટલે કે બાળક-વૃદ્ધ-નર-નારીના મનમાં ચારઘણો પ્રેમ કે ચારેકોરથી પ્રેમ વધી રહ્યો છે. વ્રજવાસીઓ આજે એટલા બધા ખુશ છે કે કંસને ત્યાં કર ભરવા જવાનું છે, તે જાણવા છતાં તેની અવગણના કરે છે અથવા પ્રેમમસ્તીમાં નાના-મોટા, ગરીબ-ધનવાન વચ્ચેનો ભેદ જ નથી રહ્યો. (૫)

આ પ્રકારે વ્રજવાસીઓ કૃષ્ણજન્મ ઉજવી રહ્યા છે.

(૫) રાગ – દેવગંધાર ૧/૩

જન્મફલ માનત યશોદા માય
જબ નંદલાલ ધુરી ધુસર વપુ રહત કંઠ લપટાય ...૧
ગોદ બૈઠી ગહી ચિબુક મનોહર બાતેં કહત તુતરાય
અતી આનંદ પ્રેમ પુલકિત તન મુખ ચુંબત ન અઘાય ...૨
આરતિ ચિત્ત વિલોકી બદન વિધુ પુનિપુનિ લેત બલાય
પરમાનંદ મોદ છિન છિનૌ મો પૈ કહ્યો ન જાય ...૩

ભાવાર્થ :

યશોદાજી પોતાના આ જન્મને ફલોન્મુખ માને છે અથવા યશોદાજી હવે પછી પ્રભુની જે લીલાને માણવાના છે તેને આ જન્મનું ફલ માને છે. આ ફલ ચતુર્થપુરુષાર્થરૂપ મોક્ષથી પણ અધિક છે. તે ફલરૂપ લીલા આવી આવી છે...

જ્યારે નંદજીના બાલકૃષ્ણ આંગણામાંથી ખેલીને ભવનમાં આવે છે ત્યારે આપનું (વપુ) દેહ વ્રજરજથી લપટાયેલ છે. તે માતાની ગોદમાં બેસીને તેમના કંઠે લપટાઈ જાય છે. (૧)

હવે માનું ધ્યાન દોરવા તેમની ચિબુક પકડીને પોતાની તોતડી બોલીમાં વાતો સંભળાવે છે તેથી યશોદાજી ખૂબ પ્રસન્ન થઈ જાય છે. પોતાના બાળક પ્રતિ પ્રેમ ઉભરાવાથી તેમનું તન પુલકાયમાન થાય છે. તેના પરિણામે પુત્રનું વારંવાર મુખ ચુમ્યા કરે છે. તો પણ ધરાતા નથી. (૨)

આ વદનચંદ્રની માધુરી એવી છે કે તેને નિરખતાં વારંવાર (આરતી) ઉત્કંઠા જાગે છે. તેથી ફરી ફરી ઓવારણા લઈને આશીષ આપે છે. પરમાનંદદાસજી આ સાનુભાવ વર્ણવતાં કહે છે કે આ પ્રતિક્ષણનો એવો આનંદ છે કે જ્યાં વાણી અવરૂદ્ધ થઈ જાય છે. (૩)

(૬) રાગ – દેવગંધાર ૧/૯

વિધાતા યહ દિન વેગી દિખાયૌ
જો દિનકો સબકોઉ લોચત હૈ નંદરાની સુત જાયૌ ...૧
જસુમતી યા ઢોટાકે લીયે કહા દેવ તુમ ધ્યાયૌ
વેગી હી ભઈ કૂખ તુમ સનમુખ મનકો ચિત્યૌ પાયૌ ...૨
ફરીફરી રહસી[૧] સકલ વ્રજસુંદરી બારતી આપુ મનભાયૌ
શ્રીવિઠ્ઠલગિરિધરન લાલને ઉર સુખ બહોત જનાયૌ...૩

ભાવાર્થ :

શ્રીગોપીજનો યશોદાજીના ભાગ્યને વખાણે છે. વિધાતાએ આ કૃષ્ણ પ્રાકટ્યનો દિવસ જલ્દી દેખાડ્યો. આ દિવસની તો બધા ભક્તો ચાતકની જેમ રાહ જોતા હતા કે ક્યારે નંદરાનીને ત્યાં સુત પ્રકટે ? (૧)

હે જસુમતી, તૂ કહે તો ખરી કે આ પુત્રની પ્રાપ્તિને માટે, તેં કયા દેવનું ધ્યાન **(ધ્યાયૌ)** ધર્યું ? અથવા કયા પ્રકારે ધ્યાન ધર્યું ? કે જેથી ખૂબ જ ઉતાવળે તમારી ગોદમાં આ પુત્ર પ્રકટ થયો અને તે પણ મનમાં જેવી ઈચ્છા કરી હતી તેવો જ ! (૨)

આ બધી વ્રજસુંદરીઓ આ પ્રભુ પ્રાકટ્યના કારણે વારંવાર આનંદ પ્રકટ કરે છે અને પ્રત્યેક પોતાના ભાવાનુસાર ન્યોછાવર કરે છે અથવા મનને પ્રિય તેવા ઢોટાને એકાંત સ્થળે લઈ જઈને પોતાનું (આયુ) ન્યોછાવર કરે છે. તેથી ગોપીજનોના હ્રદયમાં શ્રીવિઠ્ઠલ ગિરિધરન ખૂબ જ સુંદર અનુભૂતિ કરાવે છે. (૩)

રહ્સી = ૧ એકાંત સ્થળ

(૭) રાગ – દેવગંધાર ૧/૧૫

શોભા દેખી રી નંદઘરૈ
પ્રકટ્યો પૂત સકલ સુખદાયી પૂરન ભાગ ભરૈં ...૧
નવસત સાજે બાજન બાજૈ ગાવત ગ્વાલ ખરૈં
છિરકત હરદ દહી ઔર માખન તન સુધી સબ બિસરૈ...૨
ગોરસ કીચ મચી આંગનમેં પાંચ નહિ ઠહરૈ
અંક ભરત તરૂન વૃદ્ધ બાળક કાહૂં સૂં ન ડરૈં ...૩
દાન દીયે બહુ નંદરાયજૂ સબકે દરિદ્ર ટરૈ
કૃષ્ણદાસ યહ કૌતુક લખી સુર પુહુપન વૃષ્ટિ કરૈં ...૪

ભાવાર્થ :

નંદરાયના ઘરે પુત્રજન્મ થયો છે. તેની શોભા એટલી બધી ફેલાઈ છે કે દેવલોકો પણ આકાશમાંથી આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યા છે. આ પૂર્વે આવી શોભા તેઓએ ક્યાંય અને ક્યારેય જોઈ નથી. તેથી તેમને કૌતુક થાય છે. આજે પૂત (પું નામના નરકમાંથી છોડાવે તે પૂત) પ્રક્ટ્યો છે, તે દુઃખમાંથી તો છોડાવશે જ પણ સર્વપ્રકારના સૌના ભાગ્યને પૂર્ણ કરનારો છે, એટલે કે વિધાતા બ્રહ્માથી પણ મોટો છે.

તે સકલ વ્રજજનોનો પૂત છે એટલે કે સર્વ વ્રજજનોને સુખ આપનારો છે. સ-કલ કહેતાં સર્વકળાઓથી પૂર્ણ છે. સ-કલ કહેતાં જેણે બધાંની કાલ સુધારી દીધી છે. સ-કલ કહેતાં તે કાળ સહિત હોવાથી કાળ તેનું અંગ છે. સ-કલ કહેતાં તે કળીને પણ શુભ બનાવી દેનારો છે. આવો પૂત પ્રક્ટ્યો હોય તો તો કૌતુક જ ને ! તે તો માત્ર વ્રજમાં જ નહિ પણ સકળ બ્રહ્માંડમાં શોભારૂપ છે, માટે જ તો કૌતુક થાય છે કે આ છે કોણ? (૧)

આવા પુત્રનો જન્મ નંદઘરે થયો છે, તે જાણીને વ્રજમાં આનંદની લહર છવાઈ ગઈ. બધાં વિવિધ સાજ ધારણ કરવા લાગ્યા. પ્રકૃતિ અને પુરુષ સર્વેએ નવાસાજ ધારણ કર્યા. દેવ, મનુષ્ય, જડ, જંતુ સર્વમાં નૂતન સારનો સંચાર થયો. સત-સત્ય પ્રકટ થયું. જેમ વસુદેવજીના જન્મપ્રસંગે સ્વતઃ **(સત)** દુંદુભિ વાગવા લાગ્યા હતા, તેમ અહીં પણ વિવિધ વાજિંત્ર વાગવા લાગ્યા. ગોવાળો તેની સાથે સૂર મિલાવીને ગાવા લાગ્યા અને તે પણ ઊંચા અવાજે **(ખરૈ)**. કેમ કે પ્રભુએ પોતાના પ્રાક્ટ્ય માત્રમાં આ સૌમાં પ્રભુપ્રેમ ભરી દીધો, **પૂરન ભાગ ભરૈ**, ખંડીત નહિ. જે લૌકિક પ્રેમ હતો તે જ કૃષ્ણપ્રેમ થવાથી ખંડિત હતો તે પૂર્ણ થઈ ગયો.

હવે જે સારરૂપ (સત) ગોરસ-દહીં છે તથા માખણ છે. તે પ્રભુપ્રતિનો પ્રેમ છે તેમાં હરદ છે તે પોતપોતાનો ભાવ છે. તે મેળવી દીધા તેથી સમાનશીલ ભાવવાળા પરસ્પર ભાવ છિરકવા-લાગ્યા.

આ પ્રકારે નાચતા-ગાતા, છિરકતા વ્રજજનો પોતાના તનની સુધ-બુધ ખોઈ બેઠા. કેમ કે પ્રભુ દ્વારા રોપેલ પ્રેમ, આસક્તિમાં વિકસીત થઈ ગયો હતો. (૨)

પરસ્પર ગોરસ એટલું ઉડાડયું કે આંગણામાં દધિનો કીચ થઈ ગયો. પ્રેમરસ ખૂબ છલકાયો અને ખૂબ મથાયો તેથી ઘાડ પણ બન્યો અને ચીકણો-સ્નિગ્ધ બની ગયો, સ્નિગ્ધ એટલે સ્નેહ, ચીકાશથી પગ લપસે જ.

આમ વ્યસનાવસ્થાએ પહોંચ્યા તેથી લોક-વેદમાં સ્થિતિ કરવા લાયક રહ્યા નહિ. તેથી **પાંય નહિ ઠહરૈ**.

તે સર્વ કૃષ્ણમય બની ગયા, તેથી તરૂણ, વદ્ધ કે બાળક બધામાં કે બધાને સર્વત્ર કૃષ્ણદર્શન થવાથી સૌને અંકમાં લઈને ભેટવા લાગ્યા. તેમને કોઈનો ડર નહિ રહેવાથી અભય થઈ ગયા. સર્વાત્મભાવ સિદ્ધ થઈ ગયો. (૩)

નંદરાયજીએ બધાંને એટલું બધું દાન આપ્યું કે કોઈ દરિદ્ર ન રહ્યું. સ્હેજે વિચાર આવે કે સર્વાત્મભાવની અનુભૂતિ કરનારને ચિજ-વસ્તુનું દાન લેવાની સુધી રહે ? વળી જેમના લૌકિક-વૈદિક ટળી ગયાં છે તેને દરિદ્રતા શું ? અને ધનવાનપણું શું ? તેનું સમાધાન એ છે કે અહીં તો નંદરાયજી પાસે આવા ઉત્તમકોટીના ભક્તોને આપવા લાયક જે છે તે તો પોતાનો લાલ છે. નંદજીએ ભાવાત્મક પ્રભુનું દાન ખોબે ખોબે કર્યું અને લઈ જનારા સૂંડલું ભરી ભરીને લઈ ગયા. જેને જેવા પ્રકારનો ભાવ હતો તે તેવાં પ્રકારના ભાવાત્મક કૃષ્ણને હૃદયમાં પધરાવીને ઘરે લઈ ગયા. પૂર્વે આ બધાં કૃષ્ણવિના દરિદ્ર હતા. તે સૌની દરિદ્રતા ટળી ગઈ તેમના હૃદય ભંડાર કૃષ્ણભાવથી ભરાઈ ગયા. આ પ્રકારે સર્વ ''**સકલસુખદાઈ** તથા **પૂરન ભાગભરી**'' થયા.

જે કૃષ્ણના દાસ છે. તેઓ, આ કૌતુક લીલાના દર્શન કરીને સર્વકંઈ કળી શકયા પણ જેઓ સૂર એટલે મર્યાદા-દૈવી હતાં તેમને આશ્ચર્ય થયું કે માત્ર દોઢ પ્રહરમાં જ આ વ્રજભક્તો કેવી રીતે કૃષ્ણમય થઈને કૃષ્ણને પામી ગયા ? તેથી તેવા પ્રભુના અલૌકિક મહાત્મ્યને જાણી, પૂજનરૂપે પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને પુષ્ટિભક્તો તો નંદજીને ત્યાંથી સેવાર્થે નંદલાલને સ્વગૃહે, ભાવાત્મક રીતે પધરાવી ગયા. (૪)

(૮) રાગ – દેવગંધાર

હરિવદન ઉઘારી નિહારી જસોદા જ્યોં તેરે નેંન સિરાવે
અવિનાશી આદિપુરુષોત્તમ પ્રેમફંદા પરી આવે ...૧
કૌન સ્વરૂપ ધર્યો હે ભક્તહિત તાહી નિગમ રટી ગાવે
શંકર સુરમુની વ્યાસ નારદ સૌઉ પાર નહિ પાવે ...૨
કો સમુઝે યહ ભાવ-ભેદ સો અભેદ કૈસે ભાવે
રામ-કૃષ્ણ પ્રક્ટે ગિરિધારી નંદરાનીજુકે લડાવે ...૩

ભાવાર્થ :

શ્રીયશોદાજી પલનામાં પોઢેલા પોતાના લાલનું (કે જે હરિ છે સર્વના દુઃખહર્તા છે) વદન ઉઘાડી ઉઘાડીને જોવાની લાલચ રોકી રાખી શકતાં નથી. તે પ્રેમવશ આમ કરે છે. મુખદર્શનથી તેને પરમતૃપ્તિ થાય છે. આમ આર્તી દૂર કરનાર આ પોઢેલા હરિ છે. હરિ તો અવિનાશી છે, આદિ પુરુષોત્તમ છે પરંતુ તે માત્ર પ્રેમપાશથી પરવશ છે, અન્ય કોઈ પ્રકારે નહીં. (૧)

નિગમ પણ હરિનું જ રટણ કરે છે, ગુણગાન ગાય છે. ભક્તના હિત માટે આમને ગોપબાળનું સ્વરૂપ કેમ ધાર્યું ? તે ન સમજાતાં વિચારી વિચારીને આશ્ચર્ય પામે છે. સતત પ્રભુનાં ગુણગાન કરતા રહેવા છતાં શંકર, દેવમુનીઓ, નારદ, વ્યાસ વગેરે કોઈ જ પાર પામી શકતું નથી. (મર્યાદા ભક્તિ). (૨)

પ્રભુ તો પરબ્રહ્મ છે. સર્વકંઈ તે બન્યો હોવાથી અભેદ છે તથા સમભાવ છે, પરંતુ અહીં તો ભાવભેદ જણાય છે; તેથી કોઈને તે નથી સમજાતું કે અભેદ પ્રભુને ભેદભાવ શા માટે ગમે છે ? (ભક્તો વિશેષ વ્હાલા છે તે ભેદભાવ यो मद् भक्त समः प्रियः)

તેથી તો આવા અગમ્ય પ્રભુ રામ-કૃષ્ણરૂપથી નંદયશોદાને ત્યાં પ્રક્ટ્યા છે. આપ જ તેમનું યોગક્ષેમ કરનારા તથા તેઓના ભાવને સિદ્ધ કરી આપનારા ગિરિધારી બન્યા છો. વળી નંદરાણી તેમને જેવા જેવા લાડ લડાવે છે, તેવા લાડથી આપ પ્રસન્ન થાઓ છો. આવાં ભાગ્ય દુર્લભ છે અને પ્રભુનું આવું સ્વરૂપ પણ દુર્લભ છે. (૩)

(૯) રાગ – બિલાવલ ૧/૨૦

‘સો ગોવિંદ તિહારે વ્રજબાલક
પ્રક્ટભયે ઘનશ્યામ મનોહર’ ધરે રૂપ દનુજ કુલ કાલક ...૧
કમલાપતિ ત્રિભુવનપતિ નાયક ભવન ચતુર્દશનાયક સોઈ
ઉત્પતિ પ્રલય કાલ કો કર્તા જાકે કીયે સબ કછુ હોઈ ...૨
સુનો નંદ ઉપનંદ કથા યહ આયૌ ક્ષીરસમુદ્રકૌ વાસી
વસુધા ભાર ઉતારન કારન પ્રકટ બ્રહ્મ વૈકુંઠનિવાસી ...૩
બ્રહ્મા મહાદેવ ઈંદ્રાદિક વિનતી કરી યહાં લાયે
પરમાનંદદાસ કો ઠાકુર બહુત પુન્ય તપકે ફલ પાયે ...૪

ભાવાર્થ :

અહીં પ્રભુનું માહાત્મ્ય બતાવ્યું છે કે જે પ્રભુ મર્યાદા પુરુષોત્તમ છે પણ જે પુષ્ટિપુરુષોત્તમ છે, તે ભાવ તો પરમાનંદદાસે બહુ જ ટૂંકમાં કહી દીધો છે, રસની જેમ ગુપ્ત રાખીને.

નંદજીને ગર્ગાચાર્ય વધાઈ આપતાં પ્રભુનાં યશ ગાય છે કે તે ગોવિંદ કે જેને વ્રજ તથા ગાયો-ગોપી વગેરે ખૂબ જ પ્રિય છે, તેમના પર કૃપા કરવા માટે, તે તારો બાળક થઈને જ નહિ, પણ પૂરા વ્રજનો બાળક થઈને અથવા કહો કે ગોપવેશધારી થઈને પ્રકટ થયો છે. તે જનમ્યો નથી, છૂપાયેલો પ્રકટ થયો છે. જેમ ધન સર્વ જીવ-જડના પ્રાણ સમાન છે. તેમ આ પણ ભક્તોના પ્રાણ સમાન છે. તે શ્યામ છે તેથી તો દરેક પ્રકારના રસનું દાન કરવા વ્રજમાં પ્રક્ટ્યો છે અને તે સ્વયં વ્રજભક્તોના મનનું હરણ કરનારો છે એટલે કે પ્રમાણસિદ્ધ નહિ પણ પ્રમેય સિદ્ધ થઈને આવ્યો છે. તમારાં બધાં આલોક-પરલોક સંબંધિ કારજ માટે તે જ સાધન બનીને આવ્યો છે. તમારામાં સ્નેહને પ્રક્ટાવનાર અને તેને પરમદશાએ પહોંચાડનાર બનીને આવ્યો છે. તમારો તેનામાં નિરોધ તે જ સિદ્ધ કરી આપનાર છે અને તે પણ સહજતાથી.

હવે પરમાનંદદાસ મર્યાદા સ્વરૂપને વિસ્તારથી વર્ણવે છે તે કાળ સમાન છે, તે મનોહર છે પણ બાળક નથી અને તે જ કમલાપતિ-લક્ષ્મિપતિ છે. સર્વસૌંદર્ય ‘શ્રી’ને ધારણ કરનારા છે. સમુદ્રમંથનમાંથી પ્રાપ્ત થયેલ શ્રેષ્ઠ રત્નના આપ સ્વામી છે. આપ જે કમલ-ભાવશુદ્ધ છે તેવા ભક્તોના પતિ દેવ છે. આપ ત્રણે ભુવનના જે અધિષ્ઠાતા-નિયામક છે, તેમનું નિયમન કરનાર પણ આપ છો.

ભક્તમાં રહેલા ત્રણ ગુણ સત્વ-રજ-તમસના નાયક આપ જ છો અને ચૌદે ભુવનના નાયક પણ આપ છો. ભક્તની પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર તે ચૌદ ભુવનના નાથ પણ આપ જ છો. ઉત્પત્તિ-પ્રલયના કર્તા પણ આપ છો અને કાલના કર્તા પણ આપ છો. આમ આપ સર્વેસર્વા છો. ભક્તો માટે તો આપ વિવેકરૂપ છો. ''निजेच्छातः करिष्यति'' ભક્તના હૃદયમાં મનોરથો ઉત્પન્ન કરનાર તથા ભક્તોના ભક્તિમાં આવતા પ્રતિબંધોનો પ્રલય કરનાર પણ આપ જ છો. (૧) (૨)

હવે પરમાનંદદાસ મૂલરૂપની કથા નંદઉપનંદને કહે છે, (કેમ કે તેઓ તો સ્નેહભીના છે જેથી પ્રભુના માહાત્મ્યથી અજ્ઞાત છે અથવા જ્ઞાનની અપેક્ષા વગરના છે.) આ તમારો પુત્ર, છે તે તો ક્ષીર-સમુદ્રમાં શેષ શૈયા પર પોઢેલ અને જેમનું છત્ર અક્ષરબ્રહ્મ રૂપ શેષ છે, તે પૂર્ણબ્રહ્મ નારાયણ છે. તે જ અક્ષર નિવાસી છે, પરંતુ ત્યાંનો વાસ છોડી તેણે ગોકુલવાસ કર્યો, કેમ કે આ ભૂતલ ઉપર દુષ્ટોનો ભાર વધી ગયો હતો. તેમને અહીં તેડી લાવવા માટે પૃથ્વી-ગાયરૂપ, બ્રહ્મા, મહાદેવ, ઈન્દ્ર વગેરે સૌ ક્ષીર-સમુદ્ર કીનારે ગયા હતા અને ત્યારે બ્રહ્મા કે જે હંમેશાં પ્રભુનું ધ્યાન ધરીને તપ કરી રહ્યા છે, અને પ્રભુની આજ્ઞા રૂપ-સર્જનનું કાર્ય કરીને પુણ્ય એકઠું કરી રહ્યા છે, તેમની વિનતી-સ્તુતિથી આ વૈકુંઠ નિવાસી પૂર્ણ બ્રહ્મ અહીં પધાર્યા છે.

વ્રજવાસીઓને તો એવું થાય છે કે આ જે ગોવિંદ (વ્રજકમલ), ક્ષીર-સમુદ્રમાંથી (દૂધ સમુદ્ર) અહીં પધાર્યો છે, તેમ કેમ કહે છે ? અહીં ગોકુળમાં તો દૂધની રેલમ છેલ છે, અહીં જ ક્ષીર-સમુદ્ર છે, તેથી તે આવ્યો નથી પણ અહીંનો જ છે અને અહીં છે.

વસુધા કહેતાં વ-સુધા આ પ્રભુ રસથી ભરપૂર છે, અરે કહો રસરૂપ છે. તે ફળથી લચી પડેલા વૃક્ષની જેમ, રસ છલકયા થયા ત્યારે પોતાના તે રસનો ભાર ઓછો કરવા, સ્નેહી ભક્તોને શોધતા અહીં પધાર્યા છે. વેદ બ્રહ્મને રસોવૈસઃ કહે છે. જે બ્રહ્મને કોઈ પૂરેપૂરું જાણી શકતું નથી, (નેતિનેતિ) તો જોવાની વાત ક્યાં આવી ? પણ ભગવાને અહીં તો ભક્તો સમક્ષ, માયાનો અંચલ યમુનાજીમાં વહાવી દીધો છે.

તેવા પ્રકટબ્રહ્મ વ્રજમાં લોકવત્ લીલાર્થે ભક્તોને માટે પ્રકટ પધાર્યા છે. આ ગોકુળમાં કોઈને જ કુંઠા નથી, સર્વ સરળ છે. તેથી ગોકુળ વૈકુંઠ જ છે અને આ પ્રભુને વૈકુંઠ નિવાસી કહો કે ગોકુળ નિવાસી કોઈ જ ભેદ-નથી. (૩)

પ્રભુને જ્યારે મંત્રોથી સ્તુતિ કરી લાવવામાં આવે ત્યારે તેને પ્રાણપ્રતિષ્ઠા કહે છે. બ્રહ્મા વેદના જ્ઞાતા, જ્ઞાન આપનારા છે. ક્ષીર-સમુદ્ર પર સ્તુતિ કરનાર બ્રહ્મા હતા.

તેથી આપે વેદમંત્રથી પ્રભુની ભૂતલ પર પ્રાણપ્રતિષ્ઠા કરી. ઈન્દ્ર જળ વરસાવનાર હોવાથી સર્વનું પોષણ કરનાર છે અને મહાદેવ સંહારના દેવતા હોવાથી યાદવોની યાદવાસ્થળી (સંહાર લીલા) કરી, પ્રભુને ભૂતલમાંથી વિદાય થવા વિનતી કરી.

આમ, આ તો મર્યાદાલીલાનો અનુભવ કરનારા હતા. પ્રભુની આ મર્યાદા લીલાની અનુભૂતિ માટે પણ બ્રહ્મા, મહાદેવે ઘણું તપ કરવું પડ્યું, રાહ જોવી પડી અને ઈન્દ્રે ઘણા પુણ્ય કરવા પડ્યા. ત્યારે આ ફળરૂપ પ્રભુને ભૂતલ પર પધરાવી, દુઃખી તેવી પૃથ્વી-ગાયરૂપને સાંત્વના અપાવી શક્યા.

પરંતુ આ ગોકુળવાસીઓ તો કોઈ પ્રાણપ્રતિષ્ઠામાં સમજતા નથી. તેથી તેઓ તો પ્રભુને પરમ-આનંદરૂપ જાણે છે કે જે પૂર્ણ છે, આનંદરૂપ છે, આનંદમય છે અને આનંદદાતા છે. શરત છે નિષ્કામ ભાવે, સહજ રીતે, પ્રેમપૂર્વક, દાસભક્તિ કરવી. આમ આ વ્રજવાસીઓએ પ્રભુમાં પ્રેમપ્રતિષ્ઠા-ભાવપ્રતિષ્ઠા કરી. ભાવનું આવાહન વિસર્જન નથી હોતું. પ્રભુ ભાવને વશ છે તેથી પ્રભુ ક્યારેય વ્રજ છોડીને ગયા નથી. આજે પણ ભક્તહૃદયમાં પ્રભુ બિરાજીને વ્રજલીલા કરી જ રહ્યા છે. (ઠાકુર મેરો નંદકોનંદન ઠકુરાઈન વૃષભાન લલી) આવા ઠાકુર તો કદાચ અનમના થઈ જાય તો પણ તાપક્લેશથી (આ જ તપ) અને ઉત્કટ પ્રેમથી (આ જ પુણ્ય) ફરી પ્રાપ્ત થઈ જાય છે. આવા પ્રભુ સદા વ્રજનો ઠાકુર બનીને જ રહે છે. (૪)

(૧૦) રાગ – બિલાવલ ૧/૨૦

શોભાસિંધુ ન અનત રહી રી,
નંદભવન ભરિ ઉમટિ સખીરી વ્રજ કી વિથીન ફિરત બહી ...૧
દેખન આજ ગઈ હુતી સજની બેચન ગોકુલ માંઝ દહી
કહા કહી કહૌ ચતુર સખીરી કહત ન મુખ શશિ હૂ ન લહી ...૨
જસુમતી ઉદર અગાધિ ઉદધિ તે ઉપજી યહ જૂ કહી
પરમાનંદ પ્રભુ ઈન્દ્ર નિલમણિ વ્રજજુવતીન ઉર લાય લઈ ...૩

ભાવાર્થ :

ગોકુળથી અન્ય સ્થળે (બરસાનાથી) એક ગોપી દહીં વેચવા માટે ગોકુળ આવી હતી તે ત્યાંનું દ્રશ્ય જોઈને, પાછી પોતાના ગામે ગઈ ત્યારે પોતાની સખીને માંડીને કહે છે - મને લાગે છે, શોભાનો સમુદ્ર હવે તો ક્યાંય રહ્યો નહિ હોય સિવાય કે ગોકુળમાં અને તે પણ નંદભવનમાં. વળી, તે શોભા એટલી બધી હતી કે ઉભરાઈ-છલકાઈને તેના રેલા વ્રજની ગલીઓમાં ફરતા વહેવા લાગ્યા હતા.

હું સાચું કહું છું. આજે હું દહીં વેચવા માટે ગોકુલમાં ગઈ હતી ત્યાં મેં મારી સગ્ગી આંખે આ જોયું. મારી સજની કહેવું શું, તે જ નથી સમજાતું ? હે મારી ચતુર સખી (રાધે) મારી પાસે કહેવાના શબ્દો નથી. શશીથી પણ અતી અધિક સૈંદર્ય-શોભા ત્યાં હતી. તે શોભારૂપ ચંદ્ર યશોમતિના અગાધ ઉદર-ઉદ્ધિમાંથી પ્રકટ્યો તેમ કહે છે. જેમ સમુદ્રમંથનથી ચંદ્ર પ્રકટ્યો તેમ આ ચંદ્ર પ્રકટ્યો છે. આ જે ચંદ્ર છે તે તો પરમ-આનંદરૂપ છે, સર્વનો સ્વામી છે, તેવા શ્રેષ્ઠ (ઈન્દ્ર) દૈવી (कृष्णात् परम्नास्ति दैवम्) નિલમણિ જેવા રૂપવાળાને વ્રજની યુવતીઓ હૃદયમાં પધરાવીને લઈ ગઈ, તો પણ પરમાનંદ તો અખૂટ છે તેથી તેને પધરાવી લાવવા આપણે પણ જઈએ. ચાલ... परब्रह्म तु कृष्णो हि सच्चिदानंदकम् बृहत्.

(૧૧) રાગ – બિલાવલ ૧/૨૦

ધન્ય ગોકુલ જહાં ગોવિંદ આયે
ધન્ય ધન્ય નંદ સુમંગલ નિસદિન ધન્ય જસુમતિ જિન ગોદ ખિલાયે ...૧
ધન્ય યહ બાલકેલી જમુનાતટ, ધન્ય વનસુરભી વૃંદ ચરાયે
ધન્ય યહ સમય ધન્ય યહ લીલા ધન્ય યહ બેનું અધર ધરી ગાયે ...૨
ધન્ય યહ ચરણ સદા સુખકારી સંત જનનકે હૃદે રહા યે
ધન્ય સૂર ઉખલ, ધન્ય ગોપી જાકે હેત ગોપાલ બંધાયે ...૩

ભાવાર્થ :

આ ગોકુલના ધન્ય ભાગ્ય છે કે જ્યાં ગોવિંદ-પરબ્રહ્મ-પરમાત્મા કૃષ્ણે રહેવાનું પસંદ કર્યું.

જ્યાં ઈન્દ્રિય ધારીઓ એટલે કે જેમની ધારણા (ધ્યાન) ઈન્દ્રિયોમાં જ છે, તેવા સંસારાસક્ત લોકોની મધ્યમાં ગોવિંદે, તેવાં ઈન્દ્રિયધારીઓના રક્ષક-પાલક થવાનું પસંદ કર્યું. ધન્યતા ઘણી બધી તો શ્રીનંદજીની, કેમ કે તેમનું ગૃહ પસંદ કર્યું. ધન્ય બે વાર કહેતાં નંદજીની સાથે યશોદાજી પણ આવી ગયાં. એવા નંદ-યશોદાને તો રાત-દિન બધું પૂર્ણ મંગળમય થઈ ગયું (સુમંગલ) અને ધન્ય નંદ કહેતાં રાજાની સાથે પ્રજામાં પણ ધન્યતા આવી ગઈ. જસુમતિની (વળી વધારામાં) ધન્યતા એ કે તેવા પ્રભુને પોતાની ગોદમાં બેસાડી ખેલાવે છે, કે જે પ્રભુ પૂરા વિશ્વને પોતાની ઈચ્છાથી ખેલાવે છે. જે સ્વયં ખેલે છે, તેને ખેલાવી શકવાનું સામર્થ્ય કોઈનું નથી અથવા તો વિશ્વનું ભરણપોષણ કરનારનું પોષણ માઁ યશોદા કરી રહી છે, જે વિશ્વમાં ભરેલો છે, તે આજે ગોદમાં સમાઈ ગયો તેથી શ્રીયશોદાજીની તો ખૂબ ધન્યતા છે. (૧)

આપની અનેક વિધતા હોવા છતાં આપ બાળકની જેમ યમુનાતટ પર રમતો રમો છો તેથી તે બાલકેલીને ધન્ય છે અને યમુના તટને પણ ધન્ય છે. આપ તો મહાસાગર છો, છતાં આપ એક નદીના તટ પર ખેલો છો. તેવું વન પણ ધન્ય બની ગયું, કે જે વનમાં આપે સુરભી સમાન ગાયોને ચરાવી તેથી તે ગાયો પણ ધન્ય છે. જે કાળમાં આપે આ બધી લીલાઓ કરી તે કાળને પણ ધન્ય છે અને જે લીલા-ક્રીડા કરી તે ક્રીડાઓ પણ ધન્ય છે. આપ તો સમસ્ત લીલા કરવાવાળા હોવા છતાં, અહીં વ્રજમાં જે ક્રીડા કરી તે ધન્ય બની ગઈ. આપે જે વેણુને અધર પર ધરીને સૂર રેલાવ્યા, તે વાંસ, અને અનેક વાજીંત્રોમાં વેણું જ પસંદ કરી તેથી વેણું ધન્ય અને અનેક અવાજમાંથી જે સૂર રેલાવ્યા તે સર્વ ધન્ય બની ગયા. (૨)

આપશ્રીના ચરણો પણ ધન્ય કરવાવાળા છે કેમ કે તે ચરણો જ્યાં ધરે ત્યાં સદા સુખ કરનાર થઈ રહે છે, ભજનાનંદ આપનાર છે. જે સંતહૃદય છે તેમના હૃદય પર આ ચરણો બિરાજે છે, તેવા સંતહૃદયો પણ ધન્ય છે. સૂરદાસજી પોતાને પણ ધન્ય માને છે કે પ્રભુની આવી ધન્યતાના દર્શન થયાં. વળી કહે છે કે ઉખલ પણ ધન્ય છે કેમ કે તે પ્રભુની સાથે બંધાયો. પ્રભુથી મુક્તિ તે દુઃખ છે અને પ્રભુ સાથે બંધાવું તે પરમસુખ છે (જેમ બ્રહ્મસંબંધથી). આ તો સાક્ષાત્ બંધાયો, પ્રભુ ચાલ્યા ત્યાં ચાલ્યો (સખ્ય) પ્રભુની ઈચ્છા મુજબ આડો પડી ગયો (આત્મનિવેદન), યમલાર્જુનના ઉદ્ધારમાં કારણભૂત બન્યો (આચાર્યસ્વરૂપ). જેના પર બેસીને પ્રભુ મટકી ઉતારતા હતા, તથા જેના પર બેસી યશોદાજી પ્રભુ માટે વલોણું કરતા હતા તેને કોઈ રૂપ નહોતું, કોઈ ગુણ નહોતા, તેવા નિઃસાધન પણ પ્રભુએ તેનું વરણ કર્યું તેથી તે ધન્ય! ધન્ય આ નંદ ગોપનાં સ્ત્રી (ગોપી) કે જેના હેતના કારણે અખિલ વિશ્વને બાંધનારો બંધાયો. મહાત્મ્ય બતાવીને દોરડું ટૂંકું કર્યું પણ યશોદાને થાકી ગયાં જાણી, પ્રભુ તેનું દુઃખ સહન ન કરી શક્યા તેથી બંધાયા. ભગવાને બલીને બાંધ્યો પણ યશોદાએ ભગવાનને બાંધ્યા. ભગવાને રૂક્મિને બાંધ્યો પણ અહીં પ્રેમવશ બંધાયા. ભક્તના ભાવનું પોષણ કરવા માટે (ગોપાલ) આપ બંધાયા. માટે આવા ભક્તો પણ ધન્ય છે. (૩)

(૧૨) રાગ – આસાવરી

રાની જૂ યે સુત યહ સુખ ઐસો સુહાગ રહો ચિરકો નિત માઈ
અબ નિધરક ભયે જાય તુમ, નિધિ યહ બેર સિરાઈ ...૧
રાની યહ આંગન દ્વારે બગરન રહૌ, નિત નિત ભીર સુહાઈ
ઔર રહો ગાવત ગીત ગ્વાલ સબ રહૌ વર ચૌક પુરાઈ ...૨
રાની જૂ તુમ રહૌ આનંદભરી રસે જીવૌ સુતૈ ખિલાઈ
ઔર રહૌ આનંદરાય ખીલાવત શુભગોદ બૈઠાઈ ...૩
રાની જૂ હમ રહે નિરખત વદન લાલકૌ સકલ કાજ બિસરાઈ
શ્રીવિઠ્ઠલ ગિરિધર નિધિ પ્રગટે જુગ બહુ જતન બનાઈ ...૪

ભાવાર્થ :

વ્રજભક્તો વતી ગોપી, યશોદાજીને પોતાના હૃદયનો ભાવ કહે છે - રાનીજી, આ જે પુત્ર છે અને તેના કારણે આપણાને સૌને સુખ છે. એટલે કે એજ આપણું સુખ છે. આવું સૌભાગ્ય ચિરંજીવ બની રહો અને નિત્ય-ક્ષણક્ષણ બની રહો.

હવે અમે નિશ્ચિંત થઈ ગયા કેમ કે તમારે આ પુત્ર જનમ્યો છે. વિધાતા પણ આ વખતે તો આપણા પર પ્રસન્ન છે. (૧)

હે રાની, આ તમારા આંગણામાં, તમારા દ્વારે અને તમારા મહેલમાં આ લાલના દર્શનાર્થીની ભીડ શોભતી રહે અને આ ઉત્તમ ચોકમાં ઊભા રહીને ખૂબ જ તાનમાં આવી ગયેલા ગ્વાલો યશના ગીત ગાતા રહો. (૨)

અને હે રાની, તમે આ સુતને દૂધ પીવડાવીને હંમેશા પ્રસન્નતારૂપ આનંદરસથી ભરેલું જીવન વીતાવો અને આ નંદરાયજી પણ આનંદયુક્ત થઈને લાલને ગોદમાં બિરાજાવીને જમાડતા રહો. (૩)

અને રાની, અમે બધાં સર્વ કામકાજ વિસરી જઈને આ લાલનું વદનકમળ નિરખ્યા જ કરીએ. કેમ કે આ સૂત તો વિઠ્ઠલ-ગિરિધર છે તેથી નિધિ રૂપ છે અને ઘણા યુગો પછી પ્રકટયો છે તેથી ખૂબ જ જતનપૂર્વક તેમની સુખ-સેવા કરવાની છે. (૪)

વિશેષભાવાર્થ :

સારસ્વત કલ્પની પ્રભુની લીલા, પ્રભુની લીલા સામગ્રી, પ્રભુની જીવો પરની પુષ્ટિ વગેરેનો પ્રકાર જુદો હતો. મૂલરૂપ કૃષ્ણ, લીલા અને પુષ્ટિના સ્વરૂપમાં ભેદ નહોતો છતાં અધિકારે કરી ભેદ છે, તે ભૂલવાનું નથી. ત્યારે નંદ-યશોદાને ત્યાં,

વ્રજભક્તોને મર્યાદાપૂર્વક સેવા મળતી હતી, જ્યારે આજે મહાપ્રભુએ આપણનેઘરે ઘરે નંદકુમાર પધરાવી આપ્યા છે, જેથી સ્વતંત્ર સેવા આપી છે. ત્યારે પ્રભુ પૂરા ગોકુળને માથે બિરાજતા હતા જેથી ગોકુળમાં લીલા ગોપ્ય નહોતી, આજે દરેક ઘરને ગોકુળ બનાવ્યુ છે, જેથી દરેક ઘર પૂરતી લીલા પ્રકટ છે. તેથી બીજાઓ માટે તે ગોપ્ય છે. ત્યારે પ્રભુ સાધન બન્યા હતા તેથી ત્યાં શુદ્ધ પ્રમેય લીલા હતી જ્યારે મહાપ્રભુએ પ્રમાણ આધારીત પ્રમેય લીલાને સ્વીકારી છે. ત્યારે શુદ્ધિ-અશુદ્ધિ અપરસની મેડ-મર્યાદા નહોતી. આજે વેદઆશ્રયનું સન્માન હોવાથી, મેડ-મર્યાદા જાળવવાની છે. ત્યારે નંદ-યશોદાને ત્યાં લાલ પ્રકટ થયો હતો તેથી તેઓ પુત્ર ભાવે સેવતા હતા અને વ્રજભક્તો પણ બાળભાવે યા કીશોરભાવે ભજતા હતા, જ્યારે શ્રીઆચાર્યજીની આજ્ઞા છે, ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધીપઃ'' ત્યારે ગોપીજનો પ્રભુની માખણલીલા વેળા પ્રભુને વઢતા હતા, ફરિયાદ લઈને (ઉરાહનો) આવતા હતા, હાથ પણ બાંધી દેતા હતા. માતાજીએ પણ આપને દોરડાથી બાંધ્યા હતા, જ્યારે મહાપ્રભુજીના માર્ગમાં ઠાકોરજીને આવી કોઈ જ સજા નથી કરવાની, છતાં તેવી વ્રજલીલાના કીર્તનો-ગાન કરવાનાં છે. ભાવની દૃષ્ટિએ વ્રજભક્તો આપણા સૌના ગુરુ છે પરંતુ સંપ્રદાયની દૃષ્ટિએ શ્રીઆચાર્યજી આપણા ગુરુ છે. (કૌણ્ડીન્યો ગોપિકા પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તત્) તેઓ નિઃસાધન હતા, જ્યારે આપણે નિઃસાધન ભાવવાળા થવાનું છે. ત્યારે નંદ-યશોદાના દ્વારે વ્રજભક્તોની દર્શન માટેની ભીડ પુષ્ટિપ્રભુને સ્વીકાર્ય હતી, પણ આજે તેવી ભીડ અનુચિત છે.

ત્યારે પ્રભુને આરોગાવવાનો મનોરથ નંદ-યશોદા કે રોહિણીજીનો જ પૂરો થતો હતો. પ્રભુની ઈચ્છા થાય તો વ્રજભક્તોના ઘરે જઈ આરોગી આવે કે નંદરાણીની સત્તાનું છાંક (વિનતી કે કપટ પૂર્વક) ગોપી, પ્રભુને આરોગાવવા વનમાં જતી, જ્યારે આજે આ શ્રીઆચાર્યજીએ જે સમર્પણમંત્ર આપ્યો તેમાં (બ્રહ્મસંબંધ) - વલ્લભી દીક્ષા લેનારે પોતાની સત્તાની સામગ્રી તથા પોતે જ બનાવેલી સામગ્રી, પોતે આરોગાવવાની હોય છે. પોતાના સ્વજન અને દીક્ષીતને જ તેમાં ભાગીદાર કરાય છે.

ત્યારે પ્રભુની સન્મુખ નંદ-યશોદાની બડાઈ કરાતી હતી, પણ આજે પ્રભુની સન્મુખ ગુરુના ચરણસ્પર્શ નથી કરાતા કે બડાઈ નથી કરાતી, તેવી મર્યાદા છે.

તે જ રીતે નિત્યલીલાનો સેવા પ્રકાર વ્રજલીલામાં નથી ચાલતો કે નથી આજે વલ્લભીય કાળમાં ચાલતો. દા. ત. ફૂલના ગાદી-તકીયા-બીછોના નિત્યલાલીમાં

અલૌકિક હોવાથી, તેવાં કીર્તનો (તે પ્રકારના દર્શન થવાથી) કર્યાં છે. પણ આજે તેમ કરવામાં દોષ બતાવ્યો છે. (૨૭/૮૪ વૈષ્ણવોની વાર્તા જુઓ) પ્રભુ ગ્વાલોની સાથે તાલવનમાં તાડફળ ખાવા માટે ગયા છે. આજે તાડફળ માર્ગની પ્રણાલીમાં સ્વીકાર્ય નથી.

આવા અનેક ભેદ છે. તેથી એ ભૂલ ભરેલી સમજ છે કે મંદિરો તે નંદ-યશોદાનું ભવન છે અને વૈષ્ણવો તે વ્રજભક્તો છે. જેથી તેઓએ રોજ સવારે મંગળાના દર્શન કે અનુકૂળતાએ કોઈપણ દર્શન કરવાનો નિયમ રાખવો જોઈએ. પોતાના ઘરની સામગ્રી મંદિરના ઠાકુરજી માટે (કાચી) મોકલી આપે તો જ સાચું સમર્પણ કર્યું કહેવાય, તે સમજ પણ યોગ્ય નથી, પણ તે દોષ પેદા કરનારું છે. ગોસ્વામી બાળકો આપણા માટે ગુરુદ્વાર હોવાથી તેમને ભેટ કરી શકાય, નહિ કે તેમના ઠાકુરને.

મંદિરના ઠાકુરની કૃપા થાય તો ઘરના ઠાકુર રીઝે તેવી સમજ પણ યોગ્ય નથી. પણ ગુરુની શિષ્ય પ્રતિની કલ્યાણ ભાવનાને લીધે શિષ્યમાં ભક્તિભાવ વધે તો તેના માથે બિરાજતા પ્રભુ રીઝે. જો ઉપર કહેલાથી સમાધાન નથી થતું, તો વિચારો કે વ્રજના ભક્તો તો પોતાના હાથે બનાવેલ અનાજની સામગ્રી પ્રભુને ધરી શકતા હતા, તો પછી મંદિરના ઠાકુરને આપણી બનાવેલ સામગ્રી કેમ ન આરોગાવી શકાય ?

વ્રજમાં વર્ણાશ્રમ ધર્મ (વેદ)નો બાધ નહોતો કેમ કે - બધાં જ વૈશ્ય હતા. પણ મંદિરના બાળકો તો બ્રાહ્મણ છે. શ્રીઠાકોરજીને વાંધો નથી, સેવકનો વાંધો વર્ણાશ્રમને લીધે છે, વાંધો ગુરુ-શિષ્ય સંબંધનો છે, ત્યાં તો બધા જ જાતી બંધુ હતા.

ટૂંકમાં : તેથી વ્રજલીલાના દાખલા પોતાને યોગ્ય લાગે તેમ અથવા પોતાની સગવડતા માટે બેસતા ન કરાય. વ્રજભક્તોનો ભાવ સ્વીકાર્યો છે અને જે સેવાની રીત છે તે શ્રીઆચાર્યજી ઉપદિષ્ટ સ્વીકારી છે. સેવા રીતી (આચાર્યજીની) પ્રીત વ્રજજનકી. વ્રજમાં સેવાની રીત કોઈ પ્રિસ્ક્રાઈબ્ડ નહોતી પણ સંપ્રદાયમાં રીત પ્રિસ્ક્રાબ્ઈડ છે.

(૧૩) રાગ – ધનાશ્રી ૧/૩૯

કમલનયન શશીબદન મનોહર દેખીયે વિચિત્ર ગતિ
શ્યામ સુભગ તન પીત બસન હુ, તે ઉર બનમાલ સોહે અતિ ...૧
નખમણિ મુકુટ પ્રભા અતિ ઉદીત ચિતે ચકીત ઉન માન ન પાવત
અતી પ્રકાશ નિસિ બિમલ તિમિર છટિ કલમલાય પતિ હી જગાવતી ...૨
દરસન મુખી સુખી અતિ સોચતી ખટ સુત સોચ સુરતિ અતી આવતી
સૂરદાસ પ્રભુ હોઉ પરાકૃત ભૂજા ચારીકો ચિન્હ દુરાવતી ...૩

ભાવાર્થ :

અહીં શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય ભૂતલ પર, મથુરામાં કંસના કેદખાનામાં થયું ત્યારે માતા દેવકીજીએ જે દર્શન કર્યા તેનું વર્ણન છે.

પ્રભુના નયન, કમળ સમાન વિકસીત, કોમળ, સુંદર છે. આપનું વદન-મુખ ચંદ્ર સમાન ઉજ્જવળ, શાતા આપનાર, પોષણ કરનાર છે. રાત્રીનો સમય હોવાથી ચંદ્રની ઉપમા છે તથા ચંદ્રવંશમાં પ્રક્ટ્યા હોવાથી પણ. તથા ભવિષ્યમાં ગોપીજનોને મહારાસમાં સ્નેહનું દાન પણ રાત્રે કરવાના હોવાથી આ ઉપમા છે. ભક્તના મનનું હરણ કરનાર સ્વરૂપ છે. મન એટલું ચંચલ છે કે કોઈથી પકડાય નહિ. પણ પ્રભુની ગતિ એટલી બધી વિચિત્ર છે કે આપે સ્વરૂપથી જ મનનું હરણ કરી લીધું, મન સ્વયં હરાઈ ગયું. બીજી રીતે કહીએ તો આપનું હલન-ચલન વિચિત્ર એટલે કે સર્વથી નિરાળું છે.

આપનું તન-શ્રીઅંગ શ્યામ વર્ણનું છે. શ્યામ કહેતાં શૃંગાર રસને પ્રકટ કરનારું છે અથવા કહો - સૌને આપનોરંગ લાગે, કોઈનો રંગ આપને ન લાગે, તેવું સ્વતંત્ર છે. તથા સુભગ કહેતાં સર્વ મંગલમય ધર્મોથી યુક્ત છે. આપે પીળું વસ્ત્ર ધારણ કર્યું છે. એટલે કે જે શ્રીસ્વામીનીજી સર્વદા કૃષ્ણમય છે, તેની યાદ પોતાને પણ સર્વદા છે તેવો અનુભવ પ્રકટ કરનારું છે, કેમ કે શ્રીસ્વામીનીજીના અંગનો વર્ણ પીળો છે. વસ્ત્રમાં જેમ તાણાવાણા એક બીજામાં લપેટાએલ હોય તેમ ભગવાન-ભક્ત એકબીજામાં વણાયેલ છે. તે સુચિત કરે છે. આપના ઉર ઉપર વનમાલ શોભી રહી છે. વનમાં જે સૌંદર્ય છે તેવા સ્નેહી ગોપીજનો, ભીલડીઓ, યમુનાજી તથા ગિરિરાજજી અને ગોપ સખાઓ તેઓ ફૂલ જેવા સુગંધી તથા રંગ વાળા છે. એટલે કે તેમનો પ્રેમ ભાત-ભાતનો છે અને સુખ ઉપજાવનાર છે, કોમળ છે અને તેઓ વનફૂલ હોવાથી નિઃસાધન છે. તેવા ભક્તોને પ્રભુએ પોતાના ઉર પર ધારણ કર્યા છે, જે ઉર તો લક્ષ્મીજીનું ધામ છે તેમ છતાં પણ ! (૧)

આપના નખમણિ સમાન ચમકદાર છે. આપે જે મુકુટ ધારણ કર્યો છે તેની પ્રભા-પ્રકાશ ખૂબ જ ઉદીત થયેલ સૂર્ય કરતાં પણ વિશેષ છે, અને આ પ્રકાશ એટલો બધો છે કે દેવકીજી ચકિત થઈ ગયાં છે. નજરે જોવા છતાં માની શકતા નથી. અતી પ્રકાશના કારણે રાત્રીનો અંધકાર તો ભાગી ગયો છે તથા કહો કે કાળ અતી શુદ્ધ થઈ ગયો છે. આવી વિચિત્ર પરિસ્થિતિને કારણે કે પછી શ્રીઠાકોરજીનો આ પ્રતાપ સહન કરી ન શકવાથી, ગભરાઈ જઈને, આકુળવ્યાકુળ થઈને, પોતાના પતિ વસુદેવજીને જગાડે છે. (૨)

અગાઉ કંસે છ પુત્રો મારી નાખ્યા તેમ વિચારીને, આ પુત્રનું મોઢું જોતાં જ પોતાનું મુખ મ્લાન થઈ જાય છે. સાથે સાથે આ પુત્રનું મુખ જોતાં ખૂબ જ પ્રેમ પણ ઉભરાય છે.

આ પ્રભુ પ્રાકૃત નથી પણ પરાકૃત-અપ્રાકૃત છે. તેવા પ્રભુ અહીં ચારભૂજા સહિત પ્રકટ થયા છે પણ દેવકીજીને તો પ્રભુને (પોતાના લાલને) કંસ મારી નાખશે તેવી બિક છે તેથી છૂપાવીને ગોદમાં રાખે છે. (૩)

(૧૪) રાગ – સારંગ ૧/૪૯

દેખ સખી ગોરસકી આંગન બાઢી કીચ મહરકે
હરદ દહી માખન મથી છીરકત ભરી સબ માટ ડહરકે ...૧
ઢોટા ભયો નંદબાબાકે સુની સુની પ્રીત પહરકે
ઘરઘર તે ગોપી સબ ધાઈ રહી ન જ્ઞાતિ ગહરકે ...૨
જસુમતિકી ઈચ્છા મન પૂજી લાગી હુતી અહરકે
ગિરિધરદાસ કલ્યાણ જો સુખ વ્રજમેં સો સુખ ન બ્રહ્મા હરકે ...૩

ભાવાર્થ :

સખી પોતાની બીજી સખી સમક્ષ આનંદને પ્રકટ કરે છે, ઉત્સવને -ઉભરાને પ્રકટ કરે છે.

આ નંદમહરના આંગણામાં ગોરસનો કીચડ કેટલો બધો થઈ ગયો છે! તૂ જો આ રસ્તા ઉપરથી બધા આવી રહ્યા છે, તેમની પાસે જે માટલાં છે તે પૂરેપૂરા ભરેલા છે અને તેઓ દહીં-માખણમાં હલદી મેળવીને બરાબર મિશ્રણ કરીને છીરકી રહ્યા છે.

નંદમહરને ત્યાં પ્રેમરસપૂર્ણ પ્રભુનું પ્રાક્ટ્ય થયું છે જે દૈવીજીવોના ભાવનું પોષણ

કરનાર છે. દહીં-માખણ પણ જીવોના દેહનું પોષણ કરનાર છે. પ્રભુ પોતાનું ધામ છોડીને ભૂતલ પર નીચે પધાર્યા છે, તેમ દહીં-માખણ જે શિર ઉપર છે તે પણ નીચે ઢોળાવાથી કીચ મચ્યો છે.

વ્રજજનો વિવિધ પ્રકારના ભક્તો છે. કોઈ દહીં જેવા કે કોઈ માખણ જેવા. પણ તે સર્વમાં હલદી રૂપ પ્રેમ ભળેલો છે. તેઓ એકબીજાને પ્રેમનો છંટકાવ કરે છે. તે પ્રકારે પ્રભુ પ્રાક્ટ્યનો ઉત્સવ મનાવે છે. તેઓ પોતાના પૂરા સામર્થ્યથી (ભરી સબમાંટ) માર્ગ ઉપર ચાલીને યોગ્ય પ્રકારે (ડહરકે) પ્રભુ સન્મુખ થાય છે. (૧)

વ્રજજનોએ જ્યારે સાંભળ્યું કે નંદબાબાને ત્યાં ઢોટા પ્રક્ટયો છે એટલે પ્રેમના વસ્ત્ર પહેરી પહેરીને પ્રત્યેક ઘરેથી ગોપીઓ દોડતી આવી, તેમણે પોતાનાં સ્વજનો (જ્ઞાતિ) કે ઘરની ચિજવસ્તુ (ગહર)ની પણ પરવા ન કરી. ગાયો જેમ વાછરડાં પ્રતિ દોડે તેમ દોડતી આવી! પ્રેમ મસ્તીમાં ઊંચનીચ ભેદ પણ ભૂલાઈ ગયો છે. ભગવત્ પ્રેમ ધીરે ધીરે નથી ચાલતો. તેને જ્યારે સ્વરૂપ સ્મૃતિ થઈ ગઈ (ઢોટા ભયો નંદમહરકે સુની સુની) પછી તો પ્રેમમાંથી આસક્તિ થતાં વાર નથી લાગતી અને તેવાને ઘરમાં-ઘરવાળામાં આસક્તિ નથી રહેતી. પણ તે બધાં દુઃખરૂપ લાગે છે. તેની ગતિ તો પ્રભુના મુકામે જઈને જ અટકે છે. (નિરોધ) (૨)

જસુમતિ એ ઘણાં જન્મ પહેલાં જે ઈચ્છા કરી હતી તે આજે પૂરી થઈ. પોતાના લાલને તેથી તો પોતાને હૈયે લગાડીને બેઠી છે.

પ્રભુના સહજસંગ રૂપે, જે સુખ વ્રજમાં છે તેવું તો નથી બ્રહ્માજીને કે નથી મહાદેવજીને. આ મનુષ્યલોકમાં ભગવદ્ સેવારૂપ જે સુખ છે, તે દેવોને પણ દુર્લભ છે. (૩)

(૧૫) રાગ – સારંગ ૧/૫૦

ચલો ભૈયા ઉત જાઈ મહરિકે કપરાં કોટિક લૂટત હૈ
પોટે બાંધી બાંધી શિરપર ધરિ લૈલૈ લોગ વિખૂટત હૈ ...૧
રમકિ ઝમકિ ફિરત ગુજરીયા અંચલ છોર છૂટત હૈ
રપટત ગિરત ઉઠત રસમાતે દધિકે માટ ફૂટત હૈ ...૨
એકમ ગાઢે મોલન બાઢે એક ચોં સહસ ફૂટત હૈ
એક ઓર લઘુ નીકે બાજે ગહરે ઘોટ ઘૂટત હૈ ...૩
એક ભાટ ભિખારી બ્રાહ્મણ આપુસ માંઝ ઝૂટત હૈ
ખબર ન પરત કહૂં દબી અંગુરીન માલા મોતીન ટૂટત હૈ ...૪

ઉતૈ મહરકે અગનિત દરબન અરબન હાથ ઉઠત હૈ
દીયૌ ન કોઉ મહરીકો પહરે બસનન ફાટત ફૂટત હૈ ...૫
પહર બધાઈ ઘરઘર માઈ દ્વાર કીવાર ખૂટત હૈ
જન ગોવિંદ બલવીરન કે ગુન નિશદિન ગુનીગન છૂટત હૈ ...૬

ભાવાર્થ :

વ્રજવાસીઓ એકબીજાને કહે છે કે - અરે ભાઈ ચાલો મહરિ-યશોદાજીને ત્યાં જઈએ, કેમ કે તેમને ત્યાં પુત્ર પ્રાક્ટ્ય થવાથી ત્યાં બહુ મોટો ઉત્સવ મનાવાય છે. તેઓ ભાતભાતના (કોટીક) વસ્ત્રો લૂટાવે છે, વળી લોકો તો પોટલે પોટલાં બાંધીને, માથા પર મૂકીને લઈ લઈને પોતાને ઘેર (વિખૂટત) જઈ રહ્યાં છે. (૧)

ત્યાં ખુશીમાં નાચતી-ગાતી આહીરણો (ગુજરીયા)ને ભાન પણ નથી રહેતું, તેથી માથે ઓઢેલ લાજ રાખનારું ઓઢણું પણ ખસી જાય છે. તો વળી ગ્વાલો ઉત્સાહમાં એવું નાચે છે કે જેથી દધીના કીચમાં લપસી પડે છે, છતાં ઊભા થઈ જાય છે કેમ કે તેઓ રસથી છકી ગયા છે. તેથી દધિનાં માટ પણ ફૂટી જાય છે. (૨)

કોઈએ વળી ખૂબ જ મોઘું-કિમતી તેવું આભૂષણ ધારણ કર્યું છે, તો કોઈ એ અનેક વિધ નાનાં આભૂષણો ધારણ કર્યા છે. એક જણ નાનું વાજિંત્ર અતી ધીમા સૂરમાં વગાડે છે, તો કોઈ ગાઢ ગંભિર અવાજમાં વગાડે છે. (૩)

એક બાજુ ભાટ-બડાઈ ગાનારા છે, તો વેદ મંત્રોથી આશિષ દેનાર બ્રાહ્મણો પણ છે. તે બન્નેનો ઉદ્દેશ-ભિક્ષાનો સમાન છે. તેઓ મહરનંદે ઉછાળેલી ભેટ ને મેળવવામાં આપસમાં ઝૂંટાઝૂંટ કરે છે અથવા તો તે લેવામાં મગ્ન છે. લૂંટાલૂંટમાં પગની આંગળીઓ કોનાથી દબાઈ? તે ખબર નથી પડતી અને મોતીની માલા કોનાથી કોની તૂટી? તે પણ ખબર નથી પડતી. (૪)

ત્યાં નંદમહરના દરબારી અગણિત રક્ષકો આ અંધાધૂંધને સમાવવા માટે હાથ ઊંચા કરી કરીને વ્યવસ્થામાં લાગેલા છે. (ડરાવે છે)

તો કેટલાકને તો નંદરાણીએ આપેલાં વસ્ત્રો, પહેર્યાં પહેલાં જ ધમાચકડીમાં ફાટી જાય છે કે કચડાઈ જાય છે. આ વધાઈમાં મળેલી ભેટ-ચીજ એટલી બધી થઈ ગઈ કે ઘર ભરાઈ ગયાં. અરે, ઘર નાનાં પડ્યાં. (૫)

આ લીલાનાં દર્શન જન-ગોવિંદ કરે છે અને ગાય છે નંદજીને ત્યાં ગુનીજનો બલભદ્રના વીરની કીર્તિ (રાત-દિન) ગાતાં ગાતાં આવતા જ રહે છે. (૬)

વિશેષભાવાર્થ :

સૌ નંદમહોત્સવ મનાવી રહ્યા છે અને નંદરાણી પોતાની પાસે જે કંઈ સંપત્તિ છે તે કનૈયા પર ન્યોછાવર કરીને લૂંટાવી રહ્યા છે. જ્યાં ધર્મી પ્રકટ થાય ત્યાં વૈરાગ્ય સહિત સર્વ ધર્મ પ્રકટ થાય જ. આ ઉત્સવમાં વિભિન્ન પ્રકારના એટલે કે પુષ્ટિ, પ્રવાહી, મર્યાદી, તામસ, રાજસ, સાત્વિક, નિર્ગુણ વગેરે સ્વભાવવાળાઓ આવ્યા છે (કોટીક).

જેઓ પ્રભુના ઘરેથી મળેલી સંપત્તિને શિર પર ધારણ કરે છે, તે લક્ષ્મીપૂજકો રાજસ છે પણ પછી તેઓ ભગવાનથી વિખૂટા પડી જાય છે. તેથી પ્રવાહી પણ છે. (૧)

ત્યાં જે ગોપીઓ છે તે રમક-ઝમક થઈને ફરી રહી છે. તેમનો ઉત્સાહ એટલો બધો છે કે તેમની મર્યાદા રૂપ (અંચલ) સાડીનો છેડો છૂટી જાય છે પણ તેનું ભાન નથી રહેતું. તેવા પુષ્ટિજીવો નિર્ગુણભાવવાળા છે. તેવા તો માત્ર પ્રભુપ્રાક્ટ્યમાંથી આનંદ જ લૂંટે છે. અહીં પ્રભુનું ભક્તોમાં ઐશ્વર્ય પ્રકટ થાય છે. ક્ટેલાક એટલા મસ્તીમાં આવે છે કે લપસી પડે છે. પણ પાછા ઊભા પણ થઈ જાય છે કેમ કે તેઓ પ્રભુરસથી ભરેલા છે. તેઓની (દધિમાટ) લૌકિકતા છૂટી ગઈ છે. તેવા મર્યાદાપુષ્ટિ સાત્વિક ભક્ત છે, કેમ કે તેઓ ક્યારેક લપસે પણ છે, પડે પણ છે, પણ રસમગ્ન છે તેમની લૌકિકાસક્તિ પ્રભુ છોડાવે છે, (સાત્વિકતા) તેથી ફરી ઊભા થઈને ફરી આનંદ લૂંટે છે. (૨)

કોઈ ખૂબ કિંમતી આભૂષણ સજીધજીને આવ્યા છે. તે પુષ્ટિપુષ્ટિ ભક્તો રાજસ ભાવવાળા છે. તેમની અનન્યતા સ્થિર થઈ ગઈ છે. તો કેટલાક વિવિધ પ્રકારના અનેક આભૂષણો સજીને આવ્યા છે, તે પુષ્ટિ રાજસ ભક્તો છે. તેમની અનન્યતા પ્રભુમાં છે પણ ક્યારેક પ્રભુના અનેક ધર્મોમાં પણ તેમની આસક્તિ થઈ જાય છે, આમ તે પુષ્ટિ મર્યાદા છે. અહીં પ્રભુનો શ્રીધર્મ પ્રકટ થાય છે. કોઈ ધીમા સૂરથી વાજિંત્ર વગાડે છે (એક ઓર લધુનીકે બાજે) તે પુષ્ટિ ભક્ત વિરહભાવવાળો, અતી દીન વિપ્રયોગ ભાવવાળો છે. તો કોઈક (ગહરે ઘોટ ઘૂટત હૈ) ઘેરા અવાજને ઘુંટતા, થોડા ઉચ્ચ સ્વરમાં ગાન કરે છે, તે પુષ્ટિભક્ત સંયોગભાવ વાળા તથા માનભાવવાળા છે. પણ આ બન્ને પોતાના ગાનરૂપ સામર્થ્યનું સમર્પણ કરી રહ્યા છે. (૩)

(એક ભાટ) આ પ્રવાહી જીવ છે કે જે યશના ભૂખ્યા છે, તેમને પ્રભુની ભૂખ નથી. (એક ભિખારી) તે ધનના ભૂખ્યા છે, તેમને પણ પ્રભુની ભૂખ નથી. તે બન્ને

આપસમાં સંસારમાં જૂટેલા છે. તેમાંનું કોઈ પ્રભુ સાથે નથી જૂટયું. ''લાભ-પૂજાર્થ યત્નેષુ'' વાળા છે. પ્રવાહી છે.

આ ઉત્સવમાં મગ્ન તેવા કેટલાકની પગની આંગળીઓ દબાય છે, પણ ક્યારે કોને દબાવી તેની ઉપેક્ષા કરે છે. મોતીની માલા તૂટી જાય છે, તેની પણ ઉપેક્ષા કરે છે. આવા રસમગ્ન ભક્તોને ભગવાન, માર્ગમાં આગળ વધારવા દૈહિક દુઃખ તથા સંપત્તિનું દુઃખ આપે છે, પરીક્ષા લે છે પણ આ ભક્તો તેવી પરીક્ષામાંથી પાર ઉતરે છે, પ્રભુ જ પાર કરાવે છે. આ પુષ્ટિ-પુષ્ટિ ભક્તો છે (પદ્મનાભદાસજી) (૪)

નંદભવનના રક્ષક-ચોકીદારો ઘણા બધા છે જે યથાયોગ્ય દંડ વાપરીને વ્યવસ્થાને જાળવી રાખે છે. તેવાઓ ઉપાસક સમાન છે. તે નંદજીના ચોકીદારો છે, તેથી નંદજીના ઉપાસક છે, પ્રભુના નહીં. તેવાઓમાં ભક્તિનો બીજભાવ હોય તો સંગથી પાંગરે. તેવા પ્રવાહપુષ્ટિ પણ હોઈ શકે ! અહીં પ્રભુએ પોતાનો વીર્ય ધર્મ પ્રકટ કર્યો છે.

તો કેટલાકને મહરી યશોદાએ હજુ આપ્યુ નથી, છતાં જે પહેરેલાં વસ્ત્રો છે તે પણ ફાટી-તૂટી ગયા છે. તેવા પોતાના સ્થાનેથી પણ નીચે જાય છે, પ્રભુના ધામની પાસે હોવા છતાં ! જેમ, સિદ્ધાંત મુક્તાવલીમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે.

ભકત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈ સ્વકર્મભિઃ
અન્યથા ભાવમાપન્નો તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ

ભક્તિના સર્વથા અભાવમાં, અન્યથા ભાવે કરવામાં આવતી ભગવત્ સેવા તો વ્યર્થ જ છે કેમ કે ક્રિયા ભક્તિની (પ્રભુ સન્મુખતાની છે) પણ મનમાં દુષ્ટભાવો છે (ભગવદ્ ધામમાં ખિસાકાતરુ ફરે તેમ). આવા દુર્જ્ઞ છે. અને કેટલાક યશોદાજીને ત્યાંથી પ્રભુની વધાઈરૂપે ઉત્સવ રૂપ વસ્ત્રો પહેરીને જ ઘરે જાય છે આ દિવ્ય વસ્ત્રો છે. તેમના તો અનેક ઘરો એટલે કે (ઘર-ઘર) પરિવાર-પેઢીઓ, તેમના ભાવને કારણે પવિત્ર થાય છે. તેમનો ભાવ એટલો અખૂટ હોય છે કે ઘરના કમાડ સુધી ભરાઈ જાય છે. તેમના મન-ઈન્દ્રિયો-દેહ સર્વ ભાવપૂર્ણ થઈ જાય છે. આ નિર્ગુણ ભક્તો છે. અહીં પ્રભુ પોતાનો યશ ધર્મ પ્રકટ કરે છે.

વળી કોઈ એવા પણ છે કે જે ગોવિન્દના જન છે. ભજગોવિન્દમ્ ભજગોવિન્દમ્ (શંકરાચાર્યજી) પરંતુ તે ગોવિંદના નહિ, બલદેવજીના ભાઈ તરીકે ગુણગાન

ગાતા ફરે છે. તેવાઓ બલદેવજીના અક્ષરધામના વરણવાળા છે. તેવા ગુણગાન રાત-દિન કરે છે પણ સેવા નથી કરતા. બીજા જ્ઞાનમાર્ગના ઉપાસક છે. જે પ્રભુના માહાત્મ્યથી થતો આનંદ લૂંટે છે. (ગણિતાનંદકમ્ બૃહત્) ત્યાં પ્રભુ પોતાનો જ્ઞાન ધર્મ પ્રકટ કરે છે. (૪)

તેથી તો વ્રજના ગોપ કહે છે ભૈયા ચાલો યશોદાજીને દ્વારે... કે જ્યાં કોટીક (ભાત-ભાતના) કપડાં (જેને જે માપમાં આવે અને જેવા પસંદ પડે તેવાં વરણ અનુસાર) આનંદ મળે છે. લૂંટાવે છે. જેના હાથમાં જે આવે તે, અધિકારાનુસાર ભગવદ્ ઈચ્છાથી મળે તે. પ્રભુ તો પૂર્ણબ્રહ્મ-સમ હોવાથી લૂંટાવે છે. આનંદરસ હોવાથી રસ-આનંદ બાંટે છે. કોઈ આપના જગત સ્વરૂપમાંથી આનંદ લે, તો કોઈ આપના ધર્મ સ્વરૂપમાંથી લે, કોઈ આપના વાણી સ્વરૂપમાંથી લે, કે કોઈ આપના અંગ સ્વરૂપમાંથી લે.

કોને કેટલી, કેવી ઈચ્છા કરી છે અને કેટલો મોટો ખોળો પાથર્યો છે ? તેટલું પામે.

(૧૬) રાગ – જૈજૈવંતી ૧/૬૦

માઈ આજ તો ગોકુલગામ કૈસો રહ્યો ફૂલકૈ
ગૃહ ફૂલે દીસે જૈસે સંપતિ સમૂલકે ...૧
ફૂલીફૂલી ઘટા આઈ ઘરહર ધુમકે
ફૂલીફૂલી બરખા હોત ઝર લાયો ઝૂમકે ...૨
ફૂલ્યો ફૂલ્યો પુત્ર દેખી લીયો ઉર લૂમીકે
ફૂલી હૈ યશોદા માય ઢોટા મુખ ચુમીકે ...૩
દેવતા આગિન ફૂલે ધૃતખાંડ હોમીકે
ફૂલ્યો દિસૈ દધિકાદો ઉપર સો ભૂમિકૈ ...૪
માલીન બાંધે બંદન માલા ઘરઘર ડોલી કૈ
પાટંબર પહરાય અધિકે અમોલકે ...૫
ફૂલે હૈ ભંડાર સબ દ્વાર દિયે ખોલીકે
નંદરાય દેત ફૂલે નંદદાસ બોલીકે ...૬

ભાવાર્થ :

આજે નંદ-યશોદાને ત્યાં પુત્ર જાયો છે તેથી બધાં જ આનંદમાં ફૂલ્યા સમાતા નથી, તેવા દર્શન નંદદાસજી કરી રહ્યા છે. કોઈ ગોપી અન્યને પોતાના હૃદયનો ભાવ જતાવે છે.... કે આજે આ ગોકુલ ગામ કેવું ફૂલી રહ્યું છે તે તો જૂઓ. આજે

ભક્તો જ્યાં વસે છે, ગાયો જ્યાં વસે છે તે ગામ-ધરા કેવી ફૂલાઈ રહી છે કેમ કે પ્રભુએ તેઓની પ્રાર્થના-સ્તુતિને સ્વીકારીને ભૂતલ પર સ્વયં-સાક્ષાત્ મનુષ્યદેહ ધારીને, માત્ર ભક્તોના દુઃખ દૂર કરવા જ નહીં પણ અકલ્પ્ય પરમાનંદ આપવા માટે પધાર્યા છે અને તે પણ નિઃસાધન જનોને પોતાના જાણીને કોઈ જ ઉપકારના ભાવ વગર, એટલે કે માહાત્મ્યને છૂપાવીને, હવે ગોકુલગામમાં તેના પ્રત્યેક અંગ કેવી રીતે ફૂલાઈ રહ્યા છે તે કહે છે -

જે ગૃહ (કુટુંબ/સ્ત્રી) પુત્ર સહિત હોય તો તેવી સંપત્તિ સમૂલ ગણાય. આજે ગોકુળમાં કૃષ્ણ પ્રાકટ્ય થયું છે, તે સર્વનો પુત્ર બન્યો છે તેથી ગોકુળ ફૂલે છે અને લક્ષ્મીજી (સંપત્તિ) પ્રભુના ભક્તોની સેવાના લાભ માટે પધાર્યા છે. તેથી ઘર-સંપત્તિ રૂપ પુત્ર-પૂંજી બન્નેથી ભરાઈ જવાથી ફૂલી રહ્યું છે. (૧)

અને આ ઘટા - કાળાં વાદળનો સમૂહ, ફૂલાઈ ફૂલાઈને આવી રહ્યો છે કેમ કે હવે તેમને વનમાં ખૂલ્લા ચરણે ચાલતા રામ-શ્યામ અને ગોપબાળકોને છાયા કરવાનો (સુખ) લાભ થશે અને આ રીતે તેમને પ્રભુની રક્ષા-સેવાનો લાભ મળશે. આ જે જળ ધીમે ધીમે વરસી રહ્યું છે. તે પણ ફૂલાય છે કેમ કે તે વિરહી ગોપીઓ (પ્રભુ વનમાં પધાર્યા હોવાથી)નો પ્રેમ માટે ઉદ્દીપક બની શકશે.ગાયોને નવાં તૃણ મળતાં અધિક દૂધ આપનારી થશે તેથી પ્રભુ તથા વ્રજવાસીઓ પણ પ્રસન્ન થશે, ધરતી પણ ઠંડી થતાં પ્રસન્ન થશે. આમ ભક્ત, ગાય-ધરા, દેવકીજી સર્વ પ્રસન્ન થશે (દેવકીજીને પ્રભુના પ્રાકટ્યદિનની યાદ આવશે.)

આમ જે કાર્ય પ્રભુએ (ઘનશ્યામે) કરવાના છે તે જ કાર્ય આ શ્યામઘન વર્ષા રૂપે કરી રહેવાથી ફૂલાય છે. (૨)

હૃષ્ટપુષ્ટ (ફૂલ્યો ફૂલ્યો) અને પ્રસન્ન તેવા પુત્રને નિરખીને યશોદાજીનું હૃદય ફૂલ્યું સમાતું નથી તેથી હૃદયસરસોં લગાવી દે છે અને પ્રસન્નતા પૂર્વક પુત્રના મુખને ચૂમી લે છે (૩)

નાનકડા લાલને શ્રીયશોદાજી ઘી અને સાકર ચટાડે છે, જેથી આપના મુખરૂપ જે અગ્નિ દેવતા છે તે પણ પ્રસન્ન થાય છે, કેમ કે પ્રભુને સુખ થાયે છે. શ્રીમહાપ્રભુ આપના મુખારવિંદ રૂપ છે અને આપને સૌથી પ્રિય કૃષ્ણભક્તિ છે. ભક્તિમાં માહાત્મ્ય છે તે ખાંડ-સાકર છે અને ધૃત-સ્નેહ છે, તે પોષક-ચીકાશવાળુ તથા સારરૂપ છે. સાકરની મીઠાશ જીભ સુધી જ છે. જ્યારે ઘીની મીઠાશ-પોષકત્વ પૂરા દેહમાં છે તેથી સાકર તે માહાત્મ્ય છે.

ભૂમિ પર પથરાયેલો દધિ-કાદો પણ ફૂલી રહ્યો છે. કેમ કે આજે મહોત્સવના દિવસે છિરકવામાં આવે છે. તે ઉત્સાહ ભાવને પ્રકટ થવામાં સાધનરૂપ બન્યો છે. તે ભક્તજનોના ચરણસ્પર્શ થવાથી પ્રસન્ન છે. ચત્રભૂજદાસે આવા જ દધિ-કાદોમાં નંદમહોત્સવ મનાવીને, તે લીલામાં જ ઉપસંહાર (લીલામાં પહોંચી ગયા હતા.) કર્યો હતો. આમ, આનંદના પ્રાકટ્ય અને ઉપસંહાર (છૂપાઈ જવું) રૂપ દધિ-કાદો પ્રસન્ન છે. (૪)

આજે પ્રભુનાં પત્ની લક્ષ્મીજી એટલાં પ્રસન્ન છે કે જે સ્વરૂપને તેઓએ ક્યારેય જોયું નથી, જાણ્યું નથી તેવું સ્વરૂપ આજે પ્રકટ થયું. તેનો લાભ તેમને પણ મળ્યો. અને તેવું સ્વરૂપ પ્રકટ કરવામાં કારણરૂપ આ નિઃસાધનભક્તો છે, તે જાણ્યા પછી તે પણ પોતાનું શ્રીત્વ (સાધનત્વ) ભૂલીને, ઘરે ઘરે માલણ બની તોરણો બાંધી, દરેક ઘરમાં પ્રભુ પધારે તે માટે સ્વાગત કરે છે. (૫)

નંદરાયજીના ભંડાર સંપત્તિ પણ ફૂલાય છે તેથી અમૂલ્ય વસ્ત્રાભરણ બધાંને પહેરાવીને સ્વાગત કરે છે, તે માટે ભંડારના દ્વાર ખૂલ્લા મૂકી દીધાં છે. નંદદાસ પોતે ફૂલાય છે કેમ કે નંદરાયજી તેમનું નામ બોલીને તેમને પણ અમૂલ્ય પાટંબર પહેરાવે છે.

નંદદાસે અમૂલ્ય પાટંબર ધાર્યું છે, તેથી તો તેમણે અમૂલ્ય કીર્તનો કર્યાં, અમૂલ્ય ભાગવત લખ્યું અને શ્રી આચાર્યજીની આજ્ઞાથી વ્રજલીલા સિવાયનું ભાગવત યમુનાજીમાં પધરાવી દીધું અને તેમણે ભગવલ્લીલાના અનધિકારી બાદશાહ આગળ રહસ્ય પ્રકટ ન કર્યું, પ્રાણ ત્યજ્યા.

''પ્રાણ કંઠે આવે તો પણ ભાગવત વૃત્યર્થ ન કરજે'' તેવી પદ્મનાભદાસને શ્રીઆચાર્ય આજ્ઞામાં રહેલ ગુપ્તભાવ, નંદદાસજીએ સાર્થક કરી બતાવ્યો. (અનધિકારી-સંસારમાં પ્રવૃત્ત.) આમ પ્રભુ પ્રાક્ટ્યથી પૂરા વ્રજમાં એક દિવ્ય અસ્મિતા પ્રકટ થઈ ગઈ. અમારા કૃષ્ણ, અસ્મત્ કૃષ્ણ, તેવી અસ્મિતા. (૬)

(૧૭) રાગ – કાન્હરો ૧/૬૨

યહ [૨]ધન [૧]ધર્મ હી તેં પાયો
નીકેં રાખી યશોદામૈયા નારાયણ ઘર આયો ...૧
જા ધનકો મુની જપતપ ખોજત[૩] વેદ હૂ પાર ન પાયો
સો ધન ધર્યો ક્ષીરસાગરમેં બ્રહ્મા જાય જગાયો ...૨
જા ધન તે ગોકુલ સુખ લહીયત[૪] સગરે કાજ સવારે[૩]
સો ધન બારબાર ઉર અંતર પરમાનંદ વિચારે[૫] ...૩

ભાવાર્થ :

શ્રીયશોદાજીને જે પુત્રરૂપે પ્રાપ્ત થયા છે, તે જ તો તેમની ધન-સંપત્તિ છે. વૈશ્યોને સૌથી પ્રિય સંપત્તિ છે. પરંતુ તે કયા ઉપાયથી પ્રાપ્ત થાય ? તો કહે છે ધર્મથી જ. કયા ધર્મ અને કોના ધર્મ ? ભગવાનના અનુગ્રહરૂપ ધર્મથી અને ભક્તનો દૃઢાશ્રય અને દૃઢ અનન્ય નિષ્કામ ભક્તિ કે જેને શ્રીઆચાર્યજી બ્રહ્મસંબંધ મંત્રના અંતે દાસધર્મ તરીકે બતાવે છે, તે ધર્મથી આ કૃષ્ણ પ્રાપ્ત થાય.

આ એવું ધન છે કે જે સર્વોત્તમ-સર્વશ્રેષ્ઠ છે. તેથી તો યશોદાજી તેને સારી રીતે (નીકેં) તમામ પ્રકારનું સુખ થાય તે રીતે રાખે છે, સાચવે છે. તેનો ઉપયોગ પોતાને માટે નથી કરતાં. તે આ ધન છે શું ? કોણ છે ? તે તો નારયણ છે, દેવાધિદેવ છે અને તે આજે પોતાના ધામમાંથી અહીં યશોદાજીને ઘરે પધાર્યા છે. એટલે કે પોતે સ્વયં પ્રમેય બલથી ઈચ્છાથી પધાર્યા છે. પ્રમેય પછીની પ્રક્રિયા ધર્મ છે, એટલે કે ઈચ્છા પછીની ક્રિયા છે. (૧)

આ જે નારયણ રૂપી ધન છે, તેની શોધ તો મુની જનો તપ અને જપ રૂપી ધર્મથી કરી રહ્યા છે. તો વેદ, જ્ઞાનરૂપી ધર્મથી કરી રહ્યા છે. પણ કોઈ જ, તે ક્યાં છે, કેવી રીતે મળે ? તે જાણી શક્યા નથી. કેમ કે તે તો ભક્તિના માહાત્મ્ય જ્ઞાનથી જણાય અને સ્નેહથી પમાય-અનુભવાય. પરંતુ એ ધન તો ક્ષીરસાગરમાં એટલે કે અક્ષરધામમાં બીરાજ્યું છે અથવા ક્ષીર-રસસાગરમાં (ભક્ત હૃદયમાં) એકલા જ આંતર વિહાર કરી રહ્યા છે, તે માત્ર બ્રહ્માજી જાણે છે, કેમ કે ભગવાને ભાગવતથી પોતાના સ્વરૂપ-લીલાનું જ્ઞાન બ્રહ્માજીને આપેલું છે, નહિ કે અનુભૂતિ. તેથી તો બ્રહ્માજી ક્ષીરસાગરને કિનારે જઈને ધ્યાન ધરીને પ્રભુને જાગવા માટે વિનંતી કરે છે. કેમ કે ધરા-ગાય-દેવકીજી ત્રણેને અસહ્ય દુઃખ પડી રહ્યું છે, તેથી આનંદ તિરોહિત થઈ ગયો છે. તે પ્રભુ ભક્તોનું દુઃખ સહન નથી કરી શકતા, તેથી તે નારાયણ, ગોકુલ-ગાયોની ભૂમિ પર પધાર્યા છે. (૨)

આ ધનથી શું પ્રાપ્ત થાય ? તો કહે છે સુખ, આનંદ. કેવો આનંદ ? તો કહે છે જેવો ગોકુલવાસીઓને મળ્યો.

यच्य दुःख यशोदायां नन्दादीनां च गोकुले
गोपिकानां तु यत् दुःखं तद् दुःखं स्यान् मम कवचित्

આ વિપ્રયોગાનંદ અને સંયોગાનંદ ''ગોકુલ સુખ લહીયત'' એટલું જ નહિ, આ જે ધન છે તે બધા જ મનોરથ પૂરક છે. પ્રત્યેકના ભિન્ન ભિન્ન મનોરથો ભિન્ન ભિન્ન

પ્રકારે પૂરા કર્યા. તામસના તામસ પ્રકારે, રાજસના રાજસ પ્રકારે અને સાત્વિકના સાત્વિક પ્રકારે, નિર્ગુણના નિર્ગુણ પ્રકારે. આમ, ''સગરા-કાજ સંવારે''. ભક્તોને ઈન્દ્રના, વરૂણના, અગ્નિના, નાગના, ધર્મના, અધર્મના સર્વના દુઃખથી બચાવ્યા અને અનેક પ્રકારે બાળલીલા, પૌગંડલીલા, કીશોરલીલા કરી. જેને જે લીલામાં ભાવ હતો તેને તે પ્રકારે સુખ પણ આપ્યાં.

આવા નારાયણ કે જે હકીકતમાં પૂર્ણબ્રહ્મ છે તે, વ્રજમાં કૃષ્ણ બનીને આવ્યા, તે જ તો પરમાત્મા અને ભગવાન પણ છે. તેને પૂર્ણરૂપથી (અંતરમાં) જાણીને પછી, જે વ્રજલીલાના ભાવને હૃદયમાં (ઉરમાં) ધારણ કરીને, તે લીલાને રાત-દિવસ, જાગતા-ઉંઘતા વિચાર્યા કરે અને તો જ સુખને પામે.

પ્રભુએ ગોકુલ લીલાથી વ્રજભક્તોને આ સુખ આપ્યું હતું. મથુરા ગમન વખતે પ્રભુ વ્રજભક્તોના અંતર અને ઉરમાં બિરાજી ગયા હતા. તેથી તો તે વ્રજભક્તોએ પ્રભુના વિયોગમાં પ્રાણ ન ત્યજી દીધા, કે કુરૂક્ષેત્રમાં ફરી મિલાપ થયો ત્યારે પણ પ્રભુને ફરી એક વાર વ્રજમાં પધારવા વિનંતી ન કરી, તેઓનો પ્રેમ રતીભાર પણ ઓછો નહોતો થયો, પણ તે ઘટ્ટ થયો હતો, સ્થિર થઈ ગયો હતો પરમાનંદરૂપે, કે જે સંયોગમાં આનંદ હતો.

આ કીર્તનમાં જીવમાત્રના કર્તવ્યરૂપ ચારે પુરૂષાર્થ અને સર્વોત્તમ ભક્તિ સ્વતંત્ર પુરૂષાર્થ પણ વણી લીધા છે.

ગૌણરૂપે તે આ **પ્રકારે** છે

૧. ધર્મ કહેતાં **ધર્મ** પુરૂષાર્થ

૨. 'ધન' કહેતાં **અર્થ** પુરૂષાર્થ છે

૩. 'ખોજત / કાજ સંવારે' કહેતાં **કામ** પુરૂષાર્થ છે

૪. 'સુખ લહીયત' કહેતાં **મોક્ષ** પુરૂષાર્થ છે

૫. **મુખ્ય રૂપે** 'પરમાનંદ વિચારે' કહેતાં **ભક્તિ** પુરૂષાર્થ છે.

જો કે આ બધાં પુરૂષાર્થ એકંદરે કૃષ્ણ સાથે જોડાયેલા હોવાથી સ્વતંત્ર ભક્તિરૂપ જ બની રહે છે. (૩)

માહાત્મ્ય લીલા

(૧૮) રાગ – બિલાવલ ૧/૮૦

સો બલ કહા ભયૌ ભગવાન
જિહીં બલ મીનરૂપ જલ થાપ્યો લિયે નિગમ હતિ અસુર પરાન ...૧
જિહીં બલ કમઠ પીઠી પર ગિરિધર સજલસિંધુ મથી કિયૌ વિતાન
જિહીં બલરૂપ વરાહ દરશન પર ધરી ધરા કરિ પુહુપ સમાન ...૨
જિહીં બલ હિરણ્યાકશ્ય ઉર ફાર્યો ભયે ભક્તકો કૃપાનિધાન
જિહીં બલ બલિ પાતાલ પઠાયો બસુધા ત્રિપદ કરી પરમાન ...૩
જિહીં બલ વિપ્ર તિલકદૈ થાપે રક્ષા આપુ કરી વિદ્યમાન
જિહીં બલ રાવણ કે શિર તોરે કિયો વિભિષણ નૃપતિ સમાન ...૪
જિહીં બલ જામ્બવની બલ મરદ્યૌ જિહીં બલ ભૂપ વિપતિ સુનીકાન
સૂરશ્યામ અબ ધામ અવધિ પર ચઢી ન શકત પ્રભુ ખરે અયાન...૫

ભાવાર્થ :

આ કીર્તનમાં સુરદાસજી પ્રભુના બલ (વીર્ય) ગુણનો પ્રકાશ કરે છે. જે પ્રકારે આપ પ્રક્ટ થાય, તેવુ માહાત્મ્ય પ્રકટ કરે છે. આ બલને કારણે જ આપ ભગવાન કહેવાય છે.

જે બલથી આપે મીનરૂપ થઈને સત્યવ્રત અને ઋષિઓ તથા અન્ય ચિજ-વસ્તુને નાવમાં બેસાડીને વેદની રક્ષા કરી, જલપ્રલયથી બચાવી લીધાં. જે બલથી આપે દૈવીજીવોને નડતરરૂપ અસુરોના પ્રાણ હર્યા. (૧)

જે બલથી તો આપે (કમઠ) કાચબા રૂપ થઈને, પીઠ ઉપર મંદરાચલ પર્વતને ધારણ કર્યો. સમુદ્રમંથન કરાવી, અવસરનો દેવોને લાભ આપ્યો. અસુરોની જ મહેનતથી દેવોને અમૃત અને બીજા રત્નો પ્રાપ્ત કરાવ્યા. જે બલથી આપે વરાહરૂપ ધરી પૃથ્વીને હીરણ્યાક્ષ પાસેથી ખેંચી લઈને પોતાના મુખ પર (નાક પાસે) ફૂલની જેમ ઉઠાવી લીધી અને બચાવી લીધી. (૨)

જે બલથી આપ નૃસિંહરૂપ ધરીને, અહંકારી અને ભક્ત દ્વેષી તેવા હિરણ્યાકશીપુના પેટને ફાડી નાખ્યું અને દુઃખ પામતા પુત્ર પ્રહલાદ-ભક્ત પર કૃપા વર્ષાવી. જે બલથી તો આપે પ્રહલાદના જ પૌત્ર તેવા બલીરાજા પાસેથી યુક્તિપૂર્વક ત્રણે ભુવન, ત્રણ પગલાંથી પડાવી લીધાં. દેવોને નિર્ભય કર્યા અને બલીરાજાને પાતાલમાં મોકલી આપ્યો. (૩)

આપે પરશુરામનું રૂપ ધારણ કરી દુષ્ટ ક્ષત્રિય રાજાઓથી પૃથ્વીને અનેક વખત નક્ષત્રીય કરી અને વિપ્રોને મુખ્ય કરીને સ્થાપ્યા. પરશુરામરૂપે સ્વયં, પીડિત બ્રાહ્મણોની રક્ષા કરી. આપે રામરૂપે રાવણના દશમસ્તક છેદ્યા. તેને બલાભિમાન રૂપ કર્મેન્દ્રિયો અને જ્ઞાનાભિમાન રૂપ જ્ઞાનેન્દ્રિયો તેવાં દશ મસ્તક હતાં. તે અભિમાનના કારણે રામના સ્વરૂપને વિસ્મૃત કરી ચૂક્યો હતો. મંદોદરી, વિભિષણનો ઉપદેશ પણ કારગત ન નિવડ્યો ત્યારે શ્રીરામ રૂપે તેના અભિમાનરૂપ મસ્તકને તોડી નાખવા પડ્યા. ભક્ત વિભિષણના દુઃખને દૂર કર્યું. (૪)

કૃષ્ણાવતારમાં સ્યામંતકમણિ લઈ જનાર જાંબવાનને પોતાના બલનું જોર હતું અને પોતાના સ્વામીનું સ્વરૂપ વિસ્મૃત થઈ ગયું હતું, તેથી તેનું મર્દન કરી, પોતાના પરનો ચોરીનો આક્ષેપ દૂર કરી, યાદવોને દોષમાંથી ઉગાર્યા તથા આપે પોતાનું બલ જરાસંધ પાસે પ્રકટ કરી તેને મરાવ્યો. (ભીમમાં પોતાનું બલ મૂક્યું) અને બંદીજન તેવા ભૂપ-રાજાઓની વિનતીનું આ રીતે સમાધાન કર્યું.

સુરદાસજી કહે છે - હે પ્રભુ, હે શ્યામ, હું તો આપના ધામ સુધી પહોંચવા માટે અસમર્થ છું, બલહીન છું અને અત્યંત મૂર્ખ (અયાન) છું. એટલે કે બુદ્ધિબલ વગરનો છું. તેથી આપ જે પ્રકારે આપનું બલ પ્રકટ કરી ભક્તને વ્હારે ધાયા, તેમ મારા પ્રતિ પણ કૃપા કરી મને તેવું સામાર્થ્ય આપો કે હું આપની ભક્તિ કરીને, આપની પાસે પહોંચી શકું. બલથી આપે અનેક કાર્યો કર્યા તે બલનું હવે શું થયું ? (સો બલ કહા ભયો ભગવાન!) (૫)

નાલછેદન લીલા

(૧૯) રાગ – દેવગંધાર ૧/૮૫

ઝગરિની ઠાન્યો ઝગરૌ હરિકો નાલ છુવન નહીં દેહી
જાહી નાલ તેં બ્રહ્મા ઉપજ્યૌ સોઈ નાલ હૈ એહી ...૧
શિવનારદ જાકો યશ ગાવે જસોદા જાયો સોઈ
મનિ માનિક ખપરૌટી લૈહો તો લોં છુવૈ ન કોઈ ...૨
છેદ્યો નાલ અંકમે લીને જનમ સુધુંટી પીવાઈ
રોહિની ક્ષમા ક્ષમા કરી રાખત **સૂરદાસ** બલી જાઈ ...૩

ભાવાર્થ :

પ્રભુનું પ્રાકટ્ય થઈ રહ્યું છે. ત્યારે ઝગડાળુ દાયણે લાભ લેવા માટે ઝગડો ઊભો કર્યો. હરિની નાળને કોઈને સ્પર્શ પણ કરવા દેતી નથી. કહે છે - આ તો તે નાળ

છે કે જે નાળમાંથી બ્રહ્માજી ઉપજ્યા હતા અને જે બ્રહ્માજી થકી પૂરી સૃષ્ટિ ઉપજી છે. તેથી આ નાળ તો મહા અલૌકિક છે. (૧)

વળી જે લાલ યશોદાથી જન્મી રહ્યો છે તેનું તો શિવ-નારદ વગેરે યશ ગાતા જ રહે છે. તેવા તે પરબ્રહ્મ પુરુષોત્તમ છે તેથી નાળને અડકતાં પહેલાં, મોટું માપિયું ભરી ભરીને મણિ-માણેક વગેરે મને આપો, તે પછી જ નાળને અડકો. (૨)

દાયણને પ્રસન્ન કરીને રોહિણીજીએ નાળનું છેદન કર્યું. પછી લાલનને ગોદમાં લીધો અને તુરત જનમ ઘુટી પીવડાવી રોહિણી ખમ્મા ખમ્મા બોલતાં બોલતાં બધું કારજ કરતા રહ્યા. આ અનુપમ પ્રભુના ભૂતલ પર પ્રાક્ટયને સૂરદાસજી (બલી) બલીહારી જાય છે. (૩)

છઠ્ઠી લીલા

(૨૦) રાગ – સારંગ ૧/૮૭

મંગલઘોસ છઠીકૌ આયૌ
આનંદે વ્રજરાજ યશોદા મન હૂં અધન ધન પાયૌ ...૧
કુંવર ન્હવાઈ જશોદા રાની કુલદેવી કે પાયું પરાયૌ
બહુત પ્રકાર વિંજન ધરી આગે સબ વિધિ ભલૌ મનાયૌ ...૨
સબુ વ્રજનારી બધાવન આઈ સુતકૈ તીલક કરાયૌ
જયજયકાર હોત ગોકુલમેં પરમાનંદ યશ ગાયૌ ...૩

ભાવાર્થ :

સામાન્ય રીતે છઠ્ઠીની રાત્રે વિધાતા લેખ લખે, પછી સાતમે છઠ્ઠીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. પરંતુ વ્રજમાં તો પૂતના લીલા પ્રભુએ કરી અને પ્રભુ પ્રાક્ટયનો એટલો આનંદ હતો કે આખું વરસ ઉત્સવ ચાલ્યો. બીજી છઠ્ઠી આવવા થઈ ત્યારે બધાંને યાદ આવ્યું કે વિધિવત્ છઠ્ઠી ઉજવી નથી. તેથી હવે એક વર્ષ પછી, આ છઠ્ઠીનો મંગલ દિવસ આવ્યો. નંદજી (વ્રજરાજ) અને યશોદા બન્નેને ખૂબ ઉલ્લાસ છે તેથી મનમાં વિચારે છે કે - અમે ધનહીન (પુત્રહીન) હતા તે ધન (પુત્ર) પામ્યા અથવા અમે ભાગ્યહીન હતા તે ભાગ્યવાળાં થયા. અથવા અમે સુખહીન હતા તે સુખ પામ્યા. (૧)

યશોદાએ લાલનને સ્નાન કરાવ્યું અને કુલદેવીને પગે લગાડ્યો. તથા દેવીને અનેક પ્રકારનાં વ્યંજન-સામગ્રી ધરીને ‘મારાં લાલનું કલ્યાણ-ભલું થાય’ તેમ વાંચ્છના કરી. (૨)

પ્રભુએ યોગમાયાને વચન આપ્યું હતું કે વ્રજમાં બધાં તારી અંબિકા વગેરે નામથી પૂજા કરશે.

એટલામાં તો વ્રજનારીઓ વધાઈ કરવાને આવી. બધાંએ આ સૂતને તીલક કર્યું (આ જ તો બધાંના જીવનનું સૂત્ર છે જેના આધારે ટકી રહે તેવો નાજુક તંતુ છે) પૂરા ગોકુલમાં લાલનનો જયજયકાર થઈ રહ્યો છે. આ લીલાનાં દર્શન કરતાં પરમાનંદદાસ પ્રભુના યશ ગાઈ રહ્યાં છે. ગોકુળ કહેતાં ગાયોમાં પણ આનંદ છવાયો છે. ઈન્દ્રિય ધારીઓ પણ પ્રસન્ન છે. ગોલોકધામના અધિકારીઓ પણ આનંદિત છે. દૈવીજીવો સર્વે પ્રસન્ન છે. ગો-ઘોખ-ઘોષ કહેતાં ભક્તોના ઘર-હૃદય પણ આનંદિત છે. (૩)

પૂતનાવધ લીલા

(૨૧) રાગ – ટોડી ૧/૮૯

આજ હોં રાજકાજ કરી આંઉ
બેગ સંઘારુ સકલ ઘોષ શિશુ જો મુખ આઈ સો પાઉં ...૧
મોહન મુર્છન બસીકરન પઢી અગનીત દેહ બઢાઉં
અંગ સુભગ વ્હૈ મધુ મૂરતી સજી નૈનન માંઝ સમાઉં ...૨
ઘસી કંકોલ ચઢાય ઉરોજની લૈ લૈ રૂચિસો પ્યાઉં
સૂર સોચ મન અબહી હરિ હો તો પૂતના કહાઉં ...૩

ભાવાર્થ :

અહીં પૂતના પોતાના મન સાથે વાતો કરે છે તેનું બયાન સૂરદાસજી કરે છે -

કંસરાજાએ સન્માન સહિત પૂતનાને કાર્ય આપ્યું છે, તેથી તે વિચારે છે કે હું આજે રાજનું કાર્ય કરી આવું. ઘોષ (નેસડા)ના બધા જ બાળોકોનો સંહાર કરું (સંધારું) કે જે બાળક સામે મળી આવે તે સૌનો સંહાર કરું. (૧)

સર્વ કોઈને મોહ ઉપજાવીને, બધાંને મૂર્છિત કરું (તેથી તો નંદમંદિરમાં તે પ્રવેશે છે છતાં કોઈ તેને રોકતું નથી. સર્વની બુદ્ધિ ઉપર વસીકરન કરી દે છે.) આમ સૌ પર વસીકરન કરું અને હું સુંદર અંગ વાળી, આકર્ષક સ્વરૂપવાન બની જાઉં કે જેથી સર્વને હું ગમી જાઉં. (૨)

જ્યારે બાળકની પાસે પહોંચું, પછી તુરત તેને ઉઠાવી લઈ મારા ઉરોજ પર કાલકૂટ ઝેર લગાવી, તેનાથી તે બાળકને પીવડાવી દઉં આ રીતે વિચાર કરતી મનથી કહેવા લાગી, હમણાં જ તે બાળકને હરી (ઉપાડી લાવું) તો જ હું પૂતના સાચી. (૩)

પલના લીલા

(૨૨) રાગ – આસાવરી ૧/૧૦૫

દિવ્ય કનિકકો પાલનૌ રાની લાલકો ઝૂલાવૈ
નૈન નિરખી મન વિહંસત પુલકિત બાલવિનોદ હી ગાવૈ ...૧
લટકન કીર લગે મુક્તાફલ હંસત નિરખી કે ચરન ચલાવૈ
પચરંગ પાટકે ફોંદના નીકે કર ગહી મુખ તન લાવૈં ...૨
સુરંગ હિંડોરા પરમ મનોહર બહુ વિધિ સુત હી ખિલાવૈ
જનની કર લખી મુકર મુદ્રિકા મુખ પ્રતિબિંબ બતાવૈ ...૩
અતી સુખ મહરી મુદીત નહિં સમુજત કનીયાં લૈ હુલરાવૈ
મેરે પ્રાનજીવન વ્રજવલ્લભ કહી કહી લાડ લડાવૈ ...૪

ભાવાર્થ :

યશોદારાણી દિવ્ય સુવર્ણના પારણામાં લાલને ઝૂલાવે છે. સાથે સાથે આંખો ભરી ભરીને લાલનને નિરખે છે. ત્યારે લાલનમાં રહેલ સ્વરૂપાનંદ, આંખો દ્વારા મનમાં પહોંચે છે એટલે મન પણ પ્રસન્ન થઈ જાય છે (વિહંસત). મનની પ્રસન્નતા છલકાઈ જાય એટલે પૂરા તનમાં રોમાંચ થઈ આવે છે. અને છતાં પણ આનંદ ઉભરાઈ જાય છે તેથી લાલનની બાળલીલાને ગાવા લાગે છે. આ રીતે આનંદ વહેવા લાગે છે. જે બાળ કનૈયાના કર્ણ-શ્રવણમાં વિરામ લે છે, કેમ કે કૃષ્ણ-પરબ્રહ્મ હોવાથી ત્યાં બધું જ લય થઈ શકે છે. (૧)

લાલનના પારણા પર પોપટ, મુક્તાફળ વગેરે બાંધેલા છે, લટકી રહ્યાં છે. તેને નિરખીને લાલન પણ કીલકાર કરે છે (હંસત) અને પુલકિત થઈને ચરણને જોર જોરથી ચલાવે હલાવે છે. વળી પચરંગી વસ્ત્રોના ફોંદના ગુંથેલા ફૂલ વગેરે નજીકમાં હોવાથી તેને હસ્તમાં ધારણ કરીને મુખ સુધી (તન) લાવે છે, આવાં આવાં બાલવિનોદ લાલન કરી રહ્યાં છે. (૨)

હવે યશોદાજીને પ્રેમ ઉભરાઈ રહ્યો છે તેથી લાલનને સુરંગ હિંડોરામાં પધરાવે છે. જે હિંડોળો મનનું હરણ કરી લે તેવો, ખૂબ જ સુંદર છે. તેમાં માતા બાળને જાત જાતની રીતે ખેલાવે-રમાડે છે. માએ પોતાના હસ્તની આંગળીમાં ચમકતા હીરાની મુદ્રિકા જોઈ એટલે તેમાં લાલનને પોતાના મુખારવિંદનું પ્રતિબિંબ બતાવી ખેલાવે છે. (૩)

મહરીના (યશોદાના) હૃદયમાં તો પણ, આનંદ-સુખ સમાતું નથી, તે આવા અસીમ આનંદને સમજી શકતી નથી. માત્ર અનુભવી શકે છે કેમ કે તેની પાસે માત્ર સ્નેહ છે. માહાત્મ્યજ્ઞાન પ્રભુએ છૂપાવડાવી દીધું છે. તે સ્નેહને લીધે લાલનને ગોદમાં (કનીયાં) લઈને હાલરડું ગાય છે, કેમ કે લાલન બહુ ખેલ્યા, હવે તેમને પોઢવું જોઈએ. પ્રભુ સૃષ્ટિ રૂપ લીલા પોતાના જ શ્રીઅંગમાંથી પ્રકટ કરીને ખેલે છે અને પછી તે ખેલ, પોતાની શક્તિઓથી સમેટાવીને, શક્તિને પોઢાવીને, પોતે પોઢે છે. પણ અહીં તો મા યશોદા કહે છે - ''બહુ ખેલ્યા ચાલો હું આપને પોઢાવું'' તેથી હાલરડું ગાઈને પોઢાવે છે. પ્રભુને પાઢોવવા માટે કોઈ સ્તુતિની જરૂર નથી. પણ હાલરડું જોઈએ અને જગાવવા માટે સ્તુતિ જોઈએ.

યશોદા ગાય છે - ''તમે તો મારાં પ્રાણ છો, મારા જીવન છો, પૂરા વ્રજને પ્રિય છો, '' આમ, પ્રભુનો સ્નેહાત્મક યશ ગાઈને પોઢાવે છે. પ્રભુ સ્નેહથી પોઢે છે અને માહાત્મ્યથી જાગે છે. (૪)

(૨૩) રાગ – બિલાવલ ૧/૧૦૧

હાલરો હુલાવત મૈયા હાલરૌ મેરે બારે કનૈયા હાલરૌ
હોં બારી યા વદન ઈંદુકી આછૌ આછૌ અલસાનરૌ ...૧
મેરે માઈ કમલનયન પર કપટ કીયે આઈ હોઈ
બાલગોવિંદ બેગ તુરત હી બકી બિગોઈ ...૨
સુની દેવતા દેખ પાવન અતી તૂ પતિ હૈ યા કૂલકૌ
પૂની પૂજી હૈ દેવકૂલ તો કુંવરી દેહે મો બલકૌ ...૩
યહ સુખ સુરદાસ ઈન નૈનન દિશા દશ દુનો હોઈ
દુતીયાકો શશિ જ્યોં બઢે શીશુ નિરખ જન નિજ સોઈ ...(૪)

ભાવાર્થ :

યશોદામૈયા લાલાને પોઢાડવા માટે હાલરડું ગાય છે અને આ હાલરડામાં પ્રભુનું માહાત્મ્ય વર્ણવે છે.

હાલરડું હલાવે છે અને કહે છે મારો બાલ (બારે) કનૈયા, તમે પોઢો હું તમારા વદન-ચંદ્ર (ઈંદુ) પર વારી જાઉં છું, તમારી સુંદર આળસ ખાવાની રીત (અલસાનરૌ) પર વારી જાઉં છું. (૧)

મારા વ્હાલા કમલ નયન (કૃષ્ણ) પર, કપટ કરીને છલવા માટે (પૂતના) આવી હતી, તો મારા બાલગોવિંદે તુરત જ (બેગ) ઝડપથી (બકી) પૂતનાનો નાશ કર્યો (બિગોઈ). (૨)

હે મારા લાલ આવાં અનેક પરાક્રમ-ચરિત્રો સાંભળીને દેવતા તારાં દર્શન કરીને ખૂબ પાવન થઈ ગયા. અને તૂ જ તો આ કૂળનો (દૈવીજીવોનો-નંદજી ગોપ કૂળનો - યદુકૂળનો) પતિ છે. એટલે કે રક્ષણ કરનારો છે, હિત કરનારો છે. તેથી તો કુંવરી નંદગૃહમાં રહેનારી કુમારિકાઓને વરદાન આપ્યું (દેહે) અથવા તો જે ઋષિઓ કન્યાનો દેહ ધરીને આવ્યા (કુંવરી દેહે) તેમને પૂજન કર્યું. આ બધું કરનાર મારો બાળક (બલકૌ) છે અથવા તો મારા (બલુકા-બાળકનું) છે. મારુ બલ જેના લીધે છે તે પ્રભુની લીલાનું સુખ, આ મારાં નેત્રોને મળવાનું, દશે દિશાથી આવી રહ્યું છે અને બમણું થઈને આવી રહ્યું છે કે જેવી રીતે બીજનો ચંદ્ર નિત્ય નિત્ય વધતો રહે છે અને જે પ્રભુના સ્વરૂપનાં દર્શન કરે છે તેમને આ સુખ થાય છે. પણ આ સુખ પ્રભુ જેમને પોતાના જાણે છે તેમને જ થાય છે. સુરદાસજી કહે છે પ્રભુએ મને પોતાનો જાણ્યો છે. (૩)

આ કીર્તનમાં માતાનો સ્નેહ તથા પ્રભુનું માહાત્મ્ય છે. ''કપટીનું કપટ પકડીને સજા કરનાર અને ભૂમિનો ભાર હટાવનાર તથા દુષ્ટોનો નાશ કરનાર'' ગીતા વાક્યને સાર્થક કરનાર મર્યાદા પ્રભુ છે. પરબ્રહ્મરૂપને બધાં સમાન છે તેથી અવતારકાલમાં નાશ કરનારને મુક્તિરૂપ સુખ આપનાર છે. આપે આ મર્યાદા પણ જાળવી. આવી વિચિત્રતા સાંભળીને દેવતા જોવા આવ્યા કે આવા પાવનકારી જે છે એ જરૂર દૈવી (દેવકૂળ)ના ઉદ્ધારક હોવા જોઈએ. એટલું જ નહિ પણ ઋષિઓના ઉદ્ધારક (પતિ) પણ છે. પણ ભક્તોને ચંદ્રની કળાવધે તેમ સુખ વધતું જ જાય છે.

આમ સુરદાસજી કહે છે ભક્તિમાર્ગ, સૂર-ઠાકોરજીના દાસ થઈને રહેવાનું છે. તથા આત્મીય થઈને રહેવાનું છે. આ જ અનવતાર કાળના દૈવી જીવો માટે સાધનાનો પ્રકાર છે - તે બતાવ્યું (૪)

(૨૪) રાગ – આસાવરી ૧/૧૦૭

પ્રિય નવનિત પાલને ઝૂલે શ્રીવિઠ્ઠલનાથ ઝૂલાવે હોં
કબહૂંક આપ સંગ મિલ ઝૂલૈ કબહૂંક ઉતરી ઝૂલાવે હોં ...૧
કબહૂંક સુરંગ ખિલૌના લૈ લૈ નાના ભાંતી ખિલાવૈ
ચકરી બંકી ફિરકની લહેટું ઝૂન ઝૂન હાથ બજાવૈ ...૨
ભોજન કરત થાર એક ઝારી દોઉ મિલી ખાય ખવાવૈ
ગુપ્ત મહારસ પ્રકટ જનાવે પ્રીતિ નઈ ઉપજાવૈ ...૩
ધની ધની ભાગ્ય દાસ નિજ જાનકે જો યહ દર્શન પાવૈ
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નિગમ એક કરી જાને ...૪

ભાવાર્થ :

આ પલનાનું કીર્તન છીતસ્વામીના ભાવનું છે. છીતસ્વામી સેવક થયા ત્યારથી, તેમને એકરસ ભાવ રહ્યો છે. તેમને શ્રીગુસાંઈજીમાં ઠાકુરજીના જ દર્શન થાય છે. શ્રીગુસાંઈજીએ તેમને અભેદ ભાવનું દાન, સેવક થયા તે દિવસથી જ કરી દીધું છે. ખોટો રૂપિયો અને સાચો રૂપિયો, ખોટું નાળિયેર અને સાચું નાળિયેર તે બંનેમાં અભેદ થયો, તે એ રીતે કે ખોટુ નાળીયેર સાચું નિકળ્યું, નહિ કે સાચી વસ્તુ ખોટી થાય. કેમ કે પ્રભુની જ સર્વ કંઈ લીલા છે અને તે બધી જ આનંદમયી છે. આ આનંદમયી દૃષ્ટિનું દાન શ્રી વિઠ્ઠલનાથજીએ છીતસ્વામીને કર્યું. ત્યારથી તેમને શ્રીગુસાંઈજીમાં આનંદરૂપના દર્શન થવા લાગ્યા પરંતુ શ્રીઆચાર્યજીની આજ્ઞા છે કે જ્યાં સુધી દેહાભિમાન છે, જ્યાં સુધી આનંદમય નથી થયાં ત્યાં સુધી શાસ્ત્રાદિ પ્રમાણ જાણી, વ્યવહાર પણ તદનુસાર જ કરવો, અન્યથા એ પાખંડ ગણાશે. એટલે કે માતા-પિતા, બંધુવર્ગ, ક્ષત્રિયાદી જાતી, ગુરુ, પ્રભુ વગેરેમાં ભેદબુદ્ધિ ને સ્વીકારવી.

શ્રીગુસાંઈજી પોતાના સર્વસ્વ અને પોતાને માથે બિરાજતા નવનીત લાલને પારણે ઝૂલાવી રહ્યા છે. પોતાના બાળકની જેમ સ્નેહથી અને પ્રભુની જેમ માહાત્મ્યથી આ જ નવનિતલાલ ગજ્જનને ત્યાંથી મહાપ્રભુજીને ત્યાં અચાનક પધાર્યા ત્યારે પોઢાડવાની વ્યવસ્થા નહોતી. એટલે મહાપ્રભુજીની સાથે, તેમના ઢોલીયામાં પોઢ્યા નવનિતલાલે ગજ્જન સાથે બહુ સ્નેહભરી લીલા કરી છે, જેથી સ્નેહના આવેશમાં છે, તેથી જ્યારે બીજે દિવસે આપશ્રી માટે નવી પલંગડી બનાવી, તે આપે છોટી કરી દીધી. ફરી બનાવી ત્યારે તેમાં નહિ પોઢતાં, મહાપ્રભુજી સાથે પોઢવા જીદ કરી પણ આચાર્યજીએ હું આચાર્યપદે છું તેમ કહી, માહાત્મ્ય પ્રકટ કરતાં તેમ જતાવ્યું કે આપ સ્વામી-પ્રભુ-ભગવાન પણ છો. ત્યારે આપે સ્નેહાવેશ છુપાવી પલંગડીમાં જુદા પોઢ્યા. આ જ નવનીતલાલને મહાપ્રભુજી આરોગાવતા હતા ત્યારે ગજ્જન સાથેના સ્નેહના કારણે ગજ્જન વગર આરોગવાની ધરાર ના કહી દીધી, ''મારા ગજ્જન વગર નહિ આરોગું'' કે જે મહાપ્રભુની કહેણીથી જ ઠાકોરજી બધાં જ પુષ્ટિ ભક્તોને ઘરે આરોગે છે.

આવા નવનિતલાલ આજે, સ્નેહાવેશમાં શ્રીગુસાંઈજીને ત્યાં પલને ઝૂલે છે. તેથી શ્રીગુસાંઈજી આપની ઈચ્છાને અધીન થઈ, જેમ લીલા કરવી હોય તેમ, સ્વચ્છંદ લીલા કરતાં આપને રોકતા નથી.

તેથી આપશ્રીની ઈચ્છા મુજબ ક્યારેક શ્રીગુસાંઈજી, શ્રીનવનીતલાલને ઝૂલાવે છે તો ક્યારેક સાથે બેસીને ઝૂલે છે તો ક્યારેક નવનીતલાલ ઉતરી ને ગુસાંઈજીને

ઝૂલાવે છે, તો શ્રીગુસાંઈજી હવે ઝૂલાવવાનું છોડી દઈ પ્રભુની ઈચ્છાનુસાર સુરંગ ખિલૌનાથી જાત-જાતની રીતે ખેલાવે છે. ચકરડી, વાંકી ફેરવે છે, ફરકડી ગોળ ગોળ ફેરવે છે, ધાવની (લેહયું) થી ખેલાવે છે, કે ઝૂનઝૂન વગાડે છે, કે હાથથી તાલી પાડે છે.

વળી એક જ થાળમાં અને એક ઝારીથી બન્નેય મળીને ભેગા ભોજન કરે છે. પ્રભુમાં રહેલ જે ગૂઢ ભક્ત પ્રીતિનો ભાવ છે (પ્રકટ ભાવ તો ભગવન્ માહાત્મ્યનો છે) તેતો સર્વથી મહાનરસ છે, જેના કારણે તો વિશ્વનિયંતા દામણે બંધાયા હતા. તે પ્રકટ કરી અનુભૂત કરાવે છે. નૂતન નૂતન પ્રકારે પ્રીત જતાવી રહ્યા છે અને ભક્તમાં પણ ઉપજાવી રહ્યા છે. બીજો એવો પણ ભાવ કે આસક્તિ ભ્રમ ન્યાયને કારણે છીતસ્વામીને આવા દર્શન થતા હોય.

છીતસ્વામી કહે છે કે મારા ઘણાં જ ધન્ય-ભાગ્ય છે કે આ લીલાનાં મને દર્શન થયાં. શ્રીગુસાંઈજી મને નિજ્જન જાણે છે, તેથી ગુપ્ત લીલા રસ હોવા છતાં, મારા માટે પ્રકટ રાખ્યો, અન્યથા તો રસાભાસ થાય. માટે જ શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે - ભક્ત અને પ્રિય સિવાય કોઈને પોતાના પ્રભુના દર્શન ન કરાવાય.

આવા દર્શનના અધિકારી એ છે કે જે શ્રીઠાકોરજી, શ્રીગુસાંઈજી તથા વેદ સર્વને એક જાણે છે. એટલે કે ધર્મીને ધર્મ સહિત એક જાણે છે. પૂરી સૃષ્ટિમાં જેને અભેદભાવ છે.

માટે આ લીલા ક્વચિત્ પ્રભુની ઈચ્છાની અધીનતારૂપ છે અને દર્શન પણ આવા ભાગ્યવાનને જ થાય છે.

બીજાં આનું અનુસરણ કરે તો તેમને મહાદોષ લાગે !

નામકરણવિધિ લીલા

(૨૫) રાગ – રામકલી **૧/૧૨૦**

જહાં ગગન ગતિ ગર્ગ કહ્યો
યહ બાલિક અવતાર પુરૂષ હૈ કૃષ્ણનામ આનંદ લહ્યો ...૧
દ્રોણ ધરા વસુ પરમ તપોધન પુત્રનામ નિરભય કરી
તે તુમ નંદયશોદા દોઉ વર માંગ્યો સુત દેહુ હરિ ...૨
કહૈ નંદરાય સબનકે આગે સકલ મનોરથ પૂરન કરે
પરમાનંદદાસકો ઠાકુર ગોકુલકી આપદા હરે ...૩

ભાવાર્થ :

પ્રભુની નામકરન વિધિ કરાવવા મહાન જ્યોતિષાચાર્ય ગર્ગમુનિ, કે જે યાદવોના

પુરોહિત છે તે આવ્યા છે. પ્રભુના જન્મ સમયની કુંડલી બનાવી, ગ્રહોની ગતિ અનુસાર નંદજીની સન્મુખ ભાખે છે કે - આ બાળક તો અવતાર પુરૂષ છે, અરે સાક્ષાત્ ભગવાન છે તેથી તેનું નામ કૃષ્ણ યોગ્ય છે. કૃષ - સત્તા દર્શાવે છે અને 'ણ' આનંદ, તેથી આ સદાનંદ - સચ્ચિદાનંદ છે, જેથી તમને સૌને આનંદ આપનાર થશે. (૧)

તમે બન્ને આગળના કોઈક જન્માં દ્રોણ અને ધરા નામના વસુ હતા. તમોએ ખૂબ જ ઉચ્ચ પ્રકારનું તપ કરી, વરની ઈચ્છા રાખી હતી. તમે એવો પુત્ર માંગ્યો હતો કે જે નિર્ભય કરી દે. સર્વ પ્રકારે નિર્ભય કરનાર તૌ હરિ જ છે. તે તમે આ જન્મમાં નંદ-યશોદા થયા છો. તમે માંગેલા વરના પરિણામે હરિ જ તમારે ત્યાં પધાર્યા છે.(૨)

આ સાંભળી શ્રીનંદરાયે અસ્પષ્ટ શબ્દોમાં સૌ વ્રજવાસી આગળ પોતાનો હરખ પ્રકટ કર્યો કે-અમારા તો બધા જ મનોરથ પૂર્ણ થઈ ગયા. પ્રભુ સત્ય સંકલ્પ હોવાથી ગોકુળ-ભક્તજનોની જે કંઈ આપદા છે તે હરિ લે છે, કેમ કે તે ઘરનો ઠાકુર છે. (૩)

ઢાઢી લીલા

(૨૬) રાગ – પરજ ૧/૧૨૪

લાલ પર ઢાઢિન વારને કીની
પુલકી રોમરોમ નંદરાની નોંછાવર બહુ દીની ...૧
ગૌર વરન એક શ્યામ બરન દોઉ શોભાકે એના
રોગ દોષ લાગૈ મેરી અંખીયન દીઠ લગો જિન નૈના ...૨
રતન જટીત આંગનમેં ખેલત જબ દેખોંગી આઈ
ઝૂમરી પારિ નાચોંગી તા દિન મુરી મુરી લેહુ બલાઈ ...૩
વ્રજમેં નિકટ બસાવૌ મોકો નિતપ્રતિ આસિસ દેહૌ
વૃષભાન ગોપ કીરતિ મંગલ ગૃહ દુની બધાઈ લૈહો ...૪
જસુમતિ પટ ભૂષન પહરાઈ ઢાઢીકોં નંદરાય
કરહલ નાચ નચે જબ દોઉ રતિપતિ નિરખી લજાય ...૫
યહ સુખ નિરખત શિવ બ્રહ્માદિક નારદ સે મુની રીઝે
ઢાઢી ક્યોં ન ભયે યા વ્રજમેં રામકૃષ્ણ ગુન ભીંજે ...૬

ભાવાર્થ :

કૃષ્ણજન્મના સમાચાર સાંભળીને ઢાઢી-ઢાઢીન વધાઈ કરવા આવી છે. ઢાઢીને લાલનનાં ઓવારણા લીધા તેથી નંદરાણીએ ખૂબ જ પુલકાયમાન ઉત્સાહિત થઈને ઢાઢીનને, ઘણી બધી ચીજો લાલન પર ન્યોછાવર કરીને દીધી. (૧)

બલદાઉ ગૌર વરણના છે અને કૃષ્ણ શ્યામવરણના છે. બન્નેય જાણે શોભાનું જ બીજુ રૂપ (એના) કે શોભાનું જ સદન હોય તેવા છે. આવા સૌંદર્યને કારણે તેમને કોઈની કૂડી નજર ન લાગી જાય, તેવું વિચારીને ઢાઢીન કહે છે - જે કંઈ રોગ કે દોષ લાગવા હોય તો મને લાગો ! (૨)

હવે હું અહીં ત્યારે આવીશ કે જ્યારે આ બન્ને ભાઈ નંદરાયજીના રત્નજડીત આંગનમાં ખેલતા થશે અને ત્યારે હું ગોળ ફૂંદરડી ફરીને નૃત્ય કરીશ અને ઝૂકી ઝૂકીને બલૈયા લઈશ. (૩)

હવે ઢાઢીન નંદરાનીને વિનંતી કરે છે કે - મને વ્રજમાં આપની નિકટમાં વસાવો કે જેથી હું આવીને દરરોજ આશિષ આપું. તથા વૃષભાન ગોપ અને કીર્તિના મંગલગૃહે જઈને તેમને ત્યાં વધાઈ આપું. આમ બન્નેની પાસેથી વધાઈની ન્યોછાવર લઉં. (૪)

જસુમતિએ વસ્ત્ર અને નંદરાયજીએ આભૂષણ પહેરાવ્યાં. પછી ઢાઢી અને ઢાઢણે હાથના લહેકા કરીને જે પ્રકારે નૃત્ય કર્યું, તે જોઈને કામદેવ પણ લજ્જીત થઈ ગયા કે મારું નૃત્ય પણ આવું થઈ શકે તેમ નથી ! (૫)

આ ઢાઢી-ઢાઢણનું સુખ જોઈને શિવ, બ્રહ્મા નારદ વગેરે મુનીઓ ઘણા પ્રસન્ન થયા અને પોતે પસ્તાવો કરવા લાગ્યા કે અમે શા માટે વ્રજમાં ઢાઢી-ઢાઢણ ન થયા આ બેઉ તો રામ-કૃષ્ણના કીર્તિગાનમાં કેવા રસભીના થઈને નૃત્ય કરી રહ્યા છે ? કેવા રસભીના થઈને ગાન કરી રહ્યા છે ? એટલે કે બ્રહ્માજીને પોતાનું વેદમંત્રોનું ગાન, શિવજીને પોતાનું નૃત્ય, નારદજીને પોતાનું કીર્તન વગેરે આ સુખ આગળ ફીકું લાગવા લાગ્યું. આ પ્રકારે વ્રજના ભાગ્યવાનોની પ્રસંશા કરવા લાગ્યા. (૬)

કાનછેદન લીલા

(૨૭) રાગ – સારંગ ૧/૧૩૯

સૂચી પઢી દીની દ્વિજવર દેવા
જાતે પીર ન હોઈ કર્ણકો હમ કરી હૈં તબ સેવા ...૧
કહત યશોદા દ્વિજવર દેવા તુવ મન ભાયો કહીયે
ગોકુલકે પ્રતિપાલન લાઈક નંદગોપકે રહીયૈ ...૨
ઐસૌ સુખ અપને દગ દેખોં સકલ સંપદા બાઢી
યાતેં કહા અધિક ચહિયતે હૈ અષ્ટમહાસિધિ ઠાડી ...૩

ચિરજીયૌ યહ નંદલાલ તેરૌ દ્વિજવર બોલેં બાની
નંદરાય યશ જુગ જુગ બાઢૌ **પરમાનંદ** બખાની ...૪

ભાવાર્થ :

યશોદાજી બ્રહ્મદેવતાને કહે છે કે તમે આ સોયને મંત્રી (પઢી) આપો કે જેથી લાલનના કાનનું છેદન કરતી વખતે તેને પીડા ન થાય. તે પછી અમે તે કર્ણછેદન કરીએ. (૧)

વળી યશોદાજી વિશેષમાં કહે છે કે હે બ્રહ્મણદેવતા આપને જેની ઈચ્છા હોય તે કહો, પણ ગોકુળના પ્રતિપાલન માટે નંદગોપના લાલનનું જે રીતે ભલું થતું હોય તે પ્રમાણે કરો. (૨)

આ મારો કનૈયો સુખી રહે તે જ બસ મારી આંખોથી જોયા કરું. બસ એજ મારા માટે બધી સંપત્તિ વધવા સમાન છે. અને એ જ મારા દ્વારે અષ્ટસિદ્ધિ ઠાડી બરાબર છે, તેમ માનું છું. આથી વિશેષ મારે કંઈ જોઈતું નથી. (૩)

ત્યારે દ્વિજવર આશીર્વાદના વચનો કહે છે - ''આ નંદજીનો લાલ ચિરંજીવ હો, નંદરાયજીનો યશ યુગે યુગે વધતો જ રહે'' આવા આશીર્વાદ પરમાનંદરૂપ લાલનના યશ ગાઈને આપે છે. (૪)

મૃતિકાભક્ષણ લીલા

(૨૮) રાગ – રામકલી ૧/૧૪૧

ઉગલૌ પ્યારે બાલગોપાલ માંટી
બારબાર અનરૂચિ ઉપજાવત જસુમતિ હાથ લીયે સાંટી ...૧
મહતારીકો કહ્યૌ ન માનત કપટ ચતુરાઈ ઠાટી
બદન ઉઘારી દીખાયૌ અપનૌ નાટકકી પરપાટી ...૨
બડીબાર ભઈ લોચન મુંદે ભરમ જવનિકા ફાટી
સૂરદાસ નંદરાની થકીત ભઈ કહત ન મીઠી ખાટી ...૩

ભાવાર્થ :

બાળકોએ આવીને માતા યશોદા પાસે ફરિયાદ કરી કે ''મોહને માટી ખાધી''.. આ સાંભળતાં જ માતાજી કનૈયા પાસે આવી સ્નેહ પૂર્વક સમજાવટથી કહેવા લાગ્યાં ''હે મારા અણસમજુ બાળ-ગોપાલ, તમે જે માટી ખાધી છે તેને બહાર કાઢી ફેંકી દો !''

વારંવાર સમજાવવા છતાં લાલો (અનરૂચિ) અવજ્ઞા કરે છે, માતાનું આજ્ઞાપાલન નથી કરતાં. ત્યારે જસુમતિએ પોતે હાથમાં સોટી લઈને, સામ પછી દંડનો ઉપાય કર્યો અને તેમને ધમકાવતાં વચનો કહે છે - ‘‘માતાનું કહ્યું નથી માનતા અને કપટ-ચતુરાઈ કરવી છે ?’’ ત્યારે પોતે ડરી ગયા હોય માતાનું કહ્યું કરતાં હોય તેમ, ધીરે ધીરે પોતાનું મોં ઉઘાડીને બતાવ્યું અને તે પણ નાટકીય ઢબે ! (૧-૨)

પ્રભુના મુખમાં દેખતાં જ આશ્ચર્યચકીત થઈને યશોદાની આંખો મીંચાઈ ગઈ, જોવાનું સામર્થ્ય ન રહ્યું કેમ કે આ લાલાના મુખમાં તેને ચૌદ ભુવનના દર્શન થયાં, તેથી તેનો જે ભ્રમ હતો કે આ તો તેનો નટખટ લાલ છે તે ભ્રમ-પડદો (જવનિકા) ફાટી ગયો. પ્રભુએ પોતાની માયાનો પડદો હટાવી, મૂળસ્વરૂપનું દર્શન કરાવ્યું. તેથી સ્તબ્ધ થઈ જવાથી નંદરાની હવે પ્રભુને ખાટી-મીઠી કંઈ સંભળાવ્યા વગર શાંત થઈ ગયાં. (૩)

વિશેષભાવ :

યશોદાજીને તો પ્રભુપ્રતિ ભક્તિ નથી પણ સ્નેહ છે, પુત્રભાવ છે. તેથી પોતાના પ્રિયનું અહિત ન થાય તે માટે, અન્યબાળકોથી ‘કનૈયાએ માટી ખાધી’ તેમ સાંભળીને દોડી આવી અને પ્રેમ પ્રકટ કરતાં કહે છે કે ‘‘લાલા માટી થૂંકી દો.’’ લાલો વિચારે છે - મારું ગોકુલમાં આવવાનું પ્રયોજન તો એ જ છે કે-માટી જેવા તુચ્છ નિઃસાધન, છતાં સ્વકીય (માટી - પોતાનું વતન) તેવાને હું કેવી રીતે તરછોડું ? (થૂંકું ?) અને માટી મારાથી ભિન્ન તો નથી, હું જ તો સર્વકંઈ બન્યો છું. મારો અંગૂઠો અને આ માટી સર્વ કંઈ મારા માટે સમાન છે. વળી હું તો આ સ્વકીયોને મારા અધરામૃતમાં તરબોળ (રસમસ) કરવા અહીં આવ્યો છું, તેથી પ્રભુ જવાબ નથી આપતાં, કેમ કે સ્નેહયુક્ત મા મને સમજી શકે તેવી દશામાં નથી. પ્રભુ મોઢું ખોલી માટી કાઢતા પણ નથી. ત્યારે યશોદામાં જે સ્નેહ હતો તે અહંકારવશ ભાગી ગયો. અહંકાર (જ્ઞાનનો દોષ) અને સ્નેહની દિશા જ ભિન્ન છે. માને થયું કે આ મારો પુત્ર હોવા છતાં, મારી વાત નથી માનતો ? તેથી મા એ હાથમાં સોટી લીધી. સ્નેહ ગયા પછી ક્રોધ પ્રકટ્યો, કેમ કે માની ઈચ્છા (કામ) પૂર્ણ ન થઈ ! ‘‘कामात् क्रोधोऽपजाय ते’’ અને જે અહંકાર ભાવ હૃદયમાં હતો તે બહાર પ્રકટ થયો. (મહતારીકો કહ્યો ન માનત) પ્રભુ વિચારે છે - તું વિવેકહીન થઈ ગઈ. विवेकस्तु हरिःसर्व निजेच्छातः करिष्यति। સર્વ મારે આધીન છે અને તુ માને છે કે હું તારે આધીન છું ? પ્રભુ કહે છે - કાલ કે જે મારો પાર્ષદ છે તેના દ્વારા હું સર્વને સજા કરું છું અને તું મને સોટી બતાવે છે ? હવે તો તારો ભ્રમ ભાંગવો જ પડશે.

વળી મા કહે છે ''કપટ-ચતુરાઈ ઠાટી''. પ્રભુ કહે છે - જો તું મને નાનકડો બાળક સમજે છે તો પછી મારામાં કપટ કેવું ? અને હું અસમજ બાળક છું, તો ચતુરાઈ કેવી ? પણ તું આવાં વચનો બોલે છે કારણ કે તારો ક્રોધ સીમા વટાવી ગયો છે તેથી તને સંમોહ થયો છે. क्रोधात् भवति संमोह, संमोहात स्मृति विभ्रम । પણ તું સાચું કહે છે અને ખોટું પણ કહે છે. હું પરબ્રહ્મ હોવાથી મારા માટે સર્વ કાંઈ સમાન છે, કપટ નથી અને હું ત્રણે ગુણોથી પર હોવાથી મારામાં ચતુરાઈ નથી પણ હું વિરુદ્ધ ધર્માશ્રયી હોવાથી, મારી યોગમાયાનો આશ્રય કરીને અનેક પ્રકારનાં કપટ અને ચતુરાઈ (કરતો નથી) પણ જતાવું છું. મહાભારતમાં ''अश्वत्थामा हतो'' કહેવડાવનાર પણ હું અને દ્રૌપદીને દુર્વાસાના ક્રોધમાંથી બચાવનાર પણ હું ! મારી યોગમાયા માટે આ સહજ છે.

પણ તું યશોમતિ - ઉત્તમ બુદ્ધિવાળી છે. મારા યશ ગાનારી તારી મતિ છે તેથી તને સ્મૃતિ ભ્રંશાત બુદ્ધિનાશો નહિ કરું. આમ વિચારીને પ્રભુએ ફરી એક નાટક (કપટ-ચતુરાઈ)ની જેમ પોતાનું મુખ ઉઘાડ્યું.

મુખમાં ચૌદ ભુવનના દર્શન થતાં જ યશોદાની બુદ્ધિ ચકરાવામાં પડી ગઈ (સ્મૃતિ વિભ્રમ) તેથી તેની સુધ-બુધ ચાલી ગઈ, આંખો મિંચાઈ ગઈ. પ્રભુના અલૌકિક માહાત્મ્ય સ્વરૂપને, તેનો સ્નેહ ખમી ન શક્યો, તે માટે તે અપાત્ર હતી. તેથી આંખો અને મતિનાં બારણાં બંધ થઈ ગયાં. તેની મતિ એટલી વાત તો સમજી શકી કે આને પૂતના, શકટ, તૃણાવર્ત વગેરે જે લીલા કરી તેના કારણે આ કોઈ સામાન્ય બાળક નથી. આ તો મારો પુત્ર માત્ર છે તે ભ્રમનો પડદો પ્રભુએ ચીરી નાંખ્યો.

તેથી નંદરાણી સ્તબ્ધ થઈ ગઈ. શું સાચું અને શું ખોટું તે બાબતે નિર્ણય ન કરી શકી, કેમ કે તેની રતિના દ્વાર તો પ્રભુએ નિત્ય ખૂલ્લાં રાખ્યાં છે. આ બધાં માહાત્મ્ય વગેરે તો સંચારી વિભાવ છે. સ્નેહ તો તેને સ્થાયી ભાવ છે. પરંતુ તેના સ્નેહનું કંઈક અંશે પ્રભુએ ભક્તિમાં પરિવર્તન કર્યું. તેથી તેણે પ્રભુને ખાટી-મીઠી (ધમકી) સંભળાવી નહિ.

પ્રભુ પોતાના જનોને તેમની અવસ્થા અનુસાર, સુખ આપવા માટે તથા પોતાના જનોને પોતામાં આસક્તિ કરાવી નિરોધ સિદ્ધ કરાવવા માટે અને આમ પોતાના જનોનો ઉદ્ધાર કરવા માટે પ્રભુ આવી ભાતભાતની લીલા કરી રહ્યા છે.

અન્નપ્રાસન લીલા

(૨૯) રાગ – સારંગ ૧/૧૪૧

સુદિન સવારૌ શોધિકેં લાલજૂ ભોજન કીજૈ
કુલ દેવતા મનાઈ હરખસોં યહ માની મન લીજૈ ...૧
બ્રાહ્મણ ભોજન ઔર દક્ષના અતી આદરસોં દીજૈ
આશીર્વાદ દેત સબૈ મિલ મન ઈચ્છિત ફલ લીજૈ ...૨
યહ બાઢૌ બેલી લાલ કડેતેં લોચનપુટ અમૃતરસ પીજૈ
પરમાનંદ કહત નંદરાની દેખી દેખી મુખ જીજૈ ...૩

ભાવાર્થ :

લાલનને પહેલી વખત અન્નપ્રાસન કરાવ્યાના દિવસની સ્મૃતિનું આ પદ છે. તે ઉત્સવ કેવી રીતે શ્રીયશોદાજીએ મનાવ્યો હતો તે લીલાનું પરમાનંદદાસને દર્શન થતાં, આપણને પણ તેનો લાભ અપાવી રહ્યા છે.

ખૂબ જ મંગલદિવસ (સુદિન) તથા મંગલ કલ્યાણકાર વાર (સ-વાર), બ્રાહ્મણ પાસે જોવરાવ્યો કેમ કે લાલનને પહેલીવાર અન્ન મોઢામાં મૂકવાનું છે. અન્ન દેવતા પણ તલપાપડ થઈ રહ્યા છે, પ્રભુના અધરામૃત માટે. તેથી સર્વત્ર - મંગલ કરી રહ્યા છે. સર્વના જીવન મંગલમય કરનાર જીવનરૂપ અન્ન છે. આમ કાલને શુભ કર્યો.

દિવસ જોવડાવ્યા પછી હવે યશોદાજી કુલદેવતાને વિનતી કરે છે કે અમે આ મંગલદિવસે આપનું યથાવિધ પૂજન કરીએ છીએ, છતાં કંઈક ક્ષતિ રહી જાય તો પણ તેને પૂર્ણ પૂજન માની લેશો અને મારા લાલને પ્રસન્નતા પ્રદાન કરશો અથવા અપ્રસન્ન થઈ વિધ્ન ન કરશો. આમ, કુલદેવતાને પ્રસન્ન કર્યા. (૧)

હવે બ્રાહ્મણોને પ્રસન્ન કરે છે. બ્રાહ્મણોને ભોજન કરાવ્યું તથા ભોજન કરવા પધાર્યા તે ઉપકાર બદલ, દક્ષિણા ભેટ આપી અને તે પણ ખૂબ જ સન્માન પૂર્વક. તેથી બધા જ બ્રાહ્મણો (બ્રહ્મને જાણનારા-કૃષ્ણને જાણનાર) એ આશીર્વાદ આપ્યા કે (૨)

તમારો (નંદ-યશોદાનો) મનોરથ પૂરો થાવ તથા આ લાલનની કુળ-વેલી વધો. તમારા લાડકડાની વધેલી વેલીને તમે તમારા નેત્રોથી જોઈને આનંદીત થાઓ. પરંતુ યશોદાના મનોરથ તો લાલો એમના ઘરે પધાર્યા, તે હવે ક્ષેમકુશળ રહે અને તેની બાલકેલીને દર્શન થયા કરે તે, જ છે. તે લીલા અમૃતંને પાન લોચનમાં ભરી ભરીને પીવાનું ચાહે છે. પોતાના માટે તેને કંઈ જોઈતું નથી. પરમાનંદદાસજી

કહે છે કે નંદરાની તો આપનું મુખ જોઈ જોઈને જીવી રહ્યાં છે. તેમનું જીવન વધારનારી આપ વેલી રૂપ બાળક છો. યશોદારૂપ વેલીનું પોષણ કરનાર આ બાળકનું મુખારવિંદ છે.

બીજો ભાવ

વળી આ ઠાકોરજીના મુખારવિંદ રૂપ મહાપ્રભુજી જ જીવના ભાવનું પોષણ કરનાર છે. તથા ભગવદ્‌સેવા અને ભગવદ્ કથા તે જ ભક્તોના લોચનને સુખ આપવા રૂપ છે. કાનના પડીયાથી કથામૃત પીવડાવીને જીવન આપનારા છે કેમ કે તે અમૃત છે ને ! વળી ''વેલી બઢો''કહેતાં પ્રેમરૂપ વેલીની અવસ્થા વધીને આસક્તિ અને વ્યસન સુધી પહોંચાડનાર આ કૃષ્ણની લીલાઓ જ છે. સર્વ વ્રજજનોના પ્રેમની અવસ્થા ચરમ દશાએ પહોંચાડીને નિરોધ સિદ્ધ કરનાર, તથા પ્રાકૃત તામસ-રાજસ-સાત્વિક ગુણોમાંથી બહાર કાઢીને અલૌકિક ગુણો કે જે નિર્ગુણથી પણ વિશેષ છે, ત્યાં સુધીનું ફલ આપનાર પણ પ્રભુ છે અને આ ઈચ્છીત ફલ ભક્તનું નહિ પણ ભગવાનનું ઈચ્છિત ફળ છે, કેમ કે પ્રમેય લીલા છે. ભક્ત તો શરણાગત છે, જો તૂ કહે સો હમ કરેંગે... (૩)

ઉખલ લીલા

(૩૦) રાગ – બિલાવલ **૧/૧૪૨**

ગોવિંદ બારબાર મુખ જોવૈ
કમલનૈન હરિ હિલકન રોવત બંધન છોડી યહ સોવૈ ...૧
જો તેરો સુત ખરૌઈ અચગરૌ અપની કૂખીકો જાયૌ
કહા ભયો જો ઘરકો લરીકા ચોરી માખન ખાયૌ ...૨
નચી મટુકીયા દહ્યૌ જમાયો દેવ ન પૂજન પાયૌ
તીહીં ઘર દેવ પિતર કાહેકો જીન્હી ઘર કાનર આયૌ ...૩
જાકો નામ કુઠાર ધાર હૈ ચમકી ફાંસી કાટૈ
સો હરિ બાંધે પ્રેમ જેબરી જનની સાંટ લઈ ડાટૈ ...૪
પરમાનંદદાસ કો ઠાકુર કરત ભક્ત મન ભાયે
દેખી દુઃખી યે સુત કુબેરકે લાલજૂ આપ બંધાયે ...૫

(અચગરો = નટખટ, કુઠાર = કુહાડી, જેબરી = રસ્સી, હિલકન = ડુસકાં ભરી ભરી)

ભાવાર્થ :

લાલનને, સજા કરવા માટે યશોદા મા એ દોરડાથી ખાંમણીયા સાથે બાંધ્યા છે,

તે જાણીને ગોપીઓ આવી ગઈ છે. ત્યારે ગોવિંદ-લાલન વારંવાર તેઓનું મોઢું જોઈ જોઈને (ફરિયાદ/દુઃખથી/છોડાવવાની અપેક્ષાથી/પરાધીનતાના કારણે), જેનાં નેત્રો કમળ સમાન કોમળ, નિર્મળ અને સ્નેહસભર છે તે હરિ - કે જે સર્વનાં દુઃખનું હરણ કરવાવાળા છે તે પ્રભુ, હિબકાં લઈ લઈને રડે છે. (૧)

આ જોતાં ગોપીઓ મોટા અવાજે કહે છે, ''આ યશોદા તો લાલનને બાંધેલો રાખીને આરામથી સૂઈ રહી લાગે છે.'' મતલબ કે તેને આ લાલનના દુઃખની કાંઈ પડી નથી. અવાજ સાંભળતાં જ યશોદાજી અંદરના ખંડમાંથી બહાર આવે છે (હકીકતમાં યશોદાને દૂધ-દહીંમાં મમતા ક્ષણિક વધી ગઈ તેથી બાંધે છે અને પછી દુઃખ થવાં છતાં અહંકારાવેશને કારણે છોડી પણ નથી શકતી. તેથી લાલનથી દૂર ચાલી જાય છે. કેમ કે લાલનની સન્મુખ રહે તો તો વિષયોમાં રહેલ અહંતા-મમતા છૂટી જાય. તેથી આસુરાવેશ તેને પ્રતિબંધ કરીને લાલાની પાસે આવવા નથી દેતો અથવા લાલાનું દયામણું મુખ જોઈને દયા તથા પ્રેમવશ લાલાને છોડી દે, તો તો પોતાનો અહમ્ ઘવાય.) બહાર આવેલ યશોદાને ગોપીઓ સંભળાવે છે - (યશોદાજીને સામે આવતાં જોઈને, ખચકાઈને આવાં મૃદુ વચનો કહે છે.) પરંતુ તે તો સમજ, કે છે તો પોતાનો પુત્રને ? અને ઘરના જ છોકરાએ કદાચ ચોરી કરીને-છૂપી રીતે માખણ ખાધું, તો પણ શું થઈ ગયું ? તેના માટે જ તો છે. (૨)

ત્યારે યશોદા સમાધાન - ઉત્તર આપે છે - આ નવા મટકામાં જ દહીં જમાવ્યું હતું અને હજુ તો તે દહીંથી દેવનું પૂજન પણ નથી કરી શકી, એટલામાં તો મટકીયે ફોડી અને દહીં યે ઢોળી નાખ્યું. દેવપૂજા પણ રહી. ત્યારે ગોપી કનૈયાનો પક્ષ લેતાં કહે છે - જેના ઘરે કનૈયો પધાર્યો હોય તેના ઘરે વળી દેવ કે પિતૃઓનું શું કામ ? બધું જ તેનામાં આવી ગયું. તેના ખાધે દેવ-પિતર બધાની પૂજા થઈ ગઈ ! (૩)

હવે પરમાનંદદાસ કહે છે - જે પ્રભુ-કનૈયાનું નામ જ એવું છે, કે જે કુહાડી કે ફરસીની ધારની જેમ બધાં જ પાપનો નાશ કરવાવાળું છે. જેથી યમે જેના માટે ફાંસી નક્કી કરી હોય, છતાં તે પણ પલમાત્રમાં કપાઈ જાય છે. (જૂઓ વાર્તા - કે જ્યોતીષીએ જે વૈષ્ણવ બ્રાહ્મણને શૂળીની સજા ભાખી હતી તે સ્વપ્નમાં જ પ્રભુએ ભોગવાવી લીધી) તેવા પ્રતાપી ધર્મો જેના છે તેવા હરિ પ્રેમની દોરીથી (જેબરી) બંધાઈ ગયા અને તેવા હરિને માતા યશોદા હાથમાં સોટી લઈને ધમકાવી રહ્યા છે. (૪)

પ્રભુ આવી વિપરીત લીલા એટલા માટે કરી રહ્યા છે, કે પ્રભુ ભક્તના મનોરથ પૂરક છે. (निजेच्छातः करिष्यति) (જૂઓ માધવદાસ માલાવાળાનો પ્રસંગ) અને ભક્તોની પોતાનામાં આસક્તિ વધારી નિરોધ સિદ્ધ કરવવા ચાહે છે.

કુબેર કે જે ભગવાનનો ભક્ત છે (તેના પુત્રો ભલે ઉછ્રૂંખલ હોય) તે ભક્તના પુત્રોને દુઃખી જોઈને, પ્રભુ તેમનો (યમલાર્જુન) ઉદ્ધાર થાય માટે દોરડાથી બંધાયા. આપ પોતાની ઈચ્છાથી બંધાયા છે. विवेकस्तु हरिः सर्वम् निजेच्छातः करिष्यति. (૫)

બાળલીલા

(૩૧) રાગ – બિલાવલ ૧/૧૫૦

હૌં ભોરી મેરો કાન્હ સયાનો
ચાહી તે લાલ ખીજત હી તુમસો, દૂધકો ગઈ તો લોં માટ ઢુરાનૌ...૧
કૌન ઉપાય કરૌ સુની સજની મંદિર મેં સબ દધિ બિખરાનો
બોલી લીયે સબ સખા સંગકે પીવૌરે બાલ નંદલાલ કમાનો ...૨
દૌરી ઉઠાય લીયે આંકો ભરી નિરખી નૈન મોહન મુસકાનો
કૃષ્ણજીવન લછીરામ કે પ્રભુ માઈ વ્રજજુવતીન કે હીયે સિરાનો...૩

ભાવાર્થ :

યશોદાજીનું લાલાએ બહુ નુકસાન કર્યું છે તેથી યશોદાજી લાલને કહે છે - હું ખૂબ ભોળી છું - મૂર્ખ છું અને તું જ માત્ર હોંશિયાર છે, એમ તું સમજી બેઠો છે ?

આ બાજુ દૂધ ચૂલે મૂકીને ગઈ, એટલામાં તો તેં આ દધિ-દહીંનું માટલું ફોડીને ઢોળી નાખ્યું ! (૧)

યશોદાજીનો આવો વલોપાત સાંભળતાં જે, આજુબાજુથી ગોપી આવી ચડી તેને જોઈને યશોદા કહે છે - હે સખી-સજની અલી સાંભળ, આનો કયો ઉપાય કરું ? તૂં જો, આ પૂરા ઘરમાં દધિ વેરાઈ ગયું છે. વળી તેણે પોતાના સંગી સખાને પણ બોલાવી લીધા અને પીવડાવી દીધું. જાણે નંદલાલ-કનૈયો કમાયો હોય તેમ ! (૨)

ત્યારે કનૈયો માની ખીજથી મોઢું દયામણું કરીને ઊભો છે, તે ગોપી સહન ન કરી શકી, તેથી દોડીને તેને ઉઠાવીને ગોદમાં લઈ લીધો. ત્યારે કનૈયાએ પણ ગોપીના મનનો ભાવ જાણી લીધો તેથી તેના નેત્રોથી નેત્ર મેળવીને ''હું સમજી ગયો''

તેમ ઈશારો કરીને, મલકાવા લાગ્યો. કે તું પણ આવા કોઈક બહાણા-કારણની રાહ જ જોઈ રહી હોય છે! આમ પ્રભુ આવી અનેક પ્રકાની લીલા કરીને વ્રજ યુવતીના હૃદયને પ્રસન્નતા આપી રહ્યા છે.

માટે જ શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે પ્રભુનું ભૂતલ પર પધારવાનો હેતુ પોતાના ભક્તોને સાક્ષાત્ આનંદ આપવાનો હતો, નહિ કે ભૂભાર હરણનો. (૩)

(૩૨) રાગ – બિલાવલ ૧/૧૫૦

નાંહિન ગોકુલ વાસ હમારો,
બૈરી કંસ વસત શિર ઉપર નિત ઉઠી કરૈ ખગારૌ ...૧
ગામ ગામ પ્રતિ દેશ દેશ પ્રતિ લોક લોક પ્રતિ જાની
યહ ગોપાલ કહાં લૈ રાખોં કહત નંદજૂકી રાની ...૨
સકટ, પૂતના તૃણાવર્ત તે યહી વિધાતા રાખ્યૌ
કૈસેં મિટૈ કહ્યો સંતન કો ગર્ગ વચન યોં ભાખ્યૌ ...૩
યદ્યપિ પરબ્રહ્મ અવિનાશી મહતારી ડર માનૈ
પરમાનંદ પ્રીતિ ઐસી પુનિ શુક મુનિ વ્યાસ બખાનૈ ...૪

ભાવાર્થ :

યશોદાજી ગોકુલમાં થઈ રહેલા ઉત્પાતથી ત્રાસી જઈને કહે છે - હવે તો ગોકુલવાસ થઈ શકે તેમ નથી કેમ કે આ કંસ, જે અમારો વેરી છે તે માથા ઉપર બેઠો છે. એટલે કે તે મથુરા મંડલનો રજા છે અને તેની ગોકુલ ઉપર જ નજર છે. તેથી રોજ રોજ કંઈક ને કંઈક (ખગારૌ) ઉત્પાત કરે છે. (૧)

આ વાત અજાણી નથી રહી. બધા ગામવાળા, બધા જ પ્રદેશવાળા અને બધા જ લોકો આ વાતને જાણે છે. હવે આ મારા લાડલા ગોપાલને લઈને ક્યાં જાઉં? ક્યાં વસું ? (૨)

સૌ પહેલાં છ દિવસનો થયો ત્યાં તો કંસે પૂતનાને મોકલી, માંડ ૪ મહિનાનો થયો ત્યાં તો સકટાસુર આવ્યો અને બે વરસનો થયો એટલે તૃણાવર્ત નામે અસુરને મારવા મોકલ્યો. પણ વિધાતાએ દરેક વખતે તેને બચાવી લીધો. આ બધું બનવાનું જ છે તે પણ હું જાણું છું કેમ કે સંતોના કહેલા વચનો મિથ્યા થોડા થાય? ગર્ગજીએ પણ આ બધું ભવિષ્ય ભાખ્યું જ હતું ને! (૩)

હવે પરમાનંદદાસ કહે છે - જો કે આ ગોપાલ તો અવિનાસી પરબ્રહ્મ છે, તો પણ

તે યશોદાજી જાણતી નથી અને સ્નેહ વશ છે. (મહતારી) માતા છે ને! તેથી અનેક ઉત્પાત થયા તેમાંથી વિધાતાએ બચાવ્યા તેમ જ જાણે છે. ગર્ગાચાર્યનાં વચનો જાણે છે છતાં સ્નેહવશ ડરે છે. તેથી તો શ્રીમદ્ ભાગવતમાં શુકદેવજીએ આ પ્રીતિ ને વખાણી છે. (૪)

(૩૩) રાગ – બિલાવલ ૧/૧૫૨

મેરો સાંવરો કન્હાઈ માઈ એકૌ દ્વૈ ન જાને
દૂધ ઔર દાવાનલ દોઉ એક હી કરી માને ...૧
કમલ ઔર ગોવર્ધન લાલા દોઉ એક કરી લેખે
સૂર લીલા કેતી કરી ગાવૈ દેવ સપને હું નહીં દેખે ...૨

ભાવાર્થ :

મારો સાંવરિયો (પ્રિય) તેવો કન્હાઈ, હે મા! તેને મન તો બધું એક જ છે. તેને કોઈ 'બે' કહીને ભેદ નથી અથવા મારા કહાનને કાંઈ જ સમજ નથી. તે તો દૂધ અને દાવાનલ બન્નેને એક જ માને છે. મા દૂધ પીવડાવે તો દૂધ પણ પીએ અને ભક્તોની રક્ષા કરવા માટે દાવાનલ પણ પીએ! (૧)

તો વનમાંથી પધારતો હોય ત્યારે હાથમાં કમલને ફિરાવતા ફિરાવતા પણ પધારે અને જરૂર પડે ગોવર્ધનને પણ હાથ ઉપર ધારણ કરે, તેને માટે તો બન્ને સમાન છે.

આવા કન્હાઈની લીલા, સૂરદાસજી કહે છે કે હું ગાવા માટે સમર્થ નથી. અરે દેવોએ તેમને સ્વપ્નમાં પણ નિહાર્યા નથી.!

અહીં કનૈયો જ પરબ્રહ્મ છે તેમ સૂરદાસજી કહે છે - કેમ કે તેને મન ગોવર્ધન ઉઠાવવો કે કમલનું ફૂલ ઉઠાવવું બન્ને સમાન છે. બન્નેમાં તેમને શ્રમ નથી. દૂધ કે દાવાનલ બન્નેમાં તેમને નથી રાગ કે નથી દ્વેષ, નથી ઈચ્છા કે નથી અનીચ્છા. સમ હોવાપણાનો ગુણ તો પરબ્રહ્મનો છે. પરંતુ આ પરબ્રહ્મ પોતાની ઈચ્છા હોય તેને જ દર્શન કે અનુભૂતિ કરાવે, તેમાં અધિકારની વાત નથી. (૨)

દાવાનલ લીલા

(૩૪) રાગ – કેદારો ૧/૧૭૦

અબકે રાખી લેહુ ગોપાલ,
દશ દિશતેં પ્રગટયો દાવાનલ ઉપજ્યોં હૈ તિહીકાલ ...૧
પટકત વંશ કંસ તૃણ ચટકત ઝપટ લપટ કર નાલ
ઉડત અંગાર ફૂલ ફલ પટકત ઝપટત લપટ કરાલ ...૨
ધૂમ ધુંધ બાઢી ઘર અંબર ચમકત ઉર મુખ જાલ
હરીન વરાહ કરી પીક સારસ જરત જીવ બેહાલ ...૩
તુમજીન ડરૌ નૈન સબ મુંદો હંસી બોલે નંદલાલ
સૂર અનલ સબ વદન સમાનૌ નિરભૈ કીયે વ્રજબાલ ...૪

ભાવાર્થ :

પ્રભુને પોતાના ભક્ત, તેવા ગોપબાળકો અને ગાયોમાં આસક્તિ કરાવવી છે. તેથી ભગવાન દાવાનલ રૂપ બને છે અને દાવાનલથી બચાવનાર પણ બને છે. સૂકાઘાસમાં અચાનક દશે દીશાએથી દાવાનલ ઉત્પન્ન થયો, ત્યારે ગભરાઈ જઈને ગોપો પ્રભુને શરણે જાય છે અને વિનતી કરે છે ''અબ કે રાખી લેહુ ગોપાલ'' તું જ તો અમારી ગાયો અને આ ઈન્દ્રિયધારીઓ (એટલે કે ઈન્દ્રિયોને પરવશ)નું પાલન કરનાર - કૃપાળુ છે. તો કૃપા કરો અથવા દશે દિશાથી એટલે ઉપર-નીચે બધી બાજુએથી (સૂર્યનીગરમી-ગરમ પૃથ્વી-ચારે બાજુ દાવાનલ એમ દશ દિશા) અમે દાઝીયે છીએ. (૧)

આ દાવાનલ વાંસના વૃક્ષોને પટકે છે. જેમ કાંસાનું પાત્ર (કંસ) પડતાં જ તુટી જાય તેમ તૃણ-ઝાડ પણ પટકાય છે. દોરડું (નાલ) ઝપટથી પકડી લે તેમ અગ્નિ લપટ તૃણને ઝપટમાં લે છે. તેથી ચટક-ચટક અવાજ થાય છે. મોટા મોટા અંગારા જેવા તણખા ઉડે છે તેથી કોમળ ફૂલ અને ફળ નીચે પછડાય છે. આમ કરવા માટે આ દાવાનલ, જે વિકરાલ-ભયંકર રૂપ ધારી છે તે પોતાની જ્વાળાની લપટમાં બધું ઝપટી લે છે. (૨)

ઘર અને આકાશ, ધૂમાડો અને કાળી-રજથી છવાઈ ગયું છે, અંધકાર જેવું થઈ ગયું છે અને બળી ગયેલાં વનનાં ઠુંઠાનું જાળમાળ સ્વરૂપ કંકાલ જેવું ચમકતું દેખાય છે.

હરણ, વરાહ (ભૂંડ), હાથી (કરિ), પીક (મોર), સારસ વગેરે પ્રાણી અને પક્ષીઓ બળી રહ્યાં છે તેથી બેહાલ થઈ રહ્યા છે. (૩)

જ્યારે વ્રજબાળકો, ગાયો તથા વ્રજભૂમિને આ રીતે બળતી જોઈ, ત્યારે પ્રભુ તેમને શરણાગત જાણીને ''તમારા નેત્રો, બંધ કરી દો'', તેમ કહે છે કેમ કે પ્રભુ તેમનું પોતાનું માહાત્મ્ય હમણાં બતાવવા નથી ઈચ્છતા. કેમ કે તેઓનો સ્નેહ પ્રકટ થઈ રહ્યો છે. તેથી બેફીકરાઈથી (હંસી) ''તમારા નેત્રો બંધ કરી દો'' તેમ કહ્યું. પછી પ્રભુના મુખમાં બધો અનલ પ્રવેશી ગયો. વનના અનલને પણ પ્રભુથી મુક્તિ મળી. જેમ શિશુપાલના અનલ સમાન વાકબાણ નીકળતા હતાં ત્યારે પ્રભુએ તેનું શીશ છેદયું અને તેના આત્માને પોતાનામાં સમાવી દીધો તેમ આ નિજજનોને ભય પમાડનાર અનલને શાંત કર્યો અને પોતાના મુખમાં સમાવી લીધો. આમ પોતાના પ્રિયજનોને અભય કરી દીધા. પોતાની ભક્તપ્રતિપાલકતા પ્રકટ કરી. (૪)

અન્યભાવાર્થ :

આ કીર્તનમાં એવો પણ ભાવ જણાય છે કે જાણે દેવકીજી પ્રભુને પ્રાર્થના કરે છે. કેમ કે દુષ્ટોનું તાંડવ નૃત્ય ચારે બાજુ થઈ રહ્યું છે. દાવાનલ અને દુષ્ટો સમાન છે. તે પૂરા વન-સૃષ્ટિને દઝાડનાર, નાશ કરવાની વૃત્તિવાળા છે કેમકે તેઓ સ્વકેન્દ્રિત છે. પોતાના દેહમાં જ યજ્ઞ કરીને સર્વની આહૂતિ તેમાં આપે છે. સારા-નરસાના ભેદ નથી. જીવજંતુ, પશુ, વનસ્પતિ સર્વકઈ તેની ઝપટ-લપટમાં આવી જાય પછી તે બચી શકતું નથી. તેનું ઘણું સામર્થ્ય છે. તે ચારેદિશાએથી આવી શકે તેમ છે. તેને તેવા જ સહાયકો, જેમ કે પવન વગેરે મળી જાય છે. તેનામાં દયા જેવું નથી તેથી તો કુમળા છોડ અને મોર વગેરે જેવા પક્ષી પણ બેહાલ થઈ જાય છે. તેથી તો મથુરાના સજ્જનો, ગાયો, બ્રાહ્મણો, ઋષિઓ સર્વ પીડીત છે. જે ભાગી શક્યા તેવા યાદવો મથુરા છોડી બીજા પ્રદેશમાં ચાલી ગયા.

આ દાવાનલરૂપ કંસ દસે દિશાથી ધસી રહ્યો છે અને તે કોઈને છોડતો નથી. કેમ કે કાલ (નેમી) છે તેથી ગમે તે વખતે (તીહીકાલ) પ્રકટ થઈ જાય છે. તેણે અમારા વંશ રૂપ બાળકોને પટકીને મારી નાખ્યા કે જાણે જમીનમાંથી ઘાસનું તણખલું ચૂંટતો હોય તેટલી સહજતાથી! કેમ કે તે દયાહીન છે તેથી તો મારા હાથમાંથી તાજુ જન્મેલ બાળક, લટકતી નાળ વાળું પણ ખેંચી લીધું. તેની આંખોમાં અને અંગોમાં ક્રોધના અંગારા ઉઠે છે, જેના કારણે ફૂલ જેવા બાળક, ગાયો, બ્રાહ્મણો તથા ફલરૂપ યજ્ઞો વગેરેને નાશ-ત્રાસ આપી રહ્યો છે. તેના આક્રમણે

એવો ભય પેદા કર્યો છે કે કોઈને કંઈ જ માર્ગ સૂઝતો નથી. બધું ધૂમાડાથી છવાઈ ગયું છે, એટલે કે બુદ્ધિ ક્ષુબ્ધ થઈ ગઈ છે અને ક્રિયાશક્તિ પંગુ થઈ ગઈ છે. ઘર-બહાર, બુદ્ધિ-ક્રિયા સર્વત્ર શૂન્યતા વ્યાપી ગઈ છે. સારા-ખોટાજન, પશુ-પક્ષી સર્વ બેહાલ થઈ ગયા છે. કોઈ જ વ્યક્તિ કંસના રાજ્યમાં સ્વસ્થ નથી.

દેવકીજીની આવી આર્તી થઈ ત્યારે પોતે બોલી ઉઠી, ''અબકે રાખી લેહૂ ગોપાલ...''

જેમ ઈન્દ્રનો કોપ થયો ત્યારે ગોકુલવાસી બોલી ઉઠ્યા'તા તેમ. ત્યારે ભક્તવત્સલ પ્રભુ પણ પોતાના ભક્તના દુઃખને સહન નથી કરી શકતા અને તત્કાલ ધૈર્ય આપે છે - તમે બિલકુલ ભય ન રાખો, બસ આંખોમિંચીને એટલે કે સંસારને ભૂલી જઈને મારામાં ચિત્તવાળા થઈ જાઓ. બસ આટલો સરળ ઉપાય તમારે કરવાનો છે. બાકીનું બધું હું સંભાળીશ. તેમ કહીને સર્વ સૃષ્ટિના કર્તાએ પોતાની કૃતિરૂપ કંસને મારીને પોતાની અંદર સમાવી દીધો, મુક્તિ આપી દીધી. કેમ કે દ્વારપાળે (જય-વિજય) તો દ્વારરૂપ મુખમાં જ સ્થિત થવું પડે અને જેઓ પ્રભુની અકળ લીલા રૂપ માહાત્મ્યને નથી સમજી શક્યા તેવા પરમસ્નેહભીના ભક્તોને નિરભય કર્યા. તેમનામાં જે ભય હતો તે પ્રભુએ કંસને આપી દીધો જેથી કંસનો, ભય થકી નિરોધ થયો અને મુક્ત થયો. તો વ્રજભક્તોનો અભય દ્વારા નિરોધ સિદ્ધ કર્યો. પ્રભુ સર્વનું કલ્યાણ કરવાવાળા છે, દરેકને અનુકૂળ થઈને, તે અહીં પ્રકટ જતાવ્યું.

।।શ્રીહરિ:।।

કમલદલ-

ભગવત્ કીર્તન રહસ્ય

વિભાગ-૨

- શ્રી બલદાઉજીની વધાઈ
- શ્રી રાધાજીની તથા
  સખીઓની વધાઈ
- શ્રી વામન જયંતિ
- દાન
- સાંઝી
- મુરલી

દેવેન્દ્ર શાહ

ભરૂચ

શ્રીલલિતાજીની વધાઈ

(૩૫) રાગ – સારંગ **૧/૧** **૧/૧૭૨**

આજ સખી સારદા કન્યા જાઈ
ભાદોં સુદી ષષ્ટિ હે શુભદિન શુભનક્ષત્ર વર આઈ ૧
ભેરી મૃદંગ દુંદુભિ બાજત નંદકુંવર સુખદાઈ
ગોપીજન પ્રફુલ્લિત ભઈ ગાવત મંગલ ગીત બધાઈ ૨
આભૂષણ પાટંબર બહુવિધ ગો ભૂદાન કરાઈ
નંદરાય વૃષભાનરાય મિલી વિશોકહીં દેત વધાઈ ૩
સકલ સુહાસિની ધરત સાથિયે કીરતિ પંજરી ધાઈ
વ્રજપતિકી સ્વામિની યહ પ્રગટી લલિતા નામ ધરાઈ ૪

ભાવાર્થ :

લલિતાજીનું પ્રાગટય થયું છે તેની વધાઈ ગોપી બીજી સખીને આપે છે કે આજે શારદાજીની કૂખે કન્યા પ્રકટી છે. આ સમય ઘણો ઉત્તમ છે, ભાદ્રપદ સુદ છઠ છે અને નક્ષત્રોની સ્થિતિ પણ મંગલમય ઉત્તમ છે. (૧)

ભેરી, મૃદંગ, દુંદુભિ વ. વાજિંત્રો વાગે છે કેમકે આ કન્યા નંદકુંવરને ઘણું સુખ આપનારી તેવી ચતુર થનારી છે. તેથી ગોપીજનો ઘણા ખુશ થઈને મંગલ ગીતો ગાઈને વધાઈ આપી રહ્યા છે (૨)

તેના પિતા જાત જાતના આભૂષણ, પાટંબર, ગાયો અને ભૂમિનું દાન કરી રહ્યા છે. નંદરાય અને વૃષભાનરાય બંનેય લલિતાજીના પિતા વિશોકજીને મળીને વધાઈ આપી રહ્યા છે. વ્રજવધૂઓ પોતાના આંગણામાં તથા લલિતાજીના ઘરના આંગણામાં મંગલમય સાથિયા કરી રહી છે. કીર્તિજી બધાને પંચજીરી બાંટી રહ્યા છે. આજે પ્રકટી છે તે તો વ્રજપતિ કુંવર કનૈયાની મધ્યા સ્વામિની છે અને તેનું નામ લલિતાજી છે. આવી લીલાનાં દર્શન ગો. શ્રી વ્રજપતિજી કરી રહ્યા છે.

શ્રીબલદાઉજીકી વધાઈ

(૩૬) સારંગ **૧/૨** **૧/૧૭૩**

માંદલ બાજયૌરી વ્રજજનકેં પ્રગટે શ્રીબલરામ
રોહિની કૂંખી પ્રગટ પુરૂષોત્તમ વ્રજજન મન અભિરામ ૧

જો જન વિનય કરત, દુઃખ તિનકૈં કાટત હૈ તિહિ જામ
ટેરત કોઊ જાત તહાં ભાજે ઔર કછુ નહિં કામ ૨
સ્યામરામ કો ભેદ ન જાનત કરત જુદાઈ મનમેં
છીતસ્વામી મુખ સોં કહી વરનોં આગિલગૈતા તનમેં. ૩

ભાવાર્થ :

બલરામજીનું વ્રજમાં પ્રાગટય થતાં ‘માંદલ’ વાજિંત્ર વાગવા લાગ્યાં. રોહિનીજીને કૂખે પ્રકટનાર બલરામજી પણ પ્રકટ પુરૂષોત્તમ છે, કેમ કે તે પણ વ્રજજનોના મનનું રંજન કરનાર છે. પ્રભુની આનંદમયી લીલારૂપ છે. (૧)

બલદાઉજીનો સ્વભાવ સુકોમળ છે, તેથી જે કોઈ પણ ખૂબ જ દીનતાપૂર્વક વિનંતી કરે, તેના દુઃખ તે જ સમયે આપ દૂર કરે છે અને જે કોઈ મુસીબતમાં હોય તે બલદેવજીને દૂરથી પોકારે, તો પણ ત્યાં તેઓ સ્વંય ભાગીને, ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પહોંચી જાય છે, જાણે કે આપને આ સિવાય બીજું કાંઈ જ કામ ન હોય ! (૨)

છીતસ્વામી કહે છે અમે તો સ્યામ અને બલરામમાં ભેદ જાણતા નથી, અમને તો શ્રીગુંસાઈજીએ કૃપા કરીને તેવી દૃષ્ટિનું દાન, અમને શરણે લીધા ત્યારથી જ કર્યું છે. પરંતુ જે કોઈ પણ, બંનેમાં ભેદબુદ્ધિ આણશે તેનાં અંગ-પ્રત્યંગમાં આગ લાગો એટલે કે તેવાઓ વિનાશને લાયક જ છે. મારામાં તો શ્યામ-રામનાં ગુણનું વર્ણન કરવાનું સામર્થ્ય નથી કેમ કે તેઓ અગાધ છે. (૩)

શ્રીવિસાખાજી/ચંદ્રાવલીજીની વધાઈ

(૩૭) સારંગ ૧/૩ ૧/૧૭૪

રાવલ રસિક બેલી નવફૂલી દેખી કહત નહિ આવૈ
દેવભાન કે શ્રીચંદ્રાવલી પ્રગટ ભાગિની ભાવૈં. ૧
વ્રજકૌ ભાગ્ય સુહાગ યે તે સિંચ સિંચ બિરધાવૈ
આનંદરાય ઘર સુખનિધિ સબહીન હુલસી હુલસી બિહસાવૈં ૨
ગિરિધરલાલ લીયે સંગ ખેલે ગિરધરકે મન ભાવૈં
રૂપ અનૂપ સ્વરૂપ અવધિ નિતહી વ્રજસુંદરી ગાવૈં. ૩

ભાવાર્થ :

આ જે કન્યા પ્રકટી છે તે રાવલની રસ યુક્ત ભાવવાળી વેલી છે. તે નૂતન ફૂલયુક્ત હોવાથી એટલી આકર્ષક છે કે તેનું વર્ણન કરીએ એટલું ઓછું છે. તે દેવભાનને

ત્યાં પ્રકટી તેનું નામ ચંદ્રાવલી (ઉર્ફે વિશાખાજી) છે અને વિધાતાએ મન કરીને (ભાવૈ) પ્રગટાવી છે. (૧)

આ સુહાગિની વ્રજના ભાગ્યરૂપ છે. બધાં જ તેને ખૂબ જ પ્રેમપૂર્વ (સિંચસિંચ) બિરદાવે (વખાણે) છે. નંદરાયજીને ત્યાં આ બધાંનો સુખનિધિ પ્રકટયો છે, તે વાત બધા હસી હસીને કહે છે. (૨)

ગિરિધરલાલ-કનૈયો આ કુંવરીની સંગે ખેલે છે અને કનૈયાને તે ખૂબ પ્રિય લાગે છે કેમ કે આનું રૂપ ઉપમા ન આપી શકાય તેવું (અનુપમ) છે તથા તેણે અનન્ય સ્વરૂપ ધારણ કર્યું છે, તેવું બધી જ વ્રજસુંદરીઓ કહેતી રહે છે. તેવી આ કુંવરી વિસાખાજીને નામે પ્રસિદ્ધ છે. (૩)

રાધાજીની વધાઈ

(૩૮) ભૈરવ ૧/૪ ૧/૧૭૬

સખી બરસાનોં લાગત નીકો
કહાં લૌ કહૌ યા વ્રજકી શોભા સબ વ્રજ લાગત ફીકો ૧
કીરતી કૂખ પ્રગટ ભઈ કન્યા ભયો ભાવ તો જીકો
મંગલ ગાવત સબ વ્રજનારી કરત લલીકો ટીકો ૨
પીત પાટકી ચોલી પહરે સારી સુરંગ રંગહીકો
વ્યાસ **શ્યામકી સ્વામિની પ્રગટી બાઢયો પ્રેમ મનહીકો ૩**

ભાવાર્થ :

હે સખી, આ રાધિકાજી પ્રકટયા તેથી તો આ બરસાનો મને અતી પ્રિય લાગે છે. આ વ્રજની શોભાને શોભા ત્યાં લગી કહીએ કે જ્યાં લગી રાધાજી નથી પ્રકટયા, પણ આ રાધિકાની શોભા દેખ્યા પછી તો હવે વ્રજની શોભા ફીકી-ઝાંખી લાગે છે. તેથી હે સખી, હવે તો મને બરસાના સિવાયનું કોઈ વ્રજનું સ્થળ પ્રિય નથી. (૧)

કીરતિજીના કૂખે કન્યા પ્રકટી છે, તે પ્રાકટય તો અમારા આત્મા-જીવની આશા-મહેચ્છા હતી, તે આજે પૂર્ણ થઈ. તેથી અમારા જીવને ભાવતું બન્યું છે. તેથી અમારો આત્મા ઘણોજ પ્રસન્ન છે. દેહ-ઈંદ્રિય સર્વ કઈ પ્રસન્ન છે. તેના પ્રતિસાદ રૂપે વ્રજની સુંદરીઓ બધી જ મંગલ-વધાઈનાં ગીતો ગાય છે અને ‘લલી’ને ભેટ કરીને પોતાનો હરખ સમર્પિત કરે છે. (૨)

વ્રજવધુઓએ પીળાં વસ્ત્રની ચોલી પહેરી છે એટલે કે તેમનું અંગ કૃષ્ણમાં ભક્તિમય છે. (પીળું વસ્ત્ર છે.) તથા જે સાડી છે તે રંગબેરંગી છે. અથવા કસુંબલ-લાલ રંગની છે એટલે વિવિધ ભાવોથી સભર અનુરાગ, તે ભક્તિની ઉપર છવાયેલ છે.

કેમકે જે પ્રકટી છે તે જ તો શ્યામની સ્વામિની છે, એટલે કે શ્યામ જેમને વશ છે તે છે. તે તો પૂર્ણ સ્નેહનું સ્વરૂપ છે. શ્યામને વશ કરનારો સ્નેહ જ છે. સર્વ વ્રજધારીના હૃદયમાં સ્નેહ વધારનારી આ રાધા તો ભક્તિવર્ધિની છે. સર્વનું મન પ્રેમથી સભર થયું છે. 'ઈંદ્રિયોમાં હું મન છું'. (ગીતા) તેથી ઈંદ્રિયો પણ પ્રેમ ભરપૂર બની છે. આવાં દર્શન સ્વામિની રાધાજીનાં દાસ છે તેવા વ્યાસજીને થાય છે. (૩)

(૩૯) બિલાવલ ૨/૫ ૧/૧૭૭

જબતેં રાધિકા ભૂતલ પ્રકટી તબતેં વિધિકૌ માન હન્યૌ
મેરી તો યહ સૃષ્ટિ ન હોઈ અબ કછુ અદ્‌ભૂત બાન બન્યૌ ૧
એકરૂપ એકબૈસ એકગુન બરન વિલક્ષ કન્યૌ
કૃષ્ણદાસ પ્રભુ શ્રી ગિરધરતેં કેલી કલારસ સન્યૌ ૨

ભાવાર્થ :

જ્યારથી શ્રીરાધિકાજી ભૂતલ પર પ્રકટયા ત્યારથી વિધિ-વિધાતાનું માન ખંડિત થયું કેમકે ભૂતલ પર જે કંઈ પ્રકટ થાય છે તે વિધાતા-બ્રહ્માની સૃષ્ટિ જ હોય છે, પ્રાકૃતિક હોય છે અને વિધાતાની જાણ બહાર કોઈ વસ્તુનું પ્રાકટય નથી થતું. ભૂતલ-સૃષ્ટિ વિધાતાને આધીન છે, પરંતુ જે રાધાજી પ્રકટયા તે વિધાતાને આધીન નથી, કે નથી પ્રાકૃત , કે નથી વિધાતાએ તેમને પ્રકટાવ્યાં. તેમના સ્વરૂપને પણ વિધાતા જાણતા નથી, તેવા રાધાજી અગમ્ય છે. તેથી વિધાતાને થયું કે આમ બન્યું તેથી મારા અધિકાર ઉપર પ્રશ્ન ઉઠયો છે ! મારી માનહાની થઈ છે કેમકે આ મારી સૃષ્ટિનું સ્વરૂપ નથી. આ પહેલાં નથી બન્યું તેવો બનાવ આજે બન્યો છે. (અદ્‌ભૂત બાન બન્યૌ) (૧)

વિધાતા કહે છે - જેમાંથી હું પ્રકટ થયેલ છું તે પરબ્રહ્મ પરમાત્માની સમાન જ આ રૂપ જણાય છે, એટલે કે તેવું તત્ત્વ જણાય છે, દેખાવ-વેશ પણ તેવો જ છે અને ગુણ પણ તેવા જ છે. આ જે વરણ છે તે કંઈક વિલક્ષણ છે, વિશિષ્ટ પ્રકારનું છે. બ્રહ્માને જે સમજાતું નથી તે ભક્ત સમજી શકે છે તેથી કૃષ્ણદાસ કહે છે, ''અરે ! આ તો ગિરિધરપ્રભુને કેલી (લીલા) કરવી છે તેથી આ કલારૂપી રસ, તે તો પ્રભુનો રસ જ છે. એકબીજામાં ભળી ગયેલાં સ્વરૂપમાંનું જ આ રૂપ છે. ભેદ સહિષ્ણુ અભેદ પૂર્ણબ્રહ્મ જ છે !'' (૨)

(૪૦) સારંગ 3/૬ ૧/૧૯૨

સકલ લોકકી સુંદરતા વૃષભાન ગોપ કેં આઈ
જાકો યશ સૂરમુનિ જો કહત હૈ ભુવન ચતુર્દશ ગાઈ ૧
નવલ કિશોરી રૂપગુણ શ્યામા કમલાસી લલચાઈ
પ્રકટે પુરૂષોત્તમ શ્રીરાધા દ્વૈવિધિ રૂપ બનાઈ ૨
ઉડેલેં દાન દેત વિપ્રનકોં જસ જો રહ્યો જગ છાઈ
છિતસ્વામી ગિરિધરકૌ ચેરૌ જુગ જુગ યહ સુખ પાઈ 3

ભાવાર્થ :

વિશ્વભરમાં - પૂરા બ્રહ્માંડમાં જે કંઈ સૌંદર્ય-આકર્ષણ પ્રભુએ પાથર્યું છે તે બધું જ સૌંદર્ય ભેગું મળીને આ સ્વરૂપાત્મક રૂપે વૃષભાન ગોપને ત્યાં બિરાજી ગયું છે. આવી પરમ સુંદરતાની મૂર્તિનાં યશ નારદજી કે જે ભક્ત છે, ચૌદે લોકમાં પ્રભુના ગુનગાન સંભળાવનારા છે, જે સૂર હોવા છતાં મુની પણ છે, તેથી મુખેથી ગાન કરે છે અને અંતરમાં ધ્યાન કરે છે, મનન કરે છે. તેમને સ્વસુખમાં (દેવોની જેમ) આનંદ નથી પણ પ્રભુયશ ગાવામાં સુખ છે, તે આજે વૃષભાનને ત્યાં પ્રકટ થયેલ રાધાજીનાં યશ ગાઈ રહ્યા છે. (૧)

કૃષ્ણની સાથે આગળ જેનું નામ જોડાયું છે, તેવાં 'શ્રી' સુંદરતા આજે પ્રકટયાં છે. અવસ્થાની દૃષ્ટિએ કિશોરી છે પણ આવી નૂતનતા આ પહેલાં ન્હોતી તેવી આ કિશોરી છે. અને રૂપ કહેતાં સ્વરૂપતઃ/તત્વતઃ તો તે સચ્ચિદાનંદ-શ્યામની સમાન છે. અને ગુણ કહેતાં ષડ્ગુણ (ઐશ્વર્યાદિ)થી સંપન્ન છે, શ્યામની જેમ જ. તેથી તો કમલા-લક્ષ્મી રાધાજી પ્રત્યે આકર્ષાઈ છે કેમ કે તેમને રાધાજીમાં શ્યામજી જણાઈ રહ્યા છે. રાધાજી સ્વયં પુરૂષોત્તમ પરબ્રહ્મ ભગવાન જ છે તથા શ્રીનિધિ ભગવાન રાધા પણ છે. આમ પ્રભુ દ્વૈરૂપધારી પ્રકટ થયા છે. એટલા માટે કમલા લલચાયા છે. અન્યથા પોતાના પતિ ભગવાન સિવાય, કમલાને અન્ય કાંઈ જ ભાવે નહિ, તેવાં આ પત્ની છે. ત્રૌલોકમાં આપ સમાન પત્નીત્વ ક્યાંય નથી. તેવાં પણ રાધાજી પ્રતિ લલચાયાં છે. (૨)

(ઉડેલે) ઉછાળીને અથવા અધિકારનો વિચાર કર્યા વગર, અનુગ્રહ પૂર્વક દાન અપાઈ રહ્યાં છે. વિપ્રો કે જે વેદ-ભગવાનમાં અનુરક્ત છે અથવા જે વિશેષ કરીને પ્રપન્ન શરણાગત છે પણ તેવાને કર્મ-જ્ઞાનના અભાવમાં માત્ર ભક્તિભાવ હોવાથી અઢળક અલૌકિક પ્રાપ્ત થયું છે. આ જાણીને ત્રણે લોકમાં ભક્તિનો યશ

છવાઈ ગયો છે. શ્રીરાધાજી ભક્તિનું જ સાક્ષાત્ સ્વરૂપ છે. જે કોઈ ગિરિધર કૃષ્ણનો સેવક છે, દાસ છે તેને પ્રભુ યુગો સુધી અલૌકિક સુખનું દાન કરશે. આ છીતસ્વામીના સ્વાનુભવની વાત છે માટે સત્ય છે. (૩)

વામન જયંતિ

(૪૧) સારંગ ૧/૭ ૧/૨૧૬

રાજા એક પંડિત પૌરી તિહારી
ચારૌ વેદ પઢત મુખ પાઠી હૈ વામન વપુધારી ૧
અપદ, દ્વિપદ પશુભાષા, જાનત સૂરજ કોટી ઉજારી
નગરનમેં નરનારી મોહેં અવગતિ અલપ અહારી ૨
સુન ધુનિ બલિરાજા ઉઠી ધાયે આહૂતિ યજ્ઞ બિસારી
દિવ્યરૂપ દેખ્યૌ જુ વિપ્રકૌ કિયો દંડૌત જુહારી ૩
ચલીયે વિપ્ર જહાં યજ્ઞવેદી બહુત કરી મનુહારી
જો માંગો સો દેહૂં તુરત હી હીરા રતન ભંડારી ૪
રહો રહો રાજા અધિક ન કહીયે દોષ લગત હૈ ભારી
તીન પેંડ વસુધા મોહી દીજૈ જહાં રચો ધર્મસારી ૫
શુક્ર કહૈ સુનીયૈ બલિરાજા ભૂમિકૌ દાન નિવારી
યહ તૌ વિપ્ર ન હોય આપ હી આયે છલન મુરારી ૬
કીજૈ કહા જગતગુરૂ યાચૈ આપુન ભયે ભિખારી
લૈ ઉદક સંકલ્પ જો કીનૌ વામન દેહ પસારી ૭
જય જયકાર ભયૌ ભૂ માપત દ્વય પેંડ ભઈ સારી
એક પેંડ તુમ દેહુ તુરત હી કે બચનની સતહારી ૮
સત નહિ છાંડૌ સતગુરૂ મેરે નાપૌ પીઠ હમારી
સૂરદાસ પ્રભુ સર્વસ્વ દીનૌ પાયૌ રાજ પતારી ૯

ભાવાર્થ :

બલિરાજાના દ્વાર (પૌરી) ઉપર વિપ્ર આવ્યો છે, જેણે વામનવપુને ધારણ કર્યું છે એટલે કે હકિકતમાં તે વામન નથી. વળી તે પંડિત છે, એવો પંડિત કે ચારે વેદ જાણે છે. એટલું જ નહિ તે બધું તેને મુખપાઠ છે અને તે વેદગાન કરી રહ્યો છે. વળી તે અન્ય પ્રકારે પણ પંડિત છે એટલે કે પંડા (બુદ્ધિશાળી) છે. (૧)

કેમકે તે ચરણ વગરના, બે પગવાળા, ચાર પગવાળા, તેમ સર્વ પશુ-પક્ષી-જંતુની બોલી-ભાષાને પણ જાણવાવાળો છે અને તેનો પ્રભાવ એવો છે કે અસંખ્ય સૂર્યનો પ્રકાશ છવાઈ ગયો છે. વળી શહેરો-નગરોમાં તેના પ્રતાપથી ઘણા બધા નર-નારી મોહિત-આશ્ચર્યચકિત થઈ ગયા છે. તેની ગતિને કોઈ જાણી ન શકે, તેવો છે. વળી તે ભોજન પણ ખૂબ જ અલ્પ કરે છે. (૨)

આ પ્રકારે દ્વારપાળે રાજાબલિ પાસે આવીને વામનપ્રભુના ગુણગાન ગાયાં તથા બલિએ પણ વામનજીના મુખેથી પ્રસરેલી વેદધૂની સાંભળી. આમ રૂપબ્રહ્મની કથા અને શબ્દબ્રહ્મ સ્વયં રાજાના કાનમાંથી હૃદયમાં પહોંચ્યું, એટલે રાજાની બુદ્ધિ ભગવન્મય થઈ ગઈ. તેથી જે યજ્ઞવિધિ કરવા બેઠો છે, હાથમાં આહૂતિ છે, તે આપવાનું વિસરી ગયો. વેદની રીત ભૂલીને યજ્ઞભૂમિની બહાર ચાલ્યો કે જ્યાં વામન વપુધારી વિપ્ર દ્વાર ઉપર ઠાડા છે. યજ્ઞદેવતાના પણ દેવનું સ્વાગત કરવા માટે (વેદજ્ઞાતા)નું દિવ્યરૂપ (ભગવદરૂપ)નું દર્શન કર્યું, કે તુરત તેમના પ્રતિ નીચા નમીને દંડવત પ્રણામ કર્યા. (૩)

અને ખૂબ જ વિનયપૂર્વક આ વિપ્રદેહધારીને વિનતી કરીને, યજ્ઞવેદી પાસે દોરી લાવે છે. (સન્માનપૂર્વક). હવે ભગવદીચ્છાથી તેનો ભગવદાવેશ છૂપાઈ જઈ, ફરી બલી આવેશ આવે છે. તેથી વામજીને વગર પૂછે જાણે, ભિક્ષા માટે પધાર્યા છે તેમ માની તથા યજ્ઞમાં પોતે પ્રત્યેકને ઈચ્છીત દાન કરવાનું વ્રત લઈને બેઠો છે, જેથી પૂછે છે, ‘‘આપ જે માંગો તે હું આપીશ. અને તે પણ તુરત જ - વિના વિલંબે. શું હીરા આપું ? રત્ન આપુ ? કે ભંડાર આપું ?’’ રાજા પોતાના અહંકારને વધુ અને વધુ પ્રકટ કરવા જાય છે ત્યાં પુષ્ટિ પ્રભુ તેને અટકાવે છે અને કહે છે, બસ, અટકી જાઓ, રાજા... વધારે બોલવાથી ઘણા દોષ લાગે. અહંકાર મહાદોષ છે અને હું તમારી પર કૃપા કરવા આવ્યો છું, જેથી તેમાંથી બચાવવા ઈચ્છું છું, તેમ મનમાં વિચારે છે. રાજાને એમ લાગે છે કે આ બધી લૌકિક સંપત્તિના નામ સાંભળતાં આ વિપ્ર કદાચ તેમાં મોહિત થઈ જાય તો તેમને મહાદોષ લાગે. તેમ સમજી મને અટકાવે છે. આમ રાજાને બોલતો અટકાવી વામનજી માંગે છે કે મને મારા માપનાં ત્રણ ડગલાં વસુધા (પૃથ્વી) અથવા જેને સર્વ કિંમતી દ્રવ્ય ધારણ કર્યો છે તેવી ધરતી મને આપ કે જેથી તેવી ધરતી ઉપર સર્વ પ્રકારના ધર્મને સ્થાપું. પ્રભુ કહેવા માંગે છે કે જે તારી માલિકીની માની લીધેલ ધરતી છે માટે, તે કિંમતી રત્નવાળી હોવા છતાં તે અધર્મયુક્ત હોવાથી અર્થહીન છે. (૫)

પ્રભુનાં આટલાં જ વચન સાંભળતાં યજ્ઞ કરાવનાર તથા દૈત્યોના ગુરૂ શુક્રાચાર્ય સમજી ગયા કે આ કોઈ વામન નથી, કે નથી વિપ્ર આ તો સર્વરૂપધારી અરૂપ છે, તેથી બલિને આજ્ઞા કરે છે કે ભૂમિનું દાન આપવાનું ટાળી દો... ન આપો... આ કોઈ વિપ્ર નથી પણ આ તો મૂર (દૈત્યો)ના દોષનું નિવર્તન કરનાર મુરારી છે (૬)

ત્યારે બલીરાજાને ભગવદ સ્વરૂપનું જ્ઞાન થતાં શુક્રાચાર્યથી પણ મોટા, જગતના ગુરૂ રૂપે ભગવાનને જાણીને શુક્રાચાર્યને પૂછે છે કે આપ ગુરૂની આજ્ઞા માનવી કે જગત ગુરૂની ? અને જ્યારે તેવા ગુરૂ મારી પાસે યાચના કરે ત્યારે ? અને જ્યારે તે પોતે ભિખ-ભિક્ષા માંગનાર બનીને આવ્યા ત્યારે ? એટલે કે જ્યારે હું દાનેશ્વરી તરીકે સામાન્ય ભિક્ષુકને પણ પાછો નથી ઠેલતો ત્યારે આ તો જગતગુરૂ મારી પાસે યાચના કરે છે. તો હું ગુરૂદ્રોહ કરી શું બે પ્રકારના અપરાધ કરૂં ? વળી બીજો અર્થ એ છે કે જ્યારે જગદગુરૂના માંગવાથી આપણે ભિખારી થઈ જઈએ તો પણ તે સદ્‌ભાગ્ય છે. તેથી બલિરાજાએ તુરત જ જલ લઈને ત્રણ ડગલાં ભૂમિ આપવાનો સંકલ્પ કર્યો. આ સંકલ્પ પૂરો થતાંમાં જ વામન પ્રભુ દેહ પ્રસારીને વિરાટ થઈ ગયા (૭)

અને આપ ભૂને માપવા લાગ્યા. બે ડગલામાં જ ત્રણે લોક મપાઈ ગયા. હવે વામનજી કહે એક બાકી રહેલું પગલું તુરત જ આપ તેં કહ્યું હતું ને કે ''દેહું તુરત હી હીરા-રતન ભંડારી'' કેમકે તને સત્ય વચન પ્રતિપાલકતાનો અહંકાર છે ને ! બે ડગલાં પૃથ્વી પોતાની કરી લેતાં દેવોએ જયઘોષ કર્યો કેમ કે હવે તેમને પોતાનું સ્વર્ગ પાછું મળશે. (૮)

ત્યારે બલિરાજા કહે હે સત્‌ગુરૂ ! આપે તો ''સત''નો ઉપદેશ આજે આપ્યો. અને આપ જ સત્‌રૂપ છો. હવે તો હું આપને નહિં છોડું. તેથી આપનું છેલ્લું ડગલું આ મારા દેહરૂપ ભૂમિ-પીઠ પર મૂકો. આપની પીઠમાં અમે દૈત્યો વસીએ છીએ, અમારું દૈત્યપણું આપ માપી લો. બલીએ પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દીધું. પ્રભુએ તેને પાતાળનું રાજ્ય આપ્યું. એટલે કે પ્રભુના ચરણ તળેનું રાજ્ય આપ્યું. તેને શરણાગતિનું રાજ્ય આપ્યું ! પા-તાલ ચરણ-તલ. (૯)

(૪૨) ધનાશ્રી ૨/૮ ૧/૨૧૬

વામન આયૈ બલિપૈ માંગન
અતી અનૂપ રુપ કહા કહીયે ઠાઢે પૌર કે આંગન ૧
પઢત વેદ ધુનિ કહત - સુકંઠન ગાવત મધુરે રાગન
સુનત રાગ મન લાગત નીકૌ બાલક ગનીયત જાગન ૨

સુન બલી રાજા મગન ભયે અતિ કહાં તે આયે ભાગન
વિદ્યા અધિક અગાધ અંબુનિધિ કોઉ પાવત થાગન 3
લીયે બોલ હોત યજ્ઞ જહાં લિયે કમંડલ હાથન
પરમાનંદ ચક્રત બલી રાજા કોઉ નહિં સંગ સાથન ૪

ભાવાર્થ :

આજે ભગવાને પુષ્ટિ-કૃપાના દરશન કરાવ્યા છે અને તે પણ મર્યાદા ભક્તને. ભક્તિ તો હજુ અપ્રકટિત છે, બલીની અંદર ! અહીં પ્રભુ પોતે વામન-નાના દેહધારી છે. જેથી સ્હેજે સમજાય કે બાળકમાં શક્તિ કેટલી ? અને સામે બલિ છે. જે ખૂબ જ બળવાન છે, તે પણ એટલો બધો કે ત્રણે લોકનો સ્વામી જબરદસ્તીથી થઈ બેઠો છે, દેવોને તેમના લોકમાંથી ભગાડી મૂક્યા છે. અન્યાયી છે, ભગવદ્ ઈચ્છાની ઉપરવટ ગયો છે. સર્વને સર્વ કંઈ આપનાર ભગવાન છે પણ બલીના મનમાં મદ છે કે હું સર્વને સર્વ કંઈ આપનાર છું. તેથી જાણે ભગવાનની બરોબરી કે વિશેષ પોતાને જાણે છે. આ સર્વ સંજોગોમાં પ્રભુ, કે જે કર્તુ અકર્તુ અન્યથાકર્તુમ છે, તે બલીરાજા સામે, બાળક રૂપે, બલહીન રૂપે, સૂક્ષ્મરૂપે તથા માંગણ રૂપે પધાર્યા છે. પ્રભુને ક્ષોભ નથી કેમકે આપ નિર્લેપ છે.

આપે બાળસૌંદર્ય એવું ધારણ કર્યું છે કે જેની ઉપમા આપવી અશક્ય છે અને બલીની પોળની બહાર મુખ્યદ્વાર પાસે આવી ઉભા રહ્યા છે. પોતાનો અધિકાર નથી જતાવતા અને વિનય બતાવે છે. રાજોચિત વ્યવહાર કરે છે. (૧)

હવે આપ ધીરે ધીરે પોતાની બડાઈ પ્રકટ કરે છે. આટલા નાના બાળક હોવા છતાં, વેદના મંત્રો બોલે છે અને તે પણ સુંદર કંઠથી અને મધુર રાગ પૂર્વક ગાય છે. આમ પોતાની મૂળ વાણી (શબ્દ-બ્રહ્મ)ને પૂર્ણરૂપથી પ્રકટ કરે છે. છતાં પણ દ્વારપાલ વ. આપના સ્વરૂપને નથી ઓળખી શકતા કેમ કે પ્રભુએ તેને રાગથી મોહમાં નાખ્યા છે. રાગ સાંભળતા જ તેનું મન આ અતિબાળ સ્વરૂપમાં લાગી ગયું, તેથી તુરત બલીરાજાને સમાચાર આપે છે. (૨)

ત્યારે બલીરાજા પણ આ સમાચાર માત્રથી - અનુવાદ માત્રથી મોહમાં પડી ગયા, અને બાળકનો સત્કાર કરવા દોડયા, કેમકે ''યજ્ઞભૂમિ પર વેદમંત્ર કરનાર બાળમુની પધાર્યા તે તો મારું ભાગ્ય છે.'' તેવું યજ્ઞાવેશમાં વિચારે છે. આ બાલમુનીમાં સમુદ્રની જેમ ખૂબ જ વિદ્યા છે અને ઉંડાણ-ગંભિરતા પણ છે. કે જેનો કોઈ પાર પામી શકે તેમ નથી. આમ વેદકર્મ કરતાં, રાજાને પ્રભુ કૃપાથી વેદજ્ઞાન થાય છે. (૩)

તેથી કહે છે, ''યજ્ઞભૂમિ પર પધારો.'' ત્યારે વામનજી હાથમાં કમુડલું ધારણ કરી પધાર્યા.

બલીએ જોયું કે આ મુની તો એકલા છે. તેમના સંગી શિષ્ય વ. કોઈ નથી. તેથી વિચારે છે કે આ તો પંડિત છે, મુની છે, વેદજ્ઞાતા છે અને યોગીની જેમ એકલા છે, છતાં બાળક છે. તેથી ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા. (ચક્રત) અહીં બલીરાજાને પરોક્ષ રીતે મર્યાદા-માહાત્મ્ય જ્ઞાન થતાં ભક્તિના અંકૂર ફૂટયા, કેમ કે તેને પરમાનંદરૂપ પ્રભુનો સાક્ષાત્કાર થયો છે ! (૪)

દાન

(૪૩) બિલાવલ ૧/૯ ૧/૨૩૧

દાન હી દાન કરી ન કમાની કહા પર્યૌ મેરે ખ્યાલ લલારે
જો હમ યહ વ્યૌહાર છોડી દે દહી મહી કૌ ભયે કહાં કે દાની ૧
કીજૈ નફા કો હોત હાની સોઈ સોનોં જાહુ જર જાતેં ટૂટે કાન
કૃષ્ણજીવન લછીરામ કે પ્રભુ પ્યારે તુમ વ્યોસૈ જૈસી હમ વ્યૌસાનર

ભાવાર્થ :

ગોપીને પ્રભુ સાથે અતીવ સ્નેહ છે તો બીજી બાજુ દહિં વ. ને વેચવું તે વ્યવહાર છે. આ બંને સાથે નભાવવા અતિ દુષ્કર છે. બંનેમાંથી એકને છોડી શકાતા નથી અને બંને સાથે નભતા નથી, તેની અવઢવ બતાવે છે.

'દાન' 'દાન' કરીને તો અમે કંઈ કમાયા નહિ. બસ હૃદય ખુશીથી ભરાઈ ગયું. પણ હવે થાય છે કે હે લાલા, મારા મનમાં એવો દાન ન દેવાનો વિચાર જ શા માટે બેઠો ? આ 'દાન'ના મીસે તો આપણા સ્નેહની આપ લે થાય છે. જો અમે આ દહીં-મહી વેચવાનો વ્યવહાર-વ્યવસાય જ છોડી દઈએ તો પછી તમે દાની કેવી રીતે બની શકો ? માટે આ વ્યવહાર પણ ચાલવો જોઈએ. (૧)

હવે નફો થાય કે ખોટ જાય, જે થાય તે સોના બરાબર. કેમકે જો આ વ્યવહાર જ નાશ પામે (જર જાત) તો તો આપણે મળવા માટેના એકબીજાને જે વચન આપ્યાં છે, તે જ તૂટી જાય. (ટૂટે કાન). દહીં વેચવાને મીસે તો અમે ઘર બહાર નીકળી શકીએ છીએ.

હે કૃષ્ણ, તમે તો અમારું જીવન છો. અને અમારું એક માત્ર (રામ) લક્ષ્ય (લછી) તો આપ (પ્રભુ) છો. એટલું જ નહિ, પ્યારા પણ છો. અમે જેમ આપના વ્યસની (વ્યૌસાન) છીએ તેવા જ વ્યૌસે આપ પણ છો. (૨)

વિશેષ ભાવાર્થ :

હે પ્રભુ આજ સુધી અમે દાન... દાન... એટલે દાન-પુણ્ય, લોકપરોપકાર વ. ને જ સ્વધર્મ સમજતા હતા. પણ અમને કંઈ પ્રાપ્ત ન થયું. અમારા ખ્યાલ-વિચારમાં આ સિવાય બીજો કોઈ સ્વધર્મ જ ન્હોતો. હવે તો અમારો આ (દહિ-મહિ) અહંતા-મમતા રૂપ જે સાંસારિક વ્યવહાર છે તે છોડી દેવા લાયક જ છે. અને અમે વળી દાની કેવા ? (ભયે કહાં કે દાની ?) કેમ કે વસ્તુના માલિક પ્રભુ છે પણ અમે તેને પોતાની જાણી અમારો દાની તરીકેનો યશ પ્રકટ કરતા હતા. આવું દાન તો નફો થોડો છે. (કીજે નફો કોં ?), આ તો નુકશાનનો ધંધો છે. (હોત હાની) કેમકે તેવા દાની થવાથી તો અહંકાર આવે છે અને સ્વામી દ્રોહ પણ થાય છે. તેમ થતાં જે હોય (પુણ્ય વ.) તે પણ ભષ્મ થઈ જાય છે. (સોનોં જાહુ જર જાતે). અને વધારામાં પ્રતિજ્ઞા ભંગ થાય (ટૂટે કાન), કેમકે બ્રહ્મસંબંધ વખતે સર્વ કંઈ પ્રભુનું છે તેવું નિવેદન અમે કરેલ છે. તેથી અમારા માટે દાની થવાને બદલે સમર્પિત રહેવું તે જ ઈષ્ટ છે. સમર્પણ એટલે કૃષ્ણ જ અમારું જીવન (ચતુઃશ્લોકી-ધર્મ, અર્થ, કામ, મોક્ષ વ. કૃષ્ણમય જીવન તે) જે (લછી) લક્ષ્મી-સંપત્તિ તે તો રામની, એટલે પ્રભુની છે. અમારા માટે તો 'તમે પ્યારા', બસ એટલું જ. તમે જેવા છો તેવા (વ્યૌસ) અમારા પ્યારા બની રહો અને અમે જેવા છીએ (વ્યૌસાન) તેવા જ આપના પ્રિય બની રહીએ એટલું જ ચાહીયે છીએ.

(૪૪) આસાવરી ૨/૧૦ ૧/૨૪૦

તેરે કોઉ હૈ રે કહૈયા સુનૈયા કન્હૈયા
દધિ મેરી ખાય મટુકીયા ફોરી ઓર પ્રાનનકે લીવૈયા ૧
હાર મેરો તોર્યૌ કમલકર મોર્યો
ઔર ફારી હૈ ઉરકી કંચુકીયા
ધોંધી કે પ્રભુ હાથ દૂર રાખૌ
જાનેંગી સાસ નનદીયા ૨

ભાવાર્થ :

ગોપી કનૈયાને ખીજાઈને કહે છે કે - તને કહેનારું સંભળાવનાર કોઈ છે કે ? એટલે કે તુ કોઈનું કહેલું સાંભળે નહિ તેવો ઢીઠ છે. કેમકે એક તો મારું દધિ ખાય અને પાછી મારી જ મટુકી ફોડે છે અને મારા પ્રાણ લેવા જ તુલો થયો છે. (૧)

કેમકે મારા ગળામાંનો હાર તોડયો. મારા કમલ સમાન કોમળ હાથને મરડયો અને મારા ઉરને ઢાંકતી કચુંકીને ફાડી નાખી. પ્રાણ લેવામાં બાકી શું રહ્યું ? ધોંધી કહે છે આ ઉપર કહ્યા તે ત્રણે નખરાં તમારા શ્રીહસ્તથી કર્યાં છે તેથી હવે તો હાથ દૂર રાખો... મારા સાસુ અને નણંદ જાણી જશે. તે ન જાણે તેમ, જે કંઈ કરો તેનો મને થોડો વાંધો છે ? (૨)

વિશેષ ભાવાર્થ :

આ જે કન્હૈયો વ્રજમાં પ્રકટ થયો છે તે જ તો પરબ્રહ્મ છે. તેથી તેને કહેવાવાળું - આજ્ઞા કરનારું કોણ હોઈ શકે ? અને સૌનો ઉદ્ધાર કરનાર, ભવસાગરમાંથી સારી રીતે સુખરૂપ પાર ઉતારનાર રૂપ નૈયા - સુનૈયા પણ તે જ છે.

જે ઈંદ્રિયોના રસ રૂપ (ગો-રસ) અમારો સ્નેહ છે, તે કદાચ વિકૃત થયો હોય. (દૂધની વિકૃતિ દહીં છે) એટલે કે સ્નેહમાં થોડો કામ, લોભ વ. મિશ્રિત થઈ, નિરપેક્ષ સ્નેહ ન રહ્યો હોય, તો પણ આ કન્હૈયો આપણા પર કૃપા કરવા તેનો સ્વીકાર કરે છે અને આપણી સંસારાસક્તિ રૂપ મટુકીઓને ફોડી નાંખે છે. વળી જેને આપણે પ્રાણ સમાન ગણીએ છીએ, તેવા પતિ-સુત-સ્ત્રી વ. પરિવારજનોને આપણાથી દૂર કરી દે છે. (પ્રાણન લીવૈયા). (૧)

આપણને હરાવનાર જે છે તે અહંકાર છે. તેવા મારા હાર - મારા અહંકારને આપે તોડયો. અહંકાર કંઠમાં રહે ! મારા મમત્વરૂપ હાથ છે તે મમતાને મેં બહુ પંપાળીને રાખી છે, કેમકે તે મારા માટે બહુ કોમળ છે. તે મારા મમત્વને મરોડીને, પ્રભુની દિશામાં વાળી દીધી. વળી મારા હૃદયમાં મારો જે આત્મા છે, તેની સાથે બિરાજેલ અંતર્યામી છે, તે બંને ય મને દેખાતા-જણાતા ન્હોતા. મને તો દેહ જ જણાતો હતો, તે આત્માની ઉપર જે એક અવિદ્યારૂપ કંચુકી આવરણ હતું તે આપે ફાડી નાખ્યું અને મને સ્વ અને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન દર્શન કરાવી દીધું. અથવા આપે મને અભય કરી દીધો કેમ કે કંચુક-સાપ-કાળને આપે મારા હૃદય પરથી દૂર કર્યો. તેથી મારો ભય ચાલી ગયો. હે પ્રભુ, આ જે માર-ફાડ-તોડનું કામ તો આપ આપની ક્રિયાશક્તિ વડે કરો છો અથવા સંકર્ષણ વ્યૂહ દ્વારા કરો છો. તે વ્યૂહને દૂર રાખો. (પ્રભુ હાથ દૂર રાખો) અને સાસ-નનદ એટલે મારા-આપના સંબંધના વિરોધી તેવા બહિર્મુખોમાં જેવી જ્ઞાનશક્તિ (જાનેંગી) છે તેવા આસુરી જ્ઞાનથી (કંસે જે જ્ઞાન વચનો કહ્યા હતા તેવા) પણ મને બચાવો, એવી મારી આપને પ્રાર્થના છે. (૨)

ગુજરીયા બાવરી ભઈ કૈઈ બેર ગઈ દાન માર
આજ ગહન પાઈ નંદકી સૌં લૈહોં દિન દિન કો નિરવાર ૧
જો કબહૂ આઈ હૈ યહી મારગ સપત લીજૈ હોં લાલન
નાતર બૂઝીયૈ જુ મેરે સંગકી આગેં જાત ગુવારી ૨
સબ સખીયનમેં ગહિ રાખી **ગોવિંદ** પ્રભુ
મન મનાય લીજૈ જાન દીજૈ નારી પનાર 3

ભાવાર્થ :

વનમાં આ નૂતન મુગ્ધભાવવાળી ગોપીને પ્રભુએ અટકાવી અને કહે છે - અરી ગુજરીયા, બ્હાવરી જેવી થઈને નાટક કરી રહી છે? અમારું દાન ચૂકવીને જ અહીંથી કોઈ પણ જઈ શકે છે અને તું તો કેટલી બધી વાર અમારું દાન મારીને છટકી ગઈ છે. આજે ખરી પકડાઈ ગઈ! મને નંદજીના સોગંદ છે, આજે તો નક્કી એક એક દિવસ ગણીને દાન વસૂલ કરીશ. (૧)

આ ગોપી તો નવી છે. તેને તો કંઈ આ વાતમાં ગતાગમ ન પડી. તે આ ઓચિંતા હુમલાથી બઘવાઈ ગઈ, તેથી સત્ય કહેવા લાગી કે હું તો આ મારગેથી આ પહેલાં કદી આવી જ નથી, હું શપથપૂર્વક કહું છું. (૨)

હે લાલન ! જો તમને મારી વાત પર ભરોસો ન પડતો હોય તો આગળ જે ગ્વાલનો નિકળી ગઈ છે તેમને બોલાવીને પૂછી લો ! પરંતુ પ્રભુનાં નેત્રોનો ભાવ સમજી જઈને, તેને લાગ્યું કે આ નંદકુમાર આજે એમજ નહિ જવા દે... ત્યારે કહે છે - આટલી બધી સખીઓમાં એક મને જ પકડી રાખી ? હે ગોવિંદ ! હે પ્રભુ ! હું તો તમારી ગાય (શરણાગત) છું કેમકે તમે ગોવિન્દ છો. અને હવે તો તમે તમારા મનમાં આવે તે કરવાના છો, તો કરો, કેમ કે તમે પ્રભુ છો. જે જોઈએ તે લઈ લ્યો. પણ મને જવા દો અથવા મને જાન-પ્રાણનું દાન દ્યો. હું તો નારી છું અને બીજાને પનારે પડેલ પરવશ છું, જેથી મારા પર એટલી કૃપા કરો. (૩)

વિશેષ ભાવાર્થ :

ગુજરીયા (ભટકી ગયેલો - ભટકી રહેલ જાતિ) તેવો આ જીવ બ્હાવરો છે. એટલે કે એને કરવા યોગ્ય કે નહિ કરવા યોગ્યનું જ્ઞાન નથી. પોતાનું કે પ્રભુના સ્વરૂપનું

જ્ઞાન નથી. ક્યારેક સદ્સંગ મળી જાય ત્યારે પ્રભુનું સ્મરણ-સેવા કરવાં તેમ વિચારીને, પાછો વિષયાસક્તિને કારણે અમલમાં નથી મૂકતો. તેથી કૃપાળુ પ્રભુ કહે છે, ''કઈ બેર ગઈ દાન માર.'' પરંતુ આજે અચાનક જ પ્રભુની કૃપાદષ્ટિની અડફટમાં આવી ગઈ. ''આજ ગહન પાઈ'' તેથી પ્રભુ પોતાની પ્રતિજ્ઞા તેને સંભળાવે છે, ''દેવી જીવોનો ઉદ્ધાર તે મારી અભિલાષા છે અને હું કૃતબદ્ધ છું.'' તેથી આજે તો તું જેટલી વાર ભૂલી છે, તેટલીવાર હું તને આ માર્ગમાં દઢ કરી દઈશ.

જીવ કહે છે - મેં તો આ ભક્તિમાર્ગનું નામ સુધ્ધાં જાણ્યું નથી. આજે જ આ પુષ્ટિભક્તિવનમાં પ્રવેશ થયો. આપ સાથે મારો ભેટો થયો જ નથી. કેમ કે જીવમાં ભગવદાસક્તિ કે સ્નેહ સુદ્ધાં નથી તેથી તેને પ્રભુની યાદ નથી આવતી. સહસ્ત્ર પરિવત્સરથી ભટકી ગયો છે ને ! પણ પ્રભુ તો દૈવીજીવને ઓળખે છે. જીવ કહે છે - આ બીજી મારી પ્રવાહી સખીઓને પૂછો.. પ્રભુ કહે છે - તેમને તો હું ક્યારેય યાદ આવવાનો નથી, કેમકે તેમની ગતિ જન્મ-મરણની છે. પણ તું ભટકી ગયેલ દૈવી છે, માટે આટલા બધામાંથી માત્ર તને પકડી લીધી છે. પ્રભુની આવી વાણીનો (શ્રીવલ્લભ સ્વરૂપનો) સ્પર્શ થતાં જ જીવનાં અવિદ્યાનાં કોચલાં ખરવા લાગ્યા. તેની સ્મૃતિ પાછી વળી અને તે બોલી, ''હા... આ તો ગોવિન્દ કે જેણે અમ વ્રજવાસીઓ પર, કૃપા કરી ગિરિરાજ ધારણ કરીને, અમને દુઃખમાં સાંત્વન આપ્યું હતું. એમને આશ્રયે અમે સાત સાત દિવસે હતા. તેથી તો એ પ્રભુ. વળી ઈંદ્રયાગ પછી સર્વ આજ્ઞા અમે માથે ધરી છે. તે તો અમારા પ્રભુ-નાથ છે. અમારા મનનું તેમનામાં નિરોધ કરી લેનાર (મન મનાય) છે. હે ગોવિન્દ પ્રભુ ! આપ લઈ લો. જે મનમાં આવે તે સર્વ લઈ લો (લીજૈ). અરે આપના ચરણોમાં અમારી જાન (પ્રાણ) ધરી દઈએ છીએ. (જાન દીજૈ). અમારે, અમારું છે શું ? કેમકે અમે તો નારી છીએ. જેની પાસે કશું નથી તેવાં નારી (ના રહ્યું) છીએ. અમે આપના શરણાગત છીએ, આપને પનારે પડયા છીએ, એટલે કે પરાધીન છીએ, દીન છીએ. વિશેષ કહેવા અમારું કંઈ સામર્થ્ય નથી.

ભક્તિ - માહાત્મ્ય જ્ઞાન સહિત પ્રભુ પ્રતિ સ્નેહના એક સ્થાયી દઢભાવવાળા સ્નેહની અંદર સાત્વિક રૂપ સંચારી ભાવ કે જે દાસભાવાદિમાં હોય, કે રાજસ સંચારી ભાવ કે જે બાલભાવાદિમાં હોય કે તામસરૂપ કાન્તભાવરૂપ સંચારી ભાવ હોય. પ્રભુને જે ભાવ સાથે ખેલવું હોય તેની સાથે ખેલે પણ તે પ્રત્યેકમાં ભક્તિભાવ તો જોડાયેલો જ હોય. એક ભાવમાંથી બીજા ભાવમાં પ્રવેશ માટે બારી ખુલ્લી હોય પણ ભક્તિભાવમાંથી બહાર નીકળવાની બારી ન હોય.

(૪૬) દેવગંધાર ૪/૧૨ ૧/૨૧૯

હમારૌ દાન દૈ હો ગુજરૈટી[1],
બહુત દિનન ચોરી દધિ બેચ્યૌ આજ અચાનક ભેટી ૧
અતી સતરાત[2] કહાધોં કરૈગી બડે ગોપકી બેટી
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ભુજ ઓઢણી લપેટી ૨

ભાવાર્થ :

પ્રભુ ગુર્જરજાતની આહિરણીને પોતાની જાત યાદ કરાવીને પોતાનું યાદવપણું-અધિકારપણું બતાવે છે અથવા નંદરાય ગોકુલના રાજા છે જેથી અધિકાર જતાવે છે અથવા જીવને પોતાનું તુચ્છપણું અને અંશપણું બતાવી તેનું સહજ કર્તવ્ય યાદ કરાવે છે કે અમારો ભાગ આપીને જ તારે વાપરવું તે વૈદિક મર્યાદા છે અને પુષ્ટિપ્રકારે તો તારું સર્વસ્વ સમર્પીને પછી પ્રભુ જે પ્રસાદ આપે તેને ભોગવવાનું છે. પરંતુ જીવ અવિદ્યાવશ કે ગોપી અજ્ઞાનવશ તે ભૂલી ગઈ છે, જેથી પ્રભુ તે સામેથી માંગે છે.

અહીં કનૈયો કહે છે, ''અમારો ભાગ ચૂકવ્યા વગર આજ સુધી તેં ઘણું બધું વેચ્યું છે, તે મારા ધ્યાનમાં છે, પણ તે તો હું માફ કરી દઉં છું પણ વળી તું તો મારાથી છૂપાઈને વેચી દે છે.

હવે પ્રભુ સ્વરૂપે કહે છે-આ પૂરું જગત મારા અધિકારનું છે કેમ કે મારું બનાવેલ છે, તે હું જ છું તેથી તારે મારી આજ્ઞા વગર ન વાપરવું જોઈએ. મારાથી તે છૂપાવ્યું તે તો તારી ભ્રમણા છે, હું તો બધે પરબ્રહ્મ રૂપે તથા સર્વની અંદર પરમાત્મા રૂપે છું, તેથી હું જાણું છું કે તેં ઘણું બધું વેચ્યું છે. પરંતુ હે ગ્વાલિની આજે અચાનક - અનાયાસ તું અને હું, સામ-સામે આવી ગયા છીએ, ત્યારે તારી ચોરી પકડાઈ ગઈ છે માટે અમારું દાન આપી દે.

પ્રભુ જીવને કહે છે કે - આમ તો તું બહિર્મુખ છે પણ આજે મારી સહજકૃપા વશ, તારી અનિચ્છા છતાં મારી સન્મુખ થઈ ગયો છે, તો પછી તારી અહંતા-મમતાસ્પદ ચીજો કે જેને તું તારી માને છે, પણ હકીકતમાં તે મારી છે. (તે હું છું) તે મને સમર્પીને, તું હલકો-ખાલી થઈ જા - તે જ તો મુક્તિનો ઉપાય છે. સદૈવ મારી કૃપા પ્રાપ્તિનો આ ઉપાય છે. (૧)

---

૧. આહિરણ ૨. ખીજાઈને

જ્યારે હું મારા અધિકારવશ માગું છું ત્યારે વૃષભાનજીની બેટી, બડે ગોપકી બેટી હોવાના કારણે તું ગુસ્સે થાય છે, ખિજાય છે પરંતુ તેથી મને કંઈ ફરક નહિ પડે અને તું શું કરી શકવાની ? તારું બળ ચાલવાનું નથી.

પ્રભુ જીવને કહે છે તારામાં રહેલો (ક્રોધ) અહંકાર, તને સમર્પણ કરતાં રોકે છે. કેમકે તને તારા સામર્થ્યનું અભિમાન છે. કુલાભિમાન, દેહાભિમાન, ઈંદ્રિયાભિમાન આમ વિવિધ અધ્યાસોને લીધે તને સત્યપ્રકાશ થતો નથી. તને મારા સ્વરૂપનું યથાર્થ માહાત્મ્ય જ્ઞાન થતું નથી. પરંતુ જો હું આ તારા સામર્થ્યાભિમાન, અહંભાવ કે તારી માનેલી ચીજો (મમત્વ)ને લઈ લઉં તો તું કંઈ જ કરી શકે તેમ નથી.

જો ને, બલીએ મને વામન માન્યો પણ મેં વિરાટ બની તેનું સર્વસ્વ આંચકી લીધું અને તેના અભિમાન રૂપ પીઠ પર ચરણ ધારીને તેને શરણમાં લીધો. આ મારું પ્રમેયબળ સર્વ બળોથી ઉપર છે.

કુંભનદાસ કહે છે, ‘‘ઓ હો ! આ પ્રભુ તો ગોવર્ધનધારી છે. તેમણે તો ઈંદ્રના અભિમાનનું મર્દન કર્યું હતું અને તે દંડવત્ કરીને આપના ચરણમાં પડયો હતો. ગોવર્ધનને ઉઠાવી પ્રભુએ પોતાનું સામર્થ્ય વ્રજવાસીઓ સમક્ષ પ્રકટ કર્યું હતું. તે આ વ્રજબાલાઓ કેમ ભૂલી ગઈ ? પ્રભુએ પોતાની ભૂજાથી જ ગિરિરાજ રૂપે ભોજન કર્યું હતું, તે પણ ભૂલી ગઈ ! અને તે પ્રભુના આધારે તેઓ ન્હોતા ? તેવા પ્રભુએ ફરી એકવાર કૃપા કરીને પોતાની ભૂજાથી આ ગોપીને લપેટી લીધી. પ્રભુ જ તેની ઓઢણી બની ગયા.

પ્રભુ-ઈશ્વર છે, તે તો જીવની પાસે કોઈ ચીજ-વસ્તુ નથી માંગતા કેમકે તેમને તેની જરૂર નથી તે બધું તો તે પોતે જ બન્યા છે અને તેથી તો આપ નિર્ગુણ-નિરપેક્ષ છે. પરંતુ તેવા ભક્તના ભાવની પ્રેરણા રૂપ આપ બનીને ભક્ત પાસે ‘ભાગ’ની માંગણી કરે છે કે અપેક્ષા રાખે છે. પરંતુ અતિપ્રિય તેવો ભક્ત અજ્ઞાનવશ આપના સ્વરૂપને નથી જાણતો, તો પણ પ્રભુ તો તેને ચાહે છે. તેથી પોતાના સામર્થ્ય રૂપ ભૂજાથી તેને લપટાઈ જાય છે, જેથી તેને પ્રભુના માહાત્મ્યનો સ્પર્શ થાય. આમ તેની ભક્તિ પૂર્ણ થાય. કેમ કે સ્નેહ તો તેની પાસે છે જ. આ, ભક્ત-ભગવાનની સ્નેહસભર લીલા છે. તે ગૌપ્ય છે તેથી પ્રભુ ઓઢણીરૂપ બની જાય છે. આમ જે દાન માંગનાર છે તે પહેલાં દાન આપી બેસે છે અને પછી પોતે જ આવેશ વશ દાન લે છે.

પ્રભુ વ્રજભક્તોનો નિરોધ સિદ્ધ કરે છે અને તેમ કરીને સ્નેહનું દાન, માંગીને લઈ લે છે. આપે તો પણ અને ન આપે તો પણ! સાત્વિક, રાજસ કે તામસ જે પણ પ્રકારે આપે તે પ્રકારે સ્નેહ માંગી લે છે. (૨)

કૃપા અવલોકની દાન દૈરી મહાદાની વૃષભાન કુમારી
ત્રિષિત લોચન ચકોર મેરે તુવ વદન ઈંદુ કિરન પાન દૈરી ૧
સબવિધિ સુઘર સુજાન સુંદરી સુની વિનતી તુ કાન દૈરી
ગોવિન્દ પ્રભુ પિય ચરણ પરસ કહ્યૌ યાચકકો તૂ માન દૈરી ૨

ભાવાર્થ :

અહીં પ્રભુ દાણ નથી માગી રહ્યા પણ દાન માગી રહ્યા છે. કેમકે આપની ભાષા અતી વિનમ્ર સાત્વિકભાવ યુક્ત છે. પ્રભુ કહે છે, ''હે મહાદાની વૃષભાન કુમારી! તું મારા તરફ કૃપાદૃષ્ટિ કરીને દાન દે.''

અહીં વૃષભાન કુમારી કહે છે, એટલે કે વૃષભ કહેતાં આખલો જે ગાયોનો સ્વામી છે. ગો-ગાય-ઈંદ્રિયધારી. સર્વ ઈંદ્રિયધારીના સ્વામી કે જે ભાનુ-સૂર્ય સમાન તેજસ્વી છે. તેવાની કુમારી. વૃષભ અને સૂર્ય બંને દાન દેવામાં ઉદાર છે. માટે તારે પણ દાન અવશ્ય દેવું જોઈએ. જેના પર કૃપા વરસે ત્યાં દાન થાય. તેથી મારા પર કૃપા વરસાવીને દાન આપો, કૃપા માટે કોઈ કારણ નથી હોતું. તેથી કંઈ પણ ધ્યાનમાં રાખ્યા વગર દાન કરો. દાન શા માટે કરવું જોઈએ ? મારા નેત્ર ચકોરની જેમ તૃષિત છે. વૃષભ તો ધર્મનું સ્વરૂપ છે, જેથી ધર્મ સમજીને પણ તૃષિત પર દયા કરવી તે સહજ કર્તવ્ય છે. દાનમાં શું જોઈએ ? જેમ ચકોર ચંદ્રના કિરણોને ચાહે છે તેમ હું પણ તારા વદન ઈંદુના દર્શન કરવા ચાહું છું, તેથી તારા વદનકમળના દર્શન કરાવી મારી તૃષા છીપાવો. (૧)

વળી તૂ તો સર્વ પ્રકારે સુડોળ-સુંદર, સમજદાર સ્ત્રી છે. મારી વાતને કાને ધરો. ધ્યાનમાં લો.

આમ પ્રભુએ શ્રીરાધિકાજી રૂપ દાન પ્રાપ્ત કરવા માટે કોઈ ઉપાય છોડયા નહિ, પહેલાં વાણીથી કૃપા ચાહી, પછી ચકોરનું ઉદાહરણ આપીને દયા ચાહી, સ્વરૂપ-બુદ્ધિ-સમજદારીની કીર્તિ ગાઈ, હવે છેલ્લે, આ ગોવિન્દ પ્રભુ કે જેના શરણે દેવોનો અધિપતિ આવ્યો હતો, ત્યારે પ્રભુ (ગોવિંદ) તેના દોષોને વિસરી જઈ તેને માફ કરી સ્વર્ગનું રાજ્ય કરવાની છૂટ આપી હતી. તેવું વિચારીને, આપ કે જે પ્રભુ છે, સ્વામી છે, માલિક છે તે શ્રીરાધિકાજીના ચરણસ્પર્શ કરીને પછી ખૂબ જ વિનમ્ર ભાવથી આપ વિનતી કરે (કે શરણાગત થયા પછી યાચના કરે) તો પછી

માન પોતાની પાસે રાખ્યા વગર સામે વાળાને (સન્) માન આપવું જોઈએ. મતલબ કે તેની વાત સ્વીકારવી જોઈએ.

આમ, પ્રભુએ અહીં, અતિ કૃપણ પ્રકારે સાત્વિક ભાવને સ્વીકાર્યો છે. (૨)

(૪૮) સારંગ ૬/૧૪ ૧/૨૪૮

કાન્હ એસો દાન ન માંગીએ, મોપે દિયો ન જાય
જો રસ ચાહો સો રસ નાહીં ગોરસ પીઓ અઘાય ૧
જાય કહો જસોદાજૂ કે આગે રહોગે બદન છિપાય
સૂરદાસ પ્રભુ છાંડી અટપટી મટુકી વ દે હો મંગાય ૨

ભાવાર્થ :

ગોપી કાન્હના મનની વાત જાણી ગઈ છે. કેમકે તે કાન્હની અંતર્યામી છે. કાન્હનો આત્મા છે. ગોપીને તે અતિ પ્રિય છે. તેથી ગોપીના આત્મા કાન્હ છે. આમ બંને પરસ્પરના અંતર્યામી છે, આત્મા છે. તેથી બંનેમાં અભેદ છે. પરંતુ એક અંશ છે અને બીજા અંશી છે.

ગોપી કહે છે હે કાન્હ! આપ એવું દાન ન માંગો કે જે આપવા મારું સામર્થ્ય ન હોય ? કેમ કે આપ મારા દેહ ઈંદ્રિયોના ભોક્તા બનવા ચાહો છો, પણ તે તો પ્રાકૃત છે અને આપ તો અપ્રાકૃત છો. હું મારા દેહ-ઈંદ્રિયોને અપ્રાકૃત કરી શકું તેવું મારું સામર્થ્ય નથી.

જેમ બલિના દ્વારે આપે બ્રાહ્મણ વામન વેશે માંગ્યું. તે દાન આપની કૃપાથી બલિ માંડ માંડ આપી શક્યો. જગદ્‌ગુરૂ યાચના કરે અને ન આપે તો પ્રભુ દ્રોહ, ગુરૂ દ્રોહ અને બ્રાહ્મણ દ્રોહ થાય અને અહીં તો સખ્ય દ્રોહ થાય.

વળી આપ તો ઉત્તમ રસના ભોક્તા છો. આપ જે આનંદ રસનું પાન કરનારા છો, તે તો મારામાં તિરોહિત છે. હાં જો આપે ગો-રસ, દૂધ-દહીં-માખણ વ. આરોગવા હોય તો હું પેટ ભરીને આરોગાવું (૧)

પરંતુ જો આપ આપની વાતને છોડવા ન જ માંગતા હોવ, તો પછી અમે જશોદાજીની પાસે જઈને વાત કરીએ, તે વખતે આપે મોઢું સંતાડવું પણ ભારે પડશે.

એટલે કે આપ શ્રીમહાપ્રભુજીની મેડનો ભંગ અમારી પાસે કરાવવા માંગતા હો

તો અમે આપનો યશ જગતમાં જેમણે પ્રકટાવ્યો છે તેવા યશો-દા રૂપ મહાપ્રભુજીને વિનંતી કરીએ, પરંતુ તે વખતે તો આપ સન્મુખ ઠાડા નહિ રહો અને આપના બદન (વદન) કમળરૂપ મહાપ્રભુના હૃદયમાં છૂપાઈ જશો. સન્મુખ ઠાડા નહિ રહો કેમ કે મર્યાદા પ્રકટ કરનાર પણ આપ છો.

ગોપી કહે છે હે કાન્હા, આ બધો અટપટો ખેલ હમણાં રહેવા દે. અમોને લાયક થવા દે. શરદ સુધી રાહ જુઓ. હું આપના માટે મટુકી લાવી મંગાવું છું. મટુકી પણ અમારા દેહેન્દ્રિય છે તેમ રૂપક સમજી તેમાંનું દહીં આરોગો. (મટુકી વ દેહો)

(મટુકી વ દે હો મંગાય - મટુકી મંગાવીને લાવી દઉં.)

જીવ કહે છે - અમે તો સૂર-દૈવી છીએ તેબરાબર પણ દાસ તો ખરા ને ! અને આપ તો સ્વામી-પ્રભુ છો. માટે આપની આ નટલીલા છે તે અટપટી છે અમને પાલે નથી પડતી માટે તે છોડો અમને તો વરલીલા સમજાય છે. તેથી પહેલાં આ અમારો મટકી સમાન ક્ષુદ્ર દેહ છે તેને આપ આપને લાયક બનાવો. (મંગાય) તેવી કૃપા અમારા પર કરો. (૨)

(૪૯) નટ ૭/૧૫ ૧/૨૫૦

કહૌ જુ દાન લૈહો કૈસે
દૂધ દેહીં કૌ દાન કબહૂ ન સુન્યૌ કાન માનૌ લોંગ લાદી કાહૂ જૈસે ૧
આપુહીતે લેત કીધૌ કોહૂ લીખ દીનૌ સમુઝીવૌ ધો તૈસે
ગોવિન્દપ્રભુ તુમેં ન ડર કાહૂં કૌ વ્રજરાજ કુંવરવર તાતેં ગાલ મારત ઘર વૈસે ૨

ભાવાર્થ :

પ્રભુ દૂધ-દહીંનો દાન લેવાને મીસે ગોપીને ઊભી રાખી દે છે ત્યારે ગોપી વિવાદ કરે છે.

કયા પ્રકારથી તમે દાન માંગો છો તે તો કહો. આજ સુધીમાં દૂધ-દહીં ઉપરનું દાન અમે તો ક્યારેય સાંભળ્યું નથી. શાસ્ત્રમાં છે ક્યાંય ઉલ્લેખ ? જાણે કે અમે લવીંગ વ. બોધરણામાં ભરી ભરીને જતાં હોઈએ તેમ તમે તો માંગો છો. (૧)

જો તમે લો છો તેમ કહો છો તો એ તો બતાવો કે દાન લેવાનું કોઈએ લખી આપ્યું છે. ? અધિકાર છે ? તે તો અમને સમજાવો.

એટલે અહીં ગોપી બે વાત કહે છે કે દૂધ-દહીંનું દાન ન હોય અને બીજું તમને

તેવો અધિકાર નથી, એ આ બંને વાતનો તમારી પાસે કોઈ જવાબ નથી. હું જાણું છું પણ તમે તો ગોવિન્દ પ્રભુ એટલે કે સર્વના માલિક હોવ તેમ કોઈનો ડર નથી. અને વ્રજપતિનંદરાયજીના પ્રિય પુત્ર છો તેથી જેમ પોતાનું ઘર હોય તેમ મારગમાંય બકવાસ કરો (ગાલ માર) છો. (૨)

વિશેષ ભાવાર્થ :

દાન-દાણ - સમર્પણનો અર્થ લઈએ.

જીવ પ્રભુને કહે છે કે અમારું સમર્પણ ક્યા પ્રકારે શક્ય બને ? આપ તેનો સ્વીકાર કરો તે માટેનો કોઈ પ્રકાર અમને જણાતો નથી.

પ્રભુ તો સર્વ ઉત્તમ વસ્તુને ધારણ કરનારા છે કેમ કે સર્વના સ્વામી છે, સર્વ કંઈ તો આપનું છે. આપ અમારી પાસેની તુચ્છ દૂધ-દહીં જેવી ચીજથી પ્રસન્ન થાઓ અને અમને પોતાના તરીકે સ્વીકારો તેવું ક્યાંય, કથા-વાર્તામાં સાંભળ્યું નથી. અમારી પાસે તો કોઈ જ કિંમતી ચીજો (લોંગ-લવીંગ વ. તેજાના) છે નહિં.

આ પ્રકારની કૃપા તો માત્ર આપ (પરબ્રહ્મ તેવા ભગવાન કૃષ્ણ) જ કરે છે. તેવું અમને કોઈકે (ગોપીઓએ) કહ્યું છે પણ કહેલું કેમ મનાય ? ક્યાંય શાસ્ત્રમાં લખ્યું હોય તેવું પ્રમાણ છે ખરું ?

આપ જ તો સર્વનું રક્ષણ કરવાવાળા છો. આપથી મોટું કોઈ નથી અને આપ તો અમ્ ઈંદ્રિયધારીના રક્ષક-નાથ છો, અમે આપને શરણે છીએ. આપ અભય છો જેથી અમારો ભય દૂર કરો. આપ (વ્રજરાજ) નિઃસાધન ભક્તો માટે તો પ્રકટયા છો તેવા અમારા નાથ છો. (કુંવર-વર) કું વર (બીજો કોણ અમારો વર હોઈ શકે ?) વર-આપ જ તો શ્રેષ્ઠ છો - સ્વામિ છો. અમને તલસાવો છો (ગાલ પર ટપલી મારીને) કેમ કે આપનો તેવો હક્ક જતાવી બતાવો છો કે તું અમારી છે. (ઘર જૈસે) આમ આપે અમારું સમર્પણ સ્વીકાર્યું, તે ઈશારાથી સમજાવી દીધું. પારકાના ગાલે ટપલી થોડી મરાય ?

(૫૦) ગૌરી ૮/૧૬ ૧/૨૫૩

અહો બિધિના તો પૈ અંચરા પસારી માંગો
જનમ જનમ દીજે યાહી વ્રજ બસીબૌ
અહિરકી જાતિ સમીપ નંદઘર
ઘરી ઘરી ઘનશ્યામ હેર હેર હંસીવો ૧

દધિ કે દાન મિસ વ્રજ કી વિથીન મેં
ઝકઝોરન અંગ અંગ કો પરસિબો
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ
શરદ રૈન રસ રાસકૌ બિલસિવૌ **૨**

ભાવાર્થ :

છીતસ્વામીજી આ વ્રજાંગનાઓના પરમ ભાગ્યનાં દર્શન કરીને પોતે વિધાતા પાસે માંગણી કરે છે. (વિવેકધૈર્યાશ્રયમાં માંગવાની ના કહી છે. નવરત્નમાં અન્ય દેવ સમક્ષ માંગવાની ના કહી છે. પરંતુ આ વ્રજરત્નાઓના આવેશમાં તથા ભગવદ્‌સુખાર્થ, લીલા સંબંધિ માંગણીમાં સર્વ કંઈ નિયમો-બોધ ડૂલ થઈ જાય છે.)

વિધાતા સમક્ષ ખોળો પસારી-ફેલાવીને માંગે છે, ખૂબ જ આજીજીપૂર્વક માંગે છે. કે આ વ્રજમાં જ હું જનમોજનમ વિતાવું માટે મને ત્યાં જ જનમ આપજે અને તે પણ અહિર લોકોના ઘરમાં અને નંદબાબાના ઘરની નજીકમાં. આહિરના ઘરે જનમ દેજે કે જેના કારણે વારંવાર આ ઘનશ્યામને બોલાવું, તેની સાથે હળું-મળું અને તેની સાથે હંસી-મજાક વાર્તા કરું. પ્રભુ સાથેનું સખ્ય ઈચ્છયું છે (વિધાતા સ્વયં પોતાને દુર્ભાગી સમજે છે, કેમકે તેમને વ્રજવાસ નથી મળ્યો !) (૧)

દધિદાન પ્રભુ માંગે અને અમે આપીએ નહિં. આ રકઝક વ્રજની ગલીઓમાં ચાલે, આ નટલીલાની મજા લઈએ અને તેથીય વિશેષ આપના અંગે અંગનો સ્પર્શ (પરસિબો) કરવાનો લાભ મળે. આપનું પ્રત્યેક અંગ રસરૂપ છે, તેથી રસાનુભૂતિનો લ્હાવો મળે.

છીતસ્વામી કહે છે - મારો તો સ્વાનુભવ છે કે આ જે વિઠ્ઠલ છે તેમણે (ગુંસાઈજી રૂપે) મારા પર છાયા કરી છે, મારા માટે ગિરિરાજ બન્યા છે, ગિરિધર બન્યા છે, હું આપનો આશ્રિત છું. તે જ મને વ્રજમાં શરદની રાત્રીઓ આવશે ત્યારે રસ-સમૂહનો ઉત્સવ મનાવી મને વિલાસ કરાવશે અને રસદાન કરશે. મને પરમફલનું દાન કરશે.

મીઠો ઝઘડો કરીને જે દહીં વ. અમારાં લીધાં હતાં તે બધાંનું કરોડો ઘણું કરીને ચિરંજીવ આનંદ રૂપે પાછું વારશે. તે દિવસે દાન તે આપશે કે જે આજે દાન લઈ રહ્યા છે. (૨)

દધિ ન બેચીયે હમારે કુલ એ તો
તુમસોં સૌ સૌ બાર કરી નહીયાં
જો પૈ દધિ બેચિયૈ તો તુમતેં કો લેવા હૈ
સુની વ્રજરાજ લાડીલે લલન
કીતબ ગહત હો બહીયાં ૧
ખરીક દુહાયે ગોરસ લીયેં જાત આપ અપને ભવન
તાકૌ દાન માગત કહા અબ કહીયે ઈન સઈયાં
ગોવિન્દ પ્રભુસોં કહત પ્યારી કી સખી ચલૌં જુ નેકું
બેઠી રાની જસોમતિ જહીયાં ૨

ભાવાર્થ :

ગોપીઓ પાસે પ્રભુ, દૂધ-દહીં વ. નું દાન જબરદસ્તીથી માંગે છે. ત્યારે ગોપીઓ કહે છે.

દધિ વેચવું તે તો અમારી કુલપરંપરાનો વ્યાપાર છે. તમોને સેંકડોવાર કહ્યું છે કે ‘‘દધિ-દહિં નહિં વેચવાનું’’ તો અમારાથી નહિ બને. આવી કડક વાત તામસ ગોપીએ સંભળાવી દીધા પછી, કોઈ રાજસ ગોપી થોડા હળવા સૂરમાં કહે છે. કે- હે લાડીલા, લલન, દધિ વેચવું તે તો અમારો મામલો છે, તેમાં તમારે શું લેવા દેવા ? અમને તેમ કરતાં શા માટે રોકો છો ? (કીતબ ગહત હો બહીયાં)(૧)

હવે સાત્વિકી કહે છે - અમારી ગાયો, અમારું ખીરક, અમે ત્યાં જઈને દૂધ દોહી લાવીએ અને અમે પોત-પોતાને ઘેર લઈ જઈએ. આમાં તમે શું કર્યું કે જેનું તમે દાન માંગો છો ? હે સખી, આને કયો ન્યાય કહેવો ?

ગોવિન્દ પ્રભુ કે જે સર્વના રક્ષક-અધિપતિ છે તેમને સંભળાવતાં શ્રી રાધાજીના સખી લલિતાજી પોતાની અન્ય સખીઓને કહે છે - કે આનો ઉપાય મારી પાસે છે. ચાલો... હમણાં જ જસોમતિજી જ્યાં પણ હોય ત્યાં જઈએ અને આ વાત કરીએ...

વિશેષ ભાવાર્થ :

દૈવીજીવ છે પણ હજુ તેનામાં ભક્તિ પ્રકટ થઈ નથી. તેને પ્રકટાવવા માટે પ્રભુ કૃપા કરીને અનેક પ્રકારે જીવની સન્મુખ કે પરોક્ષ રીતે ભિન્ન ભિન્ન રૂપે પધારે

છે. અને જીવની અહંતા-મમતાને માંગે છે પણ જીવ અહંતા-મમતાનું પ્રભુમાં સમર્પિત કરવાની ના પાડે છે. દરેક વખતે કહે છે - આ સંસારમાં પલવું એ તો અમારી જનમો જનમની પરંપરા છે. અમે સંસારમાં રહીયે તેમાં આપને શું લેવા દેવા ? આપ શા માટે વારંવાર અમારી આ મજામાં દખલગીરી કરો છો ? તમે અમોને લાડ લડાવો છો તેથી અમે આપની પૂજા વ. વિધિ તો કરી લઈએ છીએ!

જે કંઈ ચીજ-વસ્તુથી અમે આનંદ ભોગવીએ છીએ તે બધી તો અમારી કમાયેલી છે. (જીવ ભૂલી ગયો છે કે સર્વ કંઈ પ્રભુનું છે.) તે જ તમે સર્વ કંઈ માંગી લો, તે તો ક્યાંનો ન્યાય ? (પ્રભુ સર્વ સમર્પણ ઈચ્છે છે, પણ જીવનું અજ્ઞાન તેને તેમ કરતાં રોકે છે.)

પરંતુ પ્રભુએ જીવ ઉપર કૃપા કરવાનું ઠાની લીધું છે. ત્યારે જીવો અંદરોઅંદર મસલત કરીને આખરે સદ્‌ગુરૂની પાસે જઈ ન્યાય કરાવવા ઈચ્છે છે કેમકે ગુરૂ તો પ્રભુ અને જીવ વચ્ચેની કડી છે.

(આ કલીકાળમાં સૌથી મોટી વિડંબણા એ છે કે જો શ્રીમહાપ્રભુ જેવા ગુરૂ મળી જાય તો તો સન્માર્ગ બતાવે પણ જે સ્વયં સંસારાસક્ત છે તેવા અજગર સમાન ગુરૂ આ કીડીઓને મળી જાય તો ? સવાલોનો સવાલ એ છે કે તો પ્રભુ આ જીવોનો કેડો મૂકી દેશે કે નહિં ? શું આ જીવો દૈવી નહિ હોય ? પ્રભુ ભૂલ થાપ તો ખાય નહિ. તો આ સિવાયની અન્ય કોઈ નટલીલા કરી રહ્યા હશે ?

સાંઝી

(૫૨) પૂર્વી **૧/૧૮** **૧/૨૬૬**

આઈ હું અકેલી સાંઝ સાંઝી કે કુસુમ લેંન
ભલૌ મિલ ગયૌ તૂ જાત ઘર ગાય લૈ
આયો ઘનઘોર મેહ સૂઝત નહીં કછુ ગેહ
ચુંદરી ચટક રંગ નીરતેં બચાય લૈ ૧
ચપલા ચમક ચક ચોંધી તે ડરત હોં
એરે નિરમોહી અંગ સંગ ક્યોં ન લગાય હૈ
કહાવત હૌ સુજાન કીજીયે પૈ ન માન
યહી હૈ સયાન કારી કામરી ઉઢાય લૈ ૨

ભાવાર્થ :

આંગણામાં સાંઝી પૂજવા માટે, ફૂલને વીણવા માટે આજે હું કોઈને સંગ લીધા વગર એકલી જ આવી છું. સંગી ચાલી ગયા તેમ બહારથી કહેવા માંગે છે, અંતરથી કહે છે મેં તેમને જવા દીધા. હું મનમાં વિચારતી હતી - સાંઝ પડી ગઈ છે, કોઈ મળી જાય તો સારું ! તું જ મળી ગયો, ઘરે ગાયોને હાંકતો, તે સારું થયું. કેમકે જો ને ! આ કાળાં ડીબાંગ વાદળાં (ઘન) આવ્યાં છે અને ધીમું વરસી રહ્યાં છે. કશો રસ્તો પણ સૂઝતો નથી ! એટલું અંધારું થઈ ગયું છે. વળી મારી ચુંદડીનો ચટકીલો નવો રંગ છે, તેને વરસાદથી બચાવવો પણ છે (૧)

અને આ વિજળી આંખોને આંજી દેતી ચમકારા મારે છે, તેનાથી મને ઘણો ડર લાગે છે. મારું આટલું કહેવા છતાં પણ જો તું મારો કહેવાનો આશય નથી સમજી શકતો, એવો તું નિર્મોહી છે, તો પછી ચોખ્ખું કહી દઉં કે - મને તારા અંગ સાથે લગાવી દે. સમજદારને ઈશારો કાફી છે. વળી સાંભળ, મને તારી કાળી કામળી પણ સાથે સાથે ઓઢાડી દે, જેથી ભીંજાઉં નહિ, ચુંદડીનો રંગ પણ ન જાય અને ડર પણ ન લાગે. વિશેષ શું કહું તું તો નિર્મોહી છે ! (૨)

સયાન - વયસ્ક, ચતુર, ચતુરતા, બૂઢા-બડાં

વિશેષ ભાવાર્થ :

આ સંસારવનમાં હું (જીવ) એકલો છું અને મારા જીવનનો અસ્ત પણ નજીક છે. હું સુખને પામવાને નિકળ્યો હતો કે જેથી સુખની રંગીન ડીઝાઈન મારા જીવનમાં ચીતરાય.

હવે જીવ પ્રભુને કહી રહ્યો છે - મારો તો કોઈ જ પ્રયાસ ન્હોતો પરંતુ આપ મને મળી ગયા, ''સાહેબ, કૈસે મિલે ?'' ના જવાબ રૂપે. તમે આપની સાથે અનેક દૈવી જીવોને પોષીને નિજધામ પ્રતિ લઈ જઈ રહ્યા છો, તો મારી પર કૃપા કરીને મને પણ લઈ જાઓ. હું પણ ઈંદ્રિયધારી (ગો) છું.

આ અહંતા-મમતારૂપ સંસારના વાદળો ઘેરાઈને ચારેબાજુથી વરસી રહ્યાં છે. મને મારું અને પ્રભુનું બંને સ્વરૂપજ્ઞાન પણ વિસરાઈ ગયું છે. જેથી મને જ્યાં પહોંચવું છે તે રસ્તો પણ દેખાતો નથી. મારામાં પ્રભુ પ્રત્યે અનુરાગ છે પણ મેં જેવા વસ્ત્રો-ચુનરી પહેર્યા છે તેનો રંગ કાચો છે, દૃઢ બીજભાવ નથી. તેથી તે પણ સંસારથી ભીંજાઈને પોતાના દિવ્ય રંગને ધોઈ નાંખે તેવી શક્યતા છે. તેથી

તેનાથી મને બચાવી લો. આ સંસારમાં આકર્ષણરૂપ વિજળી ચમકી રહી છે, તેથી તો મારી જ્ઞાનની આંખો બંધ થઈ જાય છે. મને આ બધાંનો ઘણો ડર લાગી રહ્યો છે કેમકે મને હવે સ્વધર્મનું ભાન થયું છે. હું સહસ્ત્ર પરિવત્સરથી ભટકયો છું. તેવી મને ખબર પડી ગઈ છે. આપને તો કશી જ ચિજની અપેક્ષા નથી, આપ તો નિર્મોહી છો, પરબ્રહ્મ છો અને હું જીવ તો દોષથી ભરેલો છું, જેથી મારો તો કોઈ અધિકાર નથી પણ આપ કૃપા કરી મારી સાથે સંબંધ બાંધો (બ્રહ્મસંબંધ સ્વીકારો) અને આપના સ્વરૂપાનંદનું દાન કરો. (અંગ સંગ ક્યોં ન લગાય દે ?) આપ મારા પર કૃપા કરો... કૃપા કરો... હું આપનો દાસ છું, તમારો છું, તમારો તમારો છું તેમ કહું છું અને આપ તો મારા મનની જાણવાવાળા છો. (સુજાન). તેથી મારા પર કૃપા કીજીએ. માન ન રાખો, એટલે કે આપના માહાત્મ્યજ્ઞાનને વિસારીને સ્નેહને પ્રકટ કરો અમે આપના અંશ છીએ તેવી સમજને પ્રકટ કરો. (સપાન). વળી આપનામાં અમને સમાવી દો. સ્વરૂપ ફલનો એટલે કે જો (અંગસંગ) અલૌકિક સામર્થ્યનો અધિકાર ન હોય તો, સાયુજ્ય ફલ આપીને આપનામાં (કામળી રૂપ સ્વરૂપમાં) અમને સમાવી દો.

(૫૩) ગૌરી ૨/૧૯ ૧/૨૭૫

સખીયન સંગ રાધિકા વિનત સુમનન વનમાંહ
સાંઝી પૂજન કો આતુરહી ઠાઢે કંદબકી છાંહ ૧
સખી ભેષ દૈ મોહન કોં લૈ ચલી આપને ગેહ
પૂછી કીરતિ યહ કો સુંદરી તબ કહ્યો મેરી સનેહ ૨
સાંઝી ખેલ વિદા કર સબકો દોઉ પોઢે સેજ મઝારે
સઘરી રાતી સૂરકે સ્વામી બસી સુખ કીયો અપાર ૩

ભાવાર્થ :

શ્રીરાધિકાજી પોતાના સંગની સખીઓની સાથે વનમાં ફૂલ વીણી રહ્યા છે. લાલન મોકો શોધતા, કદંબના વૃક્ષ નીચે ઠાડા છે, ‘‘કયો ઉપાય કરું કે રાધાજીનો સાંઝી પૂજનના મીષે સંગ કરું ?’’ (૧)

રાધાજીએ પ્રભુના મનની આતુરતા અને વિચાર જાણી લીધો તેથી લલિતાદિ સખીઓની સહાયથી, પ્રભુને સખી વેષ ધારણ કરાવી દીધો કેમ કે આ બધી તો પ્રભુની જ શક્તિઓ છે. તેથી ખૂબ જ સુંદર કુંવરીવેશવાળા પ્રભુને જોઈને, આ

અજાણ કોણ છે? (પ્રભુને કોણ જાણી શકયું છે ?) તેમ કીરતિજીએ પૂછયું, ત્યારે રાધિકા કહે, ‘‘આ તો મારી સનેહ-સખી છે.’’ દરેક પુષ્ટિજીવ પ્રભુનો સ્નેહી છે. સાંઝી ખેલ પૂરો થયો ત્યારે બધી સખીઓને વિદાય કરીને, આ બંને રાધિકા અને સનેહસખીએ પથારીમાં સાથે પોઢીને, રાતભર અપાર સુખની અનુભૂતિ કરી.

વિશેષ ભાવાર્થ :

પોતાની સમાનશીલ સખીઓ દામોદરદાસ– કૃષ્ણદાસ વ. સાથે શ્રીસ્વામિનીજીરૂપે શ્રીવલ્લભ આ પ્રપંચ વનમાં ત્રણ પરિક્રમા કરતાં કરતાં, નવા નવા દૈવીજીવરૂપ ફૂલોને વિણી રહ્યા છે. કેમ કે આ નવા જીવોને પ્રભુને સમર્પિત કરવાનો ઉત્સવ ‘સાંઝીખેલ’ મનાવવાનો છે. પ્રભુ તો નિત્યધામ રૂપ કદંબની છાંહ નીચે (શ્રીસ્વામિનીજી) -શ્રીવલ્લભની રાહ જોતા ઠાડા છે, કેમ કે આપને ખૂબ આતુરતા છે. કદાચ આપે બબ્બે ટેર પણ કરી (અંતઃકરણ પ્રબોધ) પણ ફૂલ વિણવામાં તન્મય તથા પ્રભુની મૂળ આજ્ઞાના કારણે, ટેરને સુણી ન સુણી પણ કરી ! પરંતુ પ્રભુની ત્રીજી આજ્ઞા થઈ ત્યારે આપશ્રીએ વિનંતી કરી - હું આપને સખી ભેષ ધરાવી દઈશ એટલે કે આપમાં રહેલ પું. ભાવ - માહાત્મ્યને આપ તિરોહિત કરો અને સ્ત્રીભાવ-સ્નેહ ભાવને પ્રકટ કરો, તેવા ભાવથી સર્વનું આકર્ષણ બની રહો. આવા નૂતનવેષથી આપ શ્રી રાધિકાજી-સ્વામિનીજીના ઘરે પધાર્યા. સ્વામિનીજીનું ઘર એટલે ભૂતલ પરના સમર્પિત જીવોનું હૃદય, જેમાં શ્રી સ્વામિનીજી બિરાજે છે. જીવો સન્મુખ પ્રભુ થયા ત્યારે સેવકોએ પૂછયું, ‘‘આ કોણ છે ?’’ ત્યારે આપ કહે છે - ‘‘આ જ તો મારો સ્નેહ છે.’’ સ્નેહ (ભાવ) જ ભગવાન છે તેમ શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે. માહાત્મ્ય જ્ઞાનરૂપ ભગવદ કીર્તિની અંદર સ્વામિનીજીરૂપ સ્નેહ રહે છે. ભગવદ્‌ભક્તો સાથે પ્રભુના યશગાન (કીર્તિ) મહોત્સવ રાધિકાજીએ મનાવ્યો. તે ઉત્સવમાં પ્રભુએ પણ ભાગ લીધો. ત્યારબાદ સર્વ ભક્તોને વિદાય કરીને સ્વામી-સ્વામિની એક સેજ પર પોઢયા. એટલે કે સત્‌-ચિત્‌ને વિદાય કરી બંને આનંદ સ્વરૂપો, આનંદની સેજ પર પોઢીને, આનંદભરી વાતો કરી અને આનંદમાં નિમગ્ન થઈ, આનંદરૂપ સુખનો આસ્વાદ માણ્યો - કે જે આનંદ (અપાર) અગણિતાનંદ છે. ઉપનિષદમાં કહે છે કે - બ્રહ્મે બ્રહ્મરૂપ જંગલમાંથી બ્રહ્મરૂપી વૃક્ષ પરથી બ્રહ્મરૂપ લાકડું કાપીને બ્રહ્મરૂપ સૃષ્ટિ બનાવી.

છબરિયાં બાંસકી ફૂલેં ફૂલ ભરી
કબહૂંક કટી પર કબહૂંક કર પર કબહૂંક શિશ ધરી ૧
ઢાંક ઢાંક લઈ નીકે પિયરે પટ શોભતે જાતન ડરી
ધોંધી કે પ્રભુ બોલન આવત કાહુ બાત અચગરી ૨

ભાવાર્થ :

વનમાંથી ફૂલો વિણીને ગોપી આવી રહી છે. તેણે ફૂલ જે છાબ-પાત્રોમાં ભર્યા છે, તે પાત્ર વાંસનાં છે અને ફૂલથી ચિક્કાર ભરેલાં છે. અથવા ખૂબ જ ખિલેલા (ફૂલેં) છે અથવા આ સુંદર ફૂલોના કારણે છાબો ફૂલાઈ (ખુશી) રહી છે. અને છાબ એક નહિ ઘણી છે (છબરિયાં) ગોપીજન ક્યારેક તેને કટી પર, ક્યારેક હાથમાં, તો ક્યારેક શિશ પર ધારણ કરે છે. વળી આ ફૂલ વેરાઈ ન જાય અથવા તેમાં અન્ય ચીજ પડે નહિં, અથવા કોઈની કુદૃષ્ટિ ન પડે માટે તેને ઢાંકી ઢાંકીને એટલે કે, બહુ જ સાવધાની પૂર્વક ઢાંકીને લઈ જાય છે. ઢાંકવા માટે ખૂબ જ સુંદર પિળું વસ્ત્ર છે, તે પણ શોભામાં વધારો કરે છે. ગોપીની ચાલ એવી ઉન્મત છે કે જાણે કોઈથી ય ડરતી ન હોય! તે જ સમયે પ્રભુ રસ્તામાં પ્રકટ થઈ જાય છે અને કોઈક શરારતભરી વાત કહેવા માટે સન્મુખ થઈ જાય છે.

વિશેષ ભાવાર્થ :

આ પ્રેમપૂર્વિકા સેવા-સાધનાથી શરૂ કરીને પ્રમેયરૂપ ભગવત્ પ્રાપ્તિ રૂપ ફલની કથા છે.

ભક્તો (છબરિયાં) પ્રભુની સેવા વિવિધ સુંદર મનોરથોથી કરે છે. પરંતુ તેના મનોરથરૂપ સામગ્રીમાં નિઃસાધનતા ભાવ રાખે છે. પોતાનું દૈહિક કે વૈત્તિક કોઈ સામર્થ્ય નથી, જેમ છાબડી - તે સૌથી સસ્તુ-સહજ પ્રાપ્ત પાત્ર છે. પોતાની કોઈ જ પાત્રતા નથી તેવો ભાવ છે. અને વાંસ જેમ વનમાં ખૂબ તપ્યો, વરસાદમાં પલળ્યો, છરીથી ચીરાયો - ઘસાયો પણ તે પછી પ્રભુભક્તિમાં ગુંથાયો, ત્યારે પ્રભુ માટે પાત્ર થયો. તેવી ભાવના ભક્તે રાખવાની છે. (છબરિયાં-બાંસ) તેના હૃદયમાં ભગવદ્ સેવાનો ખૂબ જ ઉત્સાહ છે. (ફૂલેં) તેનો ભાવ ખૂબ ફૂલની સમાને વિવિધ રંગી અને કોમળ છે. તત્સુખના ભાવથી ભરપૂર છે. પોતાના સર્વ અંગોને (કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, અંતઃકરણ તથા આત્મા અને આત્મીયજનો,

અહંતા-મમતાત્મક બધાં પદાર્થો) સેવામાં યોજે છે. કબહૂંક કટીપર (અહંતા-મમતાત્મક જડ-સજીવ) કબહૂંક કર પર (કર્મેન્દ્રિયો-જ્ઞાનેન્દ્રિયો) કબહૂંક શિશ પર (અંતઃકરણ-આત્મા) વ. ને ભગવત કાર્યમાં યોજે છે. આ સર્વ કંઈ ભાવાત્મક છે - પ્રભુ, પ્રભુની સામગ્રી અને સેવા. તેથી તેને અન્યથી ગુપ્ત રાખે છે, પોતાની સમાનશીલ સખી સિવાય સર્વને અન્ય સમજે છે. સ્વજન કે જે ભક્ત છે તેમની સાથે મળી સેવા થાય છે. ભક્ત પ્રભુને શરણાગત હોવાથી અભય છે તેથી સેવા કે પ્રતિબંધકોથી ડરતો નથી, બલ્કે નિંદકો ભક્તોની બુદ્ધિને શુદ્ધિકરણ કરે છે. (ધો. - શુદ્ધ કરવું, ધી - બુદ્ધિ) તેવા નિર્મળ બુદ્ધિવાળા ભક્તના હૃદયમાં પ્રભુ સામેથી પધારે છે અને સખ્યભાવનું દાન કરીને અચગરી-શરારતભરી વાતો પણ કરે છે. (કુંભનદાસને તેમના જ ગામમાં માખણચોરીમાં ભગવાને પકડાવી દીધા તેમ) પ્રભુ તેવા ભક્ત માટે સહજ બની જાય છે.

(૫૫) ગૌરી ૪/૨૧ ૧/૨૭૬

મુરલીવારે સાંવરે નેંક મારગ મોહી બતાવ રે
સંગ ન સહેલી ફિરોં અકેલી, કિત નંદીસુર ગાંવ રે ૧
ભૂલી પરી સંકેત સઘનવન હોં અબલા કીત જાઉં
મૃગનયની કે વચન સુનત હી આય મિલે તિહીં ઠાઉં ૨
મારગ મિલે અંક ભરી ભેટે ભલો બન્યૌ હૈ દાઉ
કહી **ભગવાન હિત રામરાય** પ્રભુ રાધારમન જાકો નઉં ૩

ભાવાર્થ :

એક ગોપી કે જેનું નામ રાધા છે, તે સાંઝી માટે ફૂલ વિણવા વનમાં આવી છે. તે વનમાં ભૂલી પડી ગઈ છે. તેથી રસ્તામાં કોઈક સાંવરા વરણનો અને હાથમાં મુરલી ધરેલ તેવો ઢોટા મળી જાય છે. તેનું નામ નથી જાણતી તેથી 'મુરલીવારે સાંવરે' ને કહે છે - મને, જરાક મુખ્ય મારગ બતાવી દે, પછી તો હું ચાલી જઈશ. આમ તો મારે સખીઓનો સંગ હોય છે, પણ આજે તો હું એકલી પડી ગઈ છું, સાથમાં સહેલી નથી. નંદીસુર ગામ કઈ દિશામાં આવ્યું ? તે મને જરા બતાવી દે. વળી આગળ કહે છે કે - આ સંકેત વન ખૂબ જ સઘન છે, તેથી ભૂલી પડી અને હું તો અબલા સ્ત્રી છું, તેથી ડરેલ છું, ક્યાં જાઉં ? ગોપી એક સાથે ઘણું બોલી ગઈ અને વિવશ થઈ ગઈ. ગોપીના નયન મૃગલી જેવાં સુંદર છે. તેનાં વચન સાંભળીને,

દૂર ઠાડા પ્રભુ નજીક આવ્યા. ગોપી મનમાં વિચારે છે -મારું નાટક સારું નભી ગયું ! અને આ ઢોટા મારગમાં મળી ગયા, તે પણ ભલું થયું અને ડર પ્રકટ કરીને, પ્રભુને તે અંક ભરીને ભેટી. તેમ આ બાજુ, પ્રભુ પણ તેવું જ વિચારે છે. આમ બેઉના દાવ પડયા કેમકે પ્રભુનું નામ જ તો રાધા-રમન છે.

વિશેષ ભાવાર્થ :

ભક્ત ખૂબ જ અકળાયેલ (દુઃખી) છે, કેમકે દોષથી ભરેલો છે અને તે સંસારમાં મોહ પામ્યો છે (મોહી). તેથી પ્રભુને વિનતી કરે છે કે તમે જ મારા એકમાત્ર સાંવરે (પતિ-રક્ષક) છો અને દોષો પ્રતિબંધ દૂર કરવાને સમર્થ છો (મુરલીવારે). મને ધર્મ-મારગનું જ્ઞાન નથી, તો તે સારી રીતે (નૈંક) બતાવો, કેમકે માર્ગ પ્રકટકર્તા તો આપ છો. મેં સત્સંગથી પણ આ ધર્મને જાણ્યો નથી અને હું તો જન્મ-મરણના ચક્રમાં એકલી ફરી રહી છું. મને એટલી ખબર છે કે મારે દૈવીજીવોના ધામરૂપ નંદીસુર કે જ્યાં દૈવીજીવો આનંદ ભોગવે છે, ત્યાં જવું છે તો કયા ધર્મ રસ્તેથી જવાય ? તે બતાવો (૧) હું સહસ્ત્ર પરિવત્સરથી ભૂલો પડેલ છું. સંસારવન ઘણું સઘન છે, તેમાંથી નિકળવું મુશ્કેલ છે પણ હું (ભગવાને રાધાજી સાથે જ્યાં લગ્ન કર્યું હતું તે) સંકેતવનમાં છું, એટલે કે બ્રહ્મસંબંધ કરાવનાર શ્રી આચાર્યશ્રીજીની સમિપમાં છું. વળી હું અબલા નિઃસાધન જીવ છું. મને કોઈનો આશ્રય નથી. માત્ર શ્રીઆચાર્યજીના શરણે ગયો છું. હવે મારે ક્યાં જવું જોઈએ તેની પણ સમજ નથી. પ્રભુએ જ્યારે મૃગ જેવી મૂઢ પરંતુ જે આર્ત, શરણાગત તથા ભયભિત છે. (મૃગનો તેવો સ્વભાવ જ છે.) પરંતુ તેની નજર પ્રભુ સિવાય ક્યાંય નથી, તેવીનાં વચન સાંભળ્યાં કે તત્કાલ તે જીવ જયાં છે ત્યાં આવીને જીવને મળ્યા. જીવ પ્રભુ પાસે જાય તેવી અપેક્ષા ન રાખી. (૨) એટલું જ નહિ તેને સમજાવ્યું કે હું મળી ગયો અથવા મારી પ્રાપ્તિ તે જ મારગ (મારગ-મીલે) અને ફળ. પ્રભુ તેને હૃદયમાં સમાવે અને તે પ્રભુને હૃદયમાં ધારે તે ફળ (અંક ભરી ભેટે). પ્રભુને જીતી લેવાનો એટલે પામવાથી પણ આગળનો ઉપાય આમ સહજમાં થઈ ગયો. તેનું કારણ જીવનું સાધન નથી, પણ ભગવાનને ભક્તના હિતમાં જ (રામ) આનંદ આવે છે, સ્વામી હોવા છતાં (પ્રભુ) ! (રાધા) જીવને રમણ કરાવે, તેવું વિરૂદ્ધ ધર્માશ્રયી નામ આપે ધારણ કર્યું છે. - રાધારમન.

(૫૬) જંગલો **૫/૨૨** **૧/૨૭૭**

અરી તુમ કૌન હો રી ફૂલવા બિનન હારી
નેહલગનકો બન્યો બગીચો ફૂલ રહી ફૂલવારી ૧
મદનમોહન પીય યોં બુઝત હૈ તુ કો હૈ સુકુમારી
લલિતા બોલી લાલસોં યહ વૃષભાન દુલારી ૨
યા બનમેં હમ સદા બસત હૈ હમહી કરત રખવારી
બિન બૂઝેં તુમ ફૂલવા બિનત જોબન મદ મતવારી ૩
લલિત બચન સુન લાલકે સબ રીઝ રહી વ્રજનારી
સૂરદાસ પ્રભુ રસબસ કીની વિરહ વેદના ટારી ૪

ભાવાર્થ :

વનમાં રાધાજી, લલિતાજી વ. સખીઓના સંગે પધાર્યા છે અને સાંઝી પૂજવાને મીસે કિલ્લોલ કરતાં વિવિધ ફૂલોને વીણી રહ્યા છે. ત્યારે ત્યાં પ્રભુ પધારે છે અને હાંક મારીને પૂછે છે, ‘‘અરે આ ફૂલ વીણો છો, તે તમે બધાં કોણ છો ?’’

ત્યારે શ્રી રાધાજી વીણતાં વીણતાં જ ઉત્તર આપે છે - આ બગીચો અમને ગમી ગયો (નેહલગન) અને અહીં ખૂબ જ સુંદર ફૂલ ખિલ્યાં છે, માટે અમે વીણવા આવ્યા છીએ, રાધાજીએ હેતુ કહ્યો પણ ઓળખાણ ન આપી. (૧)

ત્યારે શ્રીઠાકોરજી, પોતાનું સ્વરૂપ પહેલાં પ્રકટ કરે છે કે હું તમારામાં મદન પ્રકટાવીને મોહમાં નાખનાર તમારો પીય-સ્વામી છું. પણ હે સુકુમારી, તું કોણ છે ? ત્યારે પણ રાધિકાજીએ પોતાની ઓળખ ન આપી. પણ તેમના બદલે લલિતાજી જવાબ આપે છે - અરે લાલ તારે તારી ઓળખ આપવી પડે. પણ આ તો પુરા વ્રજમાં વિખ્યાત તેવા મોટા ગોપ શ્રીવૃષભાનની પરમ લાડીલી છે. તે ‘સુકુમારી’ કીધું તે બરાબર છે. માટે માનપૂર્વક વાત કરજે. (૨)

ત્યારે પ્રભુ કહે છે - અમે તો આ વનમાં જ રહીને આ વનની રખવારી કરીએ છીએ. તમારે ફૂલ જોઈએ તો, અમને પૂછયા વગર ન લેવા જોઈએ. લાગે છે કે તમોને સૌને તમારા યૌવનનો મદ, માથા ઉપર ચડી ગયો છે તેથી તમારું ધાર્યું કરો છો (મતવારી) તમે વિવેકની વાત કરો છો, તો આ વિવેક કેમ ચૂકી ગયા ?

સર્વ વ્રજનારીને આ પ્રભુનાં વચન કઠોર ન જણાયા પણ લલિત લાગ્યાં. એટલે કે

લાલાયિત કરવાવાળા લાગ્યા, કેમકે પ્રભુએ તેમના જોબનની પ્રસંશા કરી, તેમ તેમને લાગ્યું. તેથી બધી જ વ્રજનારી ખૂબ જ પ્રસન્ન થઈ ગઈ. વ્રજનારીના મુખ પરની પ્રસન્નતા જોઈને સુરદાસના પ્રભુએ તેમને રસમાં-પ્રેમરસમાં તરબોળ કરી દીધી. આપે સાંનિધ્ય માત્રથી કૃષ્ણપ્રેમમાં ડૂબાવીને અન્ય સર્વથી વિમુક્ત કરી દીધી. ''સાંનિધ્યમાત્ર દત્તશ્રી કૃષ્ણ પ્રેમ વિમુક્તિદઃ'' જે ગોપીજનોનું રાસલીલા જ તાત્પર્ય હતું. (રાસલીલૈક તાત્પર્ય) તેવાને પ્રભુ કે જે પતિવ્રતાના પતિ છે. (પતિવ્રતા પતિ) તેમને પારલૌકિક અને ઐહિક સર્વ પ્રકારે દાન કર્યું. (પારલૌકિક ઐહિક દાનકૃત) તેથી તેમની સર્વ વિરહ વેદના શાંત થઈ ગઈ. (૩) (૪)

વિશેષ ભાવાર્થ :

પ્રભુ જૂએ છે કે આ તેમની બનાવેલી તેમનાથી રક્ષિત, પાલિત, પોષિત સૃષ્ટિ (બગીચા)માંથી કોઈક, વગર આજ્ઞાએ (સમર્પણ વગર) ચીજોને પોતાની હોય તે રીતે, ઉઠાવીને લઈ રહી છે, પસંદ કરી રહી છે. (ફૂલવા બીનન) બધા જ જીવો પ્રભુના અંશ હોવાથી, સહજતયા પ્રભુના દાસ હોવાથી, તેવો દાસ ભાવ હોવો તેમનો ધર્મ છે. તેથી તેમનામાં સ્ત્રી ભાવની (દીનતા) મુખ્યતા જરૂરી છે. તેથી 'અરી હો'. તેમ કહીને પ્રભુ પૂકારે છે. પછી આપ તે જીવોને પરીક્ષાર્થે પૂછે છે કે- તમે કોણ છો ? તમને તમારા સ્વરૂપનું જ્ઞાન છે ? તમે ભગવદંશ છો તેની તમને ખબર છે ? (તુમ કોન હો રી ?) એમ લાગે છે કે તમને જગતના વિષયોને વીણવામાં જ રસ હોય તેવા જણાઓ છો. (ફૂલવા વિણનહારી) આ બગીચો તો, જેઓનો પ્રભુમાં સ્નેહ જોડાયો (નેહ-લગનકો) છે, તેમના માટે બનેલો છે. (બન્યો) એટલે કે આ જગતના વિષયોનો ઉપભોગ તો ભગવાન સાથે સ્નેહથી બંધાયા હોય, બધી ચીજ ભગવદ્‌રૂપ છે તેવા સ્નેહાત્મક ભાવથી જે જોડાયા (લગન) હોય તેમને માટે છે અથવા જેમનો સ્નેહ (નેહ) ભગવદાસક્તિ (લગનકો)માં પરિણમ્યો છે તેમનો છે. અને તેવા વીણનારાને જોઈને તો, આ જે ફૂલવારી-ફૂલવાડી-બગીચો છે તે પણ ફૂલાઈ જાય. ભગવદાસક્ત ભક્તોને જોઈને ભગવાન પણ પ્રસન્ન થાય. પૂરા વિશ્વની સુંદરીઓને મોહ પમાડનાર મદન પણ જેમનાથી મોહાઈ ગયો છે, તેવા મદનમોહન સર્વના માટે નિરૂપાધિક સ્નેહના કારણ રૂપ, (આત્મા કેમ પ્રિય છે, કેમ કે પરમાત્મા પ્રિય છે) તેવા સર્વના પ્રિયતમ પતિ રક્ષક કે સર્વને પી જનારા (સૃષ્ટિ-સર્વ કંઈ જેનામાં તિરોહિત થાય છે તેવા) પ્રભુ, હવે વાણી ઉચ્ચારે છે - હે સુંદરી અને કુમારી, એટલે કે જેને કોઈ અન્યનો

સ્પર્શ નથી થયો તેવી (કુંવારી) એટલે કે દુઃસંગ નથી લાગ્યો તેવી, જે પ્રભુ સિવાય કોઈને નથી જાણતી તેવી (રાધિકા સમાન) તેવા જીવને કહે છે... (તુ કો હૈ ?) તુ તો મારા માટે કોઈક-અજાણી નથી. તુ તો મારો પરમપ્રિય ભક્ત છે. ત્યારે પરમભક્ત (રાધાજી)ની સંગી (લલીતાજી) જીવ કહે છે. આ તો વૃષભ (ગાયોના પતિ) ને જે ગમે છે તથા (ઈંદ્રિયોના પતિ) મનને જે ગમે છે તે લાડલી છે. કેમકે સર્વ ઈંદ્રિય ધારીઓના પતિ તથા સર્વનું મન પ્રભુ છે. આ જીવો છે તે તો સ્નેહ નેજ જાણે છે, માહાત્મ્યને નથી જાણતા. પ્રભુ તેમની ભક્તિ સિદ્ધ કરાવવા માંગે છે તેથી માહાત્મ્યજ્ઞાન કરાવે છે કે - આ (વન) વિશ્વમાં સર્વ સ્થળે વસનારા (પૂર્ણબ્રહ્મ-વ્યાપક) અમે જ છીએ અને આ પૂરા વિશ્વનું ભરણ-પોષણ-રક્ષણ કરનાર પણ અમે છીએ. તમારી અંદર કદાચ ભગવદ્ સ્નેહને કારણે અહંકાર આવી ગયો અને પ્રભુથી સ્વતંત્ર રીતે વ્યવહાર કરવા લાગ્યા એટલે કે અહંકારને વશ થઈ ગયા. (અહં-સ્વતંત્ર) (જોબન મદમતવાળી) (બીન બુઝે તુમ ફૂલવા બીનત-સ્વતંત્ર વ્યવહાર) (જેમ પ્રથમરાસ પછી સ્નેહના કારણે ગોપીજનોને સૌભાગ્યમદ થયો હતો અને અહંકાર પેદા થયો હતો તેમ) ભગવાનના આ ઉપદેશાત્મક લલિત વચનો સાંભળીને જેઓ સ્ત્રી હૃદયવાળી છે અને નિઃસાધન છે (વ્રજનારી) તેવા જીવો ખૂબ (નારી) જ પ્રસન્ન થયા, કેમકે પ્રભુએ તેમને દોષમાંથી ઉગારી લીધા. હવે પૂર્ણ રીતે શુદ્ધ થયેલા, પરમ સ્નેયુક્ત ભક્તિવાળા જીવો ઉપર ભગવાને કૃપા કરીને, પોતાના આનંદરૂપ રસમાં ડૂબાડી દઈને, રસમય કરી દીધા અને જે સહસ્ત્ર પરિવત્સરથી વિખૂટા પડયાની વિરહવેદના હતી તેને શાંત કરી દીધી.

મુરલી

(૫૭) ખટ ૧/૨૩ ૧/૨૮૨

કૌન ઠગોરી ભરી હરિ આજ બજાઈ રી બાંસુરીયા રંગભિની
શ્રવણ પરી જિનકે તિનનેં તબહી કુલકાન બિદા કર દીની ૧
ઘુમે ઘરી ઘરી નંદકે દ્વારે નવીની કહા કહૂ બાત પ્રબીજા
યા વ્રજમંડલમેં **રસખાનસોં** કૌન ભટૂરી લટૂ નહીં કીની ૨

ભાવાર્થ :

રસખાનજી પ્રભુની બાંસુરીની શું અસર થઈ તે કહે છે. શ્રી હરિએ એવી તે કેવી સ્તબ્ધ કરી દેનારી તથા પ્રેમરંગથી ભીનાં તેવા સૂરવાળી બાંસુરી બજાવી કે જેના પણ કાને તેના સૂર પડયા તેને કુલ કાન-લજ્જાને વિદાય કરી દીધી (૧)

તે વારે ઘડીએ શ્રીનંદજીના દ્વારે આંટાફેરા કરવા લાગી. એથીય વિશેષ તથા એક નવી વાત શું કહું ? કે આ વ્રજમાં એવી તે કોણ રસનો ભંડાર વીરનારી છે કે જેને તેણે લટ્ટુ ન કરી હોય ? (૨)

વિશેષ ભાવાર્થ :

શ્રી પ્રભુના મુખારવિંદ રૂપ શ્રીમહાપ્રભુના દ્વારા એવાં (ગ્રંથ દ્વારા, ગો બાળકો દ્વારા, ભગવદીયો દ્વારા) વચનો-કથા સંબંધે પ્રકટયાં કે જેનાં હૃદયમાં તે દૃઢ થઈ ગયા તે તો જગતના વ્યાપારમાં સ્તબ્ધ (ઠગોરી) થઈ ગયા અને તેમની તેવી લૌકિકી લજ્જા પણ છૂટી ગઈ છે. અથવા કહો કે ભગવદકૃપાએ હરિ લીધી છે કેમ કે તે શબ્દો રસભીના હતા અને તે રસ શ્રવણ (કર્ણ)માં થઈને હૃદયમાં સ્થિર થઈ ગયો. (૧)

અને તેવાની આર્તી એવી વધી કે એક ક્ષણ પણ પ્રભુને વિસરે નહિ. પ્રભુ સેવા કરવા ક્યારે મળે ? તેવી તેની મતિ ઘડી ઘડી, શ્રીમહાપ્રભુની પાસે વિનતી રૂપે આંટા માર્યા કરે.

આ આનંદ સ્વરૂપ - રસસ્વરૂપ (વેદમાં કહ્યા છે તેવા) પ્રભુ, એવા છે કે જે દૈવીજીવ-પુષ્ટિજીવ (વ્રજમંડલમેં) છે અને જેને દીનહૃદય - નિઃસાધનાભાવ છે. (ભટુરી), તે આવા પ્રભુના રસ સ્વરૂપ પર આશિક ન થાય તો જ આશ્ચર્ય ! આ વાત નવીન છે અને વિશિષ્ટ છે તે એટલા માટે કે શાસ્ત્ર વેદાદિમાં તેનું સ્પષ્ટ સ્વરૂપ બતાવેલ નથી પણ જે પ્રવિણ છે તે તેને (વીણી) પામી શકે છે.

ભટુરી - નારી

મુરલી મનમોહનકી સુનીકેં ગજ ગામિની દામિની દેહ ભઈ રી
જિનકેં પતિ કૌ વ્રત નેમ હુતો તીનહું તિતકૂં ડગ દ્વૈક દઈ રી ૧
અભિમાન ભરી પુની તેઉ ગઈ જે નેહન જાનત નાર નઈ રી
દુલહા દુલહની મધિ મંડલ તેં કર કંકન છોરત દૌર ગઈ રી. ૨

ભાવાર્થ :

મુરલી એવી બજી કે ગોપીના મનને મોહી લીધું અને તે બજાવનાર પણ મનમોહન હતો. તેથી તેનો નાદ જેવો સંભળાયો કે તુરત

૧ જે ગજગામિની હતી એટલે કે બહુ જ ધીરે ધીરે એક ડગલું ભરીને, વિશિષ્ટ છટાથી ચાલવાના સ્વભાવવાળી હતી અને જે ગજની પાછળ જ ચાલતી (ગજગામિની) તે અચાનક દામિની-વીજળીના જેવી બની ગઈ. તે ખૂબ જ ઝડપથી ચાલવા લાગી, ગમે તે દિશામાં ચાલે તેવી થઈ ગઈ. તે કોઈનું અનુસરણ કરે તેવી નહિં, (ગડગડાટ પછી થાય), તે તો પહેલાં જ ઝડપથી પહોંચી જાય. ગોપી તેવી ઉતાવળા મનવાળી થઈ ગઈ, કે જે ધીરહૃદયી હતી.

૨ જે અનન્ય પતિવ્રત (લૌકિકી)ના દૃઢ નિયમવાળી હતી તે પણ તેને દગો દઈને ચાલી નીકળી. (૧)

૩ જે અભિમાનવાળી હતી, સો વાર બોલાવે તો જ જાય તેવી, વણ બોલાવ્યે - નાદ સાંભળતાં જ, વન ભણી ચાલવા લાગી.

૪ જેણે હજુ હમણાં જ યૌવનના ઉંબરે ચરણ ધર્યાં છે તેવી નવી નવેલી કે જેના હૃદયમાં હજુ સ્નેહના અંકુર પણ માંડ ફૂટું ફૂટું થઈ રહ્યાં છે, તેવી પણ ચાલી.

૫ અને જે લગ્નમંડપમાં દુલ્હાની સાથે લગ્ન માટે બેઠી છે તે પણ, હાથના વિધિના કંકન-બંધન તોડીને દોડી ગઈ.

પ્રભુએ છેડેલો મુરલીનો નાદ આવો મનમોહક હતો. (૨)

(૫૯) બિલાવલ ૩/૨૫ ૧/૨૮૨

મુરલી હરિ કો અપને બસ કીને માય
જોઈ જોઈ કહત સો કરત હૈ અતી હરખ બઢાય ૧
ઘર બન સંગ ફીરૈ સદા કબહૂં કરત ન ન્યારી
રાધા આધી દેહ શ્યામકી તાતેં યહ પ્યારી ૨
સોવત જાગત ચલત હૂં બેઠત રસ વાસોં
દૂર કૌન સોં હોયગી લુબ્ધે હરિ જાસોં ૩
અબ કાહેંકો ઝૂક્ત હૌં વહ ભઈ લડૈતી
સૂરશ્યામકી ભાવતી યહ અન્ત ચડૈતી ૪

ભાવાર્થ :

ગોપીજનો હતાશ થઈ ગયાં જણાય છે કેમકે તે પોતાની સખીને કહે છે કે મુરલીએ તો સ્વયં હરિને વશ કરી દીધા છે. પ્રમાણ આપે છે - મુરલી જેમ કહે છે તેમ જ તે કરે છે અને તે પણ ખુશી ખુશી. (૧)

ઘરમાં અને વનમાં બધે જ સાથેને સાથે ફરે છે સ્હેજે છૂટી નથી પાડતાં. આપણે તો, આપ વનમાં પધારે ત્યારે વિરહ દુઃખમાં ઝૂરીએ છીએ. એમ કહેવાય છે કે રાધાજી તો શ્યામનો અડધો દેહ છે પણ હવે તો લાગે છે કે આ તો રાધાજી કરતાં પણ વધારે પ્યારી છે. (૨)

સૂતાં, જાગતાં, ચાલતાં, બેસતાં ક્ષણે ક્ષણે તેનાથી જ પ્રેમ કરે છે કેમ કે પોતાની પાસે જ ધરી રાખે છે, દૂર નથી થતી. આપણે દૂર કરી શકીએ તેમ પણ નથી કેમકે હરિ જેનાથી લોભાયા છે, તેથી કોઈ ઉપાય નથી. (૩)

માટે હવે તો વિનતી (ઝૂકત) પણ વ્યર્થ છે કેમ કે તે જ લાડીલી થઈ ગઈ છે. આ સૂરીલી-બાંસુરીયા હરિને ભાવતી-ગમતી થઈ, તેથી આખરે તો તે જ ચડી જવાની ને ! આપણે તો વિનતી કરીએ તો પણ ગોણ- નિમ્ન જ રહેવાના. (૪)

(૨૬) બિલાવલ ૪/૨૬ ૧/૨૮૨

વાહી કે બલ ધેનુ ચરાવત
વહૈ લકુટ જાકી વહ મુરલી વાતે વે સુખ પાવત ૧
વહ અતી નિઠુર વે બાતેં અતી હી મિલી કેં ઘાત બનાવત
બનહી બનમેં રહત નિરંતર તાહી બજાવત ગાવત ૨
વાકે વચન અમૃત હૈ ઈનકોં તાહી અધરરસ પ્યાવત
સૂરશ્યામ બનવારી કહિયત યહ બનબાંસ કહાવત. ૩

ભાવાર્થ :

આ કનૈયો જે ધેનુ ચરાવે છે તેમાં જે સાધન રૂપ લાઠી-લકુટ છે તે અને જે મુરલી છે તે બંને એક જ કુળના છે, વાંસના છે માટે જ મુરલી સુખ પામી રહી છે. (૧)

પેલી લકૂટી છે, તે ખૂબ નિષ્ઠુર છે. કેમકે ગાયોને હાંકવા વપરાય છે, તેથી તેને દયા નથી અને આ મુરલીને બકબક કરવા બહુ જોઈએ. તે બંને ભેગાં મળીને કાવતરું ઘડે છે. આખો વખત વન વનમાં ભમ્યા કરે છે તેથી તે મુરલી જેમ ઈચ્છે છે (ગાવત) તેમ જ પ્રભુ કરે છે (બજાવત). (૨)

પ્રભુને તેનાં વચન જ મીઠાં લાગે છે તેથી તો અધરરસ તેને જ પાય છે. વધુ શું કહીયે ? આ જે સૂરશ્યામ છે તે બનવારી - વનના રખેવાર છે અને આ વનની વનસ્પતિ છે (બન-બાંસ) તેથી જ સારું બને છે. (૩)

(૬૦) બિલાવલ ૫/૨૭ ૧/૨૮૨

સુન સજની યહ સાંચી બાની બારે તેં નગધર કહવાયૈ
ધન્ય ધન્ય કવિ તા પિતુ માતા જિન કહી કહી ઉપમા વહ ગાયૌ ૧
ઈન્દુબદન તન શ્યામ સુભગ ઘન તાડિત બસન સત ભાવ બતાયૌ
અલેકભૃંગ ષઠ પટતર કો સાંચે કર મુખ ચરણકમલ કર ગાયૌ ૨
યે ઉપમા ઉનહીં કો છાજૈ અબ મુરલી અધરન પરસાયૌ
સૂર અંગ યહ આહિ હમારો મુરલી સબૈ અકેલે પાયો ૩

ભાવાર્થ :

ગોપી પોતાની સખી સમક્ષ પ્રભુનાં યશગાન કરે છે - કે જે નગધર-ગિરિધર-પર કહેવાય છે તેમની પર વારી જાઉં છું. આ મારા હૃદયની વાણી છે (સાંચી બાની). જેઓએ જાત ભાતની ઉપમા આપીને, પ્રભુના યશ ગાયાં છે તેવા કવિનાં માતા-પિતા પણ ધન્ય છે. (૧)

આપનું મુખારવિંદ ચંદ્ર સમાન છે, અને આપનું તનુ શ્યામ-સુંદર ભરેલાં-ઘન-વાદળ સમાન છે. આપનાં વસ્ત્ર વિજળી સમાન તેજસ્વી છે કે જે સેંકડો ભાવ પ્રકટ કરનાર છે. આપની વાળની લટ-અલક અને ભૃંગ-ભમ્મરની સમાન આ ભૂમિ (પટતર) ઉપર કોણ છે ? (કો) કોઈ જ નહિ. આપનાં હસ્ત (કર), આપનું મુખ અને આપનાં ચરણ, કમલ સમાન તે કવિએ ગાયાં છે. (૨)

આવી સુંદર ઉપમા તો પ્રભુને જ યોગ્ય છે.

બારે - વારી જાઉં ; નગધર - ગિરિધર ; તડીત - વિજળી ; પષ્તર - સમાન ; આહી - છે

પરંતુ હાલ તો તેવા સુંદર પ્રભુના અધરનો સ્પર્શ તો મુરલી જ પામી છે. તેથી ગોપી નિસાસો નાખતાં કહે છે કે આ પ્રભુ તો અમારું અંગ છે એટલે કે અમારાથી અભેદ છે, છતાં લાભ તો માત્ર મુરલી એકલી જ પામે છે. આ નિર્ગુણ ગોપીના વચનો છે. (૩)

(૬૧) બિલાવલ ૬/૨૮ ૧/૨૮૩

હરિ મુરલી કે હાથ બિકાને, વહ અપમાન કરત ન લજાને. ૧
વહ અપને કર લિયેં દિવાનેં, વારવાર વા યશ હીં બખાનેં. ૨
ઠાઢે રહત પાંચ ન પિરાને, એતે પર મન રહત ડરાને ૩
આયુસ દેત સુનત મુસકાને, જીવન જન્મ સુફલ કર માને ૪
વહ ગરજત વે હરે બતાને, બારબાર અધરન પર ઠાને ૫
ત્રિભુવનપતિ જે કહિયત બાને, તાતે સબ તન દશા ભૂલાને ૬
વા આગે હમ સબ બસ ગાનેં વહ ગાવત વે સુનત પગાને ૭
સૂર નેતિ નિગમ નિજ ગાને, તે મુરલી કેં નાદ ઠગાને ૮

ભાવાર્થ :

તામસ ભાવવાળી ગોપીને એમ લાગે છે કે પ્રભુ અમારી ઉપેક્ષા કરે છે અને મુરલીની અપેક્ષા રાખે છે, તેથી કહે છે -

હરિ જાણે મુરલીના હાથે વેચાઈ ગયા હોય, અથવા તો મુરલીએ હરિને ખરીદી લીધા હોય તેથી તો, તે મુરલી હરિનું અપમાન કરે છે છતાં પણ હરિને લજ્જા નથી આવતી. (૧)

ઉપરાંત પ્રભુ તો તેને હાથમાંને હાથમાં રાખે છે (ખૂબ કાળજી કરે છે) તેવા ઘેલા થઈ ગયા છે અને વારંવાર તેના વખાણ કરતાં ધરાતા નથી. (૨)

એની ખાતર ઉભાને ઉભા રહે છે તો પણ તેમનાં ચરણોને પીડા નથી થતી. એમ લાગે છે કે આપ મનમાં મુરલીથી ડરતા હોય ! (૩)

જાણે એ જ તેમની જીવાદોરી (આયુષ) હોય તેમ તેને સાંભળતાં મુસકાયા કરે છે અને પોતાનું જીવન ધન્ય થઈ ગયું હોય તેમ તેમને લાગે છે. (૪)

મુરલી તો ગરજીને બોલે છે જ્યારે હરિ તો જાણે તેને ધીરે ધીરે બહેલાવે છે. તેથી તો વારંવાર અધર ઉપર સ્થાન આપે છે. (૫)

જે હરિ માટે શાસ્ત્ર 'ત્રિભુવનપતિ' કહે છે તે હરિ આ મુરલીથી પોતાની સુધ-બુધ ખોઈ બેઠા છે. (૬)

તે મુરલીના સામે અમારું બોલવું તો જાણે ગાણાં છે, સંગિત નહિ જ્યારે તેનું ગાન સાંભળીને તો આપ મગ્ન થઈ જાય છે (૭)

વેદ જેનો પાર નથી પામી શકતા તેથી 'નેતિ' કહે છે, તે જ હરિ મુરલીના નાદથી ઠગાઈ ગયા છે. (૮)

આમ મુરલીથી પ્રભુ લુબ્ધ થઈને, ગોપીઓને વિસરી ગયા હોવાનો અહેસાસ ગોપીઓને થઈ રહ્યો છે. આ જ તો ગોપીજનોનો અતીવ સ્નેહ છે.

(૬૨) બિલાવલ ૭/૨૯ ૧/૨૮૩

યહ મુરલી બનઝારકી બિન લાયે લાયી
હમહી કોં દુઃખ દૈન કોં વ્રજ ભયે કન્હાઈ ૧
ઓર હી તો હમસે લરઈ કરતે બરી આઈ
ગાગર ફોરૈં ઘાટ મેં દધિ માટ ઢરાઈ ૨
પુની રોકત હૈં દાનકો અંગભૂષણ માઈ
સીખી ચોરી આદિતેં મન લીયો ચુરાઈ ૩
પુની લોચન અટકે રહે અજહૂં નહિ આયે
હમસોં ઉચટે રહત હૈ મુરલી ચિત લાયે ૪
દોષ કહા વાકૌ સખી ઈનકે ગુન ઐસે
સૂર પરસ્પર નાગરી કહૈ શ્યામ અનૈસે ૫

ભાવાર્થ :

એક ગોપી કહે છે - આ મુરલી તો વન-વગડાના ઝાડની-તેવા નીચ કૂળની છે. (અમો તો ગ્રામવાસી છીએ) અને કદાચ એટલે જ, અસંસ્કારી હોવાથી વગર બોલાવે આવી ગઈ છે.

વળી આ જે અમારા પ્રિય કન્હાઈ છે કદાચ તે પણ વ્રજમાં અમને દુઃખ દેવા જ પ્રકટયા છે ! (૧) નહિ તો વનમાંથી મુરલીને શા માટે લઈ આવત ? અને બીજાઓ સાથે નહિ પણ અમારી સાથે જ લડાઈ કરવા લાગી જાય છે. યમુના કાંઠે જલ ભરવા જઈએ તો ત્યાં ગાગર-માટલી ફોડી નાંખે છે અને દહીંના માટ ઢોળી નાંખે છે (૨) અને પાછા અમને રોકીને, અમારાં અંગનાં ભૂષણ દાનમાં માગી લે છે અને ચોરી તો જાણે જનમથી જ શિખીને આવ્યા હોય તેમ અમારું મન ચોરી લીધું છે. (૩) વળી અમારાં નયન (દૃષ્ટિ) તેમનામાં ક્યારનાં અટકી ગયા છે તે આજ લગી પાછાં નથી ફર્યા. અમારી સાથે ચીડીયા જેવા થઈને રહે છે અને મુરલીને તો વિસારતા નથી (૪)

બીજી ગોપી કહે છે - સખી, એમાં મુરલીનો શો દોષ ? કેમ કે એમના (કન્હાઈના) જ ગુણ એવા છે તે ! આમ આ વ્રજનારીઓ પરસ્પર મળીને કન્હાઈની બુરાઈ ગાતા રહે છે. પણ તેમનો પ્રેમ અને નિરોધ તેમનામાં જ રહે છે. (૫)

(૬૩) બિલાવલ ૮/૩૦ ૧/૨૮૩

યહ મુરલી કુલ દાહનકારી સુનહૂં શ્રવન દૈ દૈ નરનારી ૧
કપટી કુટીલ બાંસકી જાઈ. બનતેં કહા ઘરહીં યહ આઈ ૨
જે અપને ઘર વૈર બઢાવે તન કી તન અતી આગ લગાવૈ ૩
ઐસીકી હરિ સંગત કીની, જાત નહિ વાકી ઉન ચિન્હી ૪
જૈસે વે તૈસી યહ આઈ, બિધના જોરી ભલી બનાઈ ૫
મુરલી કે સંગ બને મુરારી ભાગ સુહાગિની પીય અરૂ પ્યારી ૬
યે કુલટા કુટીલ હૈ દોઉ, એક તે એક ઘટે નહિ કોઉ ૭
અધરન ધરત સબનકે આગે, કરતે નેક કબહૂં નહિ ત્યાગે ૮
ઈનકે ગુણ કહીયૈ સો થોરે, સુરશ્યામ બંસી બસ મોરેં ૯

ભાવાર્થ :

ગોપીજનો માટે મુરલી વેરી બની છે, કેમકે પ્રભુ તેને હંમેશાં સંગમાં રાખે છે - તે તેમનાથી સહન નથી થતું. તેથી મુરલીની નિંદા કરે છે અને સાથે સાથે પ્રિય પ્રભુની પણ ! ગોપી કહે છે હે નરનારી, ધ્યાનથી સાંભળો કે - આ જે મુરલી છે, તે તો પોતાના જ કુળનો નાશ કરનારી છે એટલે કે કૃતઘ્ન જ છે (૧)

તે કપટી છે એટલે કે મનમાં કંઈક અને બહાર કંઈક તેવી છે. તથા કુટીલ છે એટલે કે ઝેરથી ભરેલી છે, કેમકે તે વાંસની પુત્રી છે. વાંસ પણ બહારથી નક્કર લાગે અને અંદરથી પોલો હોય. વળી વાંસ રાતોરાત ઉગી નીકળે જેથી તેના બીજની ઉપર સુતેલું નાનું પ્રાણી વિંધાઈ જઈ મરણમુખ થઈ જાય. આવી મુરલી વળી વનમાં હતી ત્યાંથી ઘરમાં-ગામમાં ક્યાંથી આવી ? (૨)

કે જે પોતાના જ ઘરમાં વેર વધારનારી છે. વાંસને, પવનનો થોડો આધાર-(બહાણું) મળ્યો ! કે એકબીજા સાથે અથડાવા લાગે છે-લડવા લાગે છે અને બંને એક જ ઘરનાં છતાં એવો ક્રોધ ઓકે કે આગ લાગી ઉઠે છે. (વાંસ ઘસાવાથી આગ લાગે છે જેથી પૂરું વન સળગી ઉઠે છે) (૩)

આવી મુરલીનો હરિએ સંગ કર્યો, તે શું તેની જાત પણ ન ઓળખી ? (૪)

એ તો એમ જ બને, કેમકે જેવા હરિ તેવી જ આ મુરલી. બંનેમાં કંઈ ભેદ નથી તેથી લાગે છે કે વિધાતાએ આ જોડી ઘડી હશે. (૫)

મુરલીનો સંગ થયો તેથી તો આપ મુરારી બન્યા એટલે કે મુરના દુશ્મન બન્યા, દુશ્માવટનો ગુણ આવ્યો. એ મુરલીના ભાગ્ય કે તે સુહાગીન બની અને અમારા જે પિયા છે તેની પ્યારી બની ગઈ. (૬)

પણ આ તો કુલટા (બીજાના પીયને ખૂંચવી લેનારી) છે, પણ કુટીલ તો બંને છે કેમકે અમને મારી રહ્યા છે. આ બાબતમાં તો કોઈ કોઈથી કમ નથી. (૭)

તેમને લાજ પણ નથી તેથી બધાની હાજરીમાંજ (સબનકે આગે) તેને અધરનો સ્પર્શ કરાવે છે તથા તેને કરસ્પર્શ કરાવવાનું તો ક્યારેય છોડતા નથી. (૮)

હવે આ બેઉનાં જેટલાં ગુણ (અવગુણ) ગાઈએ એટલા ઓછા છે, કેમ કે આ સુરશ્યામ તો બંશીને વશ થઈને બદલાઈ ગયા છે (મોરે) (૯)

આમ ગોપી પ્રભુના અવગુણ ગાઈને પણ, હરિને સ્હેજ પણ વિસરતી નથી. તેઓનું ચિત્ત તો તેમનામાં જ લાગેલું છે. હકિકતમાં તેમની પ્રેમપરાકાષ્ઠા એટલી બધી છે અને એકાંતિક છે તેથી પ્રભુ સંબંધિત અન્ય સર્વનો દ્વેષ કરવા લાગે છે. તેની ભગવદ આસક્તિ વ્યસનદશાએ પહોંચી છે જેથી તેને એ પણ ભાન નથી કે આ મુરલી તો જડ વસ્તુ છે અને પ્રભુનું પ્રિય વાજિંત્ર છે કે જેનાથી તે ગોપીઓને જ વનમાં યાદ કરે છે, બોલાવે છે.

(૬૪) બિલાવલ ૯/૩૧ ૧/૨૮૪

ચલૌરી મુરલી સુનીચૈ કાન્હ બજાઈ યમુના તીર
તજ લોકલાજ કુલકી કાન ગુરુ જનકી ભીર **૧**
યમુનાજલ થકિત ભયૌ બછરા ના પીવેં ક્ષીર
સુર વિમાન થકિત ભયે થકિત કોકીલ કીર **૨**
દેહકી સુધ બિસર ગઈ બિસર્યો તનકો ચીર
માત-તાત બિસર ગયે બિસર્યો પૂત બાલમ બીર **૩**
મુરલી ધ્વની મધુર બાજૈ કૈસે કિ ધરોં ધીર
સૂરદાસ **પ્રભુ મદનમોહન જાનત હૌ પરપીર** **૪**

ભાવાર્થ :

કનૈયાએ યમુનાના સામે તીર વનમાં મુરલી બજાવી છે. તે સાંભળીને ગોપી એકબીજાને કહે છે - 'ચાલો'... તેઓએ લોકો શું કહેશે ? તેવી લાજ ત્યજી તથા કુલની મર્યાદા ત્યજી, વડીલો આંગણે જ ટોળે મળીને બેઠેલા છે. તે આમન્યા પણ ત્યજી દીધી. કેમકે મુરલીના સૂર જ એવા છે કે તે સર્વ પ્રતિબંધોને તોડી-ઓળંગીને પ્રભુ પ્રતિ ખેંચી લેનારા છે, તેવા પ્રબલ છે (૧)

તે સ્વરની અસર જલ-થલ-પશુ-પંખી સર્વ પર થઈ છે, કેમકે તે સ્વર સાંભળીને યમુનાનાં જલ પોતાની ગતિ ભૂલીને સ્થિર થઈ ગયાં. વાછરડાંના મુખમાં પોતાની મા-ગાયનાં આંચલ છે પણ દૂધ પીતાં અટકી ગયા, આકાશમાં વિહાર કરતી દેવપત્નીઓએ પોતાના વિમાનો થંભાવી દીધા તથા તેઓ પોતાના દેહની સૂધ પણ ભૂલી ગઈ, જેથી શરીર ઢાંકતા વસ્ત્ર ખસી ગયાં તેનું પણ ભાન ન રહ્યું. ગાન કરતાં કોકીલ-કોયલ અને કીર-પોપટ વ. પણ ગાન કરવાનું છોડી સ્તબ્ધ થઈ ગયા. (વેણુગીત) (૨)

ગોપીઓ પોતાના દેહ સંબંધિ તેવા માતા-પિતા-પુત્ર-ભાઈ અને પતિને પણ વિસરીને ચાલી નીકળી (૩)

કેમકે આ મુરલીનો નાદ એટલો બધુ મધુર વાગી રહ્યો છે તો પછી કેવી રીતે ધીરજ રહે ? સુરદાસના પ્રભુ તો મદનમોહન છે એટલે કે સર્વમાં તેમના પ્રતિ કામ જાગૃત કરનાર તથા સર્વને મોહ પમાડનાર છે, તેવું તેમનું સામર્થ્ય છે. પણ તેવા સમર્થને શું બીજાને થતી પીડાની જાણ છે ? તેવો સવાલ ગોપી કરી રહી છે. (૪)

(૬૫) બિલાવલ ૧૦/૩૨ ૧/૨૮૪

બંસી બજાવૈ સાંમરો હો કિંહી મિસ દેખન જાઉંરી
મેં તોય પૂછું હે સખી રી કહા કુંમર કૌ નામ રી
મોર મુકુટ માથે ધરૈ વાકૌ લલિત ત્રિભંગી નાંઉરી ૧
લાલકાછની પિતાંબર રી પગ નૂપુર ઝનકારરી
કુંજન નિર્તત સાંભરો જહાં મધુપ કરે ગુંજાર રી ૨
કોમલકર કટિ પર ગહેરી કરત મુરલી ધુની ગાનરી
નાદ સુનત મન ના રહૈ મેરૌ કૈસે રાખોં પ્રાન રી ૩
પનિહારી હો પિયસોં મેરૌં કહ્યો ન માને કંત રી
પરબસ વાકે બસ પરી મૈં રી લીયૌ ચાહે અંત રી ૪
દયા બિહૂનૌ નિરદઈ મેરૌ પીઉ ન જાને પીર રી
ચલતી બેર આડૌ રહૈ મેરૌ કબકૌ દામન ગીર રી ૫
માય બાપ વર ખોજ કૈ મેરૈં બેડી ડારી પાંવ રી
કમલનૈન નિરખે બિના મેરૌ રહ્યૌ ન ઐસો હાવરી ૬
ઈતનોં કહી કેં ઉઠ ચલીરી જ્યોં કંચુકી તજી નાગરી
સૂરશ્યામસોં યોં મીલી જૈસે કંચન મીલ્યોં સુહાગ રી

ભાવાર્થ :

ગોપી પોતાના મનમાં ખૂબ જ વ્યથા અનુભવે છે. સ્વયં પોતે જ પોતાની વ્યથા મનોમન વ્યક્ત કરે છે કે - સાંવરાવરણ વાળો બંસી બજાવી રહ્યો છે, લાગે છે કે - મને જે બોલાવે છે, તેનો સ્વર સાંભળી મને તેની યાદ ઘણી તીવ્ર થઈ ગઈ છે. તેથી કોઈ પણ બહાણે તેને મળવું તો છે પણ હું તેનું નામ તો જાણતી નથી! હે સખી, મને કહે તો ખરી કે તેનું નામ શું છે ? સખી પૂછે છે - તું કંઈક વર્ણન કરે તો હું કહી શકું કે તેનું શું નામ છે ? ત્યારે ગોપી પોતે નિરખેલ સ્વરૂપ, કે જે સતત તેની સામે તરવરી રહ્યું છે તેનું વર્ણન કરે છે - તે સાંવરો માથે મોરપિચ્છનો મુકુટ ધારણ કરે છે અને ‘લલિતત્રિભંગી’ સ્થિતિમાં ઠાડો રહે છે. તેથી તે જ નામ હોઈ શકે ! (૧)

લાલ કાછની પિતાંબર ધર્યું છે અને પગમાં ઝણકાર કરે તેવા ઘુઘરીવાળા નુપૂર ધાર્યા છે અને જે કુંજોમાં ભમરા ગુંજારવ કરે છે તેવા ફૂલોથી છવાયેલી કુંજોમાં તે નૃત્ય કરતાં ફરતો રહે છે (૨)

તે પોતાનો કોમળ હસ્તકમળ કટી પર ધારે છે અને પછી ગહેરા મુરલીનો ગાન-આલાપ છેડે છે. તે સ્વરનો નાદ સાંભળતાં જ મારું મન સ્થિર રહી શકતું નથી. હવે જો હું નહિ જાઉં તો મારા પ્રાણ નીકળી જશે. (૩)

હું હવે તો ખૂબ જ ચંચલ-પરેશાન થઈ ગઈ છું પણ આ મારા ધણીને હું પરવશ છું, તે મારી વાત માને તેમ નથી એટલે કે મને જવા દે તેમ નથી. તે તો મને મારી નાંખશે (૪)

અને તે તો દયા વગરનો - નિર્દય છે. તે મારી પીડાને સમજે તેમ નથી. જો હું જાઉં તો આડો આવે છે, પ્રતિબંધ કરે છે અને મારો પલ્લુ પકડીને પાછળ પડે છે (૫)

મારાં મા-બાપ-વર બધાંએ મને પકડી લઈને મારા પગમાં બેડી નાંખી દીધી છે, પરંતુ સાંમરા કમલનયનને નિરખ્યા વગર, મારામાં તેને પૂકારવાની તાકાત પણ ચાલી ગઈ છે (હાલ). આ બધી જ બ્હાવરી ગોપીની મનોચેષ્ટા છે. (૬)

આટલું કહીને તેણે પોતાના મનથી સર્વ પ્રપંચનો ત્યાગ કરી, દઢ નિશ્ચયી થઈ, ઉઠીને પોતે ચાલવા લાગી. જેમ સહજતાથી નાગ પોતાની કાંચળી ત્યજે તેમ તે પ્રભુને જઈને મળી. જેમ (કંચન) વેશ્યાવૃત્તિથી પેટ પાળતી સ્ત્રીને કોઈ ગ્રાહક મળે, ત્યારે જેવી આતુરતાથી તેને મળે તેવી આતુરતાથી તે મળી. અહીં આતુરતાને ઉપસાવવા માટે જ આ ઉદાહરણ છે. તેથી અન્યથા ન વિચારવું.

(૬૬) આસાવરી ૧૧/૩૩ ૧/૨૮૬

બીન જાનેં હરિ જાહિ બઢાઈ
વહ મિલ બચન મધુર કહત હૈ સુનત હી દઈ બડાઈ ૧
રીઝૈ લીયૌ હરિ કૌ ટૌનાકર તુરત હી વિલંબ ન લાઈ
ઉન લૈકર અધરન પર ધારી અનુપમ રાગ બજાઈ ૨
માનોં એક હી સંગ રહે તૈ ઐસે મિલે કન્હાઈ
સૂરશ્યામ હમ સબન બિસારીં જબહી તૈ વહ આઈ ૩

ભાવાર્થ :

ગોપીઓ કહે છે કે આ હરિએ, વગર જાણે-સમજે જ, એટલે કે મુરલીના સ્વરૂપજ્ઞાન વગર જ તેને બઢતી દઈ દીધી છે, માથે ચઢાવી છે. કેમકે તે તો આપની સાથે મીઠા મીઠા વચનો વેરે છે. તે સાંભળવા માત્રથી આપે તેને (મોટા ગુણવાળી - બડી) મોટાઈ આપી દીધી છે. (૧)

તે મુરલીએ તો કોઈ જાદુ-ટોણાના ઉપાય કરીને, સત્વરે હરિને પ્રસન્ન કરી દીધા છે. તે બાબતમાં તેણે સ્હેજ પણ ઢીલ નથી રાખી. તેથી તો મુરલીને હાથમાં રાખીને, પોતાના અધર પર ધારણ કરાવીને, જેની ઉપમા દઈ ન શકાય તેવો રાગ-પ્રેમ પ્રકટ કરી રહ્યા છે અથવા સૂર રેલાવી રહ્યા છે. (૨)

જાણે કે વરસોથી સાથે રહેતાં હોય તેમ તેની સાથે હળી-મળી ગયા છે. અને જ્યારથી આ મુરલી આવી છે, ત્યારથી હરિ-સૂરશ્યામે અમને બધાને તો જાણે ભૂલાવી જ દીધા છે. (૩)

(૬૭) આસાવરી ૧૨/૩૪ ૧/૨૮૬

મૈં અપને બલ રહત સ્યામ સંગ તુમ કાહે દુઃખ પાવત રી
મોં પર રિસ પાવત હૌ પુનિ પુનિ કછુ કાહુકી બતરાવત રી ૧
તુમહૂં કરૌ સુખમેં બરજત હો ઐસી હી સોર લગાવત રી
કહાં કરૌ મોહી સ્યામ નિબાજી કહી નહી દૂર કરાવત રી ૨
વૃથા વૈર તુમ કરતીં નિશદિન આછૌ જનમ ગમાવત રી
સૂર સૂનહૂં વ્રજનારી સયાની મૂરખ હૈં સમજાવત રી ૩

ભાવાર્થ :

હવે મુરલી ગોપીઓના ઉપાલંભનો પ્રત્યુત્તર આપે છે. હું સ્યામની સંગે રહું છું.

તે મારા સામર્થ્યથી રહું છું, તેમાં તમે શા માટે દુઃખ પામો છો ? (તમને કોને રોક્યા છે ? તમે પણ તમારું બળ અજમાવો.) મારી ઉપર રીસ કરીને વારંવાર શા માટે કંઈને કંઈ વાતો બનાવી બનાવીને કહ્યા કરો છો ? (૧)

તમે પણ તમારા સુખના દિવસોમાં જેમ મોટે મોટેથી બોલ્યા છો, તેમ હું પણ કરું છું. શ્યામે મને સ્વીકારી છે (નિબાંજી) તેથી મને તેમનાથી અલગ નથી કરતા તેમાં હું શું કરું ? (૨)

રાત-દિન તમે સૌ ફોગટની ઈર્ષ્યા-વેરભાવ કરીને જે આ સુંદર જન્મ મળ્યો છે તેને ખોઈ રહ્યા છો. માટે હે વ્રજનારીઓ, તમે તો ખૂબ જ શાણી છો અને હું તો વનમાં રહેનારી મૂરખ છું, પણ તમને આ સાચી સલાહ આપું છું તે માનો. અથવા તો તમે તો શાણી વ્રજનારી છો પણ જ્યારે આજે મૂર્ખતા પ્રકટ કરી રહ્યા છો તેથી તમને સમજાવું છું. (૩)

(૬૮) ધનાશ્રી ૧૨/૩૫ ૧/૨૮૭

મુરલી કે ઐસે ઢંગ માઈ
જબ તૈં સ્યામ પરે બલ વાકે હમહિં સબન બિસરાઈ ૧
અપનૌ ગુન યહ પ્રકટ કરાયૌ નિઠુર કાઠકી જાઈ
અપની આગ દહૈ કુલ અપનૌ સો ગુન ગુન પછિતાઈ ૨
જૈસી નિઠુર આપને ઘરકૌં ઓરન કી ક્યોં માને
સૂર **બડી યહ આપ સ્વારથી નિપટ રાગ કર ગાનેં ૩**

ભાવાર્થ :

એક ગોપી બીજી ગોપીને મુરલી બાબતે કહે છે કે - આ મુરલીની તો (ઢંગ) જન્મજાત રીત જ આવી છે. તેથી તો જ્યારથી સ્યામ તેને વશ થઈ ગયા છે, ત્યારથી સ્યામ આપણ સૌને વિસરી ગયા છે. (૧)

કેમકે તે નિષ્ઠુર-કઠોર લાકડાથી જન્મી છે. તેથી તેનો પોતાને નિષ્ઠુરતા રૂપી ગુણ, તેણે અમારા માટે પ્રકટ કર્યો છે. તેની નિષ્ઠુરતા તો જૂઓ કે નિષ્ઠૂરતાને લીધે તો વાંસ વનમાં એકબીજા સાથે ઘસાઈને આગ લગાડે છે અને પોતાના જ કૂળને બાળે છે. તે જ બધાં ગુણો આનામાં અહીં પ્રકટ થઈ રહ્યા છે. (૨)

જે પોતાના ઘરનાં, કુળ માટે નિષ્ઠુર થઈ શકે તે પારકાને શું છોડે ? આ મુરલી તો બહુ મોટી સ્વાર્થી છે તેથી તો ખૂબ જ પ્રેમ (રાગ) પૂર્વક હરિયશ ગાઈ રહી છે. (૩)

(૬૯) ધનાશ્રી ૧૪/૩૬ ૧/૨૮૭

મુરલી ભયેં રહત લડબી રી
દેખત નહીં નયન નિશિવાસર લાવત કૈસી ઢોરી ૧
કર પર ધર અધરન આગે કર રાખત ગ્રીવ નિહોરીં
પૂરન નાદ સ્વાદ સુખ પાવત તાન બઢાવત ગોરી ૨
આયુસ લીયેં રહત તાહીકી તરી સીસ ઠગોરી
સુરશ્યામકી બુધ ચતુરાઈ લીની સબૈ અજારી ૩

ભાવાર્થ :

ગોપી ખૂબ જ પરેશાન છે તેથી કહે છે કે જ્યાં સુધી હરિની પાસે મુરલી છે ત્યાં સુધી અમે તો લડતાં જ રહીશું. (હરિ કે મુરલી સાથે) રાત-દિવસ આ જોઈ શકતા પણ નથી (દેખત નહિં નયન) અને આંખો બંધ પણ કેમ કરી જાય ? (લાવત કૈસી ઢોરી). રહેવાય પણ નહિ અને સહેવાય પણ નહિ તેથી લડવાના જ (૧)

આનું કારણ કહે છે કે - એક તો તેને હાથમાં ને હાથમાં રાખે છે અને વધારામાં પોતાના અધર તેની પાસે નજીક લાવે છે. (જાણે હરિને ગરજ છે) અને પાછા પોતાની ડોક હલાવીને ખુશી પ્રકટ કરે છે અને મુરલી તો પૂર્ણનાદના સ્વાદનો સુખ માણી રહી છે. તેથી તેનો તો ઉત્સાહ (તાન) ખૂબ વધી રહ્યો છે. (૨)

સૂરશ્યામ તો જીવનપર્યંત (આયુષ લીયે) તેને નત મસ્તક (કહ્યાગરા) તેનાજ થઈને રહેશે, કેમકે તે મુરલી એવી ઠગારી છે કે સુરશ્યામની બધી જ બુદ્ધિ ચતુરાઈને વાળી ઝૂડીને રાતના અજવાળામાં જ (અજોરી) હરિ લીધી છે. (૩)

(૭૦) ધનાશ્રી ૧૫/૩૭ ૧/૨૮૭

માતપિતા ગુણ કહૌ બુઝાય
અબ ઈનહી કે ગુન સુન લૈહોં જાતેં શ્રવન સીરાય ૧
ઉનકે બેગુણ નિઠુર કહાવત મુરલી કે ગુણ દેખૌ
તબ ચાકો તુમ અવગુન માનોં જબ કછુ અચરજ પેખૌ ૨
જા કુલતૈ ઉપજી તાલકૌ જાર કરત હૈ છાર
તનહી તનતૈ અગ્નિ પ્રકાશત ઐસી જાકી ઝાર ૩
વહ જો શ્યામ સુને શ્રવનન ભર કરતે દૈહેં ડાર
સુરદાસ પ્રભુ ધોકેં ચાકે રાખત અધરન ધાર ૪

ભાવાર્થ :

ગોપીઓ ખીજાઈને કહે છે - આ મુરલીના માતાપિતાના ગુણ તો કહી દીધા, હવે આના (મુરલીના) અવગુણ સાંભળી લો, જેથી તમારા કર્ણને ટાઢક થશે. (૧)

તેમના (માતા-પિતાના) અવગુણમાં નિષ્ઠુરતા ત્યારે (સમજાય) જણાય, કે જ્યારે તેવા મુરલીમાં તેવા ગુણ જૂઓ. પણ એવા જ ગુણ મુરલીમાં હોય અને તેને અવગુણ માનો તો નવાઈ લાગે કેમકે તેનામાં તો વિશેષ અવગુણ છે. (૨)

કેમ કે જે કુલમાંથી તે પેદા થઈ છે તે કુળને તો તે બાળીને રાખ (છાર) કરે છે. તેના શરીરમાંથી જ અગ્નિ પ્રકાશે છે તેવી તેની જ્વાળા છે. (૩)

આ વાત, જો શ્યામ પોતાના સગ્ગા કાનથી સાંભળે તો તો તેને હાથમાંથી ફેંકી જ દે. પરંતુ તેને ઠગાઈ કરી છે તેથી આપ તેને અધરની ધાર ઉપર રાખે છે. (૪)

(૭૧) ધનાશ્રી ૧૬/૩૮ ૧/૨૮૭

મુરલી આપ સ્વારથીન નાર
તાકી હરિ પ્રતીત કરત હૈ જીત ન જાનત હાર **૧**
ઐસે વશ ભયે હરિ વાકે કહી ઠગોરી ડાર
લૂટત હૈ અધરન કો અમૃત ખાત દેત હૈ ઢાર **૨**
કો બક મરૈ બની હૈ જોરી તૃણ તોરત હૈ વાર
સૂરસ્યામકો ભલે કહત હૌં દેહૂં કહા અબ ગાર **૩**

ભાવાર્થ :

આ મુરલી તો (સ્વયં) જન્મજાત સ્વાર્થી નારી છે. એટલે કે અમે કંઈ તેના જેવા નથી. તેની હરિને (પ્રતીતિ) અનુભવ તો થઈ જ ગયો છે કેમકે ક્યારેય તેમનું ધાર્યું થયું નથી, તે તો હાર્યા જ છે. (જીતન જાનત હાર) (૧)

કોણ જાણે તે કેવા ઠગાઈ ગયા છે કે, તે મુરલીને જ વશ થઈ ગયા છે. તેથી તો તેને અધરામૃત પામવાનો અહેસાસ નથી પણ બળજબરીથી અધરામૃત લેવાનો આસુરી આનંદ છે. અને તેનું પાન કર્યા પછી પાછું ઢોળી દે છે. (મુરલીમાં નાદબ્રહ્મ ભરાયા પછી પાછો તે શબ્દબ્રહ્મ સ્વર રૂપે રેલાય છે.) (૨)

આ વાતની બાબતમાં ગમે તેટલું બક બક કરીને મરી જઈએ તો પણ કંઈ વળવાનું નથી (તૃણ તોરત હૈ વાર) આ મુરલી તો સૂરશ્યામને ય સારા કહેવડાવે તેવી નઠોર છે. તેને તો ગાળ દેવી ય વ્યર્થ છે. (૩)

આમ ગોપી પોતાના મનનું સમાધાન કરી લે છે.

(૭૨) ધનાશ્રી ૧૭/૩૯ ૧/૨૮૭

કાહેં ન મુરલી સૌં હિત જોરૈ
કાહૈ ન અધરન ધારૈ પુની પુની મિલી અચાનક ભોરૈં ૧
કાહેં ન તાહી કર ધરી રાખૈ ક્યોં નહીં ગ્રીવ નવાવૈં
કાહેં ન તન ત્રિભંગ કર ધારૈં તાકે મન હી ચુરાવૈ ૨
કાહૈં ન યોં આધીન રહે લ્હૌં યે અહીર વહ બેન
સુરશ્યામ કરતે નહિં ટારત બનબન ચારત ધેનુ ૩

ભાવાર્થ :

ગોપી શ્યામને ઉપાલંભ આપે છે કે - બંને ય આમ તો સમાન જ ને ! તેથી જોડી જામી છે તેથી કહે છે કે શ્યામ શા માટે મુરલીથી પ્રેમપૂર્વક ન જોડાય ? જોડાય જ. કોઈક સવારે અચાનક જ ભેટી ગઈ છતાં શા માટે ફરી ફરી તેને પોતાના અધર પર ધારણ ન કરે ? કરે જ. શા માટે તેને હાથમાં ધરીને ન રાખે ? રાખે જ. કેમ કે સમાનશીલ છે. (૧)

શા માટે ડોક ઝૂકાવી ઝૂકાવીને પોતાનો પ્રેમ પ્રકટ ન કરે ? કરે જ. શા માટે ત્રિભંગી થઈને ઠાડા રહીને તેના મનને ના ચૂરાવે ? (૨)

શા માટે તેના આધીન થઈને ના રહે ? અમે તો આહીરાની છીએ તેથી અમારી સાથે તેમ નહિ કરે અને તે વેણુ સાથે કરે, કેમ કે તે વનમાં પેદા થયેલી છે તેથી વેણ-વેનુ કહેવાય છે અને આ શ્યામ પણ વન વનમાં ધેનુ ચારે છે તેથી તે પણ વનવાસી જેવા જ થઈ ગયા છે. તેથી બંને સમાન જાત હોવાથી, તેને હાથમાં રાખે છે. હાથમાંથી છોડતાય નથી જ્યારે અમે તો વ્રજમાં રહેનારી અહિરણ છીએ, વિજાતીય છીએ તેથી અમારી સાથે સંબંધ નથી જોડતા. (૩)

(૭૩) ધનાશ્રી ૧૮/૪૦ ૧/૨૮૮

બિધના મુરલી સૌત બનાઈ
સુક્ઠ બાંસકી બંસ બિનાસન સબહી નિરાસ કરાઈ ૧
જો યહ ઠાટ ઠાટ વૌહી રાખ્યૌ કુલકી હોતી કોઉ
તો ઈતનો દુ:ખ હમહીં ન હોતો આંગુન આખર દોઉ. ૨
એ નિર્દયી નિઠુર વહ બનકી ઘર અબ નહિં પ્રકાશ
સુરદાસ વ્રજનાથ હમારે જૈસે ભયે ઉદાસ ૩

ભાવાર્થ :

આમાં હરિનો કે અમારો કે મુરલી, કોઈનો જ વાંક નથી પણ વિધાતાએ જ મુરલીને અમારી શોક્ય બનાવી છે. જેથી હરિ અમને છોડીને તેને સુખ આપે છે.

તે સૂકા લાકડા તેવા વાંસની છે અને પોતાના વંશનો જ નાશ કરનારી છે, એટલું જ નહિ, બધાને જ હતાશ કરી દેનારી છે. (૧)

આ મુરલી તો અમારી સજાતીય નથી. તેની જગોએ કોઈ અમારા કુલની હોત અને અમારી શોક્ય બની બેઠી હોત અને આવો રોફ જમાવતી હોત તો તો દુઃખ ન થાત કેમકે એમ મન મનાવત કે આખરે અમે છીએ તો એક જ ને ! (૨)

પરંતુ આ દયાહીન તથા નિષ્ઠુર તો વનની છે. (અમે તો ગામના છીએ) હવે તો અમારા જીવનમાં અંધકાર જ છે કેમ કે વ્રજના નાથ, કે જે અમ વ્રજવાસીઓના નાથ હોવા છતાં અમારા પ્રતિ ઉદાસ થઈ ગયા છે. (૩)

(૭૪) ધનાશ્રી ૧૯/૪૧ ૧/૨૮૮

સ્યામહી દોષ કહા કહી દીજૈ
કહા બાત મુરલીસો કહીયૈ સબ અપને સિર લીજૈ ૧
હમહી કહેત બજાવહુ મોહન યહ નાંહી હમ જાની
હમ જાની યહ બાંસ બસુરીયા કો જાને પટરાની ૨
બારે તૈ મુખ લાગત લાગત અબ વ્હૈ ગઈ સયાની
સુનહું **સૂર** હમ ભારી ભારી યાકી અકથ કહાની ૩

ભાવાર્થ :

ગોપી હતાશ થઈ ગઈ છે, તેથી સર્વ દોષનો ટોપલો પોતાના માથે ઓઢી લે છે.

તે કહે છે - આમાં સ્યામને ય, ક્યાં દોષ આપવો ? અને મુરલીને પણ શું કહીયે ? કેમકે દોષ કે ભલાઈ કે ભોળાપણ જે ગણો તે તો આપણું જ છે. (૧)

આપણે જ શ્યામને કહ્યું હતું કે આ વાંસની બાંસુરીયાને આપ બજાવો પણ તેનું પરિણામ આવું આવશે તેમ ન્હોતું જાણ્યું. આપણે તો સમજ્યા કે આ તો ક્ષુદ્ર વનની વાંસળી માત્ર છે. તેના થકી આપણાને સ્યામની ફૂંકથી મધુરનાદ સાંભળવા મળશે પણ આટલું કરવા માત્રમાં તો તે પટરાની - પ્રભુને પ્રિય થઈ બેઠી. (૨)

જો કે તે તો હતી વનની વાંસળી જ પણ વારંવાર પ્રભુના મુખનો સ્પર્શ પામીને

આ જંગલી શાણી થઈ ગઈ, હુંશીયાર થઈ ગઈ. હે સખી સાંભળ, આપણે જ તો હકિકતમાં ઘણા ભોળા છીએ, તેથી આજે આ પરિણામ આવ્યું છે કે - શ્યામ તેને એક ક્ષણ પણ છોડતા નથી.

આપણી શ્યામ સાથેના સંગની કહાની તો ક્ષુદ્ર છે જ્યારે આની સંગકથા તો અદ્‌ભૂત-અકથ છે. (૩)

(૭૫) ધનાશ્રી ૨૦/૪૨ ૧/૨૮૮

સ્યામહીં દોષ જીન માઈ
કહૌ યાહિરી બાંસ જાત કિન કૌનેં તોહી બુલાઈ ૧
ઉનકી કથા મનહીં દૈ રાખૌ યાકી ચલત ઢીઠાઈ
વે જો બૂરે ભલે તૌઉ અપને યહ લંગર નિઠુરાઈ ૨
ઐસી રીસ આવત હૈ મોકું દૂર કરું ઝહરાઈ
સૂરશ્યામકી કાન કરત હૂં નાતર કરત લરાઈ ૩

ભાવાર્થ :

ગોપી બધો દોષનો ટોપલો મુરલી પર જ ઢોળે છે. શ્યામ તો તેના પ્રિય છે. જેથી તેમને તો ‘ક્લીન ચીટ’ આપે છે.

આમાં શ્યામનો તો દોષ નથી, મારી બેના. મને એ તો કહે કે - હે બાંસ જાતીવાળી તને બોલાવી કોને ? (૧)

એમની વાત તો મનમાં રાખશું (પછી તે બાબતે વિચારશું.) પણ આ બહુ ઢીઠ (ધૃષ્ટ) જેવી છે. તે લાલન તો જેવા છે, ભલા-બૂરા છે પણ તે તો આપણા છે, પારકા નથી. પણ આ સ્ત્રી તો નિષ્ઠુર છે (૨)

મને તો એવો ગુસ્સો આવે છે કે આને જબરદસ્તીથી (ઝહરાઈ) અહીંથી ભગાડું, પણ શું થાય ? સૂરશ્યામ જે અમારા પ્રિય છે તેમની કાની (આદર) કરું છું, નહિં તો આની સાથે તો લડાઈ ઝગડો (લરાઈ) કરીને પણ દૂર કરું. (૩)

(૭૬) મલ્હાર ૨૧/૪૩ ૨/૪૨૯

બંશી ન કાહૂ કે બસ બંશીને કીને રી વશ
બંશી કો બજાયે જાને બંસી જાકે વસ હેં
અધરરસ પ્રેમ માતી નેક ન હોત હાતી (દૂર)
કાંન પરી પ્રાન લેત વે સચ કે રસ હૈ ૧

નચે નચે નેહ બાઢે મોહનલાલ નચાય છોડે
લલિત ત્રિભંગી કાન્હ મોહન સોં વસ હે
હિતહરિવંશ પરસ્પર પ્રીતમ
રાધા વૃષભાન નંદિની સોં રસ હૈ **૨**

ભાવાર્થ :

બંશીનું કેવું સ્વરૂપ છે તે અહીં હરિવંશજી જતાવે છે. આ બંશી કોઈને પણ વશ નથી. બંશી તો પ્રેમનું બીજું સ્વરૂપ છે. બંશી ભલભલા ભૂપો, દેવોને વશ નથી પરંતુ તે ભલભલાને વશ કરી શકે તેવું સામર્થ્ય ધરાવે છે. ''પ્રભુ પ્રવચનો... થી લભ્ય નથી.'' પરંતુ આવા સર્વસમર્થ પોતાના ભક્તોને વશ છે. પ્રેમ વરસાવી શકે તેવા, રસરૂપ કૃષ્ણ જ બંશીને પોતાને આધીન કરી શકે. ત્યારે બંશી પણ આપની આજ્ઞાનુસાર સ્વર કાઢે, પ્રભુના જ ગુણગાન ગાય. તેવી બંશી પ્રેમભક્ત, પ્રભુના પ્રેમરસથી મત્ત થઈ ગઈ હોવાથી તે પ્રભુનો પલભરનો વિરહ પણ સહી શકતી નથી. તેને એક પલ યુગ સમાન લાગે છે. માટે તો આપણા સેવાના પ્રકારમાં બંશી તો પ્રભુની સાથે જ પોઢે છે. આવી પૂર્ણભક્ત બંશીની આ વાત છે. આવા પ્રેમ ભરપૂર બંશીનાં સૂર, જેના પણ કાનમાં એકવાર પડી જાય, તો તે પણ પ્રભુપ્રેમમાં પાગલ બની જાય. પ્રભુ ન મળે તો પ્રાણની પણ પરવા ન કરે, તેવો બંશીના રસયુક્ત વચનોનો ચેપ લાગે છે. (૧)

બંશીનો પ્રેમ ભરપૂર છે, એટલું જ નહિં પણ તે વિધ વિધ પ્રકારનો વિધ વિધ રંગી, વિધ વિધ સ્વરી, તેમ અનેકવિધ છે. તેનાથી તે પ્રભુને રીઝવે છે અને પ્રભુના સ્નેહમાં ભરતી લાવે છે. તે સ્નેહના ભરને છલકે જ છૂટકો, તેથીજ તો જે સર્વને મોહ પમાડવા / સમર્થ છે. (શિવજીને પણ કરાવ્યો હતો - મોહિની રૂપે) તેવા મોહનલાલ, મોહિત થઈને નાચવા લાગી જાય છે. નાચે છે, તે પણ લયબદ્ધ. ડોક, કમર અને ચરણની ભંગી કરીને, લલીત પ્રકારે નૃત્ય કરે છે. કેમકે પ્રભુ બંશીના નાદથી મોહિત થઈ વશ થઈ ગયા છે. બંશી અને પ્રભુ બંને એકબીજાના પ્રીતમ છે. સર્વોત્તમપ્રભુનું પ્રિયતમ જ પ્રભુને નચાવી શકે, પ્રભુને વશ કરી શકે. માત્ર અને માત્ર પ્રભુ જ જેને બજવી શકે એટલે કે જેને પોતાની અધરસુધાથી પૂરે તે છે કોણ ?

તે હિતહરિવંશરાય કહે છે અરે ! એ તો વૃષભાનંદીની રાધાજી છે. બંશી અને સ્વામિનીજી રાધાજી બંને એક જ રૂપનાં બે નામ છે. પ્રભુને તેમનામાં જ રસ છે. અન્યને જે કંઈ પ્રભુ-પ્રેમ મળે છે તે તો રાધાજી થકી મળે છે. માટે તો શ્રીહરિરાયજી

આજ્ઞા કરે છે કે પ્રભુ કેવી રીતે રીઝે ? તો - જો શ્રીસ્વામિનીજી રીઝે. આવા સ્વામિનીજીના વચનો - આજ્ઞાઓ આપણે શબ્દશઃ અર્થતઃ પાળીયે તો સ્વામિનીજી રીઝે. આ અનવતાર કાળમાં તો શ્રી સ્વામિનીજી જ શ્રી આચાર્યજીરૂપે છે. તે વાણીરૂપે બિરાજે છે. તેથી તો આપની વાણીનું અવગાહન, આચરણ તે જ પ્રભુ પ્રાપ્તિનો ઉપાય. (૨)

(૭૭) રાગ – ભૈરવ ૨૨/૪૪ ૧/૨૭૯

જાન્યૌ જાન્યૌ રી સયાન, તે પ્રાણેશ્વર સોં કીયોમાન
ભયો હૈ બિહાન
પિયકો તેરૌ હી ધ્યાન, મેરી સીખ સુન લૈ કાન
જામે બસે પ્રાન તોસોં કૈસો ગુમાન ૧
સુન મુરલી કૌ ગાન આછી મીઠી નીકી તાન
સંકેત સ્થલ રચ્યૌ કુસુમ બિતાન
સૂરદાસ પ્રભુ સુજાન સકલ શિરોમનિ માન
મદનમોહન તેરે સુખકૌ નિધાન ૨

ભાવાર્થ :

એક સખીને પ્રભુથી માન થયું છે. જેથી પ્રભુથી રીસાઈને બેઠી છે ત્યારે તેને એક પ્રૌઢ સખી સમજાવે છે.

હે સયાણી, તેં આપણા પ્રાણેશ્વર (આપણા સૌના પ્રાણનું પોષણ-રક્ષણ કરવાવાળા)થી માન કર્યું છે, તે અમે બહુ જાણી લીધું. હવે તો રાત પણ પૂરી થઈ ગઈ અને પ્રભાત થઈ ગયું છે. બહુ લાંબુ ચાલ્યું, તારું માન !

તૂ જો તો ખરી કે - પિયને તારું જ ધ્યાન છે ? એમનું ચિત્ત તારા પ્રતિ જ માત્ર સ્થિર થયું છે. તેથી મારી સલાહ માન, કાને ધર કે જેમાં આપણો પ્રાણ વસેલો હોય તેનાથી વળી ગુમાન કેવું ? (૧)

તને જો ખાત્રી ન થતી હોય તો સાંભળ - મોરલીનો સ્વર સંભળાય છે ને ? તે તારા માટે જ છે. તેમાં આપ કેવા અતિ દીનતાયુક્ત સુંદર મીઠા તાનથી તને જ કંઈક કહી રહ્યા છે કે સંકેતવનમાં ફૂલોનો મંડપ રચ્યો છે, વિહાર માટે.

એક બીજી વાત સમજ કે - આ પ્રભુનું સ્વરૂપ કેવું છે ? તે તો સર્વના મનની વાત જાણવાવાળા છે (અંતર્યામી છે) તથા સર્વના ઈશ્વર શિરોમણી છે. તેવા પ્રભુ

તારા મારે મદનમોહન બનીને પધાર્યા છે, તારા માટે સુખના ભંડારરૂપ છે.

આવા પ્રભુ તારી ઉપર સામેથી કૃપા કરી રહ્યા છે અને તે પણ તને પરમસુખ આપવા, પછી તું માન કેમ કરે છે ? માન કરવાવાળામાં મુખ્ય અધિકારી તો તે સ્વયં છે તે હકીકત સમજ. માટે ચાલ. દોડ તેમની સામે, કે જ્યાંથી મુરલીનો સ્વર આવી રહ્યો છે ?

ગૂઢાર્થ :

શ્રી વલ્લભ જીવને કહી રહ્યા છે કે - 'શાણી' તરીકે જગતમાં તુ કહેવાય છે પણ તેવી તો મને લાગતી નથી ! કેમકે જે તારા પ્રાણેશ્વર - પ્રભુ છે તેનાથી જ તું અહંકાર વશ વિમુખ થયો છે ! તારું અજ્ઞાનરૂપ અંધકાર તો મારા શરણે આવ્યો તેથી દૂર કર્યું. હવે તો જ્ઞાનનો - ભક્તિનો પ્રકાશ ફેલાઈ ગયો છે. છતાં પણ તું પ્રભુથી વિમુખ છે ? તને ખબર નથી, તારો જે પ્રિય કૃષ્ણ છે તે તો પુષ્ટિ પ્રભુ છે. તેનું ધ્યાન તારામાં જ છે તેથી તો મને આજ્ઞા કરી હતી કે - આ મારી અંગસૃષ્ટિના જીવો જગતમાં અજ્ઞાનના કારણે ભટકી ગયા છે, તેમને મારી પાસે લાવો.

માટે તો તું હવે બ્રહ્મસંબંધ તાજું કરીને, મારી સાચી સલાહરૂપ ગદ્યમંત્ર યાદકર, કે જે તારું સર્વસ્વ છે, તારી અહંતા, મમતા, પ્રાણ, આલોક, પરલોકનાં ફળ સમર્પિત કરવા લાયક પ્રભુ છે, તેવા તારા અંતર્યામી - સર્વસ્વ, તેનાથી જ તું ગુમાન કરે છે ?

તુ જરા ધ્યાનથી સાંભળ અને મારા ઉપદેશ રૂપ ગ્રંથોમાં તને તેમની મુરલીનો શબ્દ સંભળાશે. તે શબ્દો કેટલા બધા મીઠા સુંદર છે ! તારા માટે કેટલા કલ્યાણકારક છે ? પુષ્પના મંડપની નીચે તને બોલાવીને, તારી સાથેના સંબંધને, તાજો કરી આપવા માંગે છે.

તને ખબર છે ? તે તો તારી અંદર બિરાજેલા અંતર્યામી હોવાથી તારા મનની બધી જાણે છે. અને બહાર સર્વત્ર બિરાજીને સર્વના ઈશ્વર પણ છે. તેવા પરબ્રહ્મ કૃષ્ણ આજે તારા પ્રેમને સ્વીકારવા. તારા પર પ્રમેય કરવા મદનમોહન થઈને પધાર્યા છે. તેમના સુખ માટે નહિ, પણ તને અકલ્પ્ય... અધધ... સુખ આપવા માટે, કેમકે આપ તો પૂર્ણાનંદ હોવાથી સુખનો ભંડાર છે.

તો પછી હવે શાની વાટ જૂએ છે ? માન છોડ, બહિર્મુખતા છોડ, અને પ્રભુ સન્મુખ થવા દીન થઈને, દાસી થઈને દોડ.. (૨)

(૭૮) રાગ–ભૈરવ ૨૩/૪૫ ૧/૨૭૯

મુરલી હરિ તેં ન છૂટત હૈ
વાહી કે વશ ભયે નિરંતર, વહ અધરન રસ લૂટત હૈ ૧
તુમતેં નિઠૂર ભઈ વહ બોલત તન તે મન ઉચરાવત હૈ
આરજ પથ કુલકાન મિટાવત સબકો નિલજ કરાવત હૈ ૨
નિડરી રહતે ડરત નહિ કાહુ, મુખ પાયેં બહુ ફૂલત હૈ
અબ યહ હરિતેં હોત ન ન્યારી તૂ કાહે કો ભૂલત હૈ ૩
રોમ રોમ નખસિખ રસપાગી અનુરાગીન હરિ પ્યારી હૈ
સૂરશ્યામ વાકે રસ લુબ્ધે. જાની સૌત હમારી હૈ ૪

ભાવાર્થ :

એક સખી બીજી સખીને પોતાની વ્યથા કહે છે. આ મુરલી હરિથી સહેજ પણ દૂર નથી રહેતી અથવા કહો કે હરિ મુરલીથી સહેજે દૂર થતા નથી. આપ તો તેને હંમેશના માટે વશ થઈ ગયા છે અને તેથી તો તે આપના અધરનો રસ લૂંટે છે. (પોતાની જબરદસ્તીથી, દાન અથવા આપેથી નહિ.) (૧)

તારા માટે તો તે મુરલી નિષ્ઠુર થઈ ગઈ છે. એટલે કે તેને તારી તો દયા-મમતા છે જ નહિ માટે તો તેવા વચનો બોલી રહી છે કે જે વચનોથી આપણા તન-મન ઉચાટ પામી રહ્યા છે.

તેની વાણી એવી છે કે જેના કારણે તો આપણો આર્યપથ, કુલની મર્યાદા મટી ગઈ અને આપણે નિર્લજ્જ જેવા બની ગયા. (૨)

તથા તે નિડર એવી થઈ ગઈ કે કોઈનો ય ડર ના રહ્યો. અને પોતાને તો પ્રભુનું મુખારવિંદ પ્રાપ્ત થયું હોવાથી ખૂબ જ ફૂલાઈ રહી છે.

હવે તો તે હરિથી ન્યારી-છૂટી પડશે જ નહિ તે વાત ભૂલતી નહિ. (૩)

કેમકે તે તો સાંગોપાંગ નખથી તે ચોટી સુધી, તેના રોમ-રોમ રસ ભરપૂર થઈ ગયાં છે. તેવી હરિમાં ખૂબજ પ્રેમ ભરી થવાથી હરિની પ્યારી બની ગઈ છે. તથા હરિ પણ તેના રસમાં લોભી (ભમરા જેવા) થઈ ગયા છે. હવે અમને સમજાય છે કે આ તો અમારી જ સૌંત બની બેઠી છે. (૪)

ગૂઢ ભાવાર્થ :

જેના ભક્તિ વિરોધી દોષો પ્રભુએ નિવૃત્ત કર્યા છે તેવા મુરલી સમાન ભક્તો, નથી હરિથી દૂર થતા કે નથી પ્રભુ તેમનાથી દૂર થતા. કેમ કે તેમનું લૌકિક વૈદિક બધુંજ હરિએ હરિ હોવાથી હરણ કરી લીધું છે. તેવાઓને પ્રભુ વશ થઈ જાય છે. પછી તો તેવાઓ પ્રભુના અતીગૂઢ આનંદના લૂંટારું બની જાયછે. પ્રભુ તેમને રોકી કે ટોકી પણ ન શકે, તેવા વશ થઈ જાય છે. તેવાઓ અધરરસને યથેચ્છ માણે છે. (૧)

જેમ પ્રભુએ રાસ પહેલાં ''તમે પાછા જાઓ'' જેવાં નિષ્ઠુર વચનો કહ્યાં હતા, તેવાં વચનો બોલીને જેમ ગોપીઓના તન-મનને ઉચાટ કરાવ્યો હતો. 'તાપ-કલેશાનંદ' તેવા વચનો (શ્રીવલ્લભ) કહી રહ્યા છે. તે વચનોનું એવુ સામર્થ્ય છે કે - તેના કારણે જીવને વેદમાર્ગે, કુલમર્યાદા છોડતાં, નથી લાજ આવતી કે નથી ડર લાગતો, તે અભય બની જાય છે. અને નિર્દેષ કરે છે કે આ પ્રભુના મુખારવિંદરૂપ વલ્લભને પામશો તો પુષ્ટ (ફૂલ્યાં) થઈ જશો. ભગવાનની કૃપા પામશો. (૨)

તમે એ નિશ્ચિત માનજો કે પછી તો હરિથી ન્યારા થવાનો વખત નહિ આવે (૩)

સહસ્ત્ર પરિવારથી જેમ અગાઉ ભટક્યા તેમ ભટકવા વારો નહિ આવે. જો પ્રભુને પ્રત્યેક ઈંદ્રિય, રોમ, રોમથી, આત્માથી, ટૂંકમાં સર્વ પ્રકારે પ્રભુને સમર્પિત થઈ તેમના પ્રત્યે સ્નેહ વરસાવશું તો હરિના પ્રેમના અધિકારી બની જશું પછી તો હરિ જ તમારા પ્રેમને કારણ તમને વશ થઈ જશે. આ જ તો ફળદશાનો પ્રેમ છે. ત્યારે તમે પણ અમારા જેમ જ હરિના પ્યારા બની જશો. તેમ શ્રીવલ્લભ કહે છે. (૪)

(૭૯) રાગ – ભૈરવ ૨૪/૪૬ ૧/૨૭૯

યે બંશીનાદ સુરસાધિકે બજાઈ
પ્રવીન કાન્હે સાત સુર સોધકેં મધુર ધુની
ધરી ધરી ઘુમત સુધ ન રહી કછું
કલ ન પરે મેરે તન મન ૧
વ્યાકુલ ભઈ કલ નાંહિ પરત
સુનત તતછીન ગઈ હોં મધુવન
ધિરજ કે પ્રભુ જનમ સુફલ ભઈ
નિરખત શ્રીનંદનંદન ૨

ભાવાર્થ :

આ બંશીમાં ગુપ્તરૂપે નાદ ભરેલો છે. તે બંશી ઉપર પ્રમેય કરીને, સુરની સાધના કરીને, (ભગવાને તેના માટે સાધન કર્યા) અને પોતાની ફૂંકથી, તે જડને બોલતી કરી. જડમાં ચેતન અને ચેતનમાં આનંદ ભર્યો. તે નાદ-આનંદ અમારા શ્રવણમાં પડતાં જ મનથી અમે પ્રભુની આસપાસ જ ઘુમવા લાગ્યા અને તે પણ સતત, કેમકે તેમાં એક મધુર ધુન બાજી રહી હતી, જે આકર્ષક - પ્રમેયરૂપ હતી. જે આકર્ષણ ક્રિયામાં પેઠું તે પછી અમારા તન-મનમાં પેઠું. જેથી અમોને લૌકિક-વૈદિકમાં કળ-ચૈન જ ન પડે (૧)

અને તે નાદના બજવૈયાને પ્રાપ્ત કરવા માટે વ્યાકુળ થઈ ગયા. અમને કંઈક અકળ પ્રેરણા થઈ કે આ ધુની જો મધુર છે તો તેનો બજવૈયો પણ મધુર હશે જ. (અખિલં મધુરં) તેથી તો તે મધુવનમાં બિરજતા હશે. જેથી હું પણ મધુવન પ્રતિ દોડી.

આજ સુધી તો હું ધીરજ ધરીને બેઠી હતી પણ પ્રભુએ જ મારી ક્રિયાશક્તિને પ્રદિપ્ત કરી. બસ આમ મારામાં પ્રભુભક્તિ પ્રકટાવી. આમ કૃપા કરી તે જ સૂચિત છે કે પ્રભુએ મને પોતાની જાણી. તે જ તો મારા જન્મ સાફલ્યનું પ્રમાણ છે અને તેથીય વિશેષ તો શ્રીનંદલાલ ત્યાં સાક્ષાત્ બિરાજીને મને મનોમન આવકારતા હોય તેવો મને સાનુભવ થયો. તેથી મારો જન્મ જે સફળ થયો હતો તે હવે સુફળ થયો. (૨)

કિલશ્યમાનાન્ જનાન્દૃષ્ટ્વા કૃપાયુક્તો યદાભવેત્
તદા સર્વમ્ સદાનંદમ્ હૃદિસ્થં નિર્ગતં બહિઃ

(૮૦) રાગ : રામકલી ૨૫/૪૭ ૧/૨૮૦

મુરલી કૌ મન હરિ સૌ માન્યો
હરિ કો મન મુરલીસોં મિલી ગયૌ જૈસે પય અરૂ પાન્યૌ ૧
જૈસેં ચોર ચોર સોં તૈસોં ઠગ ઠગ એક જાન
કુટીલ કુટીલ મિલ ચલે એક વ્હૈ, દુહુન બની પહિચાન ૨
યે બન બન નિત ધેનુ ચરાવત વહ બનકી હી આહી
સુર ગઢી બિધના જોડીકોં જૈસી તૈસી તાહી ૩

ભાવાર્થ :

મુરલીનું મન હરિથી લાગી ગયું છે અને હરિનું મન મુરલીથી. ઉદાહરણ આપે છે. જેમ દૂધ અને પાણી એકબીજામાં મળી જાય તેમ. ચેતસ તત્ પ્રવણ સેવા. એકમેક કર સાન્યો (૧)

જેમ ચોરથી ચોર, જેમ ઠગથી ઠગની દોસ્તી થાય અને કુટીલજન બીજા કુટીલ સાથે એકમેક મિત્રતાથી જ ચાલે અને એકસરખા હોવાથી એકબીજાના સ્વભાવને પણ ઓળખી જાય. (૨)

આ પ્રભુ વનમાં નિત્ય ધેનું ચરાવે અને તે બંશી પણ વનમાં જ રહેનારી.

અમને લાગે છે કે વિધાતાએ જેવા સાથે તેવાની આ જોડી જ બનાવી રાખી છે. (૩)

ગૂઢાર્થ :

જીવ તો પાણીની જેમ સત્વ વગરનો, પાતળો છે. પણ નિર્મળ તથા પારદર્શી છે. સૌને ઉપયોગી છે તથા સુલભ છે. તથા પ્રભુ દૂધ જેવા સત્વવાળા છે, પૂર્ણ છે, પુષ્ટ છે. પણ જો તેવો જીવ પાણીરૂપ છતાં પોતાનું મન પ્રભુથી જોડી દે તો હરિ પણ પોતાનું મન જીવ સાથે જોડી દેશે. પણ તે મેળાપ એવો ગાઢ જોઈએ કે જીવ કોણ અને ઈશ્વર કોણ તે જ ન ઓળખી શકાય જીવ હરિનું ચિત્ત ચોરી લે અને હરિ જીવનું ચિત્ત ચોરી લે. જીવ જ લોક-વેદને કાપટયવત્ (ઠગવત્) આચરીને પણ પ્રભુની પાસે પહોંચી જાય અને પ્રભુ પણ પ્રમાણને છેતરીને ઠગવત્ જીવનો ઉદ્ધાર વિચારે (૧)

''જીવો સ્વભાવત દુષ્ટઃ'' તેમ શ્રીઆચાર્યજીએ જીવને દુષ્ટ કહીને કુટીલ કહ્યો છે અને પ્રભુ લલિત ત્રિભંગી હોવાથી ટેઢા છે, તે રીતે કુટીલ છે. (૨)

પ્રભુ જગતના સર્વ જીવોના પાલક તથા નિયામક છે અને જીવ તો જગતમાં રહેનારો છે. (યે બન નિતધેનુ ચરાવત વહ બનકી હી આહી)

સૂર કહેતાં ભગવાન. ભગવાને વિધાતા બ્રહ્માને બનાવ્યા અને પ્રભુએ જ આ જોડી એટલે ભક્તને પોતાના માટે જ બનાવ્યો, કેમકે એ અંગ સૃષ્ટિ છે. અને તે બંનેમાં સમાનતા છે. બંને એકબીજાના માટે જ છે. આ જ તો પુષ્ટિમાર્ગમાં - પુષ્ટિભક્તિનું રહસ્ય છે. (૩)

(૮૧) રાગ–રામકલી ૨૬/૪૮ ૧/૨૮૦

મુરલી હમસોં વૈર દઢાયૌ
ચલી નિપટ ઈતરાય નેક હી હરિ અધરન પરસાયો ૧
ફૂલી ફિરત શ્યામ કર બૈઠી યોંહી ગર્વ બઢાયૌ
જ્યોં નિરધન ધન પાય અચાનક નયન આકાશ ચઢાયૌ ૨
સૂરશ્યામ દેખત સિહાત હૈં તાકૂં જાય રીઝાયો
ત્રિભુવનપતિ શ્રીપતિ જે કહાવત તીન મુરલી બસ પાયે ૩

ભાવાર્થ :

ગોપીજનો મુરલીથી ઈર્ષ્યા કરી રહ્યા છે. આ ઈર્ષ્યા પ્રભુના સંયોગરસમાં ભાગ પડાવવાના કારણે છે, લૌકિકતા વશ નથી. તેથી કહે છે - મુરલીએ અમારી સાથે પાક્કું વેર લીધું છે.

તેણે હરિની નજીક, અભિમાન સહિત જઈને, આપશ્રીના અંધરોનો થોડો સ્પર્શ કર્યો. અથવા કહીએ કે થોડીક નજીક જઈ, અભિમાન કરી હરિનો અધર સ્પર્શ કર્યો અથવા હરિની નજીક જઈ, થોડું અભિમાન કરી હરિનો અધરસ્પર્શ કર્યો (૧)

શ્યામના હસ્તકમળમાં બેસીને ફૂલી ફરે છે અને નાહકનો ગર્વ વધારે છે.

તેનો ગર્વ કેવો છે તેનું ઉદાહરણ આપે છે કે - જેમ કોઈ નિર્ધનને અચાનક ધન મળી જાય ત્યારે એની આંખો માથે ચડી જાય, તેમ થઈ ગયું છે. અને તે એટલી હદે કે મહાવીર એવા શ્યામને જોતાં જ માન કરવા લાગે છે અને શ્યામ પણ સામે જઈને તેને (રીઝવી) મનાવવા લાગે છે. (૨)

જે ત્રણે ભુવનના નાથ છે અને જેમના ચરણોની સેવા લક્ષ્મીજી કરી રહ્યા છે, તેવા શ્રીપતિ નામથી જેમની પ્રસિદ્ધિ છે, તેમને મુરલીએ વશ કરી લીધા છે. (૩)

ગૂઢાર્થ :

મુરલી - મૂર એટલે ''જીવમાં રહેલ દોષોનો સમૂહ'' અને 'લ' એટલે 'ધારણ (સ્વીકાર) કરનાર'

શ્રીઠાકોરજીથી વૈર-વિમુખતા (દ્રઢ) નક્કી ચોક્કસ જ કરાવનાર જીવમાં રહેલા દોષો છે. તે દોષો સ્વયં આપણી (જીવની) ખૂબજ નજીક આવે છે અને તેવી લાલચ ઉભી કરે છે કે, તેમાં દુઃખ છે તેવું જાણવા છતાં, તેમાં લપટાઈએ છીએ.

તેને મનાવીને આનંદ લઈએ છીએ. તેના કારણે તો હરિ નામ હોઠ ઉપર આવતું નથી.

'શ્યામ કર' એટલે કે કાળા કર્મ કરવાવાળા. આ દોષોથી ભરેલો જીવ, પાછો પોરસાય છે. (જેમકે અમે આ હોટલોમાં ખાધું, રહ્યા, નાચ્યા-કૂદયા, આઠમે જુગાર રમ્યા, ભાંગ પીધી, શેમ્પેન ફોડયું, છેતર્યા, બે નંબરથી ખૂબ કમાયા) પણ આ પ્રકારનો ગર્વ તે શું ગૌરવગાથા છે ? નહિ જ. પ્રવાહીપણાથી જીવ તો નિર્ધન છે, એટલે કે દયાપાત્ર છે. પણ કદાચ પ્રભુની ઈચ્છાથી, તેને ત્યાં શ્રીલક્ષ્મીજી, કૃપા કરવા પધારે પણ જીવ તો દીનતા પામવાને બદલે કે પ્રભુની કૃપા સમજવાને બદલે અધિક ગર્વ કરવા લાગી જાય છે.

પરંતુ (સૂર) - દૈવી જીવ (શ્યામ કહેતા) શૃંગાર રસથી છલકતા પ્રેમી તેવા ભગવાનથી માન કરે છે. તેની સાથે વ્યવહાર નથી રાખતો. પરંતુ પ્રભુ તો દૈવી જીવને પોતાનો જાણીને કૃપા કરે છે, અને તેને સામે ચડીને મનાવે છે. તેનું કારણ એ છે કે પોતે જાણે છે કે, સ્વયં તો ત્રણે ભુવનના નાથ હોવાથી, દૈવી જીવનું રક્ષણ કરવું જોઈએ અને (શ્રીપતિ કહેતાં) પોતે સમૃદ્ધિવાન છે જેથી જીવને સ્નેહરૂપ સમૃદ્ધિનું દાન કરવું જોઈએ, તેથી એવો પ્રમેય કરે છે કે સદોષ જીવને, પોતાને વશ કરી લે છે ત્યારબાદ જીવ પ્રભુને વશ કરે છે.

(૮૨) રાગ–રામકલી ૨૭/૪૯ ૧/૨૮૦

વૈર સદા હમસોં હરિ કીનૌ
પ્રથમ હીં રોક રહે ગહિ મારગ દધિ લૈ જાન ન દીનૌ ૧
પુની મન હર્યૌ ભેદ હીં ભેદ હી ઈંદ્રિન સંગ ગહિ લીનૌ
તા પાછેં એ નયન બુલાયે ઉન ઉનહીંકોં ચીનૌ ૨
અબ મુરલી બૈરીન ઉપજાઈ નિપટી ભઈ હમ ભીને
સૂર પરે હરિ ખોજ હમારે ઐસે પરમ નગીને ૩

ભાવાર્થ :

હરિ એ તો હંમેશાં જ અમારી સાથે વેર કર્યું છે. દાનની મીષે સૌ પહેલાં તો મારગ રોકીને, અમને રોકી લીધા અને અમે દધિ વેચવા જતાં હતા, તે ન જવા દીધા. (૧)

પછી ભાત ભાતની ચતુરાઈથી અમારું મન, ઈંદ્રિયો સહિત લઈ લીધું.

તે પછી અમારી દૃષ્ટિને બોલાવી લીધી અને આ કામ તો પેલાં જે ગયાં હતાં

(ઈંદ્રિયો-મન) તેઓએ એક બીજાને ઈશારા કરીને કરી લીધું (૨)

જ્યારે અમે તેમના (ઠાકોરજી) વગર હવે તલપી રહ્યા છીએ ત્યારે મુરલીએ વેર દેખાડયું કે - પોતે જ ઠાકોરજીની અંગત થઈ ગઈ, કે જ્યારે અમે વિરહરસથી ભીના થઈ ગયા હતા! હવે તો હરિ અમારે માટે શોધવાલાયક પ્રમેય (ખોવાઈ ગયા સમાન) અદૃશ્ય થઈ ગયા છે.

અમને લાગે છે આ કરતૂત - નવા નવા કીમીયા કરનાર પરમ નગીના તેવા હરિ જ છે છતાં પણ તે તો અમારા પરમ પ્રાણ પ્રેષ્ઠ જ છે.

ગૂઢાર્થ-૧ :

હરિ અમારા હંમેશાના વેરી હોય તેમ જણાય છે કેમ કે - અમારી ઈચ્છા તો તેમને પ્રમાણથી (વેદ-તપ-જપ વગેરે થી પામવાની હતી પણ તેમને તો અમારી ઈચ્છા વિરૂદ્ધ અમારા પર પ્રમેય કર્યું.) તે માટે કેવા કેવા ઉપાય રચ્યા? તે જૂઓ સૌ પહેલાં તો તેમણે જ પ્રકટાવેલ વેદમાર્ગમાં જ સ્વયં અમારી આડે આવ્યા. લોક-વેદ છોડાવી દીધા. અમે અમારો સ્નેહ તો અન્ય દેવો (ઈંદ્રાદિ)ને વેચવા (લેવડ-દેવડ) (તે આપીને અમે સુખી રહીયે) નિકળ્યા હતા પણ ગોવર્ધનલીલા કરીને અમને રોક્યા.

તે પછી ૭ દિવસ ગિરિરાજધરણલીલામાં અમોને નિરોધ સિદ્ધ કરાવી દીધો. તેથી તો, ક્યારે અમારું મન ઈંદ્રિયો સહિત આપે વશ કરી લીધું તેની અમને જાણ પણ ન થઈ! તે બાદ તો અમારી આસક્તિ એટલી બધી વધી ગઈ કે - આપ વનમાં પધારે ત્યારે અમારી દૃષ્ટિ સાંજ સુધી વન તરફ મંડાયેલી જ રહેતી અને સંધ્યા સમયે તો આપની રાહ જોવામાં અમારાં નયન બેહાલ થઈ જતા હતા.

મને ઈંદ્રિયોને, ઈંદ્રિયોએ નયનોને બોલાવી લેવાનું કામ કર્યું, તેમ લાગે છે.

અને જ્યારે અમે બેહાલ થઈ, પ્રભુના દર્શન માટે તલપી રહ્યા હતા, ત્યારે મુરલીનાં નાદથી અમારો વિરહ રસ વધારેને વધારે પ્રદીપ્ત કરી, મુરલી પણ જાણે વેર વાળતી હોય તેમ લાગ્યું. કેમકે પોતે તો પાછી પ્રભુનું અધરામૃત પી રહી છે અને અમને દર્શન પણ નહિ! આ દશા પાછી જ્યારે અમે હરિ વિરહરસથી ભીના થઈ ગયા ત્યારે થઈ છે. જેથી હવે તો અમને આપનું વ્યસન થઈ જવાથી અમે તરફડી રહ્યા છીએ. હવે તો અમારા મનમાં શંકા-આશંકા થવા લાગી છે કે - શું હરિ અમને પ્રાપ્ત થશે કે નહિં? (પ્રેમની વિકલાવસ્થામાં આવું બધું થયા કરે છે.)

અમને અમારા પરમ સ્નેહી હરિ માટે પણ શંકા થવા લાગી છે કે આ બધાં કૌતુક કરનાર આપ જ છે કેમ કે તેમને ચિત્ર-વિચિત્ર ખેલ કરીને દુઃખ આપવામાં જ આનંદ આવે છે. હવે અમે શું કરીએ ?

ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા.....

ગૂઢાર્થ-૨ :

જીવ જ્યારે સંસારમાં ભટકી રહ્યો છે ત્યારે તેને હરિનું ભજન કરવું દુઃખદાયક લાગે છે. સંસારનાં આધિભૌતિક સુખો સુખરૂપ લાગે છે. પરંતુ જ્યારે પ્રભુ ભક્ત-દૈવી જીવ ઉપર કૃપા કરવા તેની સંપત્તિ હરિ લે છે. (જૂઓ સંતદાસજીની વાર્તા) અને જે કંઈ થોડી ઘણી બચે તે પણ હરિમાં જ વિનિયોગ કરાવવાની યોજના કરી દે છે ત્યારે પણ, સાધન દશાના જીવને આ બધું કઠે છે. પણ પ્રભુએ તો જીવના ઉદ્ધારની ઠાની લીધી છે. જેથી ત્યારબાદ, તે જાત જાતના ઉપાય કરીને, કોઈ ભગવદીયનો સંગ મેળવી આપે કે કંઈક આશાનું કિરણ દેખાડે, કે કોઈ ચમત્કાર કરે, તેમ અનેક ભેદ કરીને તેનું મન પ્રભુમાં લાગે. તેથી પહેલાં તો માહાત્મ્યજ્ઞાન કરાવે જેથી હરિનામ લેવા લાગે. શરણદિક્ષા લેવડાવે ત્યારબાદ નિવેદન દીક્ષા અપાવડાવીને, તેની ઈંદ્રિયોને પણ પ્રભુ-સેવામાં જોડી દે અને સાથે મન લાગવાથી ‘ચેતસ્ તત્ પ્રવણં સેવા’ થી સેવાનું સાચું સ્વરૂપ સિદ્ધ થાય.

ત્યાર પછી આસક્તિ એટલી વધવા લાગે કે નયનોને ભગવાન સિવાય બીજું કંઈ સૂઝે નહિ. ઘરનાં દરેક કાર્યોમાં ઠાકોરજી જ જોડાઈ જાય.

‘‘જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની’’ આમ આસક્તિ થયા પછી વ્યસનાવસ્થામાં પ્રવેશ થઈ જાય ત્યારે, ભ્રમ થવા લાગે કે - ઘરનાં સગાસંબંધી બધાંજ તેને વેરી લાગવા લાગે, ‘ઘર-અંગના નહિ ભાવે રે’.

પોતાના ઠાકોરજીના કોઈને જ દર્શન ન કરાવે. તે ડરે કે ઠાકોરજી તેને વશ તો નહિ થઈ જાય ને ? કોઈ પોતાના ઠાકોરજીના વખાણ કરે તો પણ તેને લાગે કે તારે શું ? શંકા કરવા લાગે. (ડોશીમાએ શ્રીનાથજી પાસે માંગ્યું કે - મારા લાલને ગોવર્ધનના બંદર ચૂરાઈ ન જાય) તેમ વ્યસનાવસ્થામાં આશંકાઓ થવી સહજ છે. ખુદ ભગવાન પર પણ આશંકા થવા લાગે. અમે આટલા તેમના સ્નેહી છીએ છતાં, તે પ્રભુ તે લોકોની નજદીક કેમ છે ? તેમની સાથે કેમ વાતો કરે છે ?

અને જ્યારે પલકાંતર વિરહી દશા થાય ત્યારે ઠાકોરજી સન્મુખ હોવા છતાં કહેવા

લાગે કે તમે ક્યાં ગયા ? તેમ શોધ કરવા લાગે ગોપાલદાસ ઠાકોરજીના મંદિરના ઉંમરે જ સૂઈ જઈને ઠાકોરજીનો વિરહ કરતા હતા ત્યારે ઠાકોરજી હોંકારો દઈ પોતાની હાજરી જતાવતા હતા, છતાં ફરી ગોપાલદાસ વિરહમાં ખોવાઈ જતા અને કહેતા - મને તો ટેવ પડી છે, આપ શા માટે જાગો છો ?

જેમ નારણદાસ દીવાન 'ગોકુલ કબ ચલેંગે' કહીને સંયોગ સુખ માણી, ફરી આંખોમાં આંસુ લાવી દેતા, તેવો વિરહાનંદ માણતા હતા તેમ !

(૮૩) રાગ–રામકલી ૨૮/૫૦ ૧/૨૮૦

સખીરી માધૌ દોષ ન દીજૈ ૧
બારબાર બનબોલ મધુરધ્વનિ અતી પ્રતિત ઉપજાઈ
મિલ શ્રવનન મન મોહે મહારસ તનકી સુધ બીસરાઈ ૨
મુખ મૃદુવચન કપટ ચિતઅંતર હમ યહ બાત ન જાની
તજ તજ લોકલાજ વિધિકી વિધિ જો યહ કહી સો માની ૩
અબ સમુઝી મિલી એક પ્રકૃતિ હયે સુબુધિકી સંગત સાધી
સુરદાસ ક્યોં હૂં કરૂણામય પરત નહિ આરાધી ૪

ભાવાર્થ :

હે સખી જે માધવ છે, તે આપણા માટે મધુરા છે. તેમાં દોષ ન જોવા જોઈએ, નહિતો આપણો પ્રેમ જ દુષિત થઈ જાય અને પ્રભુ તો ઉત્તમ રસના ભોક્તા છે, તેથી આપણે જે કંઈ કરવા ધાર્યું હોય તે તો આ મુરલી પ્રતિ કરવું જોઈએ. કેમકે બધાંનું મૂળ કારણ તો મુરલી છે. (૧)

મુરલી વારંવાર વનમાંથી મધુર ધ્વનિ કાઢીને બોલે છે, તેના મીઠા બોલ વારંવાર સાંભળવાથી અમને તેની વાત પર વિશ્વાસ થઈ ગયો. તેના બોલ કાન ઉપર પડીને મનને જ મોહી લીધું અને તે બોલ તો મહારસરૂપ હતા તેમ લાગે છે, કેમકે અમે તો અમારા દેહની સૂધ-બુધજ ખોઈ બેઠા (૨)

અમને એ ખબર ન્હોતી કે તે મોઢેથી મીઠા વચનો બોલે છે પણ તેના અંતરમાં તો કપટ છે, તેથી તો અમે ભોળીએ તેણે જે જે કહ્યું તે તે માની લીધું તેના વચનો ઉપર તો અમે લોકલાજ, કુલમર્યાદા, વિધિ-વિધાન, વેદ વચનો પણ ઉથાપ્યા.(૩)

પરંતુ ઉંડેથી વિચાર કરતાં હવે અમને સમજાય છે કે માધવ અને મુરલીની પ્રકૃતિમાં સમાનતા છે. બોલી મીઠી, મોહ પમાડે તેવાં બંને છે. તેથી તો મુરલીએ સુબુધિ-

મહાબુદ્ધિશાળી તેવા પ્રભુની સંગત સાધી લીધી છે, જેથી જ તેની પણ બુદ્ધિ બહુ ચાલવા લાગી છે. તે સંગત પ્રભુએ જે સ્વીકારી છે, તેનું કારણ પણ પ્રભુની કરૂણામયતા-અનુગ્રહ છે, તે કંઈ જીવના સાધનથી સાધ્ય નથી. (૪)

ગૂઢ ભાવાર્થ :

જીવનો સ્વભાવ એવો છે કે તેનાથી ભગવદ્ સેવા-કથા જ્યારે નથી બનતાં ત્યારે તે ‘ભગવદીચ્છા’ કહે છે. આમ તે પોતાના દોષનો ટોપલો પ્રભુ ઉપર ઢોળે છે, જે ઠીક નથી. જે કંઈ દોષ છે તે તો આપણી અંદર રહેલા છે. મૂર (જલના) દોષ મુરલી (જલના) દોષયુક્ત બુદ્ધિ. એટલે જે કંઈ કહેવા કરવાનું છે તે તો આપણી દુષિત બુદ્ધિને કહેવાનું છે, કેમકે તે જીવ વાણીની ઈંદ્રિયથી વિષયયુક્ત વાણી શ્રવણેન્દ્રિયમાં મન દ્વારા માણે છે. અને મોહ પામેલ મન હોવાથી કાયાએ શું કરવું કે ન કરવું, તે સમજ ખોઈ બેસે છે. જેથી હાથીનાં દાંતની જેમ દંભી ક્રિયા કરે છે. દેખાડા માટે સેવા કરે, પણ મનમાં લોભ છે. તે એટલી હદે કે લોકલાજ, શાસ્ત્રની મર્યાદા પણ તોડી. માત્ર દુર્બુદ્ધિએ જેમ કહ્યું તેમ જ જીવ કરે. દુર્બુધ્ધિ અને માયાની એક પ્રકૃતિ હોવાથી, જીવ ભગવાનથી વિમુખ થઈ ગયા. પોતે પ્રભુનો દાસ છે, છતાં સ્વામીના શરણે જતો નથી. આ બુદ્ધિનો ખેલ જીવ મૂંગો થઈ અનુસરે છે. હવે તો પ્રભુ ઉગારે તો જ ઉગરાય.

(૮૪) રાગ–રામકલી ૨૯/૫૧ ૧/૨૮૧

જબ હી મુરલી અધર લગાવત
અંગ અંગ રસ ભર ઉમગત હૈ તાતેં પુની પુની ભાવત ૧
ઔર દશા હોત પલકનમેં અગમ પ્રીતિ પરકાશત
તબ ચિતવત કાહૂ તન નાહિ જબહીં નાદ મુખ ભાષત ૨
ગ્રીવ નવાય દેત હૈ ચુમ્બન સુન ધુની દિશા બિસારત
સુર મુરછી લટકત તાહી પર તાહી રહસ(સ્ય) વિચારત ૩

ભાવાર્થ :

પ્રભુ જ્યારે મુરલીને અધર પર ધરીને વેણુનાદ કરે છે ત્યારે ગોપીજનોની શી દશા થાય છે તે ગોપીજનોના મુખથી જ સાંભળીયે - મુરલી હોઠે લગાવે ત્યારે પ્રત્યેક અંગ ભગવદ્રસથી તરબોળ થઈ જાય છે, છતાં પણ તે વધુને વધુ ચાહીયે છીએ (૧)

અને ત્યારબાદ પલમાત્રમાં જ દેહદશા બદલાવા લાગે છે. કોઈક અલૌકિક પ્રેમનો પ્રકાશ પૂરા દેહમાં પ્રસરી જાય છે. જ્યારે પ્રભુ મુરલીમાં નાદ ભરીને વાણી વદે છે ત્યારે દેહમાં સાન-ભાન રહેતું નથી. (૨)

અને જ્યારે ગ્રીવા-ડોક નમાવીને (મુરલીને) ભાવપૂર્વક ચુંબન કરે છે ત્યારે, તે નાદ સાંભળીને જગતનું ભાન ભૂલાઈ જાય છે. અને તે ધૂન ઉપર જ અમે મૂર્છાવત પડયા રહીએ છીએ, એકરસ થઈને.

અમે વિચારીએ છીએ કે મુરલીના નાદમાં એવું તે શું રહસ્ય છે કે આવી દશા થઈ જાય છે ? (૩)

(૮૫) રાગ–રામકલી ૩૦/૫૨ ૧/૨૮૧

મુરલી હરિકો નાચ નચાવત
એતે પર યહ બાંસ બસુરીયા નંદનંદનકો ભાવત ૧
ઠાઢે રહત અધીન તાકે હૈ સકુચ ન બોલત બાત
વહ નિધરક આજ્ઞા કરવાવત નૈંકહૂ નહિ લજાત ૨
જબ જાનત આધિન ભયે હૈં દેખત ગ્રીવ નવાવત
પૌઢત અધર ચલત કર પલ્લવ રંધ્ર ચરણ પલટાવત ૩
હમ પર રિસ કરિ કરિ અવલોકત નાસાપુટ ફરકાવત
સુરશ્યામ જબ જબ રિઝત હૈં તબ તબ શિશ હલાવત ૪

ભાવાર્થ :

મુરલીની અધમતાનું વર્ણન ગોપીજન કરે છે - કે આ મુરલી હરિ (કે જે સર્વના દુ:ખ હર્તા છે) તેવાને પોતાની ઈચ્છા મુજબ નાચ નચાવે છે. મતલબ કે પોતાના કહ્યા પ્રમાણે કરાવે છે.

આશ્ચર્ય છે કે, આ જંગલી બાંસની બનેલી બાંસુરીયા (બે-સુરીયા-ખરાબ વાણીવાળી), નંદનંદન (જે આનંદના પુત્ર છે તેવા) ને ગમી છે તેની સાબિતી આપે છે. (૧)

બાંસુરીને આધીન થઈને પ્રભુ ઊભા રહે છે અને ડર-સંકોચને લીધે મોઢેથી બોલીને વાત પણ નથી કરી શકતા. જીભ જ સીવાઈ જાય છે. અને તે બાંસુરી તો બે રોકટોક આજ્ઞા પ્રમાણે કરાવે છે વળી આમ કરતાં તેને લાજ પણ નથી આવતી. (૨)

જ્યારે પ્રભુ તેને આધીન થઈ જાય છે ત્યારે પ્રભુ તેના પ્રતિ દૃષ્ટિ કરીને, પોતાની ડોક નમાવી દે છે. જાણે આદર આપતા હોય !

તે આપશ્રીના અધર ઉપર જ પોઢે છે અને આપ તેને પોતાના શ્રીહસ્તમાં રાખીને ચાલતાં ચાલતાં જ તે બાંસરીયાના રંધ્ર (દોષયુક્ત) રૂપ ચરણોને ચાંપે છે.(૩)

તદુપરાંત તેની આજ્ઞાથી આપ અમારી ઉપર તો નાશાપૂટ ફૂલાવી ફૂલાવીને, રોષ પ્રકટ કરીને દૃષ્ટિ કરે છે.

અને તેના પ્રતિ તો જ્યારે જ્યારે રીઝે છે - પ્રસન્નતા વ્યક્ત કરે છે, ત્યારે ત્યારે પોતાનું શીશ ડોલાવે છે. આ અધમે આવી ગતિ શ્રીહરિની અમારા પ્રતિ કરાવી દીધી છે. (૪)

(૮૬) રાગ–રામકલી ૩૧/૫૩ ૧/૨૮૧

મુરલી સોં અબ પ્રીતિ કરૌરી
મેરી કહી માન મન રાખૌ ઉત રીસ દૂર હરૌ રી ૧
તુમહીં સુની મુરલીકી બાતેં દીન હોય ઈતરાની
કાહે ન ઢેર શ્યામ તા ઉપર ક્યોં ન હોય પટરાની ૨
હમ જાની યહ ગર્વ ભરી હૈ, સાધુ ન યાતેં ઔર
રીઝૈ લીયે હરિકોં તપકે બલ, વૃથા કરૌ તુમ સોર ૩
સુરશ્યામ બહુનાયક સજની યહ મિલી એક આય
તુમ અપને નેમ હી રહૌગી નેમ ન કરતે જાય ૪

ભાવાર્થ :

એક શાણી ગોપી, બીજી તરૂણીઓને સલાહ આપે છે કે - મુરલીને અજાણતા આપણે બહુ દોષ આપ્યા. પણ હવે મુરલીથી પ્રીત કરો અને રીસને છોડી દો. મારી આ કહેલ વાત માનીને મનનું સમાધાન કરો (૧)

તેનું કારણ બતાવું - તમે પોતે જ મુરલીની વાતો સાંભળી છે. તે ઉપરથી નથી લાગતું કે, તે જે પ્રભુથી માન કરે છે પણ સાથે સાથે તેનામાં અતિશય દીનતા પણ છે. નહિ તો શ્યામ તેના ઉપર આટલા બધા શા માટે ઓવારી જાય ? અને તે પટરાણી શા માટે ન બને ? (૨)

આપણને લાગતું હતું કે - તે તો ગર્વથી ઠસોઠસ ભરેલી છે, પણ હકિકતમાં તેના જેવી સાધુ-સદ્ગુણોથી ભરેલ બીજું કોઈ છે જ નહિં. તેણે હરિને રીઝવી લીધા, તેની પાછળનું રહસ્ય તેનું તપ-બળ છે. તેણે પોતે ધૈર્ય ધરીને અનેક (ત્રણે પ્રકારના) તાપ સહન કર્યા છે. તમે લોકો તેના અવગુણના શોર મચાવો છો તે બધા અર્થહીન છે. (૩)

સુરનાયક પ્રભુ એક જ પ્રિયતમાના નાયક તો છે નહિ, એમાં તેને આ મળી ગઈ તેમાં તેનો શો વાંક ? તમે સૌ પ્રભુને પ્રસન્ન કરવાના પ્રયાસ જાળવી રાખો, બીજું કંઈ ન વિચારો, કરેલું કદી નકામું જતું નથી. પ્રભુ જરૂર તમારી તરફ વિચારશેજ. (૪)

(૮૭) રાગ–રામકલી ૩૨/૫૪ ૧/૨૮૧

મુરલીયા બાજત હૈ બહુબાન
તીનગ્રામ ઈક્કીસ મુર્છના ઉગુનપચાસ કોટી તાન ૧
સલૈ કલા વ્યુત્પન્ન સુઘર અતિ યા સમસર કો આન
અતિ સુંદર ગાવત મન ભાવત રીઝે શ્યામ સુજાન ૨
ઐસી સોં નહિં બૈર કીજૈયે દૂર કરો રીસ જ્ઞાન
સૂરશ્યામ કે અધરન રાજત સબ હી અંગ નિધાન ૩

ભાવાર્થ :

એક સખી બીજીને સલાહ આપે છે કે - જે મુરલીથી આપણે સૌ નારાજ હતા પણ ખરેખર તેમ નહિ કરવું જોઈએ, કેમકે આ મુરલીના બોલ બહુ જ સુંદર નીકળે છે તથા શાસ્ત્રીય રીતે પણ તેના રાગ તાલ વ. સર્વોત્તમ છે. (૧)

તે બધી જ કલાને ઘણી સારી રીતે પ્રકટ કરે છે. તેના સમોવડીયું કોઈ જ નથી. વિશેષમાં, તે અતિ સુંદર ગાય છે, જે શ્યામના મનને ભાવે છે તેથી આપ પ્રસન્ન થાય છે, તે સમજ (૨)

શ્યામના સુખથી વિશેષ શું હોય આપણા માટે ? માટે તો તેણે ભલે આપણી જગા લઈ લીધી, છતાં તેવીથી વેર ન રાખવું જોઈએ. આવી રીસને દૂર કરી દ્યો. જે શ્રીઠાકોરજીના અધર ઉપર બીરાજે છે, તે બધી રીતે શ્રેષ્ઠ છે. તત્સુખની ભાવના જ ભક્ત માટે સર્વોત્તમ છે. (૩)

(૮૮) રાગ–રામકલી ૩૩/૫૫ ૧/૨૮૧

સ્યામ મુરલિકા કેં મનહીં ઢરે
કરપલ્લવ તાકોં બૈઠારત આપુન રહત ખરે ૧
બારંબાર અધર પરસાવત ઉપજાવત અનુરાગ
જે વશ કરત દેવમુની ગંધર્વ તે કર માનત ભાગ ૨
બનમેં રહત અરી કો જાનૈ કલ આની ધૌં જાય
સુરજપુરકી બડી સુહાગીન ઉપજી સૌંત બજાય ૩

ભાવાર્થ :

સ્યામ પોતાના મનથી જ મુરલી પ્રતિ ઢળ્યા છે. તેથી તો તેને પોતાના હસ્તકમળ પર બેસાડે છે અને સ્વયં ઠાડા રહે છે. (૧)

તથા પોતાનો પ્રેમની પ્રતિતિ કરાવવા, પ્રભુ તેને વારંવાર પોતાના અધરથી સ્પર્શાવે છે.

આ એક એવી ઉલટી ગંગા ચાલી છે કે દેવ, મુની, ગંધર્વને પોતાના સૂરથી વશ કરનાર મુરલી, પોતાના હાથમાં હોવાથી પોતાના હસ્તકમળનું પ્રભુ સૌભાગ્ય સમજે છે. (૨)

હકિકતમાં તો આ બાંસુરી તો વનમાં રહેનારી ગમાર છે. તે ક્યારે આવે અને ક્યારે જાય તેનું કોઈ જ ધ્યાન ન રાખે. પણ તે તો સૂરજપુરની (પ્રભુના ધામની) મુખ્ય પટરાણી થઈને અમારી સૌંત બની બેઠી છે. (૩)

(૮૯) રાગ-ખટ ૩૪/૫૬ ૧/૨૮૨

બાંસુરી બાજત મદનમોહનકી તટ જમુના કે તીર રી
શ્રવન સુનત મેરી સુધ બુધ બિસરી કહા કરૂં મેરી વીર રી ૧
એક ડર તૌ મોહૈ સાસનનદકૌ દુજૌ લોક લાજ કુલ ભીર રી
કૃષ્ણદાસ ગિરિધર નહિ માનત નહિ જાનત મેરી પીર રી ૨

ભાવાર્થ :

ગોપી કહે છે - યમુના નદીને કિનારેથી મદનમોહનની બાંસુરી વાગે છે ત્યારે તે સાંભળતાં જ મારી સુધ-બુધ (દેહ-મન) વિસરાઈ જાય છે. હે સખી હું કયો ઉપાય કરું ? કેમ કે (૧)

મને એક ડર મારી સાસુ-નણંદનો છે અને બીજી લોક લાજ અને કુળનું સંકટ છે. તે એ કે મારા મનની વાત આ પ્રકારે ખૂલ્લી થઈ જાય છે. આ ગિરિધર (જેણે મારું મને હરિ લીધું છે.) તે મારી પીડા નથી જાણતા અને માનતા પણ નથી, બાંસુરી બજાવે જ જાય છે. (૩)

ગૂઢાર્થ :

ભક્તિને કિનારે સ્વરૂપાસક્તિથી ઉધ્ધાર કરનાર પ્રભુ, વાક્પતિ દ્વારા મને હાંક મારે છે કે - અરે એ, સંસારવનમાં સહસ્ત્રપરિવત્સરથી ભૂલી પડેલી મારી ગૈયા, તું આ વાકપતિના પગલે પગલે મને આવીને મળ. તું શું મારા રૂપ-ગુણ-સૌંદર્યને ભૂલી ગઈ ? તો વલ્લભ તને સેવા-કથાથી મારા સ્વરૂપનું ભાન કરાવશે. અને ''તું મારી છે'' તેવું તારા સ્વરૂપનું પણ ભાન કરાવશે. તથા તને તારી પરમ કર્તવ્ય બુદ્ધિથી મારામાં જોડશે. મેં જ્યારે આવા શ્રી પરમકૃપાળુ વલ્લભને સાંભળ્યા

કે તુરતજ ''સ્વામિન શ્રી વલ્લભાગ્ને ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ પ્રાણ પ્રેષ્ઠ વ્રજાધીશ્વર - વદન - દિદૃક્ષાર્તિ - તાપો જનેષુ''

તેથી આ કૃપાળુ વલ્લભના સંન્નિધાન માત્રથી, અમારા પ્રાણપ્રેષ્ઠ વ્રજાધીશ્વરથી, અમે સહસ્ત્ર પરિવત્સરથી છૂટા પડી ગયા છીએ, તેવું ભાન થતાં અમારામાં કલેશાનંદ પ્રકટ થયો, જેથી તો અમે સુધ-બુધ વિસરી ગયા. (૧)

હે સખી હું શું કરું ? હું આ પ્રવાહમાં છું તેથી મારી બુદ્ધિ સ્થિર નથી. હું નથી પૂર્ણરૂપે પ્રભુ સાથે જોડાઈ કે નથી સંસાર સાથે જોડાઈ શકતી, તેવી મારી ક્ષુબ્ધ દશા છે.

કૃષ્ણનો વિરહ-તાપ છે, આકર્ષણ છે અને સંસારમાં કર્તવ્ય બુદ્ધિ છે. અને બીજાઓ મને તે તરફ ખેંચે છે. હું શું કરું ? મારી અહંતા-મમતા મારી સાસુ-નણંદ રૂપે છે અને કુલમર્યાદારૂપી સ્મૃતિશાસ્ત્રો છે. આ બધાંજ મારા માટે સંકટરૂપ છે.

''સ્નેહાદ્ રાગ વિનાશ. સ્યાદ્ આસકત્યા સ્યાદ્ ગૃહારુચિઃ'' પણે આ કૃષ્ણનું પ્રમેય બળ એટલું છે કે મારું કંઈ ચાલવાનું નથી. મારી અહંતા-મમતાનું તો મેં મનથી તેમને સમર્પણ કરી દીધું જ છે. હું કૃષ્ણ દાસી છું, તેવો મારો ભાવ તો આપે જ હવે દૃઢ કરાવી દીધો છે જેથી મારે તો હવે કોઈ પ્રયાસ કરવાનો જ નથી. તેમને આધીન થઈને રહેવાનું છે, પણ જે મારી પીડા છે તે એ છે કે મારે તેમને મારી મનગમતી રીતે પ્રસન્ન કરવા છે. મારે તેમની સેવા નથી લેવી, મારે આપની સેવા કરવી છે, જે બની શકતું નથી. મારી સ્થિતિ ''અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિ''ની છે. તેમાં જ મારી પીડા છે. (વિ.ધૈ.આ.)

મારી ઈચ્છા તો બીજ ભાવ દૃઢ થાય તે છે. ''સેવાયાં વા કથાયાં વાં યસ્યાસક્તિ દૃઢાં ભવેત્'' છે તથા ''કૃષ્ણસ્ય સર્વવસ્તુનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્'' છે. (નિલક્ષણ) કેમકે તો જ થોડો ઘણો રહી ગયેલો સંસારાવેશ દૂર થાય. ''સંસારાવેશ દુષ્ટાનામ્ ઈન્દ્રિયાણાં હિતાય વૈ'' (નિ.લ.) હે પ્રભુ મારી પીડા સમજીને નિજેચ્છાતઃ કરો.

॥શ્રીહરિઃ॥

કમલદલ-

ભગવત્ કીર્તન રહસ્ય

વિભાગ-૩

- દીપોત્સવી
- સરસલીલા
- ગોપાષ્ટમી
- શ્રીગુસાંઈજીની વધાઈ
- મકરસંક્રાંતિ

દેવેન્દ્ર શાહ
ભરૂચ

ધનતેરસ

(૯૦) દેવગંધાર ૧ ૨/૦૧

યશોદા મદન ગોપાલ બુલાવે
ધનતેરસ આવો મેરે પ્યારે લે ઉછંગ હુલરાવે ૧
હરી-જરી વાગા બહુ ભૂષણ રૂચિસોં બહુત ધરાવે
વ્રજપતિ કી મુખ શોભા નિરખત રોમ રોમ સુખ પાવે. ૨

ભાવાર્થ :

શ્રીયશોદાજી મદનગોપાલને બોલાવે છે અને કહે છે કે આજે ધનતેરસ છે. મારા લાડીલા જલ્દી આવો, એમ કહી ગોદમાં બેસાડી ઘણાં લાડ કરે છે. (૧)

લીલા રંગની જરીના વાઘા તથા ઘણાં બધાં આભૂષણો, આમ ખૂબ જ રૂચિથી ઘણું બધું પહેરાવે છે. ત્યારબાદ (શૃંગાર થયા બાદ) આ જે વ્રજજનોના પતિ છે. તેમના મુખની શોભા-કાંતિને આપ નિરખી રહ્યાં છે. પ્રભુનું પ્રસન્ન વદન નિહારી ખૂબ જ આનંદ પામે છે. પ્રત્યેક રોમ આનંદથી ભરાઈ જાય છે. (૨)

(૯૧) દેવગંધાર ૨ ૨/૦૧

પ્યારી અપનો ધન જો સંભારે
વારંવાર દેખ નયનસોં લે જુ હૃદય મેં ધારે ૧
રૂચિસો સરસ સંભારત પીયકોં આભૂષણ બહુ સોહે
આગમ નિરખ દીવારી કો મન દ્વારકેશકો મોહે ૨

ભાવાર્થ :

શ્રીરાધાજી (પ્યારી) પોતાનું ધન (અર્થ) જે છે તે (કૃષ્ણ) ને જતન કરીને રાખે છે. તે પોતાના ધનને વારંવાર નિહારે છે. પોતાના જ નયનોથી, (સ્વ-ભાવથી) જે ભાવથી નિહાર્યા, તે ભાવને હૃદયમાં ધારણ કરે છે. આમ પોતાનું ભાવાત્મક ધન જે સામે બિરાજેલ હતું તે હૃદય-તિજોરીમાં સાચવીને મૂકી દીધું. (૧)

પોતાને જેવી રૂચિ-મનોરથ થાય છે તે પ્રકારે સરસ-સુંદર પ્રકારે/રસપૂર્વક તે મનોરથોને સાચવે છે. (સંભારત). પીયુના શ્રીઅંગ ઉપર જે આભૂષણો છે તે પીયુના કારણે બહુ સુંદર લાગે છે, આભૂષણને કારણે પીયુ નહિ. બીજું પોતે જ આભૂષણ રૂપ થઈને પીયુ સાથ સોહે છે. 'શ્રી' શોભા તે પોતે જ છે. જેનાથી કૃષ્ણ

સોભાયમાન લાગે છે. દિવાળીનું પર્વ (આગમ) આવેલ જોઈને દ્વારકેશને પણ મોહી જાય છે. પ્રિયાના હૃદયમાં પણ દિપાવલી-મનોરથરૂપ નિહારીને પિય પણ મનમાં ઘણા પ્રસન્ન થાય છે. ગો. શ્રી દ્વારકેશજી આ લીલાના દર્શન કરે છે કેમકે આજે પીય-પ્યારીના સમાગમનો પ્રથમ દિવસ છે. (૨)

રૂપચતુર્દશી

(૯૨) **૩** **૨/૦૨**

બલન્હાયે તૈસેં લાલન ન્હૈયેં
ઉવટે અંગ કિત ફિરત હો ધાયે કમલનયન બલ જૈયે. ૧
ન્હાઓન તાતો પાની સીયરો સમોય કનક કુંડી ભરી સિરૈયે
કર શૃંગાર નવલ બાનિક બન જોઈ ભાવે સોઈ-ખૈએ. ૨
વારને ગઈ મહતારી, કુંવર પર ગાય ખિલાવન બાબા સંગ જૈયેં
માનદાસ કુલદેવતા મનાવત ફૂલી મેહરી આનંદ ન સમૈયે ૩

ભાવાર્થ :

યશોદાજી લાલનને સમજાવે છે કે જેમ બલભૈયાએ સ્નાન કર્યું તેમ લાલન, તમે સ્નાન કરી લો. આમ શરીરે ઉબટનો લગાવેલ અંગે ક્યાં દોડતા દોડતા ફરી રહ્યા છો ? હે મારા કમલનયન, તમારા પર બલિહારી જાઉં. (૧)

સોનાની કુંડી ભરીને ઠંડું જલ છે. ગરમ જળમાં ઠંડું જળ મેળવીને સ્નાન કરાવું. (કેમકે આપ કહે છે કે જળ બહુ ગરમ છે, ઠરવા દો ત્યાં સુધી હું શું કરું ? આંટાફેરા કરી ખેલું છું)

પછી શૃંગાર કરાવી લો, ભાતભાતની વાતો કરનારા હે મારા લાલ, તમોને જે ગમે તે ખાઈ લો (૨)

(પછી કુંવર સમજીને સ્નાન માટે બેઠા) તેથી યશોદા માતાજીએ કુંવર પર પ્રસન્ન (વારી ગઈ) થઈ-વ્હાલભર્યો ભાવ કર્યો. અને કહે છે, હવે ગાયને ચરાવવા માટે (નંદ) બાબા સાથે જજો. યશોદાજી કૂલદેવતાને આ લાલનની પ્રસન્નતા માટે વિનંતી કરે છે અને આવા લાલનને આપવા બદલ આભાર માને છે. મહરીને આનંદના કારણે હરખ સમાતો નથી. (૩)

દીવારીનાં પદ

(૯૩) બિલાવલ ૪ ૨/૦૪

ઘરી એક છાંડો તાત વિહાર
રામકૃષ્ણ તુમ દોઉ ભૈયા આવો બૈઠો કરો શૃંગાર ૧
યશોમતિ કહત હે આજ અમાવસ દીપમાલિકા મંગલનામ
ઘર ઘર બાલક સબે શૃંગારે સુનો શ્યામઘન રામ. ૨
ખેલેંગી ગાય ગુવાલ નાચે સબ ગોપી ગાવે ગીત,
પરમાનંદદાસ યહ મંગલ વેદ પુરાણ પુનિત ૩

ભાવાર્થ :

યશોદાજી લાલને સમજાવે છે કે થોડીકવાર માટે તમે રમવાનું (વિહાર) છોડી દઈને, હે રામકૃષ્ણ બેઉ ભૈયા ! તમે આવો, બેસો અને શૃંગાર ધારણ કરો. (૧)

યશોદાજી (તેમને બેસાડવા માટે વાત માંડે છે) કહે છે - આજે ખૂબ જ મંગલ-કલ્યાણ કરનારી દીપમાલિકા થશે, આજે એવી અમાસ છે. હે ઘનશ્યામ-રામ તમે સાંભળો કે-આજે બધાં જ છોકરાં શૃંગાર ધરશે. (પછી તમે નહિ ધાર્યા હોય તો તમને કેવું લાગે ?) (૨)

પછી ગાયને નચાવશે (ખેલાવશે) અને ગોવાળીયાઓ નાચશે, અને બધી ગોપીઓ ગીત ગાશે.

પરમાનંદદાસજી કહે છે આ (કનૈયો) જ મંગલ છે, તે જ પવિત્ર તેવા વેદ અને પુરાણ છે. તેના કારણે જ બધું મંગલમય છે. (૩)

ગાય ખિલાયવેકા પદ

(૬૪) સારંગ ૫ ૨/૦૫

ગાય ખિલાયો ચાહત ગિરિવરધર બરજત હૈં નંદરાઈ
ધેનુ બહુત બાઢી હૈ મોહન, દેખ હૂંકી કયોં ધાઈ ! ૧
રાખેં હે રખવારે ચહું દિશ વ્રજરાજે ન પત્યાયી
જસુમતી રાણી ઓર રોહિણી યહ સિખ સબન શિખાઈ ૨

વિના લાલ ખેલત નહિ ઘૂમર જબ ઐસી સુધી પાઈ
હૂંક હૂંક કે ઉપર ધાવત લે લકુટી અહોટાઈ **૩**
હંસ મુસિકાય શ્યામઘન સુંદર, મુરલી મધુર બજાઈ
તબ તહાં દાસ ચત્રભુજ સબ મિલ ઈકટકે ભલે ખિલાઈ **૪**

ભાવાર્થ :

(લાલન) ગિરિવરધર ગાયને ખેલાવવા માંગે છે પણ નંદરાયજી તેમ કરવા દેવા નથી ચાહતા તેથી લાલનપર ખિજાય છે અને કહે છે હે મોહન ! જો આ ધેનુ બહુ જ તોફાની (બાઢી) થઈ ગઈ છે, તૂ જો, કેવી હૂંકારા કરતી દોડી રહી છે ! ગાયોથી રક્ષણ કરવા માટે ચારે બાજુ, વ્રજરાજે (નંદરાયે) રખવાળો રાખ્યા છે કે જેથી કોઈને નુકશાન (પત્યાયી-પતન) ન થાય. આ વાત જસુમતિ રાણી તથા રોહિણીજી બધાંને ધ્યાન રાખવા માટે કહે છે. (૨)

પરંતુ જ્યારે બધાંને ખ્યાલ - ધ્યાનમાં આવ્યું કે લાલન સિવાય બીજા કોઈથી ય ‘ઘુમર’ ગાય ખેલતી નથી, તેથી હૂંકારા કરતી કરતી દોડતી ઉપર જ આવે છે, જેથી લાકડીથી હટાવવી પડે છે. (૩)

પણ જ્યારે શ્યામઘનસુંદરે મધુરા સ્મિત સાથે જેવી મધુરી મુરલી બજાવી કે તુરંત તે ઘુમર સ્થિર થઈ ગઈ, તેથી બધાંએ મળી તેને સારી રીતે ખેલાવી.

આવી લીલાના દર્શન ચત્રભૂજદાસને થયાં. (૪)

(૯૫) સારંગ ૬ ૨/૭

કૂકેં દેત જાત કાનનપર ઊંચી ટેરન નામ સુનાવત
સુંદર પીત પીછોરી લે લે મુખ પર ફેર સબન વિઝુકાવત **૧**
કાહુકો બછરા કાહુકો લે લૈ આગે આન દિખાવત
પૂંછ ઉઠાય સુધી વ્હૈ ભાજત આપ હંસત ઓર સબન હંસાવત **૨**
ફિર ચૂચકાર સુધી કર ભાજત બછરન અપને હાથ મિલાવત
શ્રીવિઠ્ઠલ ગિરિધર બલદાઉ ઈહી વિધિ અપની ગાય ખિલાવત૩

ભાવાર્થ :

લાલન પોતાની ગાયને ખેલાવતાં કેવી મસ્તી કરે છે, તે બતાવે છે અથવા પોતે અને આ પોતાની ગાયો બંને દોસ્ત હોય તેમ તેમની સાથે રમત રમે છે. (જો કે

પ્રભુ વ્રજમાં પધાર્યા તે સ્વરૂપતઃ તો પરબ્રહ્મ, પરમાત્મા ભગવાન, બધા ભુવનોના નાથ હોવા છતાં એક ગોવાળીયાની જેમ વ્રજવાસીઓમાં એકરસ થઈ ગયા જ હતા.)

પ્રભુ ગાયોના કાનમાં મોં નાંખીને જોરથી બૂમ મારે છે અને પછી ઊંચે અવાજે તે ગાયને તેના નામથી રાડ પાડે છે. (આપણી સ્વરૂપ વિસ્મૃતિ થઈ ગઈ છે જેથી ઈંદ્રિયધારી - ગો ના કાનમાં આશ્રય સિદ્ધ કરવા ગુરૂદેવ દ્વારા નામ (શ્રીકૃષ્ણ શરણં મમ) સંભળાવવામાં આવે છે. સહસ્ત્ર પરિવત્સરથી આશ્રય છૂટી ગયો છે જેથી પ્રભુએ કૂક મારવી પણ જરૂરી સમજી છે.) પ્રભુ સુંદર પીળી પીછોરી લઈને ગાયોનું મોઢું ઢાંકી દે છે, તેથી તે ગાયો ભડકી ઊઠે છે. (આ જીવોને પણ પ્રભુએ પોતાની સુંદર પીળી પીછોડી એટલે માયારૂપી મોહ કરનારી અવિદ્યા મુખ પર ફેરવી. જેથી મસ્તિષ્કમાંની બુદ્ધિ મોહિત થઈ અને સ્વરૂપ વિસ્મૃતિ થઈ, સાથે સાથે ૪ પ્રકારના અધ્યાસ (દેહ-ઈંદ્રિય-પ્રાણ-અંતઃકરણના અધ્યાસ થયા, તે જ તો જીવનું ભડકવું છે/ભટકવું છે.) (૧)

લાલન કોઈક ગાયનું વાછરડું, બીજી ગાયની સામે લાવીને બતાવે છે અને પછી તે ગાયનું પૂછડું ઊંચુ કરી તેને ચિડવીને પોતે ભાગે છે. આમ આવો વિચિત્ર ખેલ કરી સૌ ગોપ-બાળકો વગેરેને હસાવે છે. (ભગવાન પણ ચિત્રવિચિત્ર જોડકાં બનાવી દે છે. કોઈ ભોગીને યોગી સાથે ભીડાવી દે તો કોઈ રોગીને સ્વસ્થ સાથે, કોઈ તામસને રાજસ સાથે તો સાત્વિકને રાજસ સાથે. આમ કરીને પછી પાછા તેમને ઉશ્કેરીને, પોતે દૂર જઈ ખેલ જૂએ છે અને જગતના લોકો પણ બીજામાં તેમ જોઈ ઉપહાસ કે હાસ્ય કરે છે. આ ભગવાનની પ્રવાહી લીલાના ભાગરૂપે ચાલ્યા કરે છે.) (૨)

લાલન પછી પાછા તે ગાયને જ વ્હાલથી પૂચકારે છે અને તેનું પોતાના તરફ ધ્યાન દોરીને ભાગે છે અને તેના પોતાના જ વાછરડાને તેને મેળવી આપે છે અને તે પણ સ્વયં પોતાના હાથે જ. (જીવ જો દૈવી છે તો પ્રભુ પોતાની માયા લીલાને સંકેલીને, જીવને યોગ્ય-લાયક અધિકાર પ્રમાણે માર્ગ પર સ્વયં લાવવાના યોગ કરી દે છે અને જીવને પ્રસન્ન કરી દે છે.)

ઠાકોરજી તથા બલદાઉભૈયા બંને આ પ્રકારે પોતાની ગાયોને ખેલાવે છે. (પુષ્ટિ પ્રભુ તથા મર્યાદા પ્રભુ બંનેઉ પોતપોતાના પુષ્ટિ કે મર્યાદા જીવો સાથે લીલાખેલ ખેલે છે.) (૩)

સબ ગાયનમેં ઘૂમર ખેલી
શ્રવણ પૂંછ ઉંચકાઈ સૂધી વ્હૈ ગ્વાલ ભજાવત ફિરત અકેલી ૧
પકર લઈ ગોપાલ આપ હી કંઠ બનાવત સેલી
ચુંબત મુખ આંકો ભર ભેટી ટેર કહત લાઓ ગુર ભેલી ૨
આપ ગોપાલ ખવાય ખિલાવત સબ ગાયન કી હેલી
પરમાનંદ દેખે બની આવે જબ ધૌરી કી બછિયા ઝેલી ૩

ભાવાર્થ :

પ્રભુને ગાયો તો ઘણી છે પણ તેમાં જે ઘૂમર ગાય છે, તે બહુ સરસ રીતે ખેલી. (પ્રભુને જીવો-ભક્તો તો ઘણા છે પણ તેમાં જે પુષ્ટિ-પુષ્ટિ ભક્તો છે અને જે નિર્ગુણ ભક્તો છે તે પ્રભુને અનુકૂળ પ્રકારે જીવન જીવે છે.)

આ ઘુમર કેવા પ્રકારે ખેલી - તે હવે કહે છે, તેણે કાન અને પૂંછડાને ઊંચકી લીધા, પૂરું ચૈતન્ય ધરીને એવી દોડી કે ગ્વાલોને પણ તેની પાછળ દોડતા કરી દીધા. તે ભલે એકલી હતી પણ પકડાય નહિ ! (આ ઉત્તમ ભક્તો પણ પ્રભુનું નામ સ્મરણ સતત કરતા રહ્યા તથા પવિત્ર (પૂંછડું પવિત્ર તથા તારનારું ગણાય છે.) તેવી પ્રભુની સેવાને ઊઠાવી - માથે ધરી દીધી. તેને કોઈના સંગની જરૂર ન્હોતી, તેવી વ્યસનદશા થઈ ગઈ હતી, તેવાની ભક્તિને કોઈ પહોંચી ન શકે તેવી તેની ભક્તિ હતી. (૧)

તે દોડતી ગાય કે જેને કોઈ ન પકડી શકયું તેને ગોપાલ-કૃષ્ણે સ્વયં પકડી લીધી અને પોતે તેના ગળે લપટાઈને તેના ગળાની સુંદર રેશમના દોર જેવી માળ બની ગયા. (તેવા સેવા કથા પરાયણ ભક્તને પ્રભુ સામે ચડીને પકડી લે છે - પ્રમેય કરે છે અને પોતે જ તેના ગળાનો હાર બની જાય છે. વાર્તામાં કહે છે કે લાલન ડોશીમાને ગળે વળગીને પૂછે છે, ‘‘મારે માટે તુ શું લાવીશ ?’’)

ગોપાલકૃષ્ણ પોતાની આ ઘૂમરને વ્હાલથી ચુંબન કરે છે. પોતે બાથમાં લઈને ભેટે છે અને બૂમ પાડીને ગ્વાલ-બાલોને કહે છે - આને માટે ગોળની ભિલ્લી લાવો. (કૃપાળુ પ્રભુ આવા ભક્તને સ્નેહથી નવડાવી દે છે, ચુંબન કરે છે, તેને પોતાના હૈયા સરસો લગાવી દે છે અને પોતાના અધરામૃતનું પાન કરાવે છે, રસદાનનો (ગોર-ભિલ્લી) આસ્વાદ કરાવે છે. (૨)

ગોપાલ પોતે જ ગાય-ઘૂમરને સ્વહસ્તે ખવડાવે છે અને ખેલાવે પણ છે. આ ગાય બધી જ ગાયોની સહેલી છે અથવા કનૈયો બધી ગાયોના મિત્ર રૂપ છે. (પ્રભુ

આવા જીવને પોતાના શ્રીહસ્તથી સુખદાન કરે છે અને અનેક પ્રકારની ક્રિડા કરે છે કેમકે તેમનો સખ્યભાવ ઉત્કૃષ્ટ દશાનો થઈ ગયો છે. આ ધૂમર જેવા ભક્તો બીજા અનેક ભક્તોના રાહબર બની રહે છે - જેમ દામોદરદાસ હરસાની કે ચાચા હરિવંશજી.

પરમાનંદદાસજી કહે છે કે જ્યારે ધોરી ગાયને વાછડી જન્મી ત્યારે પ્રભુએ તેને પોતાના હસ્તમાં ઝિલી લીધી હતી. આ દૃશ્ય તો કોઈ જૂએ તો જ સમજાય કે પ્રભુને પોતાની ગાય કેટલી પ્રિય છે ! (પ્રભુને પોતાના ભક્ત એટલા બધા પ્રિય છે કે તેના સંસારમાં પ્રભુ સાથી બને છે. તેને સંસારમાંથી કાઢવાને બદલે પ્રભુ તેની સાથે તેના સંસારમાં તરે છે. જેમ ગોકુલના વ્રજવાસીઓ સાથે પ્રભુ તેમના જેવા થઈને રહ્યાં અને તેમના દુ:ખને ઝિલ્યા) (૩)

દીવાળીનું પદ

(૯૭) ૮

દીપદાન દે શ્યામમનોહર સબ ગાયન કે કાન જગાવત
ગાંગ બુલાઈ ધૂમર ધૌરી ઊંચે લે લે નામ બુલાવત ૧
હોઉ સચેત ભોર ખેલનકોં દોરી આવત નેક સુનાવત
સન્મુખ જાય ફૂંક મારત હેં મુખ પર ફેર પીછોરી ધાવત ૨
મુદીત ગોપાલે ઔર ગ્વાલ મિલ જાકો બછરા તાહી મિલાવત
ચત્રભુજ પ્રભુ ગિરિધરન ડાઢ સુન હંસ ગાવત કર તાલ બજાવત ૩

ભાવાર્થ :

શ્યામમનોહર પ્રભુ દીપોત્સવી ઉત્સવ નિમિત્તે વ્રજવાસીઓને દીપદાન કરે છે અને બધી ગાયોને કાનમાં આમંત્રણ આપે છે. તેમાંય વિશેષ પ્રિય તેવી તેમની ગાંગ, ધૂમર, ધૌરી તે બધાંને ઊંચે અવાજે બૂમ પાડી પાડીને બોલાવે છે. (૧)

ત્યારે તે બધી દોડી આવે છે. ખૂબ નજીકથી તેમને સંભળાવે છે કે સવારે ખેલવા માટે તૈયાર થઈ રહેજો. વધુ નજીક જઈને ફરીથી ધીમેથી કહે છે અને મોઢા ઉપર ઉપરણો ફેરવીને પછી પાછા જવાનું કહે છે. (૨)

આમ ગ્વાલ તથા ગોપાલ-કનૈયો સાથે મળી જેનાં જે વાછરડાં છે તેની સાથે તે ગાયને મેળવી આપે છે. ગાયનું ભાંભરવું સાંભળીને હસીને એકબીજાના હાથમાં તાલી આપતાં આપતાં ગીતો ગાય છે.

વિશેષ ભાવાર્થ :

પ્રભુ શ્યામ છે અને મનોહર છે, વિરુદ્ધધર્માશ્રયી છે. કેમકે શ્યામમાં મનોહરતા વળી શું હોય ? પણ છે. અને જે સ્વયં શ્યામ (કાળા) છે, તે પ્રકાશનું દાન કરે છે. (સૂર્ય હકિકતમાં શ્યામ છે.) કેવલબ્રહ્મ શ્યામ છે. વ્રજભક્તોના અંતઃકરણના અધ્યાસો દૂર કરે છે, દીપદાન કરીને. ત્યારબાદ ઈંદ્રિયો ધારણ કરનાર વ્રજભક્તોના કાનમાં એવો મધુરો શબ્દ કહે છે કે તેઓની ભક્તિ જાગી ઊઠે છે. પ્રેમબીજ જે સુષુપ્ત હતું તે જાગૃત થઈ જાય છે, આવિર્ભાવ પામે છે. પ્રભુ સૌને પોતાનું પ્રિયત્વ જતાવવા ઊંચે અવાજે, નામ દઈ દઈને પોતાની સન્મુખ બોલાવી છે, ''હવે સવાર પડે ત્યારે, તમારે અમારી લીલામાં સહભાગી થવાનું છે,'' તેવું તેમને જ્યારે તે નજીક આવે ત્યારે કહે છે. પોતે સ્વયં તે જીવની સન્મુખ થઈને (પ્રમેય કરીને) પછી ક્ષણાર્ધ માટે પોતાની માયારૂપ પીછોરીને આંખ સન્મુખ ધરીને પોતે દૂર ભાગે છે કે જેથી જીવ પણ પ્રભુની ભક્તિરૂપી સાધના કરે ! (૩)

ગાયકો કાન જગાવે કો પદ

(૯૮) કાન્હરો ૯ ૨/૧૧

ઘરમેંસુ બાહિર ઉઠી આયે સબ ગાયનકે કાન જગાવન
જેસે ભોર હૂંક કે ખેલે લાગે લેલે નામ બુલાવન ૧
ગાંગ બુલાઈ ઘૂમર ધોરી કાળી કાજર પીયરી લાલ
અપને સંગ સખા સબ લીનેં લટકત ડોલત ખરીક ગોપાલ ૨
અપની જગાય દાઉકી જગાય ઓર જગાઈ સબકી જાય
શ્રીવિઠ્ઠલગિરિધર સુખ પાવત વ્રજનારીન ત્યોહાર મનાય ૩

ભાવાર્થ :

આવતી કાલે ગાયોને પણ અન્નકૂટ ઉત્સવમાં નિમંત્રિત કરવાનાં છે, તેથી પ્રભુ તેમના કાનમાં, તે ગૂઢ વાત કહેવા માગે છે કે હું ગોવર્ધન થઈશ કે જે હું ગોવર્ધન આશ્રિત છું અને બધો ભોગ આરોગીશ. જેવી રીતે સવારે ગાયો હૂંકારા કરીને ખેલવા લાગે છે. તેવી રીતે પ્રભુ સૌના નામ લઈને બોલાવવા લાગ્યા. (અત્યારે સાંજ છે). (૧)

પોતાની સાથે બધા સખાઓને પણ લીધા અને ગાયોની ખરીકમાં લટકતી-ડોલતી ચાલે પધાર્યા. તેમને ગાંગ, ધુમર, ધોરી, કાળી, કાજળ, પીયરી, લાલ તેવાં બધીને, નામ દઈ દઈ બોલાવીને તેમના કાનમાં વાત કરી. (૨)

પોતાની તથા બળદેવજી અને બીજા બધાંની ખાસ ગાયોને પણ જગાવી. સર્વને કનૈયાના સ્વરૂપનું જ્ઞાન ન્હોતું તે અજ્ઞાન દૂર કર્યાં. (વિઠ્ઠલ) જેમણે વ્રજનાં સર્વના ગિરિ-સુખદુઃખ ધારણ કર્યા છે તેવા પ્રભુ ખૂબ જ પ્રસન્ન છે તેમ વ્રજભક્તોએ જોયું ત્યારે વ્રજનારીઓ (દીનભાવવાળા સ્ત્રી ભક્તોએ) ઉત્સવ મનાવ્યો. તેઓના માટે પ્રભુની એક ક્ષણની ખુશી તે જ પોતાની કૃતાર્થતા તેમ માનવાવાળા નિસ્પૃહિ, પણ પ્રભુ માટે અત્યંત સ્પૃહાવાળા આ ભક્તો છે. (૩)

વિશેષ ભાવાર્થ :

શ્રી ઠાકોરજીએ જેમનામાં પોતાનું સર્વસ્વ ધર્યું છે તેવા (સૌંદર્યં નિજ હૃદ્ ગતં...) શ્રીમહાપ્રભુજી, નિજધામમાંથી ભક્તોના સુખાર્થે, તેમના 'કાન જગાવવા' માટે ઉઠીને, પ્રભુ આજ્ઞાથી (બહાર) ભૂતલ પર પધાર્યા. જે ગાય-ભક્ત જીવો છે, જે સહસ્ત્ર પરિવત્સરથી પોતાનું તથા પ્રભુનું સ્વરૂપ ભૂલી ગયા છે, તેવી ગાય-ભક્તોને કાનમાં ફૂંક મારી, મંત્ર દિક્ષા આપી, તેમને નિજધામમાં પધરાવી જવા આમંત્રિત કરે છે. જેવી રીતે (ભોર) પ્રકાશ-સવાર થતાં ગાયો-પ્રાણી માત્રમાં નવો ઉત્સાહ ભરાય તેમ આ ભક્તોને સૂધ આવતાં તેમનામાં નવા પ્રાણનો સંચાર થયો, માનો કે નવો જન્મ જ થયો ! અને તેમનામાં એક અલૌકિક સામર્થ્ય પ્રકટ થયું, તે સામર્થ્ય તે જ પ્રભુની સેવામાં અત્યંત રૂચિ-પ્રેમ-આસક્તિ થવી તે. શ્રીમહાપ્રભુ આ સર્વને સ્વકીય જાણે છે અને સ્વકીય હોય તે પોતાનાં અંગરૂપ સૃષ્ટિ છે. (પુ.પ્ર.મ.ગ્રંથ) ''પુષ્ટિં કાયેન નિશ્ચય:'' તેથી તો તે સર્વને નામ દઈ દઈને બોલાવે છે. આ સમૂહમાં થતી ભક્તિ કે સમૂહને દેવાતાં ફળનો માર્ગ નથી પણ એક એક ગોપી અને એક એક કહાનનો માર્ગ છે. (સકલ વ્રજમાં વ્હાલો પોઢીયા). સાંજે ગૌચારણ પછી જ્યારે પધારે છે ત્યારે દરેક ગોપીને મળીને દરેકને ત્યાં પધારવાનું વચન આપે છે. ''કા સો હાં કહી કાસો ના કહી'' સાત્વિક, રાજસ, તામસ કે નિર્ગુણ જે જે પ્રકારના ભક્તો છે તે સર્વ, પ્રભુ-મહાપ્રભુ કોઈ જ અંતર રાખ્યા વગર સહજ પ્રેમપૂર્વક બોલાવે છે. દરેકને પોતાના અધિકાર-સ્વભાવ અનુસારે ફલદાન થાય છે. તેથી તે દરેકને પોતાની અપેક્ષાએ તો ઉત્તમ ફળ જ આપે છે. શ્રીમહાપ્રભુની સાથે પોતાના પરમ આત્મીયજનો જેવા કે દામોદરદાસ, કૃષ્ણદાસ, પ્રભુદાસ જલોટા, રામદાસ વ. સેવકો સહિત મહાપ્રભુ પોતાની અનોખી ચાલ (રીત)થી પધારે છે. તે અનોખી ચાલ એવી કે ગામની બહાર ઉતરવું, પોતાની આવ્યાની જાણ કોઈને ન કરવી, પોતાના સાથેના વૈષ્ણવોનો પણ ભાવ બગાડ થાય નહિ તે પણ જોવું, પરીક્ષા પણ લેવી,

અધિકારાનુસાર દાન કરવું. કોઈને કહે કે અડેલ આવજો ત્યાં સેવક કરીશું તો કોઈને સામે ચડીને જઈને અડધી રાત્રે દીક્ષા આપે, કોઈને ઉપવાસ વ. આગ્રહપૂર્વક કરાવે, તો કોઈને માટે જરૂર ન સમજે, કોઈની મર્યાદા રાખે તો કોઈ સુતકીને કહે - તમે તો સદાશુદ્ધ છો. આવી બધી આપની લટકતી મટકતી ચાલ છે. આવી ચાલથી આપ સ્વયં ત્રણ વખત ભારત પરિક્રમાના મિસે ભક્તોની સામે (ખિરકમાં) પધારે છે ત્યાં પોતાના પ્રિય પુષ્ટિપુષ્ટિ ભક્તોને દીક્ષા આપે છે. તો ક્યાંક (બળદેવજીને પ્રિય) મર્યાદાપુષ્ટિ જીવો, જેવાં કે ગોવિંદ દુબે, પદ્મા રાવલ વગેરેને દીક્ષા આપે છે તો બીજા બધા એટલે કે જે માત્ર ઉદ્ધારને લાયક છે તેવાને માત્ર નામ-દીક્ષા પણ આપે છે. આમ સર્વ ગાયોના કાન જગાવે છે.

શ્રીમહાપ્રભુ વિઠ્ઠલ છે. સર્વના અજ્ઞાનરૂપ અંધકારને તત્કાલ દૂર કરવાવાળા પરમ ગુરૂ છે અને ગિરિધર છે. (વસ્તુતઃકૃષ્ણ એવ) સર્વનાં ચિંતારૂપ ગિરિ, પંચ દોષ રૂપ ગિરિ, પ્રભુ સ્વામી તથા આપણે અંશ હોવા છતાં તેમના પ્રત્યે અસ્નેહરૂપ દોષ-ગિરિ, જન્મજાત અહંતા-મમતાને કારણે દુષ્ટ સ્વભાવરૂપ દોષ-ગિરિ, સુખ-દુઃખ રૂપ ગિરિ, આપણા આ બધાં દોષોને પોતે ધારી લઈ, આપણને જેવા છે તેવા સ્વીકારે છે. આવા ગિરિધારી આપણી તનક સેવાથી પણ સુખ પામે તેવા કૃપાળુ છે. ભૂતલ પર શ્રીમહાપ્રભુએ સર્વ ભક્તોને ઘરે ઘરે સેવા પધરાવી તથા અનવસરમાં કથાનો ઉપદેશ કર્યો. આમ વ્રજભક્તોને નંદસુનુને શોધવા-મળવા નંદઘરે જવું પડતું હતું તેથી તેમનો મનોરથ હતો કે ‘‘અનત ન જઈએ પીય રહીયે મેરે હી મહલ,’’ તે શ્રીમહાપ્રભુએ પૂરો કર્યો. તેથી વ્રજભક્તો ખૂબ જ પ્રસન્ન થઈ નિત્યલીલામાં ઉત્સવ મનાવવા લાગ્યા, અને બડો પર્વ-તહેવાર માનવા લાગ્યા.

દીપમાલિકા

(૯૯) કાન્હરો ૧૦ ૨/૧૩

પરમમંગલ પરબની દીપમાલિકા ઘરઘરન પ્રતિ દિવ્ય દીપાવલી
મહામહોત્સવ માન પ્રીત અતિરુચિ આનકુસલ જીય જાન લલિતાદિ ચંદ્રાવલી ૧
ગોપીજન જૂથ સુન જોરી કુંવર કિશોરી સાજ સિંગાર ઉર-ઉદિત પ્રેમાવલી
કર કનકથાલ ભર દીપ સંજોય સબ ચલી ગ્રહ નંદ કે દ્વાર સંજાવલી ૨
દાસ કુંભન નાથ કો જુ વૈભવ નિરખ મનહૂ ફૂલી નવલ યુવતિ કુમુદાવલી
કમલવદની કુંવરિ વૃખભાનકી નંદિની સ્રવત મકરંદ રતિ લલન મધુપાવની ૩

ભાવાર્થ :

આજે ખૂબ જ મંગલ કરનારું પર્વ દીપમાલિકા છે. તેથી પ્રત્યેક ઘરમાં દિવ્ય દીપાવલી ગોઠવી છે, આ માત્ર ઉત્સવ જ નહિ, મહોત્સવ જ નહિ પણ મહામહોત્સવ છે, તેવી સમજને લીધે ખૂબ જ સ્નેહ અને રૂચિપૂર્વક તથા મનમાં ખૂબ જ ઉલ્લાસ પૂર્વક લલિતાજી પોતાના જૂથ સહિત તથા ચંદ્રાવલીજી પોતાના જૂથ સહિત પધારે છે. (૧)

અને તે બધાં ભેગાં મળી પોતાના હસ્તમાં સુવર્ણ થાળમાં દીવડાંને સજાવીને, શ્રીનંદજીના ધામ પ્રતિ ભેગાં થઈને (સંજાવલી) ચાલ્યાં. (૨)

કુંભનદાસના પ્રભુ કેવા છે ? તે તેમની વાર્તામાં બહુ વિસ્તારથી છે કે જેમને કુંભનદાસની બેજરની રોટી અને ટેંટીનું શાક સર્વોત્તમ લાગ્યું હતું, જે માનસિંહ આવ્યો ત્યારે છૂપાઈ ગયા હતા અને છૂપાઈને કુંભનદાસને નિરખ્યા કરતા હતા, તેના ગયા પછી વ્હાલથી પૂછતા હતા, ''તુ ઉદાસ કેમ થઈ ગયો ?'' ગુંસાઈજીએ જ્યારે આજ્ઞા કરી કે અમારી સાથે પરદેશ ચાલો, ત્યારબાદ તેમાંથી મુક્તિ આપી, ત્યારે જે પ્રભુ કુંભનદાસને વચન આપે છે કે-હવે તને ક્યારેય ક્યાંય નહિ જવા દઉં, તો ક્યારેક કુંભનદાસને તેમના જ મહોલ્લામાં માખણચોરી લીલામાં પકડાવી દઈ ઠેકડી ઉડાવતા. આવા કુંભનદાસના નાથનો આ પ્રકારનો પ્રેમ-વૈભવ ગોપીઓએ નિરખ્યો. તેથી તેમનાં મન પ્રસન્નતાથી ખિલી ઉઠયા કે જેમ રાત્રીનાં (કમળ) કુમુદીનીના જૂથ ચંદ્રને જોઈ ખિલી ઉઠે !

અહીં તો વૃખભાનનંદિની રાધિકાનું મુખ કમળ સમાન છે અને તેમાંથી રતિ રૂપ મકરંદ શ્રવી રહ્યો છે, જે તો જેના શિશ પર કાળા સુંદર કેશ છે, તેવા મધુપ સમાન લલન માટે છે. આ પ્રકારની શોભા-વૈભવ નિરખીને આ નવલ યુવતિઓનાં મન ખૂબ જ ખિલી ઉઠયા. તેમના હૈયામાં લક્ષકોટી દીવડા પ્રકટી ઉઠયા ! (૩)

હટરી

(૧૦૦) કાન્હરો **૧૧** **૨/૧૭**

સુરભી કાન જગાય ખરીક બલ મોહન બૈઠે રાજત હટરી
પિસ્તા દાખ બદામ છુઆરે ખુરમા ખાજા ગુંજા મઠરી **૧**
ઘર ઘરતેં નર નારી મુદિત મન ગોપી ગ્વાલ જુરે બહુ ઠટરી
ટેર ટેર લે દેત સબનકોં લે લે નામ બુલાય નિકટરી **૨**

દેત અસિસ સકલ ગોપીજન યશોમતિ દેત હરખ બહુ પટરી
સૂર રસિક ગિરિધર ચિરજીવો નંદમહરકો નાગર નટરી **૩**

ભાવાર્થ :

પોતાની પ્રિય સુરભિ (**અર્થ**-ગાય, પૃથ્વી, તુલસી, સુગંધ) ગાયને કાનમાં કહીને આમંત્રણ આપી, (સુરભી -પૃથ્વીને આશ્વાસન આપી. તુલસી સાથે વિવાહ થવાનો છે તેથી તેને સમર્પણ માટે પાત્ર કરાવી, પોતાના અંગની સુગંધ પ્રસરાવી) ગાયને ખિરકમાં જઈ જગાવીને, બલદેવજી અને મોહન બંને હટરીમાં જઈને બિરાજ્યાં. પોતાની હટરીમાં પિસ્તા, દ્રાક્ષ, બદામ, ખારેક, ખજુર, મિઠાઈ, ખાજાં, ગુંજા, મઠરી વગેરે સર્વ છે. (૧)

ત્યાં મેળામાં-હાટમાં પ્રત્યેક ઘરમાંથી સ્ત્રી-પુરૂષ ખુશી ખુશી, આવ્યા છે. ગોપી-ગ્વાલની પણ બહુ ભીડ જામી છે. ત્યાં લાલન બૂમો પાડી પાડીને દરેકને નામ દઈ દઈને નજીક બોલાવીને, આગ્રહપૂર્વક માલ-સામાન આપે છે. નંદજીનો વૈશ્ય વ્યવસાય પ્રભુ બરાબર ભજવી રહ્યા છે. (૨)

પ્રભુ ઉપર વ્હાલ વરસાવતાં બધા ગોપીજનો તેમને આશીષ આપે છે અને તેથી યશોમતિ પણ, સામે હરખમાં વસ્ત્રાદિની ભેટ કરે છે. વ્રજજનો એવી આશીષ આપે છે કે આ જે રસિક છે, ગિરિધર છે, જે નંદમહરનો દીકરો નટ સમાન છે - તે અમારા હૃદયમાં ચિરંજીવી રહો ! (૩)

સરસલીલા

(૧૦૧) બિલાવલ ૧ ૨/૨૩ થી ૪૪

નંદહિ કહતિ યશોદારાની, સુરપતિ પૂજા તુમહી ભૂલાની **૧**
યહ નહી ભલી તુમ્હારી બાની, મૈં ગૃહ કાજ રહોં લપટાની **૨**
લોભહી લોભ રહત હો સાની, દેવકાજકી સુધ બિસરાની **૩**
મેહેરિ કહેત પુનપુન યહ બાની, પૂજાકે દિન પોંહચે આની **૪**
સૂરદાસ યશોમતિકી બાની, નંદહિ ખીજખીજ પછિતાની **૫**

દિપાવલીના બીજા દિવસે અન્નકૂટ ઉત્સવ ઉજવાવા પ્રભુએ જે લીલા કરી તે સરસ લીલા છે.

નંદજી, યશોદાજી પ્રતિ કંઈક ઠપકાના સ્વરમાં કહે છે - સુરપતિની પૂજા જે પ્રત્યેક વર્ષ કરીએ છીએ તે તો નજીક આવી ગઈ છે અને તમે યાદ પણ ન કરાવ્યું ?

ત્યારે યશોદાજી પણ પ્રત્યુત્તર આપે છે - આ પ્રકારે કહેવું યથાયોગ્ય નથી કેમકે હું તો ઘરના કામકાજમાં, આ લાલનને લીધે વિશેષ વ્યસ્ત રહું છું. લોભ જ લોભમાં વધારે લપટાવે છે અને તે કારણે આ દેવકાર્ય તમારાથી ભૂલાઈ ગયું છે.

નંદરાણી ફરી ફરી તે જ કહ્યા કરે છે કે - હવે તો પૂજાના દિવસો ખૂબ જ નજીક આવી ગયા. યશોમતિના આ વચનો સાંભળીને નંદજી પોતાની જાત પર જ ખિજાઈ ખિજાઈને પસ્તાવો કરવા લાગ્યા. (૧)

બિલાવલ ૨

નંદ કહ્યો સુધિ ભલી દિવાઈ, મૈંતોં રાજકાજ મન લાઈ ૧
દિનપ્રતિ કરત યહે અધમાઈ, કુલદેવતા સુરત વિસરાઈ ૨
કંસ દઈ યહ લોક બડાઈ, ગામદસક સિરદાર કહાઈ ૩
જલધિ બૂંદ જ્યોં જલધિ સમાઈ, માયા જહાંકી તહાં બિલાઈ ૪
સુરદાસ યહ કહેં નંદરાઈ, ચરણ તુમ્હારે સદાં સહાઈ ૫

પછી નંદજી કંઈક સ્વસ્થ થઈને યશોદાજીને (પોતાની ભૂલ સુધારીને) કહે છે. તમે યાદ કરાવ્યું તે બહુ સારું થયું કેમકે મારું મન તો રાજકાજમાં જ લાગેલું છે. (દેવકાજમાં નથી). આ રાજકાજ પ્રત્યેક દિન અધમતા પ્રતિ લઈ જનારું છે, અધોગતિ કરાવનારુ છે. કેમકે જેના કારણે કુલદેવતા પ્રતિનો સ્નેહ વિસરાયો છે. કંસે અમને દશેક જેટલા ગામના સરદાર બનાવીને આ લોકમાં બડાઈ-મોટાઈ આપી દીધી છે. પરંતુ આ બધી તો માયા જ છે આખરે તો જેમ સાગરમાંથી બનેલા વાદળોમાંથી વરસતું જળ સાગરમાં સમાઈ જાય, તેમ આ લૌકિક માયા તો માયામાં જ સમાઈ જવાની. તેવી મોટાઈ બધી વ્યર્થ છે. નંદરાય કહે છે કે - આ બધા અપરાધ તો થયા છે પણ હે નાથ ! આપનાં ચરણ જ માત્ર અમને સહાયરૂપ છે. (કંસે આપેલ માયા સહાયરૂપ થવાની નથી.) (૨)

બિલાવલ ૩

કહત મહેરિ તબ એસીબાની, ઈંદ્રહીકી દીની રજધાની ૧
કંસ કરત તુમારી અતિકાની, યહ પ્રભુકી હે આશિષ બાની ૨
ગોપન બહુત બડાઈ માની, જહાંતહાં યહ ચલત કહાની ૩
તુમ ઘર મથીયે સહસ્ર મથાની, ગ્વાલિનિ રહત સદા વિતતાની ૪
તૃણ ઉપજત ઉનહીકે પાની, એસે પ્રભુકી સુરત ભુલાની ૫
સૂર નંદ મનમેં તબ આની, સત્ય કહી તુમ દેવ કહાની ૬

આ પ્રકારે નંદરાયજીને થયેલો ઉદ્વેગ જાણીને નંદરાણી કહે છે - આ જે કંઈ સરદારપણું આપેલ છે તે કંસે નથી આપ્યું પણ ઈંદ્રે જ આપેલું છે. કંસ તમારું જે સન્માન કરે છે તેની પાછળ પ્રભુનાં આશીષ વચનો જ કામ કરે છે. ગોપોએ પણ-પોતાના ઉપરની ઈંદ્રની કૃપા છે તેની ઘણી વડાઈ જાણી. પછી તો આ વાતની જ જ્યાં ત્યાં ઘરે ઘરે ચર્ચા થવા લાગી. નંદરાયજી યશોમતિને કહે છે - કે હવે તો તમે (સહસ્ત્ર) ઘણા બધાં વલોણાં કરો. આમ યશોદાજી તો દેવકાર્યમાં વ્યસ્ત (વિતતાની) થઈ ગયાં. નંદજી વિચારે છે કે આ જે ઘાસ (ગાયો માટે) થાય છે તે પણ ઈંદ્રના મેઘના જળથી જ થાય છે. તેવા પ્રભુનાં ઉપકાર પણ ભૂલાઈ ગયા. ત્યારે નંદજીએ મનમાં જ યશોમતિ પ્રત્યે કહ્યું કે - દેવવાળી વાત તે સાચી કહી. (૩)

બિલાવલ ૪

મહેર દીયો એક ગ્વાલ ચલાઈ, ગોપનંદ ઉપનંદ બુલાઈ ૧
ઓર આવો વૃષભાન લિવાઈ, તુરત જાહુ તુમ કરો ચઢાઈ ૨
યહ સુ ગ્વાલ ગયો તહાં ધાઈ, નંદમહેરકી કહી સુનાઈ ૩
નેંક કરહુ તુમ જિન વિલમાઈ, મોહિ કહ્યો સબ દેહુ પઠાઈ ૪
યહ સુનકેં સબ ચલે અતુરાઈ, મનમન સોચ કરત પછિતાઈ ૫
કોન કાજ જીય માંઝ ડરાઈ, રાજઅંશ ધન દીયો ચુકાઈ ૬
સૂર નંદ ગૃહ પહુંચે આઈ, આદર કર બૈઠે નંદરાઈ ૭

પછી તો નંદરાયજીએ એક ગ્વાલને બધા મોટા ગોપો પ્રતિ મોકલી આપીને કહેવડાવ્યું કે - નંદ ગોપજી, ઉપનંદ સહિત તમોને બોલાવે છે અને સાથે વૃષભાનજીને પણ લેતા આવે. તથા આ સમાચાર સાંભળતાં અબઘડી-ઊઠીને આવી લાગો. આ સાંભળીને ગ્વાલ દોડતો જ નીકળ્યો અને જે નંદમહરે કહ્યું હતું તે કહી સંભળાવ્યું. તથા કહ્યું કે - આ બાબતમાં જરા પણ વિલંબ ન કરે. આ સાંભળીને બધા જ આતુરતા પૂર્વક નિકળ્યા અને મન-મનમાં, વિચારવા લાગ્યા કે આપણી કંઈ ભૂલ તો નથી થઈ ? (પછીતાઈ) અને મનમાં ડરવા લાગ્યા કે એવું તે કયું (ખોટું) કામ થઈ ગયું છે ? કદાચ રાજઅંશ (રાજભાગ) આપવાનો હોય ! પણ તે તો ચૂકવી દીધો છે. આમ વિચારતા વિચારતા નંદજીના ઘેર આવી પહોંચ્યા. ત્યારે નંદજીએ બધાનું સ્વાગત કરીને બેસાડયા.

બિલાવલ ૫

ગોપસબેં ઉપનંદ બુલાયે, કોન કાજકોં હમ હંકરાયે ૧
સુનત હિ હમ સબ આતુર આયે, કંસ કછૂ કહિ માંગ પઠાયે ૨

યહ જાની અતિ આતુર ધાયે, સબ મિલ કહ્યો બહુત ડરપાયે ૩
કાલ્હઈ રાજ અંશ દઆયે, ગ્વાલ કહત તુરતહિં ઉઠધાયે ૪
મહેર કહ્યો હમ તુમ ડરપાયે, હઁસ હઁસ કહત આનન્દ બઢાયે ૫
હમ તુમકોં સુખકાજ મઁગાયે, વારવાર યહ કહિ દુખ પાયે ૬

બધા ગોપો વતી ઉપનંદ પૂછે છે, ''અમને ક્યા કાજ માટે એકદમ બોલાવ્યા (હંકરાયે) ? અમે તો સાંભળતાં જ ખૂબ જ ચિંતાતુર થઈ ગયા કે શું કંસે કંઈક બહાણે માંગણું મોકલ્યું છે ?'' એમ વિચારીને તો અમે ચિંતાગ્રસ્ત થઈ દોડી આવ્યા અને અમે બધાં તો બહુ ડરી ગયા, તેમ બાકી સર્વ ગોપો પણ કહેવા લાગ્યા, ''વળી કાલે જ તો રાજઅંશ આપી આવ્યા છીએ, પણ આ તમે મોકલેલ ગ્વાલે સમાચાર આપતાં વેંત, તરત જ અમે ઉભા થઈને ચાલ્યા આવ્યા છીએ.''

ત્યારે નંદમહરે કંઈક ક્ષોભયુક્ત થઈને કહ્યું કે, ''અમે જ તમોને ડરાવી દીધા.'' આ વચનો તેમને હસી-હસીને કહ્યા જેથી ગ્વાલોનો ડર દૂર થાય અને આનંદ વધે તે માટે કહે છે, ''અમે તો તમને ખુશીના અવસર માટે બોલાવ્યા છે.'' એ એકની એક વાત દુઃખ સાથે વારંવાર કહેવા લાગ્યા કે, ''આપણે દેવ-ઈંદ્રની પૂજા ભૂલી ગયા.'' આ વાત સાંભળી બધાએ સંમતિસૂચક માથું ધુણાવ્યું. (૫)

બિલાવલ ૬

પૂજા સુનત બહુત સુખ કીનોં, ભલી કરી હમકોં સુધ દીનોં ૧
યહ બાની સબ મુખતેં કીનોં, બડોદેવ સબ ઈનકોં ચીન્હોં ૨
ઈનહીંતેં વ્રજવાસ વસીનોં, હમસબ અહીર જાતી મતિ હીનોં ૩
પૂજાકી વિધિ કરત સબે મિલી, જૈસી ભાંત સદાં તૈસી ચલિ ૪
બિદા માંગ નંદસોં ગૃહ આયે, ઘરન ઘરન યહ બાત ચલાયે ૫
સૂરદાસ ગોપનકી બાની, વ્રજ નરનારિ સબન યહ જાની ૬

આ સાંભળી ગોપો કહેવા લાગ્યા, ''પૂજાની વાત સાંભળી ઘણો આનંદ થયો. અમોને પણ યાદ કરાવીને સારું કર્યું. મોટા (ઈંદ્ર) દેવે આપ થકી જ અમને કહેવરાવ્યું. એમનાથી તો આપણો વ્રજમાં વાસ છે. બાકી તો અમે બધા અહિર જાતિના બુદ્ધિહીન છીએ તેથી જેવી પૂજા વિધિ કરતા આવ્યા છીએ. તેમ આપણે કરીશું.'' એમ કહીને નંદરાયજીથી વિદાય માગીને બધાં પોત-પોતાના ઘેર આવ્યા અને પ્રત્યેક ઘરમાં જે વાત નંદરાયજીને ત્યાં થઈ હતી તે કહેતા ફરતા, આમ વ્રજના બધાં જ નરનારીઓએ આ ગોપોના કહેવાથી તે વાત જાણી. (૬)

બિલાવલ ૭

નંદઘરનિ વ્રજવધૂ બુલાંઈ, યહ સુનકૈં તુરત હિ સબ આંઈ ૧
કોન કાજ હમ મહેરિ હઁકારી, તુમ નહી જાનત જોબનવારી ૨
વિહંસ કહત કહા દેતહો ગારી, સુરપતિ પૂજા કરોં સઁવારી ૩
દેખો હમ સબ સુરત વિસારી, ઓરોં હમહિ બૂઝિયે ગારી ૪
યહ સુન હરખત ભઈ નંદનારી, સખિયન વચન કહ્યો જબ પ્યારી ૫
સૂર ઈંદ્ર પૂજા અનુસારી, તુરત કરહુ સબ ભોગ સઁવારી ૬

આ બાજુ નંદરાણીએ વ્રજવધુઓને બોલાવી મંગાવી. સમાચાર સાંભળતાં જ બધીઓ તુરત આવી લાગી. તે બધી આવતાં જ પૂછવા લાગી કે, ‘‘હે મહરી, એ તો કહો અમને શું કામ બોલાવી છે ?’’ ત્યારે યશોદાજી ઠપકાના સૂરમાં કહેવા લાગી, ‘‘તમારું જોબન ઝાલ્યુ નથી રહેતું તેથી પૂછો છો ? શું જાણતી નથી ?’’ ત્યારે વ્રજવધુઓ હસીને કહેવા લાગી, ‘‘અમને શા માટે ગાળ આપો છો ?’’ સુરપતિની પૂજા બહુ સારી રીતે કરીશું. જૂઓ આ પૂજાવાળી વાત તો અમે ય ભૂલી જ ગયા, તેથી અમે બીજી વધારે ગાળો ખાવાને લાયક જ છીએ.’’ આ સાંભળીને નંદરાણી પ્રસન્ન થઈને ખૂબજ પ્યારથી સખીઓને કહેવા લાગ્યાં, ‘‘દેવ ઈંદ્રની પૂજા જેમ થાય છે તે પ્રમાણે થાય માટે તમો જલ્દીથી ભોગ-સામગ્રીની તૈયારી કરો.’’ (૭)

બિલાવલ ૮

ઘરન ચલી સબ કહી યશુમતિસોં, દેવ મનાવત વચન વિનતિસોં ૧
તુમ વિન ઓર નહીં હમ જાનેં, મુખ સ્તુતિ કરત હમ કહા વખાનેં ૨
જહાંતહાં વ્રજમંગલ ગાનેં, બાજત ઢોલ મૃદંગ નિસાનેં ૩
બહુત ભાંત કરત પકવાનેં, નેવજ કર ઘર સાજ વિહાનેં ૪
છુવત નહીં દેવ કાજ સંકાને, દેવ ભોગકોં રહત ડરાનેં ૫
સૂરદાસ હમ સુરપતિ જાને, ઓર કોન એસો જિહિં માને ૬

આમ યશોમતિને હા કહીને બધી વ્રજવધુઓ પોતપોતાને ઘરે આવી અને દેવને ભૂલી ગઈ તે સમજાતાં - દેવને મનાવવાવાળાં વિનતી યુક્ત વચનો કહેવા લાગી, ‘‘અમે તો તમારા સિવાય અન્ય કોઈ (દેવને) જાણતા નથી. અમે તો આપને સ્તુતિ કરી શકીએ છીએ. અમને આપનાં યશ ગાતા ક્યાં આવડે છે ? વ્રજમાં ઠેર ઠેર મંગલગીતો ગવાવા લાગ્યા, અને ઢોલ, મૃદંગ, નિશાન વગેરે વાગવા લાગ્યા. જાત જાતના પકવાન બનવા લાગ્યા. નૈવેદ્ય છે તેમ જાણી, સંભાળીને છાની

જગાએ મૂકવા લાગ્યા. આ તો દેવ અર્થ છે જેથી અડતાં પણ શંકા રાખતા અને દેવભોગ હોવાથી ડર રાખતા. બધાં જ કહેતા કે અમે તો માત્ર ઈંદ્ર (સૂરપતિ)ને જ જાણીએ છીએ, એમના સમાન બીજો છે પણ કોણ કે તેને માનીએ ? (૮)

બિલાવલ ૯

નંદ મહર ઘર હોત બધાઈ, અતિ આનંદ ઉરમેં ન સમાઈ ૧
નેવજ કરત યશોદા આતુર, અષ્ટસિદ્ધિ ઘરહી અતિ ચાતુર ૨
મેદા ઉજ્જવલ કરકેં છાન્યોં, વેસન દાર ચનાકર બાન્યોં ૩
ઘૃત મિષ્ટાન્ન સબે પરિપૂરણ, મિશ્રીસહિત પાકકો ચૂરણ ૪
લડુવા કરત મિઠાઈ ઘૃતપક, રોહિણી કરત અન્નભોજન તક ૫
સંગ ઓર વ્રજનારી લાગી, ભોજન કર સબ ધરત સભાગી ૬
મહેરી કરત રચિ ઉપર તરારી, જોરત સબ વિધ ન્યારીન્યારી ૭
સૂરદાસ જો માગત તબહી, ભીતરતેં લે દેતહેં જબહી ૮

નંદમહરના ઘરમાં તો વધાઈ-ઉત્સવ છે. તેથી તેઓના હ્રદયમાં આનંદ સમાતો નથી. યશોદાજી દેવ માટે નૈવેદ્ય ઉત્સાહપૂર્વક બનાવી રહ્યા છે તેમાં મદદ કરવા ઘરમાં અષ્ટ સિદ્ધિ બિરાજે છે, તે ઘણી ચતુર છે.

મેંદાને ફોતરા-છોલાં દૂર કરવા સારી રીતે ચાળ્યો છે. ચણાની દાળ તૈયાર કરીને વેસન બનાવ્યું છે. મિઠાઈ (મિષ્ટાન્ન) બનાવવા માટે ભારોભાર ઘી તૈયાર છે. ખાંડ ભેળવેલ પાક કરેલ લોટ મિશ્રણ કરી તૈયાર કર્યા છે. (લાડુ વગેરે માટે) અને અન્નમાંથી બનાવવાનાં ભોજન રોહિણીજી તૈયાર કરી રહ્યા છે સાથે મદદમાં બીજી વ્રજનારીઓ પણ લાગેલી છે. ભોજનની વસ્તુ આ બધી ભાગ્યવાનો રાખી રહ્યા છે. યશોદાજી ઉપર તરારી તૈયાર કરે છે અને બધી વસ્તુને જુદી જુદી રાખીને, એક બાજુ ગોઠવી છે. જ્યારે જેની જરૂર પડે તે અંદરથી લઈને આપે છે. (૯)

બિલાવલ ૧૦

મહેરિ સબેં નેવજ લે સેંતત, શ્યામ છુવે નહિ તાકોં ડરપત ૧
કાન્હહિ કહત ઈહાં જિન આવે, લરિકનકોં યહ દેવ ડરાવે ૨
સ્યામ રહે આંગનહી ડરાઈ, મનમન કાન્હ હઁસત સુખદાઈ ૩
મૈયારી મોહિ દેવ દિખેહે, ઈતનોં ભોજન વહ સબ ખેહે ૪
યહ સુન ખીજત હૈં નંદરાની, વારવાર સુતકોં વરજાની ૫
એસી બાત ન કહે કન્હાઈ, તૂ કિત કરત શ્યામ લંગરાઈ ૬

કરજોરત અપરાધ ક્ષમાવત, બાલક કો યહ દોષ મિટાવત ૭
સૂરદાસ પ્રભુકોં નહિ જાને, હઁસત ચલે મનમેં ન રિસ્યાને ૮

યશોદા બધા જ નૈવેદ્યને છૂપાવીને રાખે છે કેમ કે શ્યામ તેને અડકી ન જાય, તેનો ડર છે. વળી તે કનૈયાને કહે છે - અહીં આવીશ નહિ કેમ કે આ દેવ નાના છોકરાને બીવડાવે છે. શ્યામ પણ ડરના માર્યા આંગણામાં જ ખેલે છે. પણ મનમાં તો કાન્હ હસીને ખુશ થાય છે (કે મારી માને ખબર નથી) તેથી મૈયાને કહે છે, ‘‘મૈયા, મને દેવ, તો દેખાડ કે જે આટલું બધું ભોજન ખાવાના છે.’’ આવું સાંભળીને નંદરાની કનૈયા પર ખિજાય છે અને વારંવાર પોતાના પુત્રને લડે છે અને કહે છે કે આવી વાત ન કહેવાય મારા કનૈયા, અને હે શ્યામ, તુ આવી અવરચંડાઈ શા માટે કરે છે ?’’ તે પછી પોતે હાથ જોડીને દેવ પાસેથી કનૈયાનો અપરાધ ક્ષમા કરાવે છે અને બાળકના દોષને દૂર કરાવે છે. કેમકે તે પ્રભુને જાણતા નથી. પ્રભુ પણ હસતા હસતા ચાલ્યા જાય છે, મનમાં સ્હેજે રોષ નથી રાખતા. (૧૦)

બિલાવલ ૧૧

યુવતી કહત કાન્હ રિસપાયો, જાન દેહુ સુર કાજ બતાયો ૧
બાલક આય છુવે કહું ભોજન, ઉનકી પૂજા જાને કો જન ૨
યોં કહિ કહિ દેવતા મનાવત, ભોગ સામગ્રી ધરત ઉઠાવત ૩
ઉનકી કૃપાતેં અન્નધન મેરેં, ઉનકી કૃપાતેં ગોગન ગહરેં ૪
ઉનકી કૃપા પુત્ર ફલપાયો, દેખો શ્યામહિ ખીજ પઠાયો ૫
સૂરદાસ પ્રભુ અંતરયામી, બ્રહ્માકીટ આદિકે સ્વામી ૬

બહારથી કોઈ યુવાન ગોપી નંદરાણીના મંદિરમાં આવી. તેની સામે આંગણામાં પ્રભુએ એવો ચહેરો બનાવ્યો કે જેથી તે યશોદાજીને કહે છે કે, ‘‘કાન્હ રિસાયો લાગે છે.’’ ત્યારે યશોદાજી કહે છે, ‘‘શું હું તેને જણાવી દઉં કે આ જે ભોગ તૈયાર કર્યો છે તે દેવકાર્ય માટે છે ?’’ હવે ફરી યશોદાના મનમાં દેવનો અપરાધભાવ આવે છે તેથી દેવને વિનતી કરે છે - કદાચ બાળક (મારો) આવીને આ ભોજનને સ્પર્શ કરી દે તો, તે તો અબૂધ છે તે આપની પૂજા બાબત શું જાણે ? એમ કહી કહી દેવને મનાવે છે તથા ભોગ-સામગ્રીને સારી રીતે ગોઠવે છે તથા મનમાં વિચારે છે કે દેવની કૃપાથી તો અમારા ઘરમાં અન્નના ઢગલા છે અને એમની કૃપાથી તો ગાયોની સારી એવી વસ્તી થાય છે, તેમની જ કૃપાથી તો આ કનૈયો પુત્ર મને ફળરૂપે મળ્યો છે. છતાં પણ હે દેવ, એવા મારા પ્રિય શ્યામને પણ મેં ખિજાઈને બહાર રમવા મોકલી આપ્યો છે માટે આપ ક્ષમા આપશો. પરંતુ સુરદાસજી

કહે છે કે આ કનૈયો તો સર્વ જીવમાત્રનો અંતર્યામી છે, સમર્થ છે અને બ્રહ્માથી કીટ-જંતુ સુધીના સર્વનો સ્વામી છે, તે યશોદાને ખબર નથી. (૧૧)

બિલાવલ ૧૨

નંદ નિકટ તબ ગયે કન્હાઈ, સુનત બાત જહાં ઈંદ્ર પુજાઈ ૧
મહેર નંદ ઉપનંદ તહાં સબ, બોલ લિયે વૃષભાન મહેર તબ ૨
દીપમાલિકા રચરચ સાજત, પોહોપમાલ મંડલી વિરાજત ૩
વરસ સાતકે કુંવર કન્હાઈ, ખેલત મન આનન્દ બઢાઈ ૪
ઘરઘર દેત યુવતીજન હાથ, પુજા દેખ હઁસત વ્રજનાથ ૫
મો આગેં સુરપતિકી પૂજા, મો તેં દેવ ઓર કો દૂજા ૬
શતશત ઈંદ્ર રોમ પ્રતિ લોમન, શત શત લોમ મેરે એક રો મન ૭
સૂરશ્યામ યે મનસોં બાતેં, લીનો ભોગ બહુત દિન જાતેં ૮

બહાર ચોકમાં નંદરાયજી વગેરે ગોપો બેઠા છે ત્યાં કનૈયો ધીરે રહીને તેમની પાસે ગયો અને ત્યાં પૂજા સંબંધે જે વાત ચાલે છે તે સાંભળવા લાગ્યો. ત્યાં નંદમહર, ઉપનંદ વગેરે બેઠા છે અને તેમણે વૃષભાનજીને પણ બોલાવી મંગાવ્યા છે. પૂરા ગોકુલમાં દીપમાલિકા સજાવાઈ રહી છે. ફૂલોની માળાના સમૂહ પણ શોભે તેમ બાંધ્યા છે. ત્યારે સાત વરસનો કનૈયો આનંદમગ્ન થઈને (સ્વાનંદતુંદિલઃ) ખેલી (લીલામગ્ન) રહ્યા છે તેથી સર્વ વ્રજવાસીઓનો આનંદ પણ વધારી રહ્યા છે. યુવતીઓ એકબીજાના ઘરમાં જઈને પરસ્પર મદદ કરી રહી છે (દેત હાથ) અને આ પૂજાની તૈયારી નિરખીને વ્રજનાથ કાનકુંવર મનમાં હસી રહ્યા છે અને સ્વયં કહે છે કે, મારી સામે આ સૂરપતિની પૂજા થશે ? શું મારાથી કોઈ મોટો દેવ છે ? મારા તો પ્રત્યેક અંગમાં સેંકડો રોમ છે અને પ્રત્યેક રોમમાં સેંકડો ઈંદ્ર છે. સૂરશ્યામ મનમાં જ કહે છે કે ઈંદ્રે ઘણા દિવસ ભોગ લીધો છે. પરંતુ દેવાધિદેવ જ્યાં હોય ત્યાં જો ઈંદ્રની પૂજા થાય તો તેમાં ગોકુલવાસી તથા ઈંદ્ર સર્વને દોષ લાગે ! (૧૨)

બિલાવલ ૧૩

સુરપતિ પૂજા જાન કન્હાઈ, બારવાર બૂઝત નંદરાઈ ૧
કોન દેવકી કરત પુજાઈ, સો મોસોં તુમ કહો સમુઝાઈ ૨
મહર કહ્યો તબ કાન્હ બુલાઈ, સુરપતિ સબ દેવનકે રાઈ ૩
તુમારે હિતમેં કરત સદાઈ, જા તેં તુમ રહો કુશલ કન્હાઈ ૪
સૂરનંદ કહિ ભેદ બતાઈ, ભીર બહુત ઘર જાઉ સિખાઈ ૫

મોટાઓ વાત કરે છે તે કનૈયો સાંભળે છે કે - ઈંદ્રપૂજા થવાની છે. તેથી વારંવાર કનૈયા તેમને પૂછે છે કે - તમે કયા દેવની પૂજા કરવાના છો તે મને તો સમજણ પાડીને કહો ? મોટાઓ આ નાનકાની વાત સાંભળતા નથી, પોતાની વાતમાં મશગુલ છે, અથવા નાનો બાળક શું સમજે ? તેમ ધારી તેનું બોલવું અવગણે છે. તેથી કનૈયાએ (બારબાર) ઘડી ઘડી પૂછવું પડે છે.

પોતાનો પ્રિય પુત્ર રિસાઈ ન જાય તેથી પુત્રપ્રેમ વશ નંદરાયજી કાન્હને પાસે બોલાવે છે અને કહે છે - આ સૂરપતિ છે તે બધા જ દેવોનો રાજા છે અને તુ કુશળ રહે તે માટે, તારા હિતમાં જ હંમેશા આ દેવપૂજન કરતા આવ્યા છીએ. આમ નંદજીએ ખુલાસો (ભેદ) કરીને કન્હૈયાને શિખામણ (શિખાઈ) આપતાં કહ્યું, ‘‘ચાલો હવે ઘરમાં જાઓ, અહીંયાં ઘણી ભીડ (ભીર) છે, તું અટવાઈ જાય’’ (૧૩)

બિલાવલ ૧૪

જાવો ઘરહિ બલહારી તેરી, સેજ જાય સોવો તુમ મેરી ૧
મેં આવત હોં તુમારે પાછેં, ભવન જાવો તુમ મેરે બાછેં ૨
ગોપ લિયે તબ કાન્હ બુલાઈ, મંત્ર કહ્યો એક મનઉપજાઈ ૩
આજ એકસપનેં કોઉ આયો, શંખ ચક્ર ભુજ ચાર બનાયો ૪
મોસોં યહ કહિ કહિ સમુજાયો, યહ પૂજા તુ કિનહિ સિખાયો ૫
સૂરશ્યામ કહિ પ્રકટ સુનાયો, ગિરિગોવર્ધન દેવ બતાયો ૬

નંદજી વધુ પ્યારથી પૂચકારતાં કહે છે કે તારા પર વારી જાઉં, ચાલો ઘરે જાઓ અને મારી પથારીમાં પોઢી જાઓ. હું તમારી પાછળ જ ચાલ્યો આવ્યો. હે બેટા, તુ ઘરે જા... ત્યારે કનૈયાએ ગોપોને બોલાવ્યા અને પોતાનો મનઘડત કોઈક મંત્ર (વાત) તેમના કાનમાં કહ્યો (ભગવાનની વાત મંત્ર રૂપ છે). કાન્હ કહે, આજ મને સપનામાં કોઈ આવ્યું, તેને ચાર ભૂજા હતી, તેમાં તેને શંખ-ચક્ર વગેરે ધારણ કર્યા હતા અને મને તે વારંવાર એમ કહીને સમજાવતા હતા કે આ પૂજા હું તને જ શિખવું છું. તે મને સાચ્ચેસાચ (પ્રકટ) સંભળાવી અને તેમનું નામ ‘ગિરિગોવર્ધન’ એમ બતાવ્યું. (૧૪)

બિલાવલ ૧૫

યહ તબ કહે લગે દેવરાઈ, ઈંદ્રહિ પૂજેં કોન બડાઈ ૧
કોટિ ઈંદ્ર હમ છિનમેં મારેં, છિનહીમેં પુન કોટિ સંવારેં ૨
જાકે પૂજેં ફલ તુમ પાવો, તા દેવહિં તુમ ભોગ લગાવો ૩
તુમ આગેં બહુ ભોજન ખેહેં, મોંહોં માગ્યો ફલ તુમકોં દેહેં ૪
એસો દેવ પ્રકટ ગોવર્ધન, જાકે પૂજે બાઢે ગોધન ૫
સમઝ ન પરી યહ કૈસી બાની, ગ્વાલ કહી યહ અકથ કહાની ૬
સુશ્યામ યહ સપનોં પાયો, ભોજન કોન દેવહી ખાયો ૭

તે દેવાધિદેવ પછી મને કહેવા લાગ્યા કે - તમે ઈંદ્રને પૂજો છો તે ક્યાં મોટા દેવ છે ? તેવા તો કરોડો દેવનો હું ક્ષણમાં નષ્ટ કરી શકું તેમ છું અને ક્ષણમાં જ તેવા નવા ઈંદ્ર પેદા કરી શકું તેમ છું. જેમની પૂજા કરવાથી ફળ મળે તે દેવની જ તમો ભોગ-પૂજા કરો. તમારી નજર સમક્ષ જ તે દેવ ઘણું બધું ભોજન આરોગશે અને પછી તમને મોં-માગ્યું ફળ પણ દેશે.

તેવો દેવ તો આજે સામે દેખાય છે તે ગોવર્ધન જ છે. જેમના પૂજનથી ગાયો રૂપ ધન વધે, કનૈયો કહે છે - આ કેવી વાણી છે તે ખબર નથી પડતી. ત્યારે ગ્વાલ પણ તેમની સાથે સંમતિસૂચક કહે છે - હા... હા... વાત તો ખૂબ જ અદ્‌ભૂત છે. કેમકે શ્યામને તે સ્વપ્નમાં મળ્યા વળી ભોજન કયા દેવે ખાધું ? તેમ પૂછ્યું (૧૫)

બિલાવલ ૧૬

માનહુ કહ્યો સત્ય યહ વાની, જો ચાહો વ્રજકી રજધાની ૧
તબતુમ મુહું માગે ફલ પાવહુ, જો તુમ અપને કરન જિમાવહુ ૨
ભોજન સબ ખેહેં મુહુંમાગેં, પૂજત સુરપતિ તિનકે આગેં ૩
મેરો કહ્યો સત્ય કર માનો, ગોવર્ધનકી પૂજા ઠાનોં ૪
સુરશ્યામ કહિ કહિ સમુઝાયો, નંદગોપ સબકે મન આયો ૫

કનૈયો ગોપોને કહે છે કે - આ જે વાણી કહી તે સત્ય જ માની લો, જો તમે વ્રજનું ભલુ ઈચ્છતા હો તો ! પછી તો તમે મોં માગ્યું ફલ પામશો. જો તમે તે દેવને સ્વયં તમારે હાથે જમાડશો તો ! તે દેવ પણ જાતે માગી માગીને ભોજન ખાશે (દૃષ્ટિ માત્ર નહિ કરે) પહેલાં જે સૂરપતિની પૂજા કરતા હતા (તે આવું કરે છે ?) માટે મારી વાત સાચી માનીને ગોવર્ધનની પૂજા કરવાનું નક્કી કરો. સુરદાસજીના શ્યામે આમ વારંવાર ભારપૂર્વક કહ્યું એટલે નંદજી તથા ગોપ બધાના મનમાં વાત બેસી ગઈ. (૧૬)

બિલાવલ ૧૭

સુરપતિ પૂજા મેટ કન્હાઈ, ગોવર્ધનકી કરત પૂજાઈ ૧
માસ દિનાલોં કરી મિઠાઈ, નંદમહર ઘરકી ઠકુરાઈ ૨
જાકી ઘરની મહરિ યશોદા, અષ્ટસિદ્ધિ નવનિધિ ચહું કોદા ૩
તબ કિયે બહુત ભાંત પકવાન, વ્યંજન બહુ કો કરે વખાન ૪
ભોગ અન્ન બહુ ભાંત સજાયે, અપને કુલ સબ અહીર બુલાયે ૫
સહસ્ર શકટ ભર ભરત મિઠાઈ, ગોવર્ધનકી પ્રથમ પૂજાઈ ૬
સૂરશ્યામ યહ પૂજા ઠાની, ગિરિગોવર્ધનકી રજધાની ૭

સૂરપતિની પૂજા આમ બંધ કરાવીને કનૈયાએ ગોવર્ધનની પૂજા નક્કી કરાવી. નંદજીનું ઘર તો સંપન્ન છે તેથી મહિના સુધી મિઠાઈઓ તૈયાર કરી, કેમકે જેમની ઘરવાળી યશોદા-મહરી છે અને જ્યાં અષ્ટસિદ્ધિ-નવનિધિ ચારેબાજુ આંટાફેરા કરે છે! (કોદા). તેથી તો ભિન્ન ભિન્ન પ્રકારના પકવાન તથા વખાણ કરતાં થકાય તેવા વ્યંજન બનાવ્યા, ભોગ-અન્ન પણ જાત જાતના તૈયાર કર્યા તથા પોતાના જાતિના અહિરોને બોલાવ્યા (તેમની મદદથી) હજારો ગાડાંમાં મીઠાઈના ટોપલા ભરાવ્યા. કેમ કે આ તો શ્રીગોવર્ધનનો પ્રથમ પૂજા-ઉત્સવ છે. સૂરદાસજી કહે છે ખાસ વાત તો એ છે કે - શ્યામે આ પૂજા નક્કી કરી છે અને ગિરિગોવર્ધનનું આ તો ગોકુલ ધામ છે. (૧૭)

બિલાવલ ૧૮

વ્રજ ઘરઘર સબ ભોજન સાજતા, સબકે દ્વાર બધાઈ બાજત ૧
શકટ જોર લે ચલે દેવબલિ, ગોકુલ વ્રજવાસી સબહીં મિલિ ૨
દધિલોંની મધુસાજ મિઠાઈ, કહાં લગ કહોં સબે બહુતાઈ ૩
ઘરઘરતેં પકવાન ચલાયે, નિકસ ગાંમકે ગ્વેંડે આયે ૪
વ્રજવાસી તહાં જુરે અપાર, સિંધુ સમાન પાર નહિં બાર ૫
પેંડેં ચલન નહીં કોઉ પાવત, શકટ ભરે સબ ભોજન આવત ૬
સહસ્ર શકટ ચલે નંદમહેરકે, ઓર શકટ કિતને ઘરઘરકે ૭
સૂરદાસ પ્રભુ મહિમા સાગર, ગોકુલ પ્રગટ ભયે હરિનાગર ૮

વ્રજના પ્રત્યેક ઘરમાં ભોજનની સજાવટ થઈ રહી છે તથા બધાના દરવાજે વધાઈ વાગી રહી છે. ગાડાં જોડીને દેવ માટેનો ભોગ લઈ જઈ રહ્યા છે, બધાં જ સાથે ભેગા મળીને જઈ રહ્યા છે. દહીંની, ખારી, મીઠી તથા મિષ્ટાન્ન એટલી બધી ચીજો છે કે કેટલાના નામ દેવા ? દરેક ઘરેથી પકવાન ભરીને ગામની બહાર

આવ્યા ત્યાં વ્રજવાસી એટલા બધા એકઠા થયાં કે જાણે અસીમ સીંધુ-સમુદ્ર! ગાડાં ભરી ભરીને ભોજન આવી રહ્યા છે. જેથી ચાલનારાઓ તો રસ્તા પર ચાલી શકતા જ નથી. તેમાં હજાર ગાડાં તો નંદમહરના ઘરનાં અને બીજા દરેક ઘર દીઠ કેટલાંય ગાડાં છે. સુરદાસજી કહે છે આ તો પ્રભુનો અપાર મહિમા (મહિમા સાગર) છે કે પ્રભુ-હરિ ગોકુલમાં મનુષ્ય (નાગર) દેહ ગ્રહણ કરીને પ્રકટયા ! (૧૮)

બિલાવલ ૧૯

ઈક આવત ઘરતેં ચલધાઈ, એક જાત ફિર ઘરહિં સમાઈ ૧
એકટેરત એક દોરે આવત, એક ગિરાવત એક ઉઠાવત ૨
એક કહત આવોરે ભાઈ, બૈલ દેતહેં શકત ગિરાઈ ૩
કોન કાહૂકો કાહિ સંભારેં, જહાંતહાં સબ લોગ પુકારેં ૪
કોઉ ગાવત કોઉ નૃત્યત આવેં, સ્યામ સખન સંગ ખેલત ભાવેં ૫
સૂદાસપ્રભુ સબકે નાયક, જો મન કરેં સો કરવે લાયક ૬

કોઈક ઘરેથી (મોડું થયું માનીને) દોડતો આવે છે તો કોઈક (કંઈ ભૂલી જવાથી) ઘરે પાછો જાય છે. કોઈક બીજાને બૂમ પાડે છે એટલે તે દોડીને નીકળી આવે છે તો કોઈક ઉતાવળમાં પડી જાય છે તો બીજો તેને ઉભો કરે છે. તો કોઈ બીજાઓની મદદ માંગે છે કેમકે ઉત્સાહમાં આવેલા બળદ, ગાડાંને પાડી નાંખે છે. કોણ કોની મદદમાં જાય ? કેમકે જ્યાં અને ત્યાં લોકો એકબીજાને બોલાવે છે. તો કોઈક મસ્તીમાં ગાતા આવે છે તો કોઈ નાચતા નાચતા આવે છે. શ્યામ પોતાના મિત્રો સાથે પ્રેમપૂર્વક ખેલી રહ્યા છે. સુરદાસજી કહે છે કે પ્રભુ તો સર્વના નાયક-મુખ્યા છે. તેમના મનમાં જે આવે તે કરવા લાયક (યોગ્ય) જ હોય. (૧૯)

બિલાવલ ૨૦

સાજ શૃંગાર ચલીં વ્રજનારી, યુવતિન ભીરભઈ અતિભારી ૧
જગમગાત અંગનપ્રતિ ગેહનો, સબકે ભાવ દરસ હરિ લેહેંનો ૨
યહ મિસ દેખનકોં સબ આંઈ, દેખત ઈકટક રૂપ કન્હાઈ ૩
યે નહીં જાનત દેવ પુજાઈ, કેવલ સ્યામહી સોંલો લાઈ ૪
કો મગ જાત કહાંકો બોલત, નંદસુવનસોં ચિત નહીં ડોલત ૫
સૂર ભજેં હરિકોં જિહિ ભાવેં, મિલત તાહિ પ્રભુ તિહી સુભાવેં ૬

વસ્ત્રાભૂષણોથી સજીધજીને વ્રજનારીઓ પણ નીકળી છે તેથી યુવતીઓની પણ ભારે ભીડ જામી ગઈ છે. તેમના પ્રત્યેક અંગમાં ઘરેણાં ચમકી રહ્યા છે પણ તે પ્રત્યેકનો ભાવ તો હરિના દર્શનનો જ છે. આ બહાને બધી પ્રભુને જોવા આવી અને પ્રભુના સ્વરૂપને એક નજરે જોવા લાગી. તેઓને કંઈ દેવપૂજા સાથે લેવા-દેવા નથી તે તો માત્ર શ્યામ ત્યાં છે માટે આવી છે. કોઈક રસ્તે ચૂપચાપ ચાલી રહી છે કેમકે તેમનું ચિત્ત તો નંદપુત્રમાં લાગી ગયું છે. તેમાંથી હટતું નથી (નિરોધાવસ્થા). સુરદાસજી કહે છે કે હરિને જે પ્રિય લાગે છે તે જ હરિને ભજી શકે છે અને હરિ જેને મળવા ચાહે તેને જ હરિ મળી શકે તેમ છે. (સાહીબ કૈસે મીલે ?) (૨૦)

બિલાવલ ૨૧

નંદગોપ ઉપનંદ ગયે તહાં, ગિરિગોવર્ધન બડે દેવ જહાં ૧
શિખર દેખ સબ રીઝે મનમન, ગ્વાલ કહત અતિહી અચરજ વન ૨
અતિ ઉંચો ગિરિરાજ વિરાજતા, કોટિમદન નિરખત છબિ લાજત ૩
પોહોંચે શકટન ભરિભરિ ભોજન, કો આયે કોઉ કહું નહિ ખોજન ૪
તિનકે કાજ અહીર પઠાયે, વિલંબ કરહુ જિન તુરત બુલાયે ૫
આવત મારગ પાયેં તિનકોં, આતુર વ્હે બોલે નંદ જિનકોં ૬
તુરત લિવાય તિનહિ તહાં આયે, મહર મનહિ અતિ હરખ પઢાયે ૭
સૂરદાસપ્રભુ તહાં અધિકારી, જાનતહૈં પૂજા પરકારી ૮

જ્યાં મોટા દેવ ગિરિગોવર્ધન છે ત્યાં નંદ ગોપ અને ઉપનંદ ગયા. ગોવર્ધનનું શીખર જોઈને બધા મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. ગ્વાલો કહેવા લાગ્યા કે, આ વન ખૂબ જ આશ્ચર્યકારક છે. કેટલા ઉંચા ગિરિરાજ બિરાજે છે! તેને નિરખતાં તો કોટી કામદેવ પણ લજાય તેવા સુંદર છે. ત્યાં ભોજન ભરેલાં ગાડા પહોંચી ગયા. કેટલાક આવી પહોંચ્યા તો કેટલાક હજુ આ જગા શોધી ન શક્યા. તેવાઓ માટે આહિરોને મોકલી આપ્યા કે જેથી વિલંબ ન થાય. તેઓને તે ગાડા રસ્તામાં જ આવતા ભેટી ગયા. તેમને કહ્યું જલ્દી ચાલો નંદરાયજી તમોને બોલાવે છે.

તેઓને જલ્દી ત્યાં પહોંચાડી દીધા તેથી નંદજી અતિ પ્રસન્ન થયા.

સુરદાસજી કહે છે - અહીં તો મુખ્ય અધિકારી પ્રભુ કાન્હ છે કે જે પૂજાનો સર્વ પ્રકાર જાણે છે. (૨૧)

બિલાવલ **૨૨**

આય જુરે સબ વ્રજકે વાસી, ડેરા પરે કોસ ચોરાસી ૧
એક ફિરત કહું ઠોર ન પાવત, એતે પર આનંદ બઢાવત ૨
કોઉ કાહૂસોં વૈર ન તાકે, બૈઠત મન જહાં ભાવત જાકે ૩
ખેલત હંસત કરત કૌતૂહલ, જુરે લોગ જહાં તહાં અકૂહલ ૪
નંદ કહ્યો સબ ભોગ મગાવો, અપ અપને સબ લેલે આવો ૫
ભોગ બહુત વૃષભાનહિ ઘરકો, કહા વરનેં અતિહી બાહિરકો ૬
સૂરશ્યામ જબ આયુસુ દીનો, વિપ્ર બુલાય નન્દ તબ લીનો ૭

વ્રજવાસી પણ બધા આવી પહોંચ્યા અને ૮૪ કોસ જેટલા પ્રદેશમાં બધાએ પડાવ નાખ્યો. તેમાં કોઈક ફરી રહ્યા છે કેમકે તેમને ડેરા માટે ખાલી જગા નથી મળી રહી. (ઠોર) પરંતુ છતાં તે ખુશ છે કેમકે કેટલા બધા આવ્યા છે તેમ સમજીને ! કોઈને કોઈ પ્રતિ દ્વેષ નથી થતો, જેને જ્યાં મન લાગે ત્યાં બેસે છે. બધા આનંદ પ્રમોદ (ખેલત-હંસત) કરી આશ્ચર્ય પામી રહ્યા છે. જ્યાં ને ત્યાં અસંખ્ય લોકો જણાય છે. ત્યારે નંદજી આજ્ઞા કરે છે કે હવે ભોગ મંગાવો. બધાં જ પોતપોતાની ભોગ સામગ્રી લઈ આવો. વૃષભાનજીના ઘરનો ખૂબ જ ભોગ છે તો બહારનાનો (અન્યનો) પણ અવર્ણનીય છે. સુરદાસજી કહે છે કે જ્યારે શ્યામ ત્યાં પધાર્યા ત્યારે નંદજીએ વિપ્રોને તેડાવી લીધા. (૨૨)

બિલાવલ **૨૩**

તુરત તહાં તબ વિપ્ર બુલાયે, યજ્ઞારંભન તહાં કરાયે ૧
સામવેદ દ્વિજ ગાન કરત જહાં, દેખત સુર વિથકે અંબર તહાં ૨
સુરપતિ પુજા તબહિ મિટાઈ, ગિરિગોવર્ધન તિલક ચઢાઈ ૩
કાન્હ કહ્યો ગિરિ દૂધ ન્હવાવો, બડોદેવતા ઇનહિ મનાવો ૪
ગોવર્ધન દૂધહિં ન્હવાયે, દેવરાજ કહિ માથ નવાયે ૫
નયો દેવતા કાન્હ પુજાવત, નરનારી સબ દેખન આવત ૬
સૂરશ્યામ ગોવર્ધન થાપ્યો, ઈંદ્ર દેખ રિસ કરિ તનકાંપ્યો ૭

ત્યાં તુરત જ વિપ્રોને બોલાવ્યા અને યજ્ઞારંભ કર્યો. જ્યારે સામવેદનું ગાન દ્વિજોએ શરૂ કર્યું ત્યારે તે જોઈને આકાશમાં દેવો થંભી ગયા અને જ્યારે ગિરિ ગોવર્ધનને

તિલક કર્યું ત્યારે સૂરપતિની પૂજાનો અનાદર થયો. પછી કનૈયાએ કહ્યું હવે ગિરિને દૂધથી ન્હવડાવો, આ મોટા દેવતા છે તેમનું સન્માન કરો. ત્યારે ગોવર્ધનને દૂધથી ન્હાવડાવીને, દેવરાજ કહીને શીશ નમાવ્યા. કાન્હ આ નવા દેવતાની પૂજા કરી ત્યારે બધાં સ્ત્રીપુરૂષ તે જોવા એકઠા થઈ ગયા.

સુરદાસજી કહે છે આ પ્રકારે શ્યામે ગોવર્ધનનું સ્થાપન કર્યું. આ જોઈને ઈંદ્ર રોષપૂર્વક કાંપવા લાગ્યો. (૨૩)

બિલાવલ ૨૪

શ્યામ કહ્યો તબ ભોજન લાવો, ગિરિ આગેં સબ આન ધરાવો ૧
સુનત નંદ તહાં ગ્વાલ બુલાયે, ભોગ સામગ્રી સબે મંગાયે ૨
ખટરસકી બહુભાંત મિઠાઈ, અન્નભોગ અતિહી બહુતાઈ ૩
વ્યંજન બહુત ભાંત પરસાયે, દધિલોંની મધુ માટ ભરાયે ૪
દહીવરા બહોત પરસાયો, ચંદહી સમ પટતરતે પાયે ૫
અન્નકૂટ, જેસો ગોવર્ધન, ઓર પકવાન ધરે બહુકોદન ૬
પરસે ભોજન પ્રાતહિં તે સબ, રવિ માથેતેં ઢારક ગયો અબ ૭
ગોપન કહ્યો શ્યામ ઈહાં આવો, ભોગ ધર્યો સબ ગિરિહિં જિમાવો ૮
સૂરશ્યામ આપનહી ભોગી, આપહિ માયા આપહી યોગી ૯

શ્યામ કહેવા લાગ્યા, ''હવે ભોજન લાવો'' અને ગિરિની સન્મુખ ભોગ સમર્પ્યો. આ શબ્દો સાંભળીને નંદજીએ ત્યાં ગ્વાલોને બોલાવ્યા અને બધી ભોગ સામગ્રી મંગાવી. છ પ્રકારના રસની જાત-જાતની મીઠાઈ, બહુ જ બધા અન્નભોગ, ઘણા પ્રકારના વ્યંજન પરોસ્યાં. ખારા તથા મીઠા દહીંના માટ ભરાવ્યા. ઘણાં બધાં દહીંવડા પરોસાવ્યા, જાણે કે ચંદ્રના જેવા જ ન હોય !

જેવા ઊંચા ગોવર્ધન તેવો જ ઊંચો અન્નકૂટ થયો અને ચારેબાજુ (કોદન) પકવાન મૂક્યા. સવારથી ભોજન પરોસવાનું બધાં કરે છે તે સૂર્ય માથેથી ઢળવા પણ આવી ગયો. ગોપો કહે છે - શ્યામ પાસે આવો, આ જે ભોગ ધર્યો છે તે ગિરિને જમાડો.'' સૂરદાસજી કહે છે અહીં તો ભોગ આરોગનાર (ભોગી) પણ આપ છે, આ જે ખેલ રચનાર માયા પણ આપ છે. છતાં તેનાથી નિર્લેપ તેવા યોગી પણ આપ છે. કેમકે આ સઘળી તો આપની લીલા છે. (૨૪)

બિલાવલ ૨૫

કાન્હ કહ્યો નંદભોગ લગાવો, ગોપમહર ઉપનન્દ બુલાવો ૧
નયન મૂંદ કરજોર મનાવો, પ્રેમ સહિત નૈવેદ્ય ચઢાવો ૨
મનમેં નેક ખટક જિનરાખો, દીન વચન મુખતેં તુમ ભાખો ૩
એસેંહી ગિરિ પ્રસન્ન અતિવ્હૈહેં, સહસ્ર ભુજા ધર ભોજન ખેહેં ૪
સૂરદાસ પ્રભુ આપ પુજાવત, યહ મહિમા કેસેં કોઉ પાવત ૫

ત્યારે કાન્હ કહે છે - નંદજી (પિતાજી) ભોગ લગાવો તથા મોટા ગોપ ઉપનંદજીને પણ બોલાવો, આંખો બંધ કરી હાથ જોડીને વિનતી કરો તથા પ્રેમપૂર્વક નૈવેદ્ય-નિવેદન કરો. વળી મનમાં સ્હેજ પણ આશંકા ન રાખશો અને દીનવચનપૂર્વક પ્રાર્થના મુખથી કરો. ગિરિ આ પ્રકારે જ ઘણા પ્રસન્ન થશે તથા પ્રસન્ન થઈને પોતાની સહસ્ત્ર ભૂજાઓથી ભોજન ખાશે.

સૂરદાસજી કહે છે કે પ્રભુ પોતાનું જ પૂજન કરાવે છે પણ આ પ્રકારનું માહાત્મ્ય કોઈને કઈ રીતે સમજાય ? (૨૫)

બિલાવલ ૨૬

સ્યામકહી સોઈ સબ માની, તબ મનમેં નંદ નિશ્ચય આની ૧
નયન મૂંદ કરજોર બુલાયે, ભાવભક્તિસોં ભોગ લગાયે ૨
બડોદેવ ગિરિરાજ સુનીકેં, ભોજન કરો કૃપા કરહીકેં ૩
સહસ્ર ભૂજા ધર ભોજન કીનોં, વ્રજવાસિન સુખ નયનન લીનોં ૪
ભોજન કરત સબનકે આગે, સુરનર મુનિ સબ દેખન લાગે ૫
દેખ થકિત સબ વ્રજકી બાલા, દેખત નંદ ગોપ સબ ગ્વાલા ૬
સૂરશ્યામ જિનકે સુખદાઈ, સહસ્ર ભૂજા ધર ભોજન ખાઈ ૭

શ્યામે જે પ્રકારે કહ્યું તે પ્રકારે જ બધાએ કર્યું. નંદજીએ મનને દૃઢ કરી (સ્થિર કરી) આંખો બંધ કરી, હાથ જોડી ભોજન માટે વિનંતી કરી તથા ભક્તિભાવપૂર્વક ભોગ ધર્યો તથા વાણીથી કહ્યું, ‘‘હે મોટાદેવ ગિરિરાજ, અમારી વિનતી સૂનો અને કૃપા કરીને ભોજન કરો.’’ ત્યારે તેમણે સહસ્ત્ર ભૂજાને ધારણ કરીને ભોજન કર્યું અને આ પ્રકારે વ્રજવાસીઓના નેત્રોને ઘણું સુખ આપ્યું. સાક્ષાત્ સૌ સમક્ષ ભોજન કરવા લાગ્યા મનુષ્ય, મુની, સિદ્ધો આ દર્શન કરવા લાગ્યા. વ્રજબાળાઓ

આ જોતાં સ્તબ્ધ થઈ ગઈ અને તેવું જ નંદજી-ગોપ તથા સર્વ ગ્વાલોને થયું.

સૂરદાસજી કહે છે પ્રભુ જ્યારે સુખ આપવા ઈચ્છે છે ત્યારે તો હજારો ભૂજા ધારણ કરીને ભોજન ખાય છે. (૨૬)

બિલાવલ ૨૭

જેંમત દેખ નંદ સુખ પાયે, કાન્હ દેવતા પ્રગટ દિખાયે ૧
વ્રજવાસી ગિરિ જેંમત દેખે, જીવન જન્મ સુફલ કર લેખે ૨
લલિતા કહત રાધિકા આગેં, જેંમત કાન્હ નંદ કરલાગેં ૩
મેં જાની હરિકી ચતુરાઈ, સુરપતિ મેટ આપ બલિખાઈ ૪
ઉત જેમત ઇત બાતન લાગેં, કહત શ્યામ ગિરિ જેંમત આગેં ૫
મેં જો બાત કહી સોઈ આઈ, સહસ્ર ભૂજા ધર ભોજન ખાઈ ૬
ઓર દેવ ઈનકી શરનાઈ, ઈત બોલત ઉત ભોજન ખાઈ ૭
સૂરદાસપ્રભુ કી યહ લીલા નંદનંદન વ્રજ છેલછબીલા ૮

આપને આરોગતા જોઈને નંદજી પ્રસન્ન થયા કેમકે કહ્યા પ્રમાણે કાન્હે દેવતાના પ્રકટ દર્શન કરાવ્યા. વ્રજવાસીઓએ ગિરિને જમતા જોઈને પોતાનો જન્મ સફળ થયો માન્યુ. ત્યારે લલિતા રાધાને કહે છે કે - જે જમે છે તે અને જે નંદજીનો હાથ પકડી ઉભા છે તે એક જ છે, હું શ્યામની ચતુરાઈ જાણી ગઈ છું. સૂરપતિનો ભાગ ગપાવીને પોતે જ ખાઈ રહ્યા છે. એક બાજુ જમી રહ્યા છે અને બીજીબાજુ વાતો કરી રહ્યાં છે કે - જમતા ગિરિની મેં જે વાત કહી હતી તે સાચી પડીને કે હજારો ભૂજા ધારણ કરીને ભોજન ખાશે. બધા દેવ આમને શરણે જ છે. અહીં શ્યામ આ વાત બોલે છે અને ત્યાં ભોજન ખાય છે.

સુરદાસજી કહે છે કે પ્રભુની આ લીલા એવી છે કે એકબાજુ નંદનો નાનો બાળક છે તો બીજી બાજુ વ્રજયુવતિઓ માટે છેલ-છબિલો છે. (૨૭)

બિલાવલ ૨૮

યહ છબી દેખ રાધિકા ભૂલી, બાત કહેત સખિયનસોં ફૂલી ૧
આપહી દેવા આપ પુજેરી, આપહી જેંમત ભોજન ઢેરી ૨
અતિ આતુર જેમત હેં ભારી, ઈક વૃષભા બિલોવનહારી ૩
નામ તાહિ બદરોલા નારી, તાકી બલિ દઈ ભૂજા પસારી ૪
ઉત ગિરિ સંગ ખાત બલિસારી, બદરોલાકી બલિ રુચિકારી ૫
સૂરદાસ પ્રભુ જેંમનહાર, ગિરિ બપરેકો કહા અધિકાર ૬

આ દૃશ્ય જોઈને રાધિકા પણ સ્તબ્ધ થઈને તથા ફૂલાઈને સખીઓને કહેવા લાગી કે - દેવ પણ પોતે અને પૂજારી ય પોતે અને ઢગલો ભોજન ખાનાર પણ પોતે. જ્યારે આપ ખૂબ જ આતુરતાપૂર્વક ખૂબ જ ખાઈ રહ્યા છે ત્યારે વૃષભાન ગોપના ઘરની એક મહિ વલોવનારી કે જેનું નામ બદરોલા-નારી તેનો બલિ ઘરે રહી ગયો હતો તેની આતુરતા જાણી ત્યાં બેઠેજ હાથ લંબાવીને લઈ લીધો અને ખૂબ જ પ્રેમપૂર્વક તે બલિ ત્યાં બેઠેજ ખાધો. સુરદાસજી કહે છે કે - આ આરોગનારા તો પ્રભુ સ્વયં છે, બાપડા ગિરિનો તો કયો અધિકાર ? (૨૮)

બિલાવલ ૨૯

ઈતહિ શ્યામ ગોપન સંગ ઠાડે, ભોજન કરત અધિક રુચિ બાઢે ૧
ગિરિ તન શોભા શ્યામ બિરાજે, શ્યામહિ છબિ ગિરિવરકી છાજે ૨
ગિરિવર ઉરહિ પીતાંબર ધારૈં, મોતિનકી ઉરમાલા ભારૈં ૩
અંગ ભૂષણ શ્રવણ મણિકુંડલ, મોર મુકુટ શિર અલકૈં કુંતલ ૪
છબિ નિરખત સબ ઘોષકુમારી, ગોવર્ધન છબિ શ્યામ તુમારી ૫
સૂરશ્યામ લીલારસ નાયક, જન્મ જન્મ ભક્તન સુખાદયક ૬

આ બાજુ શ્યામ, ગોપોની સાથે ઊભા છે અને બીજી બાજુ અધિક ઉત્સાહથી ભોજન કરી રહ્યા છે. ગિરિના વર્ણની શોભા શ્યામ છે અને શ્યામની શોભા ગિરિવર સમાન છે. ગિરિવરે ઉપર પિતાંબર ઓઢયું છે અને કિંમતી-મોટી મોતીની માલા ધરી છે. અંગ ઉપર ભૂષણ તથા કાનમાં મણિકુંડલ, માથે મોર મુકુટ તથા વાળમાં અલકાવલી ધરી છે. વ્રજબાળાઓ આ જોઈને કહે છે કે ''શ્યામ આ દેખાવ તો તારા જેવો જ છે.'' સૂરદાસજી કહે છે કે - શ્યામ તો લીલા થકી રસ ઉત્પન્ન કરવામાં શ્રેષ્ઠ છે અને ભક્તોને તો પ્રત્યેક જન્મમાં સુખ આપનારા છે. (૨૯)

બિલાવલ ૩૦

ભોજન કરત દેવ ભયે પરસન, માંગો નંદ તુમારૈં જો મન ૧
ભલી કરી તુમ મેરી પૂજા, સેવક તુમતૈં ઔર ન દૂજા ૨
જો માંગો સોઈ હમ દૈંહૈં, જહાં ભાવ તાહી પૈં રેહૈં ૩
મૈં સેવા વશ ભયો તુમ્હારે, જો ફલ ચાહો લેહુ સવારે ૪
યહ સુન ચક્રત ભયે નરનારી, ભોજન કિયો પ્રથમહી ભારી ૫
અબ દેખો મુખ બાત કહત હૈં, એસો દેવ કહાં ત્રિભુવનહૈં ૬
કાન્હ કહ્યો કછુ માંગો ઈનસોં, ગિરિદેવતા દેત પરસનસોં ૭
સૂરશ્યામ દેવતા આપહૈં, વ્રજજનકે ત્રયહરત તાપહૈં ૮

ભોજન કરીને દેવ પ્રસન્ન થયા પછી કહે - નંદ, તમોને જે મનમાં આવે તે માંગો. તમે મારી પૂજા ખૂબ જ સરસ કરી, તારા જેવો મારો કોઈ સેવક નથી, તું શ્રેષ્ઠ સેવક છે તું જે માંગશે તે હું આપીશ. જ્યાં પ્રેમ મળે છે ત્યાં જ હું રહું છું. સેવાના કારણે હું તમને વશ થયો છું. જે ફળ ઈચ્છો તે બધું જ લઈ લો. (સવરો-બધુ).

આ સાંભળીને નર-નારી ચકિત થઈ ગયા. એક તો ખૂબ જ ભોજન કર્યું અને હવે જૂઓ માંગવાનું કહે છે. આવો દેવ ત્રિભુવનમાં છે ક્યાં ? ત્યારે કાન્હ નંદજીને કહે છે કે - આમની પાસેથી કંઈક માંગો, ગિરિદેવતા પ્રસન્ન થઈને આપી રહ્યા છે. સૂરદાસજી કહે છે. દેવતા તો કાન્હ પોતે જ છે, વ્રજજનના ત્રણે પ્રકારના તાપ-દુઃખ હરનારા હરિ પણ આપ જ છે. (૩૦)

બિલાવલ ૩૧

નંદકહ્યો કહા માંગેં સ્વામી, તુમજાનત સબ અંતરયામી ૧
અષ્ટસિદ્ધિ નવનિધિ તુમ દીનો, કૃપાસિંધુ સબ તુમરો કીનો ૨
કુશલ રહેં બલરામ કન્હાઈ, ઈનહી કારણ કરત પુજાઈ ૩
દેવનકી મણિ ગિરિવર તુમહો, જહાંતહાં વ્યાપક પુરણહો ૪
તુમ હરતા તુમ કરતા વરકે, દેખ થકિત નરનારી નગરકે ૫
બડો દેવતા શ્યામ બતાયો, પ્રકટ ભયે સબ ભોજન ખાયો ૬
સૂરસ્યામકે જો મન આવે, સોઈ સોઈ નાના રૂપ બનાવે ૭

નંદજી કહે છે - હે સ્વામી, હું શું માંગુ ? કેમકે આપ તો અંતર્યામી હોવાથી બધું જ જાણો છો. તમે જ તો મને અષ્ટસિદ્ધિ અને નવનિધિ આપેલી છે, હે કૃપાસિંધુ જે કંઈ છે તે તમારા કારણે જ છે. બસ બલરામ અને કન્હૈયો બંને કુશળ રહે તે જ ચાહું છું. તેમની કુશળતા માટે તો આ પૂજા કરી છે. સર્વ દેવોના આધિપતિ (મણિ) ગિરિવર, તમે જ છો. સર્વ વ્યાપક અને પૂર્ણ પણ તમે જ છો. સર્વના દુઃખહર્તા અને સુખકર્તા તમે જ છો. આ નગરના નરનારી આપના દર્શન કરીને મુગ્ધ થઈ ગયા છે કેમકે આવા મોટા દેવતા શ્યામે બતાવ્યા કે જેમણે પ્રકટ થઈને બધું ભોજન કર્યું.

સુરદાસજી કહે છે કે શ્યામ તો સંકલ્પ માત્રથી નામ-રૂપ સૃષ્ટિ બનાવવા સમર્થ છે. (૩૧)

બિલાવલ 32

માંગ લેહુ કછુ ઓર પદારથ, સેવા સબે ભઈ અબ સારથ ૧
ફલ માંગ્યો બલરામ કન્હાઈ, ચૈદ્વૈ રહેં જુ કુશલ સદાંઈ ૨
ઇનહીતેં તુમ હમકો જાન્યો, તવ તુમ ગિરિગોવર્ધન માન્યો ૩
ઈંદ્ર આય ચઢ હે વ્રજઉપર, યહ કહિ કેં નહીં રાખો ભૂપર ૪
નેક કછુ નહિ બાસોં વ્હેહે, સ્યામ ઉઠાઈ મોઈ કર લૈહેં ૫
સૂરસ્યામ ગિરિવરકી બાની, વ્રજજન સૂનત સત્યકર માની ૬

ગિરિરાજ ફરી કહે છે ''તે સિવાય પણ બીજું કંઈ વસ્તુ જોઈએ તે માંગી લો. તમારી કરેલ સેવા સાર્થક થઈ ગઈ છે.'' ત્યારે ફરી નંદજી એ જ માંગે છે કે - બસ મારે તો બલરામ કન્હાઈ એ બંને કુશળ રહે તેજ જોઈએ છે. એમના થકી તો તમે અમને મળ્યા છો અને તેથી તો અમે આપને ગિરિગોવર્ધન દેવ જાણ્યા છે. ત્યારે ગિરિરાજ કહે છે તમોએ આજ સુધી ઈન્દ્રની જે પૂજા કરી તે ફોકટની કરી કેમકે તેને રાજ્ય આપનાર તો હું છું. તમારો કનૈયો મને જાણે છે, તેનું કહ્યું તમે માનજો. ઈંદ્ર વ્રજ ઉપર ચઢી આવશે અને કહેશે કે તમને ભૂતલ પરથી નષ્ટ કરી દઈશ. પણ તે (બાસો) ધ્યાનમાં ન લેશો (ડરશો નહિ.) સ્યામ મને ઉઠાવી (તમોને છત્ર કરી દેશે) લેશે.

સુરદાસજી કહે છે કે - શ્યામ તેવા ગિરિવરની વાણી વ્રજવાસીઓએ માથે ચઢાવી. (૩૨)

બિલાવલ 33

કૌતુક દેખત સુરનર ભૂલે, રોમરોમ ગદગદ સબ ફૂલે ૧
સુરવિમાન સુમનન બરખાયે, જયધ્વનિ શબ્દ દેવ નર ગાયે ૨
દેવ કહ્યો વ્રજવાસિનસોં તબ, પૂજા ભલી કરી મેરી સબ ૩
જાવો સબેમિલ સદન કરો સુખ, સ્યામ કહત ગિરિગોવર્ધન મુખ ૪
ગ્વાલ કરત સ્તુતિ સબ ઠાઢે, ભાવભક્તિ ચિત સબકે બાઢે ૫
ભવન જાવો કહેં શ્રીમુખબાની, ભોજન શેષ સ્યામ કર આની ૬
વાંટ પ્રસાદ સબનકોં દીનોં, વ્રજનારીનર આનન્દ કીનોં ૭
સૂરસ્યામ ગોપન સુખકારી, ચલો કહ્યો વ્રજકોં નરનારી ૮

આ કૌતુક જોઈને દેવ-મનુષ્ય બધાં જ આશ્ચર્ય પામી ગદ્ ગદ્ રોમ થઈને ખૂબ ફૂલાયા. વિમાનમાંથી દેવોએ ફૂલ વરસાવ્યા તથા દેવ-મનુષ્ય બધાંએ જયધ્વનિ કર્યો ત્યારે ગિરિદેવે વ્રજવાસીઓને કહ્યું - તમે મારી પૂજા સારી રીતે કરી, હવે ઘરે

જઈને આનંદ કરો. જે સ્યામ કહે તે મારું કહ્યું છે તેમ જાણજો. ત્યારે બધાં ગ્વાલોએ ઊભા થઈને સ્તુતિ કરી, તેથી તે સર્વના ચિત્તમાં પ્રેમ-ભક્તિ વધ્યા. આપના શ્રીમુખની વાણી - ઘરે જવાની કહી તથા બચેલ ભોજન સ્યામના હસ્તકમાં ધર્યા. તે પ્રસાદ બધાંને વાંટયો. વ્રજના નર-નારી આનંદ પામ્યા. સૂરદાસજી કહે છે- શ્યામ ગોપો માટે સુખકારી છે અને પછી વ્રજના નર નારને ચાલવાનું કહ્યું. (૩૩)

બિલાવલ ૩૪

દોઉકર જોર ભયે સબ ઠાડે, ધન્ય ધન્ય ભક્તનકે ચાડે ૧
તુમ ભોક્તા તુમહી પ્રભુદાતા, અખિલ બ્રહ્માંડ લોકકે જ્ઞાતા ૨
તુમકોં ભોજન કોન કરાવે, હિતકે વશ તુમકોં કોઉ પાવે ૩
તુમ લાયક હમારે કછુનાઈ, સુનત સ્યામ ઠાડે મુસિકાઈ ૪
લલિતાસખી દેવતા ચીન્હોં, ચંદ્રાવલિ રાધે કહિ દીનોં ૫
દેવ બડો યહ કુંવર કન્હાઈ, કૃપા જાન હરિ તાહિ ચિન્હાઈ ૬
સૂરસ્યામ કહિ પ્રગટ સુનાઈ, ભયે તૃપ્તિ ભોજન ગિરિરાઈ ૭

તો પણ બધાં જ બે હાથ જોડીને ઉભા રહ્યા અને સ્તુતિ કરવા લાગ્યા - હે પ્રભુ તમે ધન્ય છો, તમે ભક્તના સ્નેહી છો (ચાડે) તમે ભોક્તા અને તમે જ દાતા છો. અખિલ બ્રહ્માંડ લોકના જ્ઞાતા છો. તમોને કોણ ભોજન કરાવી શકે ? તમોને તો માત્ર પ્રેમથી પામી શકાય અથવા તમે જેનું હિત ઈચ્છો તેને જ પ્રાપ્ત થઈ શકો. તમારે લાયક તો અમારી પાસે કંઈ જ નથી. એ સાંભળી શ્યામ મંદ મંદ હસવા લાગ્યા. લલિતા સખીએ રાધાને કહ્યું - દેવતાને જો અને ચંદ્રાવલીએ કનૈયા પ્રતિ જોવા કહ્યું. (બંનેમાં સમાનતા છે તે બતાવે છે) આ કુંવર જ બડો-દેવતા છે. જેના પર હરિ કૃપા કરે તેને જ આ જતાવે. સૂરદાસજી કહે છે બધાં એ સ્પષ્ટ અવાજ (ઓડકારનો) સાંભળ્યો. તેથી સર્વને પ્રતિત થયું કે ગિરિરાય ભોજનથી તૃપ્ત થયા છે. (૩૪)

બિલાવલ ૩૫

પરસત ચરણ ચલત સબ ઘરકોં, જાત ચલે સબ ઘોષ નગરકોં ૧
સુખ સમેત મગ જાત ચલે સબ, દૂની ભીર ભઈ તબતેં અબ ૨
કો આગેં કો પાછેં આવત, મારગમેં કહું ઠૌર ન પાવત ૩
પ્રથમહિ ગયે ડગર તિન પાયે, પાછેં લોગન જે પછિતાયે ૪
ઘર પોહોંચે અબહી નહિ કોઈ, મારગમેં અટકે સબ લોઈ ૫
ડેરા પરે કોસ ચોરાસી, ઈતને લોગ જુરે વ્રજવાસી ૬

પેંડે ચલન નહીં કોઉ પાવત, કિતેક દૂર વ્રજ બૂઝત આવત ૭
સૂરસ્યામ ગુણ નાગર સાગર, નૌતન લીલા કરી ઉજાગર ૮

બધાં જ બડાદેવના ચરણસ્પર્શ કરીને, ખૂબ જ ઘોષ કરતા કરતા પોતાના ગામ પ્રતિ ચાલ્યા. પહેલાં કરતાં જાણે બમણી ભીડ થઈ હોય તેમ લાગ્યું (કેમકે પહેલાં કંઈક શ્રદ્ધા યુક્ત હતા જ્યારે હવે તો બધા વિશ્વાસપૂર્ણ થયા.) તેથી પ્રસન્ન થઈને માર્ગે ચાલ્યા જાય છે. કોઈ આગળ ચાલે છે તો કોઈ પાછળ, પણ રસ્તા પર ક્યાંય ખાલી જગા નથી. જે વહેલા ગયા તેમને રસ્તો ન મળ્યો અને પાછળ રહ્યા તે મોડા પડયા, તેમ બંને પસ્તાવા લાગ્યા. હજુ કોઈ ઘરે પહોંચ્યું જ નહિ, બધા મારગમાં જ અટવાઈ રહ્યા. (ખુશીમાં આ થઈ રહ્યું છે.) આટલા બધા વ્રજવાસી ભેગા થયા તેથી તો ૮૪ કોસમાં મુકામ પડયા. રસ્તા પર કોઈ ચાલવા સમર્થ નથી રહ્યા તેથી તો પૃચ્છા કરે છે કે વ્રજ હવે કેટલું દૂર રહ્યું ?

સૂરદાસજી કહે છે કે - શ્યામ તો ગુણસાગર, તેથી તો તેમને નવી નવી લીલાઓ પેદા કરી છે. (૩૫)

બિલાવલ ૩૬

કોઉ પહોંચે કોઉ મારગ માંહી, બહુત ગયે ઘર પહુત જાહીં ૧
કાહુકે મન કહું દુખ નાહીં, અરસ પરસ હઁસહઁસ લપટાહીં ૨
આનંદ કરત સબે વ્રજ આયે, નિકટ જાન લોગન નિરાયે ૩
ભીરભઈ બ્રજ ખોરિ જહાંતહાં, જેસેં નદી મિલત સાગર મહાં ૪
નરનારી સરિતા સબ આગર, સિંધુ માનોં યહ ઘોખ ઉજાગર ૫
મથનહાર હરિ રત્નકુમારી, લલિતાદિક ચંદ્રવલિ પ્યારી ૬
સૂરસ્યામ આયે નંદશાલા, પોંહોંચે આય ઘરન નંદલાલા ૭

કેટલાક પહોંચ્યા તો કેટલાક મારગમાં છે. તો કેટલાક ઘરે ગયા તો કેટલાક પહોંચવામાં છે. પરંતુ કોઈનાય મનમાં જરાય દુઃખ નથી બધા જ અરસ પરસ હસી હસીને લોટપોટ થાય છે. આમ આનંદ કરતા કરતા બધા વ્રજમાં આવ્યા. નજીક પહોંચવા આવ્યા તેથી બધાં પણ એકબીજાની નજીક આવ્યા. તેથી જ્યાં ત્યાં વ્રજની ગલીઓમાં ભીડ થઈ ગઈ. જેમ નદી સાગરને મળતી હોય તેવું દૃશ્ય જણાયું. આ નર-નારી જાણે સરિતાની જેમ અને (ઘોખ) -વ્રજ જાણે સાગર કે જે આ વ્રજનારીઓને ઉજ્વળ કરનાર આવા સિંધુનું (વ્રજનું) મંથન કરનાર હરિ અને તેમાંથી જે પ્રાપ્ત થયું તે રત્ન. તેમ અહીં કુમારી રાધા તથા અન્ય રત્નો લલિતા, ચંદ્રાવલી વગેરે છે.

સુરદાસજી કહે છે - આમ શ્યામ નંદજીની ગૌશાળાએ આવી પહોંચ્યા પછી ઘરે પણ આવી ગયા. (૩૬)

બિલાવલ ૩૭

બડેદેવતા કાન્હ પુજાયો, ગ્વાલ ગોપ હંસ અંક મિલાયો ૧
કાન્હ ધન્ય ધન યશોમતિ જાયો, ધન્યધન્ય દેવ પ્રકટ દરસાયો ૨
પૂજામેટ ઇંદ્ર ગિરિ પૂજો, પરસન હમહિ સદાં પ્રભુ હૂજો ૩
કહા ઇંદ્ર બપરો કિહિં લાયક, ગિરિદેવતા સબનકે નાયક ૪
સૂરદાસ પ્રભુકે ગુણ એસે, ભક્તન વશ દુષ્ટન કે નેંસે ૫

કનૈયાએ બડા-દેવતાની પૂજા કરાવી તેથી ગ્વાલ ગોપોએ હસીને કનૈયાને ગળે લગાવી વ્હાલ કર્યું અને કહેવા લાગ્યા કે કનૈયાને ધન્ય છે યશોમતિ પુત્ર રૂપ ધનને ધન્ય છે. અનેક ધન્યવાદ કે જેણે આપણને દેવ બતાવ્યા. ઈન્દ્ર પૂજા બંધ કરીને ગિરિને પૂજ્યો તેથી અમારા પર પ્રભુ સદા પ્રસન્ન રહેજો. ગિરિદેવતા તો દેવાધિદેવ છે તેવી લાયકાત બાપડા ઇંદ્રમાં થોડી છે ? સુરદાસજી કહે છે કે - પ્રભુના ગુણ જ એવા છે કે જે દુષ્ટોને વિનાશકારી તથા ભક્તોને વસ થનારા છે. (૩૭)

બિલાવલ ૩૮

હરિ સબકે મન યહ ઉપજાઈ, સુરપતિ નિંદિત ગિરિહિં બડાઈ ૧
વરસ વરસ પ્રતિ ઇંદ્રપુજાઈ, કબહું પરસન ભયો ન આઈ ૨
પૂજત રહે વૃથાહીં સુરપતિ, સબ મુખ યહ વાની ઘરણી પ્રતિ ૩
બડોદેવ યે ગિરિ ગોવર્ધન, યહે કહત ગોકુલ વ્રજ પુરજન ૪
તહાં દૂત તબ ઈન્દ્ર પઠાયે, વ્રજકો સુખ દેખન વહ આયે ૫
ઘરઘર કહત બાત નરનારી, દૂત સુન્યો સો શ્રવણ પસારી ૬
માનત ગિરિ નિંદિત સુરપતિકોં, હંસત દૂત વ્રજલોગન મતિકોં ૭
સૂર સુનત દૂતન રિસપાયે, ભાગ તુરત સુરલોકહિં આયે ૮

હરિએ જ બધાંના મનમાં તેવી પ્રેરણા કરી કે જેથી સૂરપતિની નિંદા કરે અને ગિરિની બડાઈ કરે - કે પ્રતિવર્ષ ઇંદ્રની પૂજા કરી પણ ક્યારેય તે પ્રસન્ન થયા તેમ પ્રતીતિ ન થઈ. નક્કામી જ સૂરપતિની પૂજા કરતા રહ્યા. આ બધાના મુખે તથા પ્રત્યેક ઘરમાં આ જ વાત ચાલતી રહી. મોટો દેવતા તો આ ગિરિગોવર્ધન, તેમ ગોકુલ તથા વ્રજના રહેવાસીઓ કહેતા ફરતા. ત્યારે ઇંદ્રે પોતાનો દૂત મોકલ્યો કે વ્રજમાં કેવું સુખ છે તે જોઈ આવો. પણ ઘરે ઘરે તો જે વાત ચાલી રહી છે તે દૂતે

ધ્યાન દઈને સાંભળી (શ્રવણ પસારી) કે અહીં તો ગિરિની પ્રસંશા (માનન) અને સુરપતિની નિંદા થઈ રહી છે. ત્યારે દૂત વ્રજના લોકની બુદ્ધિ પર હસવા લાગ્યો. સૂરદાસજી કહે છે કે - દૂતને આ સાંભળીને ઘણો રોષ આવ્યો, તેથી તુરત જ ભાગીને દેવલોક પ્રતિ દોડયા.

બિલાવલ ૩૯

બ્રહ્મ દઈ જાકોં ઠકુરાઈ, તેતિસકોટિ દેવનકે રાઈ ૧
ગિરિ પૂજ્યો તિનકોં વિસરાઈ, જાતિ મતિ ઈનકે મન આઈ ૨
શિવ વિરંચિ જાકોં કહેં લાયક, જાકે હેં મેઘનસે પાયક ૩
યહે કહત આયે સુરલોકહિં, પોહોંચ્યે જાય ઇંદ્રકે ઓકહિં ૪
દૂતન વેસી જાય સુનાઈ, બૈઠે જહાં સુરનકે રાઈ ૫
કરજોરેં સન્મુખ ભયે આઈ, બૂઝ ઉઠે વ્રજકી કુશલાઈ ૬
દૂતન વ્રજકી બાત સુનાઈ, તુમહિ મેટ પૂજ્યો ગિરિરાઈ ૭
તુમહિ નિંદિત ગિરિવરહિં બડાઈ, યહ સુનત રિસ દેહ કંપાઈ ૮
સૂરસ્યામ યહ બુદ્ધિ ઉપાઈ, ના જાને વ્રજમેં યદુરાઈ ૯

જે ઈંદ્રને બ્રહ્મે અધિકારીપદ આપ્યું છે અને જે તેત્રીસ કોટી દેવતાનો રાજા છે તેમને ભૂલીને ગિરિની પૂજા કરી ? જરૂર તેમનામાં જાતિબુદ્ધિ આવી. શિવ, બ્રહ્મા, જેને (ઈંદ્ર) યોગ્ય લાયક જાણે છે જેના મેઘ જેવા પાયદળ છે. આમ બોલતા બોલતા દૂત સૂરલોકમાં આવ્યા અને પહોંચતાં વેંત જ ઈંદ્રના નિવાસસ્થાને ગયા અને જ્યાં દેવરાજ બેઠા હતા ત્યાં જઈ, જેવું જોયું હતું તેવું સંભળાવવા પહોંચ્યા. તેઓ હાથ જોડી ઈંદ્રની સન્મુખ થયા કે તુરત ઈંદ્રે વ્રજની કુશળતાના સમાચાર પૂછયા. ત્યારે દૂતોએ વ્રજની વાત સંભળાવી કે તમને છોડીને ગિરિરાજની પૂજા કરે છે. વળી તમારી નિંદા કરે છે અને ગિરિવરની બડાઈ કરે છે. આ સાંભળીને રીસના કારણે ઈંદ્રનો દેહ કંપવા લાગ્યો.

સુરદાસજી કહે છે - તે વિચાર કરવા લાગ્યો પણ તેને ખબર નથી કે વ્રજમાં તો યદુરાય છે. (૩૯)

બિલાવલ ૪૦

ગ્વાલન મોસોં કરી ઢિઠાઈ, મોકોં અપની જાતિ દિખાઈ ૧
તેતિસકોટિ સુરનકો રાઈ, તીન ભુવન ભર ચલત બડાઈ ૨
સાહિબસોં જો કરત ઢિઠાઈ, તાકોં નહીં કોઉ પતિઆઈ ૩

ઈન અપની પરતીત ઘટાઈ, મેરે વૈર કિત બચિહેં જાઈ ૪
નઈ રીતિ યહ અબહિ ચલાઈ, કાહૂ ઈનહીં દિયો બહેકાઈ
એસી મતિ ઈન અબકેં પાઈ ૫
કાકી શરણ રહેંગે જાઈ, ઈન દિનોં મોકોં વિસરાઈ ૬
નંદ આપની પ્રકૃત ગમાઈ, જાની બાત બુઢાઈ આઈ ૭
અહીર જાતિ કોઈ ન પત્યાઈ, માતાપિતા નહિ માનેં ભાઈ ૮
જાન બૂઝ ઈન કરી ઢિઠાઈ, મેરી બલિ પરવતહેં ચઢાઈ ૯
સૂરદાસ સુરપતિ રિસપાઈ, કીડી તન જ્યોં પાંખહું આઈ ૧૦

ઈંદ્ર વિચારે છે ગોવાળીયાઓએ મારી સાથે ધૃષ્ટતા કરી ? મને તેમની જાત બતાવી ? હું તેત્રીસ કોટી દેવોનો રાજા અને ત્રણે ભુવન પર મારી હુકુમત ચાલે છે. જે માલિક સાથે ધૃષ્ટતા કરે તેને કોઈ નહિ બચાવી શકે. તેમને પોતાનો વિશ્વાસ ઘટાડી દીધો, હવે મારાથી બચીને ક્યાં જશે ? હમણાં જ તેમને આ નવી રીત અપનાવી છે. (જરૂર) તેમને કોઈકે બહેકાવ્યા છે. જ્યારે આવી મતિ કરી છે તો હવે કોને શરણે જઈને રહેશે કે જ્યારે તેઓ મને જ ભુલી ગયા તો ? નંદે પોતાના સ્વભાવ ગુમાવી દીધો લાગે છે, લાગે છે તેમને ઘડપણ આવી ગયું છે. અહીરની જાતનો કોઈ જ વિશ્વાસ નહિ તેમને માતા-પિતા-ભાઈ કોઈ નહિ અને આ તો જાણી જોઈને ધૃષ્ટતા કરી છે કેમ કે મારો બલિ તેમને પર્વતને ચડાવી દીધો.

સુરદાસજી કહે છે - સુરપતિને રીસ આવી પણ મને લાગે છે કે જાણે કીડીને પાંખો આવી. (૪૦)

બિલાવલ ૪૧

મોંકોં નિંદિત પર્વત વંદિત, ચારા કપટ પંછી જ્યોં ફૈંદત ૧
મરનકાલ એસી બુદ્ધિ હોઈ, કછૂ કરત કછુ હોઈહે જોઈ ૨
ખેલત ખાત રહત વ્રજભીતર, ન્હાનેલોગ તનક ધન ઈતર ૩
સમેં સમેં બરખોં પ્રતિપાલોં, ઈનકી બુદ્ધિ ઈનકોં અબ ઘાલોં ૪
મેરે મારત કોન રાખિહે, અહીરનકે મન યહક રાખિહે ૫
જો મન જાકે સોઈ ફલ પાવે, નીંબ લગાય આમ ક્યોં આવે ૬
વિષકે વૃક્ષ વિષહી ફલ ફલિહેં, તામેં દાખ કહો ક્યોં મિલિહેં ૭
અગ્નિ બરત દેખત કર નાવે, કહા કરે જિહિં અગ્નિ જરાવે ૮
સૂરદાસ યહ સબકોઉ જાને, જો જાકોં સો તાકોં માને ૯

(ઈંદ્ર કહે છે) મારી નિંદા કરે છે અને પર્વતને વખાણે છે. લાગે છે કે ચારો નાખીને પંખીને ફસાવ્યા છે. મરણ આવ્યું હોય તેને આવી જ બુદ્ધિ થાય. કરવા જાય કંઈક અને થાય કંઈક. વ્રજમાં જ રહે અને ત્યાંજ હળે ફરે, નાના લોકોને થોડુંક ધન મળી જાય તેથી ગર્વ (ઈતર) થઈ જાય છે. સમય સમયે વરસીને તેમનું પાલન-પોષણ કર્યું છે પણ હવે તેમની બુદ્ધિ તેમને જ ભારે પડશે. મારા મારતાં કોણ રક્ષણ કરે છે ? અહીરોને મન તો આ જ કાશી છે (મરણ ધામ). જેના મનમાં જે હોય તેને તે જ ફળ મળે. (લીંબુડી વાવવાથી કેરી થોડી મળે ?) વિષવૃક્ષ વિષફળ જ આપે. તેમાં દ્રાક્ષ ક્યાંથી મળે ? અગ્નિને જોઈને હાથ જોડવાનો વ્યવહાર (અગ્નિ દેખતા કર નાવે.) (બરત) કરે પણ જેને અગ્નિ જ બાળવા માગે તે શું કરે ? સુરદાસજી કહે છે - આ પ્રભુ તો બધાંને જ જાણે છે. પણ જે જીવ જેનો છે તેને જ માને છે. (૪૧)

બિલાવલ ૪૨

પર્વત પહેલેં ખોદિ બહાઉં, વજન માર પાતાલ પઠાઉં ૧
ફૂલફૂલ જિન પૂજા કીનો, નેંક ન રાખોં તાકોં ચીન્હો ૨
નંદ ગોપ નયનન યહ દેખેં, બડે દેવતાકો મુખ પેખેં ૩
નિંદિત મોહિ કરી ગિરિપૂજા, જાસોં કહત ઓર નહિ દુજા ૪
ગર્વ કરત ગોવર્ધનગિરિકો, પર્વત માંહિ આહિ કહા કિરકો ૫
ડૂંગરકો બલ ઈનહિ દિખાઉં, તા પાછેં વ્રજખોદ બહાઉં ૬
રાખોં નહીં કાહૂ સબ મારોં, વ્રજગોકુલકો ખોજ નિવારોં ૭
કો જાને કહાં ગિરિ કહાં ગોકુલ, ભૂપર નહીં રાખોં ઉનહો કુલ ૮
સૂરદાસ યહ ઈંદ્રપ્રતિજ્ઞા, વ્રજવાસિન સબ કરી અવજ્ઞા ૯

ઈંદ્ર કહે - સૌ પહેલાં તો પર્વતને ખોદીને બહાવી દઉં. (ઘનમાંથી પ્રવાહી કરી દઉં.) તેને વ્રજથી મારીને પાતાળ સુધી પહોંચાડી દઉં. તેઓએ જે ફૂલોથી પૂજા કરી છે તેની નિશાની પણ ન રહેવા દઉં. નંદ ગોપ, પોતાની સગી આંખે જૂવે કે હવે મોટા દેવતાનું મોઢું જોઈ શકે છે ! મારી નિંદા કરીને ગિરિની પૂજા કરી તેથી તો કહે છે તેના જેવો બીજો નહિ. ગોવર્ધન ગિરિનો ગર્વ કરે છે તે જોઈએ કે, પર્વત લગાવી લગાવીને કેટલું જોર (કિર) લગાવે છે ? આ લોકોને પણ પર્વતને કેટલું બળ છે તે બતાવું. તે પછી વ્રજને મૂળમાંથી નષ્ટ કરી દઉં. કોઈને જ નહિ રાખું, બધાંને જ મારીશ, કે વ્રજ ગોકુલને શોધી જ ન શકાય. કોણ જાણે ક્યાં ગિરિ હતો અને ક્યાં ગોકુળ હતું ? પૃથ્વી ઉપર તેમનો અંશ માત્ર (કૂળ) પણ ન રહે.

સુરદાસજી કહે છે - જૂઓ આ ઈંદ્રની પ્રતિજ્ઞા છે અને વ્રજવાસીઓની બધી અવજ્ઞા જુઓ. (૪૨)

બિલાવલ ૪૩

દેખ ઈંદ્ર મન ગર્વબઢાયો, વ્રજલોગન મોકોં વિસરાયો ૧
અહીરજાતિ ઓછીમતિ કીની, મેરી પુજા ગિરિકોં દીની ૨
પુજત ગિરિહિ કહા મતિ આઈ, ગિરિ સમેત વ્રજ દેહું બહાઈ ૩
દેખો ધોં કિતનો સુખ પેહેં, મેરે મારત કોન બચેહેં ૪
પરવત તબ ઈનકોં ક્યોં રાખત, વારવાર યહ કહિકહિ ભાખત ૫
પૂજત ગિરિ અતિ પ્રેમ બઢાયે, સપનેકો સુખ લેત મનાયે ૬
સૂરદાસ સુરપતિકી વાની, વ્રજ બોરોં પ્રલયકે પાની ૭

જોત જોતામાં ઈંદ્રના મનમાં ગર્વ વધવા લાગ્યો કે વ્રજવાસીઓ મને જ ભૂલ્યા ? આહીર જાતિની બુદ્ધિ જ બહેર મારી ગઈ કે મારો બલિ પર્વતને આપ્યો ? તેમને ગિરિને પૂજવાની કેવી બુદ્ધિ આવી ? હવે તો ગિરિ સહિત વ્રજનો નાશ કરું. જોઉં કે કેટલું સુખ પામે છે ? મારાં મારતાં કોણ બચે છે ? પરવત ત્યારે આમને કેવી રીતે બચાવે છે ? વારંવાર આમ કરવા કહે છે. ગિરિને પૂજીને એનાથી ખૂબ પ્રેમ વધાર્યો છે પણ આ તો સપનાના સુખ સમાન છે. સુરદાસજી કહે છે - સુરપતિની વાણિ છે કે પ્રલયના પાણીથી વ્રજને ડૂબાડી દઉં. (૪૩)

બિલાવલ ૪૪

સુરપતિ ક્રોધ કિયો અતિ ભારી, ફરકત અધર નયનરતનારી ૧
ભૃત્યન બુલાવત દેદે ગારી, મેઘન લાવો તુરત હંકારી ૨
ઈતનો કહત ધાયે સહચારી, અતિ ડરપે તનકી સુધિહારી ૩
મેઘવર્ત જલવર્ત બુલાબો, સેના સાજ તુરત લે આવો ૪
કાપર ક્રોધ કીયો અમરાપતિ, મહાપ્રલય જિન જાનિ ડરે અતિ ૫
મેઘનસોં યહ બાત સુનાઈ, તુરત ચલો બોલે સુરરાઈ ૬
સેના સહિત બુલાયે તુમકોં, રિસકર તુરત પઠાયે હમકોં ૭
વેગ ચલો કછુ વિલંબ ન લાવો, હમહી કહ્યો અબહી લે આવો ૮
મેઘવર્ત સબ સૈન્ય બુલાયે, મહાપ્રલયકે જે સબ આયે ૯
કછુ હરખે કછુ મનહિ સંકાને, પ્રલય આહિકે હમહિ રિસાનેં ૧૦
ચૂક પરી હમતે કછુનાહીં, યહ કહિ કહિ સબ તુરતઈ જાહીં ૧૧
મેઘવર્ત જલવર્ત વારિવર્ત, અનિલવર્ત અનલવર્ત વજવર્ત ૧૨

બોલત ચલે આપની બાની, પ્રભુ સન્મુખ સબ પહુંચે આની ૧૩
ગરજ ગરજ ઘહરાતહિ આયે, દેવ દેવ કહિ માંથ નવાયે ૧૪
સૂરદાસ ડરપત સબ જલધર, હમ પર ક્રોધ કિધો કાહૂ પર ૧૫

સૂરપતિએ ખૂબ જ ભારે ક્રોધ કર્યો, તેમના હોઠ અને આંખોના ડોળા ફરકવા લાગ્યા. ગાળો દઈ દઈને ચાકરોને બોલાવી કહ્યું કે - હમણાં જ મેઘને બોલાવી લાવો. આટલું કહેતાં જ માં તેમના મદદનીશ દોડયા અને ડરના માર્યા શરીરનું ભાન પણ ભૂલી ગયા. તેઓએ મેઘને કહ્યું, મેઘવર્ત-જલવર્તને બોલાવો. તેમની સેના તૈયાર કરીને લઈ આવો. કોણ જાણે કોના પર અમરાપતિને ક્રોધ આવ્યો છે! ન જાણે શું મહાપ્રલય કરવાનો છે? તે જાણી ગભરાયા તેથી હમણાં જ ચાલો. તમને સેના સહિત બોલાવ્યા છે ગુસ્સો કરીને અમને તમારી પાસે મોકલ્યા છે માટે જલ્દી કરજો, મોડું ન કરતા. અમને કહ્યું છે કે હમણાંને હમણાં જ લઈ આવો. મેઘવર્તે બધા સૈન્યને બોલાવ્યું કે જે મહાપ્રલય વખતે બોલાવવામાં આવે છે, તે બધું આવ્યું. કેટલાક હરખાયા તો કેટલાકને મનમાં શંકા થઈ કે આ પ્રલય માટે છે કે અમારા પર ખિજાયા છે ? શું આપણાથી કંઈ ભૂલ તો નથી થઈ ? આમ કહેતાં કહેતાં બધાં જલ્દી જવા લાગ્યા. મેઘવર્ત, જલવર્ત, વારિવર્ત, અનિલવર્ત, અનલવર્ત, વજ્રવર્ત પોતપોતાની રીતે બોલતાં, માલિક સન્મુખ જઈ પહોંચ્યા. ગર્જના કરતાં ભેગા મળી આવ્યા અને 'દેવા-દેવા' કહીને માથા નમાવ્યા.

સુરદાસજી કહે છે - આ બધાં જલધર-મેઘ ડરી રહ્યા છે કે અમારા પર ક્રોધ શા માટે કરે છે? (૪૪)

બિલાવલ ૪૫

ચિતવતહી સબ ગયે જુરાઈ, સકુચ કહ્યો કાપર રિસ રાઈ ૧
ક્ષમા કરો આયુશ હમ પાવેં, જાપર ગહો તિંહીંપર ધાવેં ૨
સેન સહિત પ્રભુ હમહિં બુલાયે, આજ્ઞા સુનત તુરત ઉઠ ધાયે ૩
એસો કોંન જાહિ પ્રભુ કોપે, જીવ નામ સબ તુમ્હારે રોપે ૪
સૂર કહી યહ મેઘન બાની, યહ સુનસુન રિસ કછુક બુઝાની ૫

બધાંના ચિત્તમાં એકસરખી વાત આવે છે તેથી સંકોચપૂર્વક પૂછયું - આપ શા માટે ગુસ્સે થયા છો ? આપ અમોને માફ કરશો તો જ અમારું જીવન બચશે. આપ જેના પ્રતિ આજ્ઞા કરશો તેના પર અમે તૂટી પડીશું. અમને સેના સાથે જ આપે આવવાની, આજ્ઞા સાંભળીને અમે તુરત દોડી આવ્યા છીએ. એવો તે કોણ છે કે જેના પર સ્વામી કોપ્યા છે? કેમ કે જીવ માત્ર તો આપના ઉપકાર નીચે છે.

સુરદાસજી કહે છે - મેઘોની આવી વાણી વારંવાર સાંભળીને તેમની રીસ કંઈક શાંત થઈ. (૪૫)

બિલાવલ ૪૬

મેઘનસોં બોલે સુરરાઈ, અહીરન મોસોં કરી ઢિઠાઈ ૧
મેરી દીની કરત બડાઈ, જાન બુજ મોહિ દિયે ભુલાઈ ૨
સદાં કરત મેરી સેવકાઈ, અબ સેવત પર્વતકોં જાઈ ૩
યહી કાજ તુમકોં હંકરાયે, ભલીકરી સેના લે આયે ૪
વેગવેગ સબ વ્રજહીં જાવો, પહલેં પર્વત ખોદિ બહાવો ૫
જબ યહ સુની ઈંદ્રકી બાની, મેઘનકે મન ધીરજ આની ૬
સૂરદાસ યહ સુન ઘનતમકે, કાપર ક્રોધ કરત પ્રભુ જમકે ૭

સુરરાયે મેઘોને કહ્યું, આહીરોએ મારાથી ધૃષ્ટતા કરી છે. મારા દીધે તો તેમની મોટાઈ છે. (છતાં) જાણી જોઈને મને જ ભૂલી ગયા. હંમેશથી મારા જ જે સેવક રહ્યા છે તે હવે પર્વતની સેવા કરે છે માટે જ તમને બોલાવ્યા છે. સારું કર્યું તમે સેના લઈને આવ્યા, તમે જલ્દીથી વ્રજમાં જ જાઓ. સૌ પહેલાં પર્વતને ખોદીને વહાવી દો. જ્યારે આ ઈંદ્રની વાણી સાંભળી ત્યારે મેઘોના મનમાં રાહત થઈ. સુરદાસજી કહે છે - ઘન તમોએ સાંભળીને જાણ્યું કે પ્રભુ (ઈંદ્ર) કોની પર આટલો જબરદસ્ત ક્રોધ કરી રહ્યા છે ? (૪૬)

બિલાવલ ૪૭

રિસલાયક તાપર રિસ કીજે, જિહિં રિસતેં પ્રભુ દેહી ન છીજે ૧
તુમ પ્રભુ હમસે સેવક જાકે, એસો કોન રહત તુમ તાકે ૨
છીનહીમેં વ્રજ ધોય વહાવેં, ડુંગરકો નહીં નામ બચાવે ૩
આપ ક્ષમા કરિયેં દેવરાઈ, હમ કરિહેં ઉનકી પોહોંનાઈ ૪
યહ સુનકેં હરષિત ચિત કીનોં, આદરસહિત પાન કર દિનોં ૫
પ્રથમહી દેહો પહાર વહાઈ, મેરી બલિહે ઉન સબખાઈ ૬
સૂર ઈનદ્રમેઘન સમઝાવત, હરખ ચલે ઘન આદર પાવત ૭

મેઘ ઈંદ્રને કહે છે, રોષ કરવા લાયક હોય તેના પર જ રોષ કરવો જોઈએ. પણ એવો રોષ ન કરવો કે જેનાથી આપણને (દેહી) જ કષ્ટ (છાજે) થાય. તમારા જેવા સ્વામી અને અમારા જેવા સેવક જેમને છે તેની સામે આંખ ઉઠાવીને કોણ

જોનાર છે ? પલ માત્રમાં વ્રજને ધોઈ નાખશું અને ડુંગરનું તો નામ પણ નહિ રહે. આપ અમોને ક્ષમા કરો અમે તેમની ધૂલાઈ (પોહોંનાઈ) કરી દઈએ છીએ. આ સાંભળીને દેવરાયના મનમાં ખુશી થઈ તેથી તેમને સન્માનપૂર્વક પાનનું બિડું સ્વહસ્તે આપ્યું. સૌ પહેલાં તો તમે પહાડને વહાવો કેમકે મારો બલિ તેઓ ખાઈ ગયા છે. આ રીતે દેવઈંદ્રે મેઘોને વાત સમજાવી. તેથી સન્માન પામેલા મેઘ ચાલ્યા. (૪૭)

બિલાવલ ૪૮

આયુસ પાય તુરતહી ધાયે, અપની સેના સબન બુલાયે ૧
કહ્યો સબન વ્રજ ઉપર આવો, ઘટા ઘોર કર ગગન છિપાવો ૨
મેઘવર્ત જલવર્ત જુ આગેં, ઓર મેઘ સબ પાછેં લાગેં ૩
ગરજ ઉઠે વ્રજ ઉપર જાઈ, શબ્દ કિયો યહ ઘાત સુનાઈ ૪
વ્રજકે લોગ ડરે અતિ ભારી, આજ ઘટા દેખિયતહૈં કારી ૫
દેખત દેખત અતિ અધિકાયો, નેંકહીમેં રવિ ગગન છિપાયો ૬
એસે મેઘ કબહૂં નહિ દેખે, અતિકારે કાજર અબ રેખે ૭
સુનો સૂર યે મેઘ ડરાવન, વ્રજવાસી સબ કહત ભયાવન ૮

આ રીતે જીવનદાન પામેલા મેઘે જલ્દી જઈને પોતાની સર્વ સેનાને બોલાવીને કહ્યું - તમે બધાં વ્રજની ઉપર આવીને ઘોર ઘટાથી આકાશને ઢાંકી દો. મેઘવર્ત અને જલવર્ત આગળ ચાલ્યા તેની પાછળ બાકીના ચાલ્યા. વ્રજ ઉપર જઈ ગર્જનાઓ કરી. આ શબ્દો બધાં માટે કાળ સમાન લાગ્યા. વ્રજના લોકો ખૂબ ડરી ગયા કેમકે આજે તો ખૂબ જ કાળી ઘટા છાઈ છે. જોતજોતામાં તો તે ઘટા વધી અને સૂરજ આકાશમાં એકદમ છૂપાઈ ગયો. આવો મેઘ તો ક્યારેય જોયો નથી. જાણે કાજળ જેવું અતિ કાળું ચિતરામણ (અવરેખે) ! સૂરદાસજી કહે છે - આ મેઘ ડરામણા અને વ્રજવાસી તેને ખૂબ ભયંકર કહેવા લાગ્યા. (૪૮)

બિલાવલ ૪૯

ગરજ ગરજ વ્રજ ઘેરત આવેં, તરક તરક ચપલા ચમકાવેં ૧
નરનારી સબ દેવત ઠાઢે, યે વાદર પરલેકે કાઢે ૨
દરદરાત ઘહરાત પ્રબલ અતિ, ગોપી ગ્વાલ ભયે ઔરે ગતિ ૩
કહા હોંન અબહી યહ ચાહત, જિહિં તિહિં લોગ યેહ અવગાહત ૪
ક્ષણ ભીતર ક્ષણ બાહિર આવત, ગગન દેખ ધીરજ વિસરાવત ૫
સૂરશ્યામ યહ કરી પુજાઈ, તાતેં સુરપતિ ચઢયો રિસ્યાઈ ૬

ગરજી ગરજીને વ્રજને ઘેરવા લાગ્યા અને ચારે તરફ વિજળી ચમકવા લાગી. નરનારી આ પ્રલયકાળના વાદળને જોતાં ઉભા છે. (દરદરાત) ડરાવતા (ગહરાત) ઘનિષ્ટ અને ખૂબ જ પ્રબલ વાદળ જોઈને ગોપીઓ અને ગ્વાલો બેબાકળા (ગતિઓર) થઈ ગયા. આ શું થવા બેઠું છે ? જ્યાં અને ત્યાં લોકો આ જ વિચારે છે. ઘરની અંદર - બહાર આંટાફેરા કરે છે. (ચૈન નથી તેથી) અને આકાશને જોતાં ધીરજ ખોઈ બેઠા છે.

સૂરદાસજી કહે છે તેઓ વિચારવા લાગ્યા કે શ્યામના કહ્યા પ્રમાણે પૂજા કરી, તેથી જ સૂરપતિ રોષ કરીને ચઢી આવ્યો લાગે છે ! (૪૯)

બિલાવલ ૫૦

ફિરત લોગ જહાંતહાં વિડરાને, કોહે અપને કોન વિરાને ૧
ગ્વાલ ગયે જે ધેનુ ચરાવન, તિનહીં પંર્યો વનમાંઝ પરાવન ૨
ગાય વચ્છ કોઉ ન સમ્હારેં, પ્રલય કાલકે જલદ નિહારેં ૩
ભોગ આવત વ્રજ ભીતરકોં, વિપતિ પરી અતિ વન ગ્વાલનકોં ૪
અંધ ધુંધ મગ કહૂં ન સૂઝેં, વ્રજભીતર વ્રજહીકોં બૂઝેં ૫
જેસેં તેસેં વ્રજ પેહેંચાનત, અટક રહે અટકર કર આનત ૬
ખોજત ફિરત આપને ઘરકોં, કહા ભયો યહ ઘોષનગરકોં ૭
રોવત ડોલત ઘરહિ ન પાવેં, ઘર દ્વારેં ઘરકોં વિસારવેં ૮
સૂરશ્યામ સુરપતિ વિસરાયો, ગિરિકે પૂજે યહ ફલ પાયો ૯

મુંઝાયેલા (વિડરાને) લોકો જ્યાં ત્યાં ફરી રહ્યા છે કેમકે પાસે કોણ છે અને દૂર (વિરાન) કોણ છે તેની ભાળ કરે છે. જે ગ્વાલો ગાયો ચરાવવા ગયા છે. તેઓએ તો વનમાં જ મુકામ કરી દીધો. (પરાવન-પડાવ). પ્રલય વાદળ (જલદ) જોઈને ગાય-વાછરડાંને કોઈ સાચવતું નથી. (બધા જાત સંભાળવામાં છે.) તેથી વ્રજમાં પહોંચી જવા બધા ભાગે છે. વનમાં રહેલા ગ્વાલોને ખૂબ વિપત્તિ પડી. અંધાધુંધીમાં અથવા ઘોર અંધકાર હોવાથી મારગ પણ નથી જડતો. વ્રજમાં આવી ગયા છતાં વ્રજ ક્યાં ? તેમ વ્રજને શોધે છે. જેમ તેમ કરી વ્રજને ઓળખ્યું તે પણ અંદાજથી હાથ ફેરવતાં ઘર શોધવામાં અટકી ગયા છે. પોતાનું ઘર શોધવા જ ફરી રહ્યા છે અને બબડી રહ્યા છે. આ (ઘોષનગર) નેસડાવાળા ગામને થયું છે શું ? વાંકા નમી ડોલતા રડી રહ્યા છે પણ ઘર નથી મળતું. ઘરના દરવાજે હોવા છતાં ઘર નથી જડતું. સુરદાસજી કહે છે - આ લોકો વિચારે છે કે શ્યામે ઈંદ્રને ભૂલાવ્યો અને ગિરિને પૂજ્યો તેનું આ ફળ પામી રહ્યા છીએ. (૫૦)

બિલાવલ ૫૧

યમુના જલહી ગઈ જે નારી, ડાર ચલીં ગાગર સિરભારી ૧
દેખો મેં બાલક કિત છાંડ્યો, એક કહત આંગન દધિ માંડ્યો ૨
એક કહત મારગ નહિ પાવત, એક શ્યામહિ બોલ સુનાવત ૩
વ્રજવાસી સબ અતિ અકુલાને, કાલ્હહી પૂજ્યો ફલ્યો બિહાને ૪
કહાં રહે અબ કુંવર કન્હાઈ, ગિરિ ગોવર્ધન લેહો બુલાઈ ૫
જેંમત સહસ્ર ભૂજા ધરિ આવેં, અજહૂ ભુજ હમકોં દિખારાવેં ૬
યે દેવતા ખાતહી તાંકે, પૂછે પુન તુમ કોંન કહાંકે ૭
સૂરશ્યામ સપનો પ્રકટાયો, ઘરકો દેવ સબન વિસરાયો ૮

જે નારી યમુનાજીના જળ ભરવા ગઈ છે તે તો ભારે ગાગરને ફેંકી દઈને પાછી આવી. એક કહે છે - મેં મારા બાળકને ક્યાં મૂક્યો છે ? એક કહે છે - આંગણામાં તો દહિંના કિચ્ચલ જેવું લાગે છે. એક કહે છે, મને રસ્તો નથી મળતો. તો કોઈ શ્યામને કંઈ કંઈ સંભળાવે છે. બધાં વ્રજવાસી ખૂબ જ અકળાયા છે. કાલે જ ગિરિને પૂજ્યા અને તેણે આપણને ત્યાગ્યા. (અરક્ષિત કર્યા). હે કુંવર કનૈયા, હવે ક્યાં જઈએ ? ગિરિ ગોવર્ધનને બોલાવો, જેમણે સહસ્ત્ર ભૂજાથી ભોજન કર્યું તે ભૂજા હવે અમને બતાવો. આ દેવતા તો જે ખવડાવે ત્યાં લગીના છે અને પછી તો ''તમે કોણ અને ક્યાંના ?'' તેમ ભૂલી જનારા છે. સુરદાસજી કહે છે - આ લોકો વિચારે છે કે સ્વપ્નાના દેવ કનૈયાએ પ્રકટાવ્યા પણ આપણે તો હકીકતના દેવ (ઘરના) ને ભૂલી ગયા. (૫૧)

બિલાવલ ૫૨

ગરજત ઘન અતિહી ઘહરાવત, કાન્હ સુનત આનંદ બઢાવત ૧
કૌતુક દેખત વ્રજ લોગનકે, નિકટ રહત સંગહી સંગ જિનકે ૨
એક સેંતત ઘરકે સબ વાસન, લીને ફિરત ઘરહીકે પાસન ૩
એક કહત જીયકી નહિં આશા, દેખત સબે દુષ્ટકે નાશા ૪
સૂરશ્યામ જાનત યે ગાસા, કહા પાની કહા કરે હુતાસા ૫

ઘન ગરજીને (બધાંને) ખૂબ ડરાવે છે પણ તે સાંભળીને કાન્હને તો ખૂબ મજા આવે છે. વ્રજના લોકોની વિચિત્રતા જોઈ રહ્યા છે. (કાલ અને આજમાં આવતો તફાવત) જે લોકો નજીક એકબીજાની સાથે જ રહે છે. કોઈ ઘરનાં પાત્રોને ભેગાં

કરે છે અને ઘરની આસપાસ જ ફર્યા કરે છે. એક કહે છે - હવે જીવવાની કોઈ ઉમ્મિદ નથી. આપણી નજર સામે જ દુષ્ટોએ સર્વનાશ કરી નાંખ્યો. સુરદાસજી કહે છે કે - શ્યામ જાણે છે કે આ બધી વિચિત્રતા વિપત્તિને કારણે જ પ્રકટ થઈ છે. તેથી તો ક્યાંક પાણી જેવી હતાશા છે તો ક્યાંક હુતાશ-અગ્નિ જેવો ઉકળાટ છે. (૫૨)

બિલાવલ ૫૩

મેઘવર્ત મેઘન સમઝાવત, વારવાર ગિરિ તનહિ બતાવત ૧
પરવત પર વરસો તુમ જાઈ, ચેહ કહી હમસોં સુરરાઈ ૨
એસેં દેહો પહાર બહાઈ, નામ રહે નહિં ઠોર જનાઈ ૩
સુરપતિકી બલિ ઈન સબ ખાઈ, તાકો ફલ પાવે ગિરિરાઈ ૪
જેંમત કાલ્હિ અધિક રુચિપાઈ, સલિલ દેહું જિહિં તૃષા બુઝાઈ ૫
દિનાચાર રહેતે જગ ઉપર, અબ ન રહેન પાવેંગે ભૂપર ૬
સૂર મેઘ સુરપતિહિ પઠાયે, વ્રજકે લોગન તુમહિ વહાયે ૭

મેઘવર્ત, મેઘોને સમજાવતાં વારંવાર ગિરિ-તનને બતાવીને કહે છે કે સૂરરાયે આપણને કહ્યું છે, તે આ પર્વત પર તમે વરસો, એવી રીતે કે તે પહાડ (પહાર) વહી જાય અને તેની નિશાની (ઠોર) પણ ન રહે. સુરપતિનો ભાગ આને ખાધો છે, તેનું જ ફળ આ ગિરિરાય પામી રહ્યો છે. કાલે જ તેણે બહું જ બધું ઉત્સાહપૂર્વક ખાધું છે. તેથી તેને (સલીલ) જલ આપવું જોઈએ, તેથી તરસ મટે ? એમને તો ચાર દિવસની ચાંદની થઈ પણ હવે તો ભૂતલ પર નહિ રહે. સૂરદાસજી કહે છે - મેઘને સૂરપતિએ મોકલ્યા કેમકે વ્રજના લોકોએ તમારી (પ્રભુની) પૂજા કરી. (૫૩)

બિલાવલ ૫૪

વરખતહેં ઘન ગિરિકે ઉપર, દેખ દેખ વ્રજલોક કરત ડર ૧
વ્રજવાસી સબ કાન્હ બતાવત, મહાપ્રલય જલ ગિરિહિં ઢહાવત ૨
ઝરઝરાત ઝરપત ઝરલાવત, ગિરિ ધોઈ વ્રજ ઉપર આવત ૩
વિકલ દેખ ગોકુલકે વાસી, દરસ દીયો સબકોં અવિનાશી ૪
અવિનાશીકો દરશન પાયે, તબ સબ મન પરતીત બઢાયે ૫
નંદ યશોદા સુત હિત જાને, ઓર સબે મુખ સ્તુતિહીં ગાને ૬
કરષત ગિરિ વરખત વ્રજ ઉપર, સો જલ જહાં તહાં ભૂવ ઉપર ૭
સૂરદાસ પ્રભુ રાખ લેહુ અબ, જૈસેં રાખે અઘાવદન તબ ૮

ગિરિની ઉપર ઘન વરસી રહ્યો છે, તે જોઈ જોઈને વ્રજના લોકો ડરી રહ્યા છે. આ

વ્રજવાસીઓ, મહાપ્રલય જલ ગિરિને ઢસડી રહ્યા છે તે કનૈયાને દેખાડે છે. આ જે ધોધમાર વરસે છે તે જલ, ગિરિને ધોઈ નાંખ્યા પછી વ્રજ ઉપર આવશે. ગોકુલવાસીઆ આ પ્રકારે વિકળ થયેલાં જોયાં, પણ ગિરિને ‘અવિનાશી’ જોયો (જેને પાણીની કંઈ અસર ન થઈ હોય તેવો). આવા અવિનાશી પર્વતના દર્શન થતાં બધાંના મનને ધીરજ બંધાઈ, વધી. નંદ-યશોદાના સુતના કલ્યાણ માટે બધાંના જ મુખે સ્તુતિ થઈ રહી છે. ગિરિ ઉપર ઠલવાયેલ (ગુસ્સા સમાન) જળ હવે વ્રજ ઉપર વરસી રહ્યું અને ભૂતલ જળબંબાકાર થઈ ગયું. સુરદાસજી કહે છે કે - વ્રજવાસી આર્તનાદથી વિનતી કરે છે - હે પ્રભુ હવે અમને બચાવો (રાખ લેહુ) જેવી રીતે મુખથી ખાધું તેવી રીતે હવે બચાવો. (૫૪)

બિલાવલ ૫૫

રાખિ લેહો ગોકુલ વ્રજનાયક, તુમહી પૂરણ બ્રહ્મ સબ લાયક ૧
તુમ બિન કોન સહાય હમારે, નંદસુવન અબ શરણ તિહારે ૨
શરણ શરણ સબ વ્રજજન બોલે, ધીરે વચન દે લે દુખમોલે ૩
યહ બોલે હઁસ કૃષ્ણમુરારી, ગિરિ કર ધર રાખોં નરનારી ૪
સૂરશ્યામ ચિતયે ગિરિવર તન, વિકલ દેખ ગો ગોસુત વ્રજજન ૫

વ્રજજન કનૈયાને પ્રાર્થના કરે છે - હે ગોકુલ-વ્રજના નાયક અમારી રક્ષા કરો. તમે જ સર્વશ્રેષ્ઠ (લાયક) પૂર્ણબ્રહ્મ છો. તમારા વગર અમારે કોની સહાય ? હે નંદસુવન અમે તમારે શરણે છીએ. બધાં જ વ્રજજન ‘શરણ’ ‘શરણ’ એમ બોલાવા લાગ્યા ત્યારે પ્રભુએ તેમને ધૈર્યના વચનો કહીને તેમના દુઃખ હરી લેતાં કૃષ્ણ મુરારી આમ બોલ્યા - ‘‘હે નર-નારી હું આ ગિરિને હાથથી ઉઠાવીને રાખું છું.’’ સુરદાસજી કહે છે ગાય-વાછરડાં તથા વ્રજજનોની વિકલ દશા જોઈને શ્યામે ગિરિવરના દેહ પર અનુરાગ ભરી દૃષ્ટિ કરી. (૫૫)

બિલાવલ ૫૬

ગોવર્ધન લીનો ઉચકાઈ, દેખ વિકલ નરનારી કન્હાઈ ૧
અપને સુખ વ્રજ જન વિતતાયે, બૂંદ બહુત વ્રજપર વરખાયે ૨
વે ડરપત ઓર હરષત મનમન, રાખે જહાંતહાં સબ વ્રજજન ૩
ઘરકે દેખ મનહિં સુખદીનોં, વામભૂજા ગિરિવર કર લીનોં ૪
સૂરશ્યામ ગિરિ કર ધર રાખ્યો, ધીરજ વચન સબનસોં ભાખ્યો ૫

વિકલ થયેલાં (વ્રજનાં) નરનારીને જોઈને કનૈયાએ ગોવર્ધનને ઉઠાવી લીધો. પ્રભુ કહે છે મારા સુખ માટે જ આ વ્રજજન ગભરાઈ ગયા છે. વ્રજ ઉપર ઘણી

વર્ષા થઈ, તેઓ ડરી રહ્યા છે અને હું મનમાં હરખાઈ રહ્યો છું. (વ્રજજનોનો તો વાળ પણ વાંકો નથી થવા દેવો) જેમ છે તેમ જ રહેવા દેવા છે. સ્વજન (ઘરના) જાણીને તેમને મનથી (અંતરથી) સુખ દેવું છે. તેથી તો ડાબા હાથથી ગિરિ ઉઠાવી લીધો. સૂરદાસજી કહે છે - શ્યામે ગિરિને કર પર ધારીને રાખ્યો અને બધાં (વ્રજવાસીઓને) ધીરજનાં વચનો કહી ધરપત આપી. (૫૬)

બિલાવલ ૫૭

શ્યામ ધર્યો ગિરિ ગોવર્ધન કર, રાખ લિયે વ્રજપુર નારીનર ૧
ગોકુલ વ્રજ રાખ્યો સબ ઘરઘર, આનંદ કરત સબે તાહી તર ૨
વરખત મુશલધાર મેઘવર, બૂંદ ન આવત નેકહું ભૂપર ૩
ધાર અખંડિત વરખત હૈં ઝર, કહત મેઘ ધોવો વ્રજ ગિરિવર ૪
સલિલ પ્રલયકો ટૂટત તરતર, બજત શબ્દ બાદરકો ઘરઘર ૫
વે જાનત જલ જાતહે દરદર, વીચહિ જરત જાત જલ અંબર ૬
સૂરદાસ પ્રભુ કાન્હ ગર્વ હર, હરષત કહત ગયો ગિરિકો જર ૭

શ્યામે ગિરિગોવર્ધનને હાથ ઉપર ધારણ કરીને વ્રજપુરનાં નર-નારીને બચાવી (રાખી) લીધા. ગોકુલ-વ્રજના પ્રત્યેક ઘર (ઘર-ઘર)ને જાળવી લીધા અને તેની (ગિરિની) નીચે બધા આનંદપૂર્વક રહેવા લાગ્યા. મેઘ તો પોતાની પૂરી તાકાતથી મૂશળ જેવી ધારાથી વરસી રહ્યો છે પણ જમીન પર તો સ્હેજ પણ, બુંદ જેટલું પાણીય નથી આવતું. અટક્યા વગર મેહ તો વરસી રહ્યો છે અને મેઘ કહી રહ્યા છે કે - વ્રજને અને ગિરિવરને સાફ કરી નાખો. પ્રલયનું જળ પડે તેમ તૂટી પડયું છે. મેઘના વાદળની ગડગડાટી બોલી રહી છે. તેઓને (મેઘને) તો એમ જ લાગે છે કે ખૂણે-ખાંચરે બધે જ જલ ભરાઈ રહ્યું છે - પરંતુ હકીકતમાં તો આકાશની અને ધરતીની વચ્ચે જ ક્યાંક જલ ગુમ થઈ રહ્યું છે, અદૃશ્ય (જરત) થઈ રહ્યું છે. સુરદાસજી કહે છે કે - આમ પ્રભુ કનૈયાએ મેઘ-ઈંદ્રનો ગર્વ હરિ લીધો અને હરખાઈને કહે છે - ગિરિનું જળ ક્યાં ગયું ? (૫૭)

બિલાવલ ૫૮

બોલ લિયે સબ ગ્વાલ કન્હાઈ, ટેકો ગિરિગોવર્ધન આઈ ૧
આજ સબે મિલ હોહુ સહાઈ, હંસત દેખ બલરામ કન્હાઈ ૨
લકુટ લિયેં કર ટેકન જાઈ, કહત પરસ્પર લેહુ ઉઠાઈ ૩
વરખત ઈંદ્ર મહા ઝર લાઈ, અતિ જલ દેખ સખા ડરપાઈ ૪

નંદનંદન વિન કો ગિરિ ધારે, એસે બલબિન કોન સંભારે ૫
નખતેં ગિરે કોન પુન રાખે, વારવાર યહ કહિકહિ ભાખે ૬
સૂરશ્યામ ગિરિવર કર લીનો, વરખત મેઘ ચક્રિત મન કીનો ૭

કનૈયાએ બધા ગ્વાલોને કહ્યું, તમે પણ ગિરિગોવર્ધનને ટેકો આપો. આજે આપણે બધાએ સાથે મળીને પરસ્પર સહાય કરવાની છે. આ જોઈ (સાંભળીને) બલરામજી મુસ્કાવા લાગ્યા. લાકડી હસ્તમાં લઈને બધાં ટેકો આપવા લાગ્યા. બધા પરસ્પર કહેવા લાગ્યા - ઉઠાવી લો, ઈંદ્ર ભારે વરસાદ વરસાવા લાગ્યો તે જલ જોઈને સખા ડરવા લાગ્યા અને પ્રભુની પ્રશસ્તિ કરવા લાગ્યા કે - નંદનંદન વગર બીજું કોણ આવો (મોટો) ગિરિ ધારણ કરી શકે ? અને આવી જબરદસ્ત બળ-શક્તિ વગર કોણ બચાવે ? અને નખ ઉપર ગિરિને કોણ ધારી રાખે ? આમ વારંવાર કહેવા લાગ્યા. સૂરદાસજી કહે છે - કે શ્યામે આ પ્રકારે ગિરિવરને હાથમાં ધારણ કર્યો તેથી વરસતા મેઘનું મન ચકરાવે ચઢી ગયું. (૫૮)

બિલાવલ ૫૯

બાત કહત આપસમેં બાદર, ઈંદ્ર પઠાયે કરિ હમ આદર ૧
અબ દેખિયત કછુ હોત નિરાદર, વરખ વરખ ઘન ભયે મનકાદર ૨
ખીજત મેઘ કહત સબહીસોં, વરખિ કહા કીનોં તબ હીસોં ૩
મહા પ્રલયકો જલ કહાં રાખત, ડાર દેહો વ્રજપર કહા તાકત ૪
ક્રોધ સહિત વરષન ફિરલાગે, વ્રજવાસી આનંદ અનુરાગે ૫
ગ્વાલ કહત ધન્ય ધન્ય કન્હૈયા, વામ ભુજા ગિરિ લિયો ઉઠૈયા ૬
સૂરશ્યામ તુમ સર કોઉ નાઈ, વરષત ઘન ગિરિ દેખ ખિસ્યાઈ ૭

(બાદર) વાદળો-મેઘ આપસમાં વાતચિત કરવા લાગ્યા કે - ઈંદ્રે તો આપણને સન્માન સહિત અહીં મોકલી આપ્યા, પણ લાગે છે કે અહીં તો આપણું અપમાન થઈ રહ્યું છે. વરસી વરસીનો તો મેહ હવે કાયર (હારી) (થાકી) થઈ ગયા તેઓ ખીજાઈને બધાંને (પરસ્પર) કહેવા લાગ્યા કે - આટલું લગી વરસીને શું ફળ મળ્યું ? આવા મહાપ્રલયનું જલ સંઘરાય છે ક્યાં ? ફરી વ્રજ ઉપર જલ નાખો. વ્રજની તાકાત કેટલી ? (એમ કરી) ફરી ક્રોધ સહિત વરસવા લાગ્યા પરંતુ વ્રજવાસી તો પ્રભુના અનુરાગને કારણે આનંદ મય છે. ગ્વાલ કનૈયાને કહે છે, ધન્ય છે કે ડાબા હાથે (સહજમાં) ગિરિ ઉઠાવી લીધો છે તે ! સૂરદાસજી કહે છે હે શ્યામ, તમારા સ્વામી કોઈ નથી. અને આ બાજુ ઘન રીસ કરી કરીને વરસે છે. (૫૯)

બિલાવલ ૬૦

પ્રલય મેઘ આયે લે બાનેં, આપુસહીમેં સબે રિસ્યાનેં ૧
સાત દિવસ જલ વરખિ સિરાને, ચક્રિત ભયે તન સુરત ભુલાને ૨
ફિર દેખત જલ કહાં ઠહરાને, મહાપ્રલય કે સબન ઝરાને ૩
જોરજોર બાદર બિતતાને, બૂંદ નહીં ઘન નેંકુ બચાને ૪
જલદ આપકોં ધિક કર માને, ફિર સબ ચલે અતિહી વિકલાને ૫
સૂરસ્યામ ગોવર્ધન રાને, મૂરખ ઈંદ્ર અજહૂં નહિ જાને ૬

પ્રલયરૂપ મેઘ આવ્યા હતા તો શૂરવીરની જેમ (બાણ લઈને) પણ પરસ્પર હતાશા પ્રકટ કરતા હતા. સાત દિવસ સુધી જલ ખૂબ જ નિષ્ઠાપૂર્વક (સિરાને) વરસાવ્યું પરંતુ હવે તો આશ્ચર્યચકિત-ભ્રમિત થઈને પોતાની હાલત જ ભૂલાઈ ગઈ - સૂધ ચાલી ગઈ. પછી સુધી આવીત્યારે એ જોવા લાગ્યા કે, આ જલ ભેગું ક્યાં થયું ? શું મહાપ્રલયનું બધું જળ ચૂસાઈ ગયું ? (વહી ગયું) ખૂબ જોર કાઢીને તો વાદળ (બીતનાને) ખાલી થઈ ગયાં હવે તો એક ટીપું જલ પણ ઘનમાં બચ્યું નહિ.

આ જલ-આપનાર મેઘ (જલદ) પોતાને ધિક્કાર કરવા લાગ્યા. પછી ખૂબ જ વિકળ થઈને ચાલ્યા.

સૂરદાસજી કહે છે કે - સર્વનો રાણો તો ગોવર્ધન (ઠાકોરજી) છે પણ મૂર્ખ ઈંદ્ર હજુ સુધી આ વાત ન જાણી શક્યો. (૬૦)

બિલાવલ ૬૧

મેઘ ચલે મુખ ફેર અમરપુર, કરી પુકાર જાય આગેં સુર ૧
શ્રમતેં ટૂટ ગયે સબકે ઉર, જલ બિન સબે ભયે ઘન ધૂંધર ૨
કે મારો કે શરણ ઉબારો, હમમેં કરા રહ્યોં અબ ગારો ૩
જહાંતહાં બાદર રોવત ડોલેં, શ્રમ અપનો પ્રભુ આગેં ખોલેં ૪
સાત દિવસ નહિં મિટી લગાર, વરખ્યો સલિલ અખંડિત ધાર ૫
મહાપ્રલય જલનેંક ન ઉબર્યો, વ્રજવાસિન નીકેં અબ નિદર્યો ૬
વેસોહી ગિરિ વેસે વ્રજવાસી, નેક બૂંદ નહીં ધરણિ પ્રકાસી ૭
સૂરપતિ સૂરજિય સુનત ઉદાસી, દેખો યોં આયે જલરાસી ૮

મેઘ મુખ ફેરવીને (શરમીંદા થઈને) દેવલોકમાં ચાલ્યા અને દેવરાજ સામે જઈને રડમસ અવાજે (પૂકાર) કહેવા લાગ્યા - અમારા બધાંનાં હૃદય આ (વૃથા) શ્રમથી તૂટી ગયા છે. જલ વગરના અમે તો ધૂળની ડમરી સમાન રહી ગયા છીએ. હવે

(આપે સોંપેલ કામ પૂરું ન કરી શકવાથી) અમને મારો કે શરણે લઈને ઉગારો. અમારામાં હવે ગૌરવ (ગારૌ) ક્યાં રહ્યું છે ? વાદળો જ્યાં અને ત્યાં રડતાં, ઝૂકી ગયા છે અને પોતાનો શ્રમ (કરેલી મહેનત) સ્વામીની આગળ વર્ણવે છે. સાત દિવસ સુધી અમે સહેજે અટક્યા વગર. (મીટી ન લીગાર) અને અખંડ ધારાથી (સલિલ) જલ વરસાવ્યું છે. મહાપ્રલય જલથી પણ સ્હેજે (નેક) તેઓ ઘબરાયા (ઉબર્યા) નહિ. તેથી તો વ્રજવાસીઓએ અમારો અનાદર - નીચાજોણું કર્યું. વ્રજવાસી અને ગિરિ તો તેવાને તેવા જ છે (ક્ષતિ પહોંચ્યા વગરના) અને ધરતી પર તો સ્હેજે પાણી નજરે (પ્રકાશી) નથી પડતું. એમને એમ પાછા આવેલા આ જલરાશિને જોઈને, તથા તેમને સાંભળતાં જ ઈંદ્ર ઉદાસ થઈ ગયો. (૬૧)

બિલાવલ ૬૨

ચક્રિત ભયો વ્રજ વાત સુનાઈ, પુનપુન પૂછત મેઘ બુલાઈ ૧
કહાં ગયો જલ પ્રલય કાલકો, કહા કહેં સબતન વિહાલકો ૨
કહા કરેં અપનોં બલ કીનો, વ્યાકુલ હોય રોય તબ દીનોં ૩
દંડ એક વરસે મનલાઈ, પૂરણ હોત ગગનલોં આઈ ૪
પર્વતમેં કોઉહે અવતાર, સુરપતિ મન યહ કરત વિચાર ૫
સૂર ઈંદ્ર સુરગણ હંકરાયે, આજ્ઞા સુનત તુરત ઉઠધાયે ૬

આ વ્રજની વાત સાંભળીને તો (સૂરપતિ) ભ્રમિત/ચકિત થયા, તેથી તો મેઘને બોલાવીને ફરી ફરીને પૂછવા લાગ્યા - આ પ્રલયકાળમાં વરસાવાતું જલ ગયું ક્યાં ? (ત્યારે મેઘ કહે) અમે તો પૂરા બેહાલ થઈ ગયા. અમે તો ખૂબ મહેનત કરી પણ શું કરીએ ? પછી વ્યાકુળ થઈને રડી પડયા. એક દંડ જેવડા ધાધોડા મન મૂકીને આકાશથી (ધરતી સુધી) પૂરેપૂરા વરસાવ્યા. (પણ કંઈ ન વળ્યું) તેથી લાગે છે કે આ પર્વતરૂપે કોઈ (ભગવાનનો) અવતાર હોવો જોઈએ, આ પ્રકારે સૂરપતિ વિચારવા લાગ્યા.

સૂરપતિએ બધા દેવગણને બોલાવરાવ્યા તે (આજ્ઞા) સાંભળતાં જ બધા જ્યાં હતા ત્યાંથી ઉઠીને દોડી આવ્યા. (૬૨)

બિલાવલ ૬૩

સુરપતિ આગે ભયે સબ ઠાઢે, ચિંતા સબહિનકે મન બાઢે ૧
કોંન કાજ સુરરાજ બુલાયે, સકુચ સહિત સબ પૂછન આયે ૨

કહા કહોં કછુ કહત ન આવે, મેઘનકી ગતિ સુરન બતાવે ૩
વ્રજવાસી મોકોં વિસરાયો, ભોજન લે સબ ગિરિહિ ચઢાયો ૪
મોકોં મેંટ પરવતહી થાપ્યો, તબમેં થરથરાય રિસ કાંપ્યો ૫
સૂરદાસ યહ સુરન સુનાઈ, તાકારન તુમ લિયે બુલાઈ ૬

બધા જ સૂરપતિની આગળ આવીને ઉભા રહી ગયા. બધાના મનમાં ચિંતા વધવા લાગી કે ક્યા કાર્ય માટે સૂરરાયે બોલાવ્યા હશે ? તેથી સંકોચ સહિત પૂછવા લાગ્યા. ત્યારે સૂરરાય કહે છે - શું કહીએ? કંઈ કહેવાનું સમજાતું નથી. એમ કહીને મેઘોની દશા સૂરપતિએ કહી બતાવી, કે વ્રજવાસીઓએ મને પડતો મૂકીને બધું ભોજન ગિરિને ચઢાવ્યું. મને મૂકીને પર્વતને પોતાના (ઈષ્ટ તરીકે) સ્થાપ્યો ત્યારે મને ખૂબ જ ક્રોધ આવ્યો. સુરદાસજી કહે છે - આમ દેવરાયે દેવોને કહ્યું અને માટે જ તમને બોલાવ્યા છે. (મસલત માટે) (૬૩)

બિલાવલ ૬૪

સુરન કહી સુરપતિ કે આગેં, સન્મુખ હોત સકુચ હમેં લાગેં ૧
સકુચત કિત સો બાત સુનાવો, નીકેં કર મોકોં સમુજાવો ૨
નીકી ભાંત સુનોં સુરરાઈ, વ્રજમેં બ્રહ્મ પ્રકટ ભયે આઈ ૩
તુમ જાનત જબ ધરનિ પુકારી, પાપહિ પાપ ભઈ અતિભારી ૪
પોઢે શેષ સંગ શ્રીપ્યારી, તે વ્રજ ભીતર રહે વપુ ધારી ૫
બ્રહ્મકથા કહિ આદિ પસારી, તિનસોં તુમ કીની અધિકારી ૬
સૂરદાસ પ્રભુ ગિરિવરધારી, યહ સુન ઈંદ્ર ડર્યો મન ભારી ૭

ત્યારે દેવોએ સૂરપતિને કહ્યું - અમને કહેતાં સંકોચ થાય છે. (ત્યારે ઈંદ્ર કહે) જે વાતમાં સંકોચ હોય તે વાત કહો, મને સારી રીતે સમજાવો. ત્યારે દેવો કહે - હે દેવરાય ધ્યાન દઈને સાંભળો - વ્રજમાં બ્રહ્મ પ્રકટ થઈને પધાર્યા છે. તમને તો ખબર છે કે ધરતીએ પોકાર (આર્ત ભરી વિનતી) કર્યો હતો કેમકે ધરતી પર ખૂબ જ ભારે પાપ પર પાપ થવા લાગ્યા હતા. જે લક્ષ્મીજી સહિત શેષશૈયા પર પોઢે છે તે બ્રહ્મ, વ્રજમાં દેહ ધારણ કરીને રહે છે. આમ બ્રહ્મની કથા વિસ્તારથી કહી, તમારું અધિકારીપણું જ તો તેમનાથી છે. સુરદાસજી કહે છે - જેમને ગિરિવરને (હાથમાં) ધારણ કર્યો તે જ સર્વના પ્રભુ (સ્વામી) છે. આ સાંભળીને ઈંદ્ર મનમાં ખૂબ જ ડરી ગયો. (૬૪)

બિલાવલ ૬૫

યહ મોકોં તબહી ન સુનાઈ, મેં બહૂત કિની અધમાઈ ૧
પુરણ બ્રહ્મ રહે વ્રજઆઈ, સુરન કહી નહિ કરી ભલાઈ ૨
આજ કહ્યો જબ મહત ગમાઈ, કાહૂને મોહિ સુધિ ન દિખાઈ ૩
યહ સુન અમર ગયે શરમાઈ, સુનો રાજ હમ જાન ન પાઈ ૪
અબ સુનિયે આપન મન લાઈ, વ્રજહી ચલો નહિ ઔર ઉપાઈ ૫
વેહેં કૃપાસિંધુ કરુણા કર, ક્ષમા કરેંગે શ્રીસુંદરવર ૬
ઔર કછૂ મનમેં જિન આનો, હમજો કહેં સત્ય કર માનો ૭
સૂર સુરન યહ બાત સુનાઈ, સુરપતિ શરણ ચલ્યો અકુલાઈ ૮

આ વાત મને ત્યારે કેમ ન કરી ? મેં તો ખૂબ અધમતા કરી દીધી.

દેવો : પૂર્ણ બ્રહ્મ વ્રજમાં આવીને બિરાજ્યા છે. જે કંઈ કર્યું તે સારું નથી કર્યું.

ઈંદ્ર : આજે (આ) કહો છો કે જ્યારે મે મારી મોટાઈ ખોઈ નાખી ! કોઈએ ધ્યાન પણ ન દોર્યું ?

આ સાંભળીને દેવો શરમાઈ ગયા અને કહે - સાંભળો મહારાજ, અમને આ વાતની ખબર જ નહિ. પણ હવે ધ્યાનથી આપ સાંભળો કે – વ્રજમાં ચાલો, બીજો કોઈ ઉપાય નથી. તેતો શ્રેષ્ઠ સુંદર કૃપાસિંધુ છે તેથી કૃપા કરીને ક્ષમા કરશે. અમે જે કહીયે છે તેને યોગ્ય જ માનો. આ પ્રકારે દેવોએ આ વાત કહી ત્યારે સૂરપતિ વ્યાકુળ હૃદયે શરણે થવા માટે ચાલ્યો. (૬૫)

બિલાવલ ૬૬

જબ જાન્યોં વ્રજ દેવમુરારી, ઉતર ગઈ સબ ગર્વ ખુમારી ૧
વ્યાકુલ ભયો ડર્યો જિય ભારી, અનજાનેં કીની અધિકારી ૨
બૈઠ રહેતેં નહિ બનિ આવે, એસો કો અબ મોહિ બચાવે ૩
વારવાર યહ કહિ પછિતાવે, જાઓ શરણ વિલંબ નહિ ભાવે ૪
જાય પરો ચરણન શિરધારો, કે મારો કે મોહિ ઉગારો ૫
અમરન કહ્યો કરો અસવારી, એરાવતકોં લેહુ હંકારી ૬
સૂર શરણ સુરપતિ ચલ્યો ધાઈ, લિયે અમરગણ સંગ લગાઈ ૭

વ્રજના દેવ મુરારીએ ત્યારે જાણ્યું કે - (ઈંદ્રનો) બધો ગર્વ (ખુમારી) ઉતરી ગયો છે તેથી (ઈંદ્ર) વ્યાકુળ થઈને મનમાં ખૂબ જ ડરવા લાગ્યો છે (કે મેં તો) અજાણતાં

જ દાદાગિરિ કરી, હવે બેસી રહેવાથી કાંઈ નહિ વળે. કેમકે એવું કોઈ નથી કે જે મને બચાવી શકે. આ પ્રકારે વારંવાર કહીને પસ્તાવો કરવા લાગ્યો. દેવોએ પણ કહ્યું, હવે શરણે જાઓ, આ બાબતે મોડું ન કરો. જઈને તેમના ચરણમાં શીર ટેકવી દો અને કહો - મારનાર કે ઉગારનાર તમે જ છો ! હવે જલ્દી અસ્વારી કરો. ત્યારે ઐરાવત ઉપર બેસી, સૂરગણોને સાથે લઈને સૂરપતિ (પ્રભુને) શરણે થવા દોડયો. (૬૬)

બિલાવલ ૬૭

કરત વિચાર ચલ્યો સન્મુખ વ્રજ, લટપટાત પગ ધરત ધરણિગજ ૧
કોટિ ઈંદ્ર જાકે રોમન રજ, વ્રજ અવતાર લિયો માયા તજ ૨
ઉતર ગગન પોંહોંમી પર આયે, મનમન સોચ કરત ડરલાયે ૩
ચક્રત ભયે મન શ્રવણ ભ્રમાયે, યેધોં કોન કહાંતે આયે ૪
કહત સુની લોગન મુખવાત, એહીહે સુરપતિ સુર જ્ઞાત ૫
દેખ સેંન વ્રજલોગ સંકાત, યે આયો કીને કછુ ઘાત ૬
સૂરશ્યામકોં જાય સુનાયો, સુરપતિ સેન સાજિ વ્રજ આયો ૭

આમ વિચારીને ઈંદ્ર વ્રજની સન્મુખ થવા ચાલ્યો પણ આ હાથીના પગલાં ધરણી ઉપર પડતાં જ તે ડગમગવા લાગ્યો (કેમકે ત્યાં તો) જેના પ્રત્યેક રોમ કોટી ઈંદ્ર સમાન છે. તેવા પ્રભુએ માયા ત્યજીને વ્રજમાં અવતાર લીધો છે. આકાશમાંથી ઉતરીને ભૂમિ પર આવતાં મનમાં અનેક પ્રકારે ડર લાગવા લાગ્યો. કાનમાં સૂરપતિના આવવાનો અવાજ આવતાં (વ્રજવાસીઓના) મન પણ ચક્કરમાં પડી ગયા કે આ વળી કોણ અને ક્યાંથી આવ્યા છે ? એક બીજાને બધા કહેવા લાગ્યા - આ જ તો કહેવાતા સૂરપતિ અને દેવ છે ? આ (સેંન) સંકેતથી વ્રજવાસીઓના મનમાં શંકા જાગી કે શું આ કંઈ મારવા તો નથી આવ્યો ? તેથી તેઓએ જઈને શ્યામને વાત કહી કે– સૂરપતિ સેનાથી સજ્જ થઈને વ્રજમાં આવ્યો છે. (૬૭)

બિલાવલ ૬૮

નિકટ જાન ત્યાગ્યો વાહનકોં, વ્રજબાહિર રાખ્યો તાહિનકોં ૧
સકુચત ચલ્યો કૃષ્ણકે સન્મુખ, કછૂ આનંદ કછૂ મનમેં દુખ ૨
પર્યો ધાય ચરણન શિરનાઈ, કૃપાસિંધુ રાખો શરણઆઈ ૩
કિયે અપરાધ બહુત બિન જાને, પ્રભુ ઉઠાય લિયે મુસિકાને ૪
શ્રીમુખ કહ્યો ઉઠો સુરરાજ, વદન ઉઠાય સકત નહિ લાજ ૫
યે દિન વૃથા ગયે વે કાજ, તુમકોં નહિ જાન્યોં વ્રજરાજ ૬
સુરશ્યામ લીનોં ઉર લાઈ, અશરણ શરણ નિગમ યહ ગાઈ ૭

હવે વ્રજ નજીકમાં જ છે તેમ જાણીને સૂરપતિએ અસવારીને છોડી દીધી. તેઓને (સાથેનાને) વ્રજની બહાર જ રાખ્યા તથા સંકોચ સાથે કંઈક હરખ સાથે (કૃષ્ણના દર્શન થશે) અને કંઈક મનમાં દુઃખ (અપરાધ ભાવથી) સાથે કૃષ્ણ સન્મુખ થવા ચાલ્યો. પછી દોડીને સીધું જ આપના ચરણમાં માથું મૂકી દીધું અને કહ્યું, ‘‘હે કૃપાસિંધુ, મને આપનું જ શરણ છે, મને બચાવો. અજાણતામાં મેં ઘણા અપરાધ કર્યા છે.’’ ત્યારે પ્રભુએ તેને ઉઠાવીને ઉભો કર્યો અને સ્મિત કરીને શ્રીમુખથી કહ્યું, ‘‘સૂરરાજ ઉઠો’’, હે વ્રજરાજ મે આપને જાણ્યા નહિ. તેથી મેં એવા કાજ કર્યા છે કે જે ઘૃણાપાત્ર (વૃથા) છે, તેથી લાજના કારણે હું મોં બતાવી શકું તેવો નથી. ત્યારે શ્યામે તેને હૃદયથી ચાંપ્યો કેમકે વેદ પણ કહે છે કે પ્રભુ તો અશરણના શરણ છે. (૬૮)

બિલાવલ ૬૯

હંસહંસ કહત કૃષ્ણ મુખબાની, હમ નાંહી રિસ તુમ પર આની ૧
તુમ કિત અતિ શંકા જિયમાની, ભલી કર વ્રજ વરખ્યો પાની ૨
યહ સુન ઈંદ્ર અતિહિ સકુચાન્યોં, વ્રજ અવતાર નહી મેં જાન્યોં ૩
રાખરાખ ત્રિભુવનકે નાથ, નહિ મોસો કોઉ ઔર અનાથ ૪
ફિરફિર ચરણ ધરત લે માથ, ક્ષમા કરો મોહિ રાખો સાથ ૫
રવિ આગેં ખદ્યોત પ્રકાશ, મણિ આગેં જ્યોં દીપકનાશ ૬
કોટિ બ્રહ્મ શિવ કોટિ અવિનાસ, મો ગરીબકી કેતિક આસ ૭
દીન વચન સુન ભવકે વાસ, ક્ષમાકરો જલ પર્યો હુતાસ ૮
અમરાપતિ ચરણન તર લોટત, રહી નહીં ઉરમેં કછ ખોટત ૯
ઉભય ભુજા કર લિયો ઉઠાય, સુરપતિ શીશ અભય કર નાય ૧૦
હંસ દીની પ્રભુ લોગ બડાઈ, શ્રીમુખ કહ્યો કરૌ સુખ જાઈ ૧૧
જયજય ધ્વનિ સબ દેવન ગાઈ, ધન્ય ધન્ય જનકે સુખદાઈ ૧૨
શિવ વિંરચિ સનકાદિક નારદ, ગૌરીસુત દોઉ સંગ શારદ ૧૩
રવિ શશિ વરૂણ અનલ યમરાજ, આજ ભયે સબ પૂરણ કાજ ૧૪
અશરણ શરણ સદાં તુમ, બાનો યહ લીલા પ્રભુ તુમહી જાનો ૧૫
માતાસોં સુત કરે ઢિઠાઈ, માતા ફિરતાકોં સુખદાઈ ૧૬
જ્યોં ધરણી હલ ખોદ વિનાશે, સન્મુખ સતગુણ ફલહિ પ્રકાશે ૧૭
કર કુઠાર લે તરુહી ગિરાવે, વહ કાટે વહ છાયા પાવે ૧૮
જૈસેં દશન જીભ દલિ જાઈ, તબ કાસોં સો કરે રિસાઈ ૧૯
ધન્ય વ્રજ ધન્ય ગોકુલ વુંદાવન, ધન્ય યમુના ધન્ય લતા કુંજવન ૨૦

ધન્ય નંદ ધન્ય જનનિ યશોદા, બાલ કેલિ પ્રભુ કરે સમોદા ૨૧
સ્તુતિ સુન મન હરખ બઢાયો, સાધુસાધુ કહી સુરન સુનાયો ૨૨
તુમહી જાય જબ મોહિ જગાયો, તુમારેઈ કાજ દેહ ધર આયો ૨૩
તુમ રાખોં અસુરન સિંઘારોં, તનુ ધરી ધરણી ભાર ઉતારોં ૨૪
આવત જાત બહુત શ્રમ પાયો, જાવો ભવન કર કૃપા પઠાયો ૨૫
કર સિર ધર ચલે દેવગન, પહુંચે અમરલોક આનંદ મન ૨૬
યહ લીલા સુર ઘરન સુનાઈ, ગાય ઉઠીં સુરનારી બધાઈ ૨૭
અમરલોક આનંદ ભયો સબ, હરખ સહિત સુરપતિ આયે જબ ૨૮
સૂરદાસ સુરપતિ અતિ હરખ્યો, જયજય ધ્વનિ સુમનન વ્રજ વરખ્યો૨૯

કૃષ્ણ હસતાં હસતાં કહેવા લાગ્યા કે અમને તમારા પર રીસ નથી આવી. તું શા માટે તારા મનમાં તેવી શંકા રાખે છે ? વ્રજમાં જલ વરસ્યું તે તો બહુ સારું કર્યું. આ સાંભળીને ઈંદ્ર ખૂબ સંકોચ પામ્યો અને કહ્યું કે, ‘‘વ્રજમાં આપે અવતાર લીધો છે તે મેં ન જાણ્યું. હે ત્રિભુવનના નાથ, મારી રક્ષા કરો, મારી રક્ષા કરો (રાખ રાખ) મારા સમાન કોઈ અનાથ નથી.’’ વારંવાર ચરણના સ્પર્શ કરી માથે ચડાવે છે. ‘‘મને ક્ષમા કરીને આપની પાસે રાખો, હું તો સૂર્યની સામે આગીયાના પ્રકાશ સમાન છું. મણિની સામે દીપક જેવો તુચ્છ છું. આપ તો કોટી બ્રહ્મા, કોટી શિવ છો, અને હું તો ગરીબ છું સર્વ ભુવનોમાં જેમનો વાસ છે તેવા, મારાં વચનને ધ્યાનમાં લો અને ક્ષમા કરો. અગ્નિમાં જલનાં ટીપાં જેમ વરાળ થઈ જાય તેવો છું.’’ આમ ઈંદ્ર પ્રભુના ચરણમાં આળોટી રહ્યો છે. તેના હૃદયમાં સ્હેજ પણ ખોટ નથી રહી (તે જાણીને) આપે (કૃષ્ણે) પોતાની બંને ભૂજાથી ઉઠાવી લીધો. તેના શીર પર હાથ રાખી તેને અભયદાન આપ્યું. પ્રભુએ હસીને તેને લોકમાં વડાઈ (ઈંદ્રપણું) આપી અને શ્રીમુખથી કહ્યું, ‘‘જાઓ, સુખ પામો.’’ બધા દેવોએ ‘જય-જય’ તેઓ ધ્વનિ કર્યો. લોકોના સુખદાયી ધન્ય છે. શિવ, વિરંચી-બ્રહ્મા, સનક વ. ૪ મુની, નારદ, પાર્વતીના બંને પુત્ર કાર્તિકેય-ગણપતિ, શારદની સાથે સૂર્ય, ચંદ્ર, વરૂણ, અગ્નિ અને યમરાજ બધાનાં કાર્ય આજે સફળ થયા. આપ અશરણના શરણ છો તે આપનો સ્વભાવ-ટેવ છે. (બાંનો) છે. આ આપની લીલા તો આપ જ જાણો, કોઈને સમજાય તેમ નથી. પુત્ર માતાની સાથે બદતમિજી કરે પણ માતા તો તેનું કલ્યાણ કરનારી જ હોય છે. જેમ મનુષ્ય હળ વડે ધરણીને ખોદી તેનો નાશ કરે છે પણ (ધરતી તો) તેના બદલે સેંકડો ઘણા (સતગુણ) ફળ જ આપે છે (પ્રકાશે). કુહાડી વડે જે કોઈ ઝાડને પાડી નાખે છે પણ ઝાડ તો તેને છાયા આપે છે. જેમ દાંત નીચે જીભ કચરાઈ જાય તેથી શું જીભ તેના પર રીસ કરે

છે ? તેથી વ્રજ, ગોકુલ, વૃંદાવન, યમુના, અહીંની લતા, કુંજ, વન, નંદજી, મા યશોદા સર્વનાં ધન્ય ભાગ્ય છે કે અહીં પ્રભુ બાલકેલી (રમત) કરીને સર્વને આનંદીત (સમોદા) કરે છે.

આ પ્રકારની સ્તુતિ સાંભળીને પ્રભુના મનમાં પણ ઘણો આનંદ થયો. ત્યારે પ્રભુએ દેવોને ધન્યવાદ આપી કહ્યું, ''તમોએ જ જ્યારે આવીને મને (ક્ષિર સાગરમાંથી) જગાડયો તેથી તમારા માટે જ તો મેં માનુષદેહ ધારણ કર્યો છે. તમારી રક્ષા (રાખો) કરીને અસૂરોનો સંહાર કરું છું. અમે આ દેહને ધારીને, ધરણીના ભાર હળવો કરીએ છીએ. તમોને અહીં આવવા-જવાનો ઘણો શ્રમ થયો હશે તેથી હવે ઘરે પાછા જાઓ.'' તેમ કૃપા કરીને કહીને મોકલી આપ્યા. (આપના ચરણસ્પર્શ કરી) માથે હાથ લગાવીને દેવગણ ચાલ્યા અને આનંદીત મન સાથે (હળવા મનથી) દેવલોકમાં પહોંચ્યા. દેવોએ આ લીલા પોતાના ઘરમાં સંભળાવી તે સાંભળી સૂરનારીઓ તેની વધાઈ ગાવા લાગી. હરખ સહિત જ્યારે સૂરપતિ આવ્યા ત્યારે ઈંદ્રલોકમાં આનંદ છવાઈ ગયો. સૂરપતિ ખૂબ જ હરખાયા. તેના જયઘોષના ધ્વનિરૂપ પુષ્પો વ્રજમાં વરસ્યા. (૬૯)

બિલાવલ ૭૦

હરિ કરતેં ગિરિરાજ ઉતાર્યો, સાત દિવસ જલ પ્રલય સંભાર્યો ૧
ગ્વાલ કહત કેસેં ગિરિ ધાર્યો, કેસેં સુરપતિ ગર્વ નિવાર્યો ૨
વજાયુધ જલવરષ સિરાનોં, પર્યો ચરણ જબ પ્રબુ કરિ જાન્યોં ૩
યહ કરતૂત કરત તુમ કેસેં, હમસે સદાં રહત હો તેસેં ૪
હમ હિ મિલે તુમ ગાય ચરાવત, નંદ યશોદા સુવન કહાવત ૫
દેખ રહીં સબ ગોપ કુમારી, કોટિ કામ છબિ પર બલહારી ૬
કરજોરત રવિ ગોદ પસારે, ગિરિવરધર પતિ હો હમારે ૭
એસો ગિરિગોવર્ધન ભારી, કબ લીયો કબ ધર્યો ઉતારી ૮
તનક તનક ભુજ તનક કન્હાઈ, યહ કહિ ઉઠી યશોદામાઈ ૯
કેસેં પર્વત લિયો ઉઠાઈ, ભુજ ચાંપત ચુંબત બલજાઈ ૧૦
વારંવાર નિરખ પછિતાઈ, હંસત દેખ ઠાડે બલભાઈ ૧૧
ઈનકી મહિમા કાહુ ન પાઈ, ગિરિવર ધર્યો યહે બહુતાઈ ૧૨
એક એક રોંમ કોટિ બ્રહ્માંડ, રવિ શશિ ગગન ધરણિ નવ ખંડ ૧૩
યહ વ્રજ જન્મ લિયો કેવાર, જહાંતહાં જલથલ અવતાર ૧૪
પ્રકટ હોત ભક્તનકે કાજ, બ્રહ્મા કીટ સબનકે રાજ ૧૫
જહાંજહાં ગાંઠ પરે તહાં આવે, ગરૂડ છાંડ તા સન્મુખ ધાવે ૧૬

વ્રજહીમેં નિત કરત વિહારન, યશુમતિ ભાવ ભક્તન હિત કારન ૧૭
યહલીલા ઈનકોં અતિભાવે, દેહ ધરેં પુનપુન પ્રકટાવે ૧૮
નેક તજત નહીં વ્રજ નરનારી, ઈનકે સુખ ગિરિ ધરત મુરારી ૧૯
ગર્વવંત સુરપતિ ચઢ આયો, વામ કરજ ગરિ ટેક ઉઠાયો ૨૦
એસેહેં પ્રભુ ગર્વપ્રહારી, ભુજ ચૂંબતિ યશુમતિ મહેતારી ૨૧
યહ લીલા જો નિતપ્રતિ ગાવે, આપુન સીખે ઔર સિખાવે ૨૨
સુનેં સીખ પઢ મનમેં રાખે, પ્રેમ સહિત પુન મુખતેં ભાખે ૨૩
ભક્તિ મુક્તિકી કેતિક આસ, સદાં રહત હરિ તિનકે પાસ ૨૪
ચતુરાનન જાકો યશ ગાવત, શેષ સહસ્રમુખ જાહિ વખાનત ૨૫
આદિ અન્ત કોઉ નહિ પાવે, જાકોં નિગમ નેતિનેતિ ગાવે ૨૬
સૂરદાસ પ્રભુ સબકે સ્વામી, શરણ રાખ મોહિ અંતર્યામી ૨૭

હરિએ પોતાના હાથમાંથી ગિરિરાજને નીચે ઉતાર્યો. આમ, સાત દિવસ સુધી જલ-પ્રલયથી રક્ષણ કર્યું. (સંભાર્યો) ગ્વાલો કહેવા લાગ્યા. ‘‘જોયું કેવો ગિરિરાજને આપે ધારણ કર્યો. ! કેવો સૂરપતિનો ગર્વ ઉતાર્યો ! વ્રજ જેવાને વર્ષાના જલથી વહાવી દેવા ચાહ્યું પણ તમને સ્વામી જાણીને પગે પડયો, આવા બધાં કરતૂત તમે કેવી રીતે કરો છો ? અમારી સાથે તો અમારી જેમ જ રહો છો, અમારી સાથે મળીને તો ગાયો ચરાવો છો, અને નંદ યશોદાના પુત્ર કહેવાવ છો.

ગોપકુમારીઓ બધીઓ પ્રભુના કોટી કામદેવ જેવા સ્વરૂપ પર વારી જઈને નિહારી રહી છે અને સૂર્યદેવની સામે ખોળો પાથરીને વિનતી કરે છે કે એ ગિરિવરધર અમારા પતિ થાઓ.’’

‘‘આવડો મોટો ભારે ગિરિગોવર્ધન, કેવો ઉઠાવી લીધો અને કેવો ઉતારી ય મૂક્યો ? મારા કનૈયાની ભૂજા પણ એકદમ નાની નાની છે.’’ તેમ કહીને યશોદા માએ ઉઠીને કહ્યું, ‘‘કેવી રીતે ઉઠાવ્યો પર્વત ?’’ તેમ કહેતાં હાથ દબાવે છે અને ચુંબન કરતાં ઓવારણાં લે છે.

બલદેવજીને હસતાં જોઈને યશોદાજી પસ્તાવો કરે છે. (આને છે કંઈ ?)

(બલદેવજી વિચારે છે) આનો મહિમા કોઈ જાણી શકે તેમ નથી. (વેદરૂપ બલદેવજી નેતિ નેતિ કહે છે.) ગિરિવરને ઉઠાવ્યો તે તો તેને શું મોટી વાત છે. તેના એક એક રોમમાં કોટી બ્રહ્માંડ છે અને સૂર્ય-ચંદ્ર-ગગન-ધરતી-નવખંડ વગેરે છે તેને અહીં વ્રજમાં જન્મ લીધો છે, તેમ તેણે તો જલ-સ્થલ બધે ઘણીવાર અવતાર લીધો છે. તે તો ભક્તોને માટે પ્રકટ થાય છે. કીટથી બ્રહ્મા સુધી સર્વના સ્વામી છે. જ્યારે જ્યારે પણ ભક્તને આપદા (ગાંઠ) પડે ત્યારે પધારે છે, ગરૂડવાહન છોડીને પણ

દોડતા આવી પૂગે છે. તે વ્રજમાં જ નિત્ય વિહાર કરે છે. યશોમતિના ભાવને વશ અને ભક્તના હિતને માટે આ કરે છે. આપને આ લીલા ખૂબ પ્રિય છે. જેથી ફરી ફરી વ્રજમાં પ્રકટે છે. વ્રજના નરનારીને સહેજ પણ ત્યજતા નથી, તેમના સુખાર્થે તો આ મુરારિએ ગિરિને ધારણ કર્યો જ્યારે ગર્વિલો સુરપતિ (વ્રજ પર) ચઢી આવ્યો ત્યારે આપે ડાબા ડાબે હાથે ગિરિ ઉઠાવી લીધો. પ્રભુ આ પ્રકારે ગર્વને ભાંગનારા છે કે જેમના હસ્તને યશોદાજી (શ્રમિત જાણીને) ચુંબન કરી રહ્યા છે (માટે બલદેવજી હસી રહ્યા છે.)

માહાત્મ્ય - આ લીલાનો જે નિત્ય નિયમ પૂર્વક ગાય, પોતે (મોઢે રાખતાં) શિખે અને શિખવે, સાંભળે, શિખે અને વાંચીને મનમાં યાદ રાખે તથા પ્રેમપૂર્વક ફરી ફરી ગાય. તેને ભક્તિ-મુક્તિની આશા કેવી ? કેમ કે હરિ સ્વયં તેની પાસે જ રહે. બ્રહ્મા વગેરે જેનો યશ ગાય, શેષ હજારો મુખેથી જેના યશગાન કરે છે. તેમના આદિ-અંતનો કોઈ પાર પામી શકે તેમ નથી, જેને નિગમ નેતિ નેતિ કહે છે, તેવા આ પ્રભુ સર્વ કોઈના સ્વામી છે. હે અંતર્યામી મને શરણમાં રાખો તેમ સુરદાસજી વિનતી કરે છે. (૭૦)

ગોપાષ્ટમી

(૧૦૨) પૂર્વી ૧ ૨/૧૧૪

ધેનનકો ધ્યાન માઈ નિશદિન મેરે લાલન કો
સ્વપ્ને કહત ગોરી ગાયન આઈ ?
આનન ઉજારી બનવારી જું સમ્હારી લાઉ
વા બીન ન રહૂંગો, બાબા કી દુહાઈ ૧
કજરારી કંઠવારી મખતુલ ફોંદાવારી
ઝાંઝર ઝનકારી પ્યારી મો મન ભાઈ
જગન્નાથ કવિરાય કે પ્રભુ પ્યારે
ચિરજીવો કુંવર કન્હાઈ... ૨

ભાવાર્થ :

યશોદાજી પોતાની સાથે લાલને કરેલ અનેક પ્રકારની લીલાને યાદ કરીને દિવસો વિતાવી રહ્યા છે, કેમકે લાલન તો લીલાના ભાગ રૂપે વ્રજમાં સાક્ષાત્ પધાર્યા અને હવે મથુરા-દ્વારકા પધાર્યા છે. પરંતુ સૌ વ્રજવાસીઓના હૃદયમાં અખંડ નિત્ય લીલા કરી રહ્યા છે.

માતા કહે છે - મારા લાલનને પોતાની ગાયો બહુ પ્રિય છે. જેથી તેનો ગાયો પ્રતિ નિરોધ સિધ્ધ થઈ ગયો છે. તેથી તો રાત-દિવસ મારા લાલનને (ધેનન) ગાયો જ ધ્યાનમાં આવે છે, ગાયોની લીલા, સ્વરૂપ, ગુણ વગેરે ધ્યાનમાં આવે છે. મારા લાલને એક દિવસ મને કહ્યું કે, ''મા મને સ્વપ્નમાં ગોરી ગાય આવી તેનું રૂપ કેવું છે ? તો કહે છે - તેનું મુખ ઉજિયાળું - તેજસ્વી છે, વાન ગોરો છે. તે વનમાં ક્યાંક ભટકી ગઈ છે. હું તેનો બનવારી, તેથી મારે જ તેને સંભાળીને લાવવી જોઈએ પણ તે મને મળતી નથી. હે મા... હું સ્વપ્નમાં પણ કહું છું કે મને બાબાની આન-દુહાઈ છે કે તેના વગર હું રહી શકું તેમ નથી, તેટલી તે મને અતિ પ્રિય છે. આ લીલાભાવના હતી. (૧)

ફરી હવે સ્વરૂપ ભાવના આગળ વધે છે. તેનો કંઠ કજરારી છે અને કાજળ સમાન કાંઠલો છે. તેના ગળા નીચેનો ફોંદા-માખણ જેવો પોચો કે મખમલ જેવો સુંવાળો છે. તે ચાલે છે ત્યારે તેના ઝાંઝરમાંથી સુંદર ધ્વનિ નિકળે છે. તે મને ખૂબ જ પ્યારી છે અને મારા મનને ગમી ગયેલ છે.

આવી પોતાના પુત્ર કનૈયાની લીલા સંભાળી સંભાળીને મા કહે છે - આ મારો પ્યારો તો હવે મથુરા-દ્વારકામાં, સૌનો પ્રભુ-સ્વામી થઈ ગયો ! બસ આ મારો કુંવર કન્હાઈ જ્યાં હોય ત્યાં હેમખેમ રહે. (૨)

વિશેષ ભાવાર્થ

મહાપ્રભુ કહે છે આ જે પુષ્ટિપ્રભુ છે તે પોતાના ભક્તને એક ક્ષણ પણ વિસરતા નથી. તેમને નિશદિન પોતાની અંગસૃષ્ટિ ઈંદ્રિયધારી (ગોધન)નું ધ્યાન રહે છે. તેથી દરેક અવસ્થામાં મહાપ્રભુને પૂછે છે - ભટકી ગયેલા જીવો પાછા વળ્યા ? પ્રભુ પોતાના ભક્તોની યાદને વાગોળે છે કે તેમનું આનન-મુખની વાણી તો મારા કીર્તિગાન કરનારી, મને ઉજાળનારી છે. મારા રૂપ-ગુણ-લીલાને પ્રકાશીત કરનારી બોલનારી છે. હું જ તો તેમનો સ્વામી છું તેવું પ્રભુને ગૌરવ છે તેથી તેમના ભાવનું પોષણ (સમ્હારી) પણ હું જ કરીશ. ''ન મે ભક્ત પ્રણસ્યતિ'' પ્રભુ કહે છે કે - મને વ્રજભક્તોના સોગંદ છે (અહીં નંદજી બાબા ઉપલક્ષણ રૂપે છે.) કે હું તેમની પૂર્ણ સુધી લઈશ. હું તેવા મારા ભક્તો વગર અધૂરો છું તેથી રહી શકતો નથી. કેમકે ભક્તો છે, તો ભગવાન નામ સાર્થક છે. તેઓ કાજળ સમાન કંઠવાળા તામસ ભાષા બોલનારા હોય કે રાજસ સ્વભાવવાળા મખતુલ ફોંદાવાળા હોય કે ચિત્તને આનંદ આપનાર ઝાંઝર ઝમકાવતા સાત્વિક સ્વભાવના હોય પણ તેઓ 'પ્યારે'ના ભાવવાળા સ્નેહાળ છે પ્યારી છે તેથી તેઓ મને ખૂબ પ્રિય છે.

કવિઓ-વિદ્વદ્જનો-જ્ઞાનીઓ કે મર્યાદા ભક્તો-મારા માહાત્મ્યજ્ઞાનને જ જાણનારા, ભલે મને જગન્નાથ માને, મને રાય-રાજાધિરાજ કે સ્વામી જાણે કે પ્રભુ જાણે પણ આ લોકો તો મને 'પ્યારો' જ જાણે છે. તેઓ હંમેશા મારા સુખનો વિચાર કરનારા હોવાથી ''ચિરજીયો કુંવર કન્હાઈ'' તેમ કહેનારા અને તે પ્રકારની સેવા કરનારા છે.

એટલા માટે હે વલ્લભ ! મારો નિરોધ તેવા ભક્તોમાં સિદ્ધ થઈ ગયો છે. મારી અન્ય સર્વમાંથી (પ્રપંચની) વિસ્મૃતિ થઈ ગઈ છે. આ જે (ધેનનની) ભેટ તમે મને કરી છે તેવા સમર્પિતોનું જ મને જાગતાં-બેસતાં-ઊંઘતાં-ખેલતાં-ખાતાં-પીતાં અરે સ્વપ્નમાં પણ તેમનું ધ્યાન-સ્મરણ રહે છે. તે મારા સ્મરણમાંથી ખોવાઈ જાય તે મને પાલવે તેમ નથી. વલ્લભ, આપ આ યાદ રાખજો. તેવા જીવો પર કૃપા વરસાવવા ભૂતલ પર પધારો.

(૧૦૩) પૂર્વી ૨ ૨/૧૧૪

ગૈયા દૂર નિકસ ગઈ મોહન બગદાવો દે હાંક
જો ઊંચે ચઢ ટેર સુનાવો સબ બગદેંગી મેરે જાન ૧
વૃંદાવનમેં ચરત હરિત તૃણ ચોંક ચમક સુન આછી નીકી તાન
દૂધધાર ધરણી સીંચત આઈ ગોવિંદ પ્રભુ કો કરત કમલ મુખપાન ૨

ભાવાર્થ :

ગ્વાલ મોહનને કહે છે કે આપણી ગાયો તો દૂર નિકળી ગઈ છે (ગૈયા દૂર નિકસ ગઈ) તું કોઈક મોહક પ્રકારેથી તેને પાછી લઈ આવવા માટે હાંક દે. (મોહન હાંક દે બગદાવો) હે મારા પ્રિય (મેરે જાન) તું જો (કદંબ પર) ઊંચે ચઢીને સંભળાવીશ તો સંભળાશે તો બધી જ ગાયો પાછી ફરશે (૧)

ત્યારે પ્રભુએ સખાઓને કહ્યું તેમ તેમ કર્યું. આ ગાયો તો વૃંદાવનમાં લીલું લીલું ઘાસ ચરવામાં લાગી ગયેલી છે પણ સુંદર તાન સાંભળીને તેઓને ભાન થયું (ચૌક ચમક) તેથી દૂધની ધારા ધરણી પર વહેવડાવતી (કેમકે તેમનો પ્રભુ પ્રત્યેનો સ્નેહ પ્રકટી ઉઠયો) દોડી આવી અને મોહનની સન્મુખ આવીને, તેમના કમલ સમાન મુખનું દર્શન-પાન કરવા લાગી. (૨)

વિશેષ ભાવાર્થ :

પ્રભુ વિચારે છે કે - આ જીવો કે જે મારી જ અંગસૃષ્ટિ છે (ગૈયા) તે બધાં ભક્તિથી દૂર થઈ ગયા છે. કેમકે તેમને મોહ થઈ ગયો છે. (ગૈયા દૂર નિકસ ગઈ

મોહન) તેથી હે વલ્લભ તેમને (હાંક મારીને) ભક્તિસંબંધ વચનામૃતો કરીને પાછા વાળો (બગદાવો દે હાંક). તેઓ તો દૈવી જીવ હોવાથી મારા પ્રાણપ્રિય છે (મેરે જાન) માટે તમે એવા ઊંચા પદે બિરાજીને સદુપદેશ કરો કે જેથી હાલના અને હવે પછીના કાળના સર્વ દૈવીપુષ્ટિજીવો પ્રવાહ માર્ગેથી પાછા ફરે. તેથી આપ ઉત્તમ કુળના બ્રાહ્મણને ત્યાં પ્રકટી, આચાર્યપદ ધારણ કરો કે જે આચાર્ય અન્ય આચાર્યો કરતાં પણ શ્રેષ્ઠ હોય! (ઊંચે ચઢ ટેર સુનાવો) (સબ બગ દેંગે) (વૃંદા-સ્ત્રીઓ) સંસારમાં તેઓ ભટકી રહ્યા છે. (ચરત) અને ત્યાં વિષયોનો ભોગ (હરિત તૃણ) કરવામાં મગ્ન છે. પરંતુ તેઓ મૂળે દૈવીપુષ્ટિ જીવ હોવાથી તેમનામાં સુંદર પ્રકારે, જો એકવાર પ્રીતિને પ્રકટ કરી દેવામાં આવે તો કામ થઈ જાય! આ પ્રકારે શ્રી આચાર્યજીએ (આછી નીકી) (સેવામાર્ગ) અને (તાન) કથા માર્ગ તેમ બંને માર્ગનો સમન્વય કરીને ઉપદેશ કર્યો, ત્યારે સંસારની પ્રપંચ આસક્તિ છોડીને, પોતાની અંદરના રસને પ્રકટ કરતી (દૂધ ધાર) પોતાના સમગ્ર દેહને પણ સિંચતી (ધરણી સિંચત) એટલે કે જ્ઞાનમાર્ગની જેમ માત્ર આત્મામાં જ રસ પ્રકટ થયો એટલું નહિ પણ ઈંદ્રિયોમાં પણ ભગવદ્‌રસ પ્રકટ થયો અને હવે તે દિવ્યજીવોના સ્વામી (ગોવિંદ) કે જે પ્રભુ છે અને કમલ જેવા પ્યારા અને નિર્ગુણ પણ છે તેમના મુખનું પાન કરવા લાગી, શ્રી વલ્લભ પ્રભુનું આસ્ય છે તે કૃષ્ણાસ્યના સ્વરૂપાનંદનું પાન જીવ કરવા લાગ્યા. બસ આ જ તો તેમના માટે કૃતાર્થતા છે. સ્વરૂપાનંદ એટલે મૂલસ્વરૂમાં ચિત્તનું રમમાણ.

(૧૦૪) ઈમન ૩ ૨/૧૧૫

પોંછત લાલ ગાયનકી પીઠ
કર મુખ મુદિત મુરિ મુસક્યાવન બારબાર ધારત તન દીઠ ૧
લે શિર માંટ દુહાવન આઈ બછરા દીયે ખિરક મૈં છોર
ધરહુ ધરહુ તુમારે પાય લાગહું પિયતન ચિતે હંસી મુખ મોર ૨
કછુક કાન બલભદ્ર બીરકી ધરહૂ જાન ન દેનકી સેન
પરમાનંદ સ્વામી રતિનાયક દુહું દિસ ઝઘરો લાયો મેન ૩

ભાવાર્થ :

પ્રભુને ગાય અને વાછરડાં બંને ખૂબ પ્રિય છે. તેથી લાલન ગાયોની પીઠ પરથી રજ દૂર કરવા પોંછે છે. આપના હસ્ત, આપનું પ્રસન્ન વદન (મુદીત મુખ) અને આપની ટેઢી મુસ્કાન (મુરિ મુસક્યાવન) આવા સ્વરૂપને જે વારંવાર હૃદયમાં ધારણ કરે છે. (બારબાર ધારત) (૧)

તેવી ગોપીએ તેવા સ્વરૂપને ખિરકમાં દીઠાં. ગોપીએ પોતાની ખિરકમાં લાલનને જોયા તેથી પ્રસન્ન થઈ. પણ તે તો ગાયને દોહવા માટે શીર પર મટુકી લઈને આવી છે. ત્યારે લાલને ખિરકમાં વાછરડાંને છોડી મુક્યા. તેથી તે વાછડાં દૂધ પી જાય તો ગોપી દૂહે શું ? (બછરા દીયે ખિરકમેં છોર) તો પણ તેને આ સ્વરૂપ જ પ્રિય છે, કેમકે તે જ તો તેના ચિત્તમાં છે. (પિય તન ચિતે) તેનું જ સ્મરણ કરે છે તેથી અને વાછરડાં છોડયાં તેથી (હંસી મુખ માટે) મોઢું મરડીને હસી. (૨)

એક બાજુ રોષ અને બીજી બાજુ ખુશી બંને છે. એક બાજુ પ્રભુ કહે છે બલભદ્ર ભૈયાની કહાની રાખી રહ્યો છું અને બીજી બાજુ જવા નહિ દેવાના ઈશારા પણ કરે છે. આમ બંને પ્રકાર કરે છે. જે સ્વામી પરમ-આનંદરૂપ છે તે આવી વિરૂદ્ધ ધર્માશ્રયતાને પ્રકટ કરે છે. આપ તો રતિ-ગોપીના નાયક છે તે પ્રકટ કરે છે. આમ કામનાને કારણે બંને પ્રકારે (પ્રભુ અને દૂધ બન્નેમાં પ્રીતિ) મનની ગોપીના મનની અંદર લડાઈ ચાલે છે.

વિશિષ્ટ ભાવાર્થ :

પ્રભુ પોતાનાં પ્રિય દૈવી જીવ (ગાય)ને શરણે લે છે ત્યારે તેની સર્વ પ્રકારે કાળજી કરે છે. (પોંછત લાલ ગાયનકી પીઠ) પ્રભુ તેને સર્વ પ્રકારે, પોતાની સર્વેન્દ્રિયનો સાનુભવ કરાવે છે. હસ્ત, મુખ, મુસ્કાન, (વિચિત્રભાવ) અને તેને પોતાના અંગ પર ધારણ કરે છે. અંગ-સંગ કરે છે (બારબાર ધારત તન દીઠ), જેની અનુભૂતિ જીવને થાય છે (દીઠ)

છતાંય જીવ જ્યારે સંસારને માથા પર ચઢાવે છે ત્યારે (શિર માથે દુહાવન આઈ) ત્યારે પ્રભુ તેના વિષયોને ઝૂંટવી લેવડાવે છે, કાલ દ્વારા, કર્મ દ્વારા, સ્વભાવ દ્વારા... (બછરા લીયે ખિરમેં છોર). જ્યારે જીવને પોતાની દુર્ગતિનું ભાન થાય છે ત્યારે પ્રભુને શરણે જાય છે. (ઘરહુ ઘરહુ તુમારે પાય લાગહુ) ત્યારે પ્રભુ વાતને વારી દેતા હોય તેમ હસીને કહે છે - અરે, હું તો મજાક કરતો હતો (મુખ-મોર). કેમકે જૂઓ મારે કંઈક ધર્મ (બલભદ્ર)ની પણ આમન્યા રાખવી પડે ! એમ કહીને પણ પ્રભુ પોતાનું ધર્મી સ્વરૂપ પ્રકટ કરે છે અને કહે છે છતાંય હું તમને છોડીશ નહિ. (જાન ન દેનકી સેન) કેમકે હું જ તો તમારો નાયક છું. પરમાનંદ દાન કરનારો છું. (પરમાનંદ સ્વામી રતિનાયક). આજે આપણી વચ્ચે ઝઘડો થયો તેનું કારણ પણ તમારામાં રહેલ લોક-કામના છે અને લોકમાં તમારો ઝઘડો પડયો તેનું કારણ પણ મારા પ્રતિની તમારી કામના છે. કામનાના કારણે જ તો આ ઝઘડો છે. માટે સંસાર પ્રતિ કપટી રહો અને મને નિષ્કપટ ભાવથી ભજો.

(૧૦૫) ઈમન ૪ ૨/૧૧૫

૧. મૈયારી મેં કેસી ચરાઈ ગાય
૨. બુઝ દેખ બલભદ્ર દદાસોં કેસી મેં ટેર બુલાઈ ૧
૩. બિડર ચલી સઘન બન મહિયાં હેરી દે અહોટાઈ
૪. ગ્વાલન કે લરિકા પચિહારે જે સબ મેરી દાંઈ ૨
૫. ભલો ભલો કહી મહેરી હસત હે ફૂલી અંગ ન માઈ
૬. **પરમાનંદ** પ્રભુ કે વીરવચન સુન યશોમતિ દેત બધાઈ, ૩

ભાવાર્થ :

પ્રભુ યશોદાજીની આગળ પોતાની બહાદુરી પ્રકટ કરે છે. મા, તું સાંભળ તો ખરી કે મેં કેવી બહાદુરીપૂર્વક ગાય ચરાવી ? તુ બલભદ્ર ભૈયાને પૂછી તો જો કે મેં કેવી પોકાર કરી હતી ? (૧)

જો તને માંડીને વાત કરું - આ આપણી ગાયો સઘન-ગાઢ વનમાં વેર-વિખેર થઈ ગઈ હતી. તેમને ભેગી કરવા માટે, મેં તેમને તેમના નામ દઈ દઈને પૂકારીને ભેગી કરી (હેરી દે અહોટાઈ) (૨)

મારી સાથેના ગ્વાલબાળ તો પરેશાન થઈ ગયા. (પણ તેમનાથી કંઈ ન વળ્યું.) આ રીતે પ્રભુએ પોતાની હુંશીયારી પ્રકટ કરી. મા હસીને કહેવા લાગી - અરે તેં તો બહુ સારું-ઉત્તમ કામ કર્યું. તેમ કહીને તે ખૂબ જ ફૂલાઈને પ્રસન્ન થઈ. યશોદાજીની મતિ પ્રભુના 'યશ'માં જ પ્રસન્ન રહે છે. તથા તે પ્રભુનાં વચનોમાં સંશય નથી કરતી. કેમકે જેની મતિ યશ-ઉર્ધ્વગતિવાળી છે તે યશોમતિ છે. 'ય, શો' તે મૂળાક્ષરોના અંતમાં આવતા અક્ષરો છે તેથી તે પ્રૌઢ અક્ષરો છે અને છેલ્લે એટલે ઉર્ધ્વગતિ છે. ઉંચે ઉડતી ધજા યશ રૂપ છે. તેમ આ યશ પણ ઉંચેથી પ્રભુનાં યશમાં જ લીન છે. તેથી તો ભલો-ભલો બે વાર કહે છે. વળી તે હસે છે અને ફૂલાય છે. તે રીતે વાણી, મુખ અને હૃદય, રોમ સર્વ પ્રભુના યશથી યુક્ત થઈ ગયા છે. તેથી આ પ્રભુ કે જે પરમ આનંદ રૂપ છે તે યશોમતિને આનંદમય કરી દે છે. પ્રભુનાં વીર્યયુક્ત વચનો સાંભળીને યશોમતિ ઘરનાં સૌને વધાઈ દે છે. (૩)

વિશિષ્ટ ભાવાર્થ :

અહીં પ્રભુનાં ધર્મ અને ધર્મીપણાનાં દર્શન થાય છે.

ઐશ્વર્ય - મૈયારી મેં કેસી ચરાઈ, ગાઈ,
બીજું કોઈ ન કરી શકે તે ઈશ્વરતા - ઐશ્વર્ય
વીર્ય - પરમાનંદ પ્રભુ કે વીર વચન

પરમ આનંદ, પ્રભુપણું અને વીરપણું શ્રેષ્ઠવાચક છે.

યશ - ફૂલી અંગ ન માઈ
હૃદયમાં પ્રભુ પ્રત્યેનો માહાત્મ્ય બહાર પ્રકટ થાય.

શ્રી - ભલો ભલો કહી મહેરી હસત હે
સુંદર વચન અને સુંદર હાસ્ય મુખ પર આવે તે શોભા

જ્ઞાન - બુઝ દેખ બલભદ્ર દદાસોં કેસી મેં ટેર સુનાઈ
બલભદ્ર અક્ષર રૂપ છે, જ્ઞાન રૂપ છે, વેદ રૂપ છે તેમાં રહેલ અક્ષર, જ્ઞાન વાણિ, ભગવદ્રૂપ છે. તેથી તે જ્ઞાન છે.

વૈરાગ્ય - બિડર ચલી સઘન બન મહિયાં હેરી દે અહોટાઈ
ગો (ઈંદ્રિયો) ભટકી જાય તેને ભેગી કરી શકે તે વૈરાગ્ય.

ધર્મી - યશોમતી દેત બધાઈ
યશ યુક્ત મતિ, જે (વધાઈ) પ્રભુ પધારવાથી થતી ખુશીને પ્રકટ કરે તેવું પાત્ર, વધાઈને લાયક તે પરમાનંદ - પ્રભુ છે, તે જ ધર્મી છે.

અનુક્રમ	ભાવ
૫-૬	નિર્ગુણતા
૨	સાત્વિક
૩	રાજસ
૪	તામસ

જીવોના ઉદ્ધારનો માર્ગ વેદ જ કહી શકે પણ તેને પૂછો તો જ ખબર પડે. પણ વિષયમાં ભટકી ગયેલા જીવો પર પુષ્ટિ કરી સ્વયં મહાપ્રભુરૂપ મુખ દ્વારા તેમના ઉપદેશાત્મક વચનોથી હેરી દઈને ઠાકોરજી બોલાવે છે. અન્ય સર્વ આચાર્યો ઉદ્ધારનું કામ ન કરી શક્યા, કેમ કે તે વિભૂતિરૂપ હતા તેથી થાક્યા. પણ વલ્લભ કે જેમની મતિ વિશુદ્ધ - પ્રભુના યશ ગાવામાં તત્પર છે પ્રભુની લીલાથી ખૂબ પ્રસન્ન છે. તેમને શાસ્ત્રવિહિત છતાં વિરૂદ્ધ તેવું વીર કાર્ય મહાપ્રભુએ કરવાથી નિઃસાધન ભક્તોનો ઉદ્ધાર કર્યો આ વધાઈ રૂપ છે.

(૧૦૬) ઈમન ૫ ૨/૧૧૫

મૈયા હોં ન ચરેહોં ગાય
સબરે ગ્વાલ ધિરાવત મોપેં દુખત મેરે પાય ૧
જબહોં ધેરન જાત ના હિં કીતની વેર ચરાય
મોહી ન પત્યાય બૂઝ બલદાઉ કો અપની સોંહ દીવાય ૨

હોં જાનત મેરે કુંવર કન્હૈયા લેત હૃદય લગાય
પરમાનંદ દાસકો જીવન ગ્વાલન પર યશુમતી જુ રીસાય 3

ભાવાર્થ :

લાલન માતાની પાસે આવીને પોતાનો નિર્ણય જણાવે છે કે હવેથી હું ગાય ચરાવવા નહિં જાઉં. ફરિયાદ કરે છે કે આ બધા ગ્વાલ બેઠા રહે છે અને ભટકી ગયેલી ગાયોને ઘેરીને લાવવા માટે મને મોકલે છે. (સબરે ગ્વાલ ધીરાવત મોંપે) ગાયોને ભેગી કરવામાં એટલું બધું દોડવું પડયું કે મારા તો પગ દુખી ગયા. (૧)

હવે લાલન ગોપો પર કટાક્ષ કરે છે કે જો તેમનાથી ગાયોને ઘેરી શકાતી નથી. તો પછી આટલા બધા વરસ ગાયો ચરાવી તે બધું ધૂળમાં જ ગયું ને ! ગાય ચરાવવાનું ત્યારે આવડયું કહેવાય કે જો ઘેરતાં પણ આવડે ! (જબહોં ઘેરન જાત નાહિં, કીતને વેર ચરાય) જો મા તને મારી વાતમાં ભરોસોં ન પડતો હોય તો તારા સોંગદ દઈને બલદાઉને પૂછી જો. કેમકે સોગંદ નહિ દઈશ તો દાઉભૈયા પણ પેલાઓની ગાડીમાં બેસી જશે, કેમકે તેને મને ખીજવવામાં મજા આવે છે. (૨)

ત્યારે યશોદાજી ખૂબ જ ભાવપૂર્વક અને વિશ્વાસપૂર્વક કહે છે - કનૈયા હું તને જાણું છું. (સ્વરૂપ જ્ઞાન) લેત હૃદય લગાય કહેતાં ભાવ પણ ભરેલો છે અને તને ભાવપૂર્વક જાણું છું. તું તો મારો પરમાનંદ છે. તારી સંભાળ રાખવી તે તો મારું જીવન છે. મારા લાલનને જે દુઃખ આપે તે ‘મેરો નહિ કહેલાયગો’ કરીને ગ્વાલ ઉપર ખીજાય છે. (૩)

વિશેષ ભાવાર્થ :

પ્રભુ કહે છે હવે અવતારકાલ પૂરો થયો. હું હવે આ ઈન્દ્રિય ધારીઓ માટે પ્રમેયથી સાધનરૂપ થવાનો નથી. આ બધા દૈવી જીવો છે પરંતુ તેઓને ખૂબ જ સંસારાસક્તિ છે તેથી તેમનું ચિત્ત (સંસારમાં) ચરવામાં એટલું બધું છે કે પોતાના શ્રેયનું પણ ભાન નથી. પોતાનું નિજધામ ગોકુળ-વાછડા વગેરે પણ યાદ નથી આવતા કે જેમનાથી તેઓ સહસ્ત્ર પરિવત્સરથી છૂટા પડી ગયા છે. સ્હેજે તાપ-કલેશાનંદ નથી કે ચાલો હવે થોડા વખતમાં તેઓને મળશું. તેઓને પોતાના રક્ષક ગ્વાલ પણ યાદ નથી, પોતાનું ધામ ખિરક પણ યાદ નથી.

આ જે બધાં સાધનરૂપ ધર્મના અંગો છે (ગોપ) તે તો તામસ થઈ ગયા છે, આળસાઈ ગયા છે. નિષ્ફળ થઈ ગયા છે. કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ તે

શક્તિહ્રાસ થઈ ગયા છે. તેઓ તો બસ પ્રાર્થના કરે છે કે ''પૃથ્વી પર ભાર વધી ગયો છે, દુષ્ટોને સંહારો... અમારાથી કંઈ હવે થઈ શકે તેમ નથી.'' દૈવીજીવો- (ભક્તોના) પ્રતિ મારો સ્નેહ છે તેથી તેમના માટે જ હું (ગાયો) પાછળ પાછળ દોડયો. દોડયો એટલા માટે કે આ બિચારી દીન પૃથ્વી-ગાય રૂપે થઈ આવી, તે ખૂબ દુઃખી હતી, તે તો મારા (ભક્ત) ચરણરૂપ છે. પૃથ્વી દુઃખી થઈ તેથી મારે ભક્તોના રક્ષણ માટે પ્રકટ થવું પડયું.

(દુખત મેરે પાય) - ત્રણ ત્રણ યુગ સુધી આ જીવોને જીવનદાન આપ્યું. ત્યાં સુધી આ જીવોને એવા તે કેવા ઉદ્ધત બનવા દીધા કે ઘેરાતા નથી ? તેમનો ઉદ્ધાર કરવાનું જો સામર્થ્ય નથી તો આટલા યુગો પર્યંત તે ધર્મે કર્યું શું ? ધર્મ તો જે કંઈ કરી શકે છે તે ધર્મીના પ્રતાપે, કેમકે તે તો ધર્મિની શક્તિ છે. તેનામાં પોતાનું સામર્થ્ય નથી. તે તેમને સમજવું જોઈએ.

હે જીવ, હું અને મારાં ગુણ-લીલા, તેવાં મારાં બે સ્વરૂપ છે. તને માત્ર મારા રૂપના કારણે મારાં વચનોમાં દૃઢતા ન થતી હોય (અનવતાર કાલ હોવાથી) તો તુ મારી ગુણ-લીલા (કથા પક્ષ)ને પૂછ, ત્યાં વેદાદિ-ભાગવત વગેરેમાં મારા સ્વરૂપ-લીલાનું વર્ણન છે ત્યાં તું (અપની સોંહ દીવાય) મારી-પ્રભુની રસાત્મક્તા પ્રતિ દૃષ્ટિ રાખીને જોઈશ તો તને જણાશે કે મારી વાત ઠીક છે કે નહિ ? એટલે કે આ અનવતાર - કળીકાળમાં ધર્મના અંગો શિથિલ થઈ જવાથી મારા રૂપની સેવા અને મારા ગુણ-લીલાનું સ્મરણ કરીશ તો જ આ ઈંદ્રિયો રૂપ ગાયો ઘેરાશે. પ્રભુ સન્મુખ થશે આમ સેવા કથાનો માર્ગ જ શ્રેષ્ઠ છે. બલ-દાઉ વેદના સ્થાને છે અને વેદમાં રસોવૈસઃ કહ્યું છે, એકોડહં બહસ્યામ પણ કહ્યું છે. તેથી ત્યાં પ્રભુનું સ્વરૂપ અને લીલા બંને કહ્યા છે.

પરંતુ જે ભક્ત છે એટલે કે ભક્તિ કરે છે તે તો પ્રભુના માહાત્મ્ય અને સ્નેહ બંનેથી પ્લાવીત છે તેથી (હોં જાનત મેરે કુંવર કનૈયા) અને સ્નેહને કારણે કહે છે - લેત હૃદય લગાય. વળી તેના માટે ભગવાન માત્ર સેવા-કથા નથી રહી જતા પણ જીવન બની જાય છે. માત્ર જીવન રહી નથી જતુ પણ દાસપણું બની રહે છે. માત્ર દાસપણું નથી રહેતું પણ આનંદની ટોચની સ્થિતિ (પરમાનંદ) બની રહે છે, કે જે અમાપ છે. તેવો ભક્તિમય કામ પણ દિવ્ય છે, ક્રોધ પણ દિવ્ય છે. (ગ્વાલન પર યશુમતિ જુ રિસાય) તેવાની મતિ પ્રભુના યશ સિવાય બીજા બધાથી રીસાઈ જાય છે એટલે કે વિમુખ થઈ જાય છે. તેવાનો પ્રભુ માટેનો લોભ પણ દિવ્ય છે. (લેત હૃદય લગાય). તેથી અનવતાર કાળમાં પ્રમાણ વિશિષ્ટ પ્રમેય પ્રભુની લીલા છે. જીવે સ્વયં ઈંદ્રિયોનો નિગ્રહ કરવો પડશે. થશે બધું તેમની કૃપાથી જ તેમાં મીન-મેખ નથી!

શ્રીગુસાંઈજીની વધાઈ

(૧૦૭) દેવગંધાર ૧ ૨/૧૫૨

ભક્તિ શ્રીગોકુલતેં પ્રકટ ભઈ
પહેલેં કરી શ્રીવલ્લભનંદન તબ ઓરન શિખઈ ૧
ચાર્યો વરણ શરણ કર આપને વિધસોં વાંટ દઈ
શ્રીવિઠ્ઠલનાથ પ્રતાપ તેજતેં, તીન્યોં તાપ ગઈ ૨
અબ દેખત હિ જીવ પ્રેત વ્હૈ તીન હું માંગી લઈ
અબ ઉદ્ધરે કહેત અમને મુખ પત્રી લીખ પઠઈ ૩
શ્રીવલ્લભ **શ્રીવિઠ્ઠલ ગિરિધર** તીન્યોં એક સહી
નવપ્રકાર આધાર નારાયણ ઘોષલોક નિવહી ૪

ભાવાર્થ :

ભક્તિનું પ્રાકટય શ્રીગોકુલમાંથી થયું છે. વ્રજભક્તોએ જે ભક્તિ પ્રભુને સમર્પિત કરી હતી અને તે ભક્તિ જ જેમનું પોષણ હતું (અલૌકિક ભોગ). તે ભક્તિ તિરોહિત થઈ ગઈ હતી. તેનું પ્રાકટય શ્રીગુંસાઈજીએ કર્યું અને આપે તેવી ભક્તિ કરીને શિખવી. આપ સેવા કરી શિખવે શ્રીહરિ. શ્રીવલ્લભનંદન શ્રીઠાકોરજીએ વ્રજભક્તોની ભક્તિ કરી છે. એટલે કે આપે પહેલાં વ્રજભક્તો કે જે નિઃસાધન હતા છતાં પણ આપે અનેક લીલા કરીને તેમના અધ્યાસો પહેલાં દૂર કર્યા અને પછી આપના તરફ આકર્ષિત કર્યા, નિરોધ સિદ્ધ કર્યો. આમ આપે તેઓની ભક્તિ કરી ત્યાર બાદ (પહેલે કરી શ્રીવલ્લભનંદન તબે ઔરન શિખાઈ) (૧)

શ્રીગુંસાઈજીએ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્ર ચારે વર્ણના સ્ત્રી-પુરૂષ સૌને શરણે લીધા અને જ્યારે એમનું શરણ સિદ્ધ થયું, (શરણ કર) જોકે સિદ્ધ પણ આપે જ કર્યું. ત્યારબાદ યથાધિકાર તે ભક્તિ તેઓને વાંટી એટલે કે આત્મનિવેદન કરાવી, સ્વરૂપાનંદનું ભિન્ન ભિન્ન પ્રકારે દાન કર્યું.

આ ભક્તિનું હૃદયમાં સ્થાપન થવાના કારણે આપના સેવક જનોના આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક ત્રણે પ્રકારના દુઃખ દૂર થઈ ગયા.

પદ્મનાભદાસજીનું ગુજરાન લાકડાં વેચીને થતું તો પણ પ્રભુ ભક્તિની મસ્તીમાં આધિભૌતિક દુઃખને ન જાણ્યું પણ મથુરાનાથજી સાથે હોવાથી સુખમાં હતા. ગજ્જન ને દેહ અસક્ત થતાં, ઈંદ્રિયો કામ ન કરવાથી સેવા ન બની શકે તેવા આધ્યાત્મિક દુઃખો પણ તેમને ન લાગ્યા કેમકે અંતરમનમાં તો પ્રભુ ક્રીડા ચાલુ જ હતી.

ડોશીમાનો શ્રીગુંસાઈજીએ ત્યાગ કર્યો તો તેને પણ ભગવદીચ્છા જાણીને શ્રીગુંસાઈજીના ઘર માટે છાણા-ઉપરણાં કરીને, આપના સ્મરણમાં સંયોગની રાહ જોતી બેઠી. આ આધિદૈવિક દુઃખ પણ સ્મરણસુખ આપતું હતું. પોતાની શરણાગતતા તે ન્હોતી વિસરી. શ્રીવિઠ્ઠલનાથ પ્રતાપ તેજ તેં તીન્યોં તાપ ગઈ. હવે શ્રીગુંસાઈજીની ભક્તિનો આ પ્રતાપ એટલો ફેલાયો, જેમ તેજ ફેલાય.(૨)

તેથી જે કોઈએ આ ભક્તિ જોઈ તે સર્વ દૈવી જીવો, તેમ ભક્તિ જ માંગવા લાગ્યા કે જેમ પ્રેત પ્રિય ચિજ માંગે.

શ્રીવિઠ્ઠલની કૃપાથી, જેઓને આપે શરણાગતિ સ્વીકારીને નિવેદન કરાવ્યું તે સર્વ કૃપાપાત્ર કહેતા કે ‘‘હવે તો અમારો ઉદ્ધાર થઈ જ ગયો.’’ કોઈ રજ સમાન શંકા કે સંશય કરે તો તેઓ કહેતા, કાગળ ઉપર લખી દઈએ.

પ્રભુદાસ જલોટા શ્રીવલ્લભની આજ્ઞાથી દહીં લેવા નીકળ્યા તો જે સામે ભરવાડણ મળી તેની પાસેથી દહીં લીધા પછી જ્યારે તેનું મૂલ્ય પૂછે છે તો ભરવાડણ અજ્ઞાનતાથી કહે છે. ‘‘તું આપીને શું આપી શકે ચાર પૈસા આપીશ મુક્તિ થોડી આપવાનો હતો ?’’ પ્રભુદાસને મન પ્રભુ અને શ્રીવલ્લભની પ્રસન્નતાનું મૂલ્ય ભક્તિ હતું તેથી તે તો ભક્તિરૂપ મૂલ્ય ચૂકવવા તૈયાર જ હતા પણ ભરવાડણના અહંકારે પ્રતિબંધ કર્યો, તો પણ ભક્તની કૃપાળુતા અને સત્ય સંકલ્પતાએ તેને મુક્તિનું વચન આપ્યું. પણ સંશયશીલ જીવ ખાત્રી માંગે છે તો કાગળ પર પણ લખી દીધું, ‘‘દહીંના બદલે મુક્તિ દીધી.’’

(અબ ઉદ્ધરે કહત અપને મુખ પત્રી લીખ પઠઈ.) (૩)

અહીં વધાઈ શ્રીવિઠ્ઠલની છે પણ શ્રીવિઠ્ઠલ, શ્રીવલ્લભ અને શ્રીગિરિધર ત્રણેમાં અભેદ દૃષ્ટિ રાખવી. શ્રી સુરદાસજીને જ્યારે પૂછે છે કે તમે શ્રીઆચાર્યજીનું એક પણ કીર્તન કેમ નથી કર્યું ? ત્યારે તેમનો આજ જવાબ છે કે, મને તે ત્રણેમાં ભેદ નથી જણાયો. ત્યારે આપે ગાયું ‘‘દૃઢ ઈન ચરણન્ કેરો ભરોસો.’’

જે નારાયણ છે તે તો નવધા (પ્રકારની) પ્રત્યેક ભક્તિના આધાર રૂપ છે એટલે કે એક કે વધારે ભક્તિના આધારે નારાયણને પામી શકાય છે. જેમ શ્રવણથી પરીક્ષિતને અને વંદનથી અક્રુરને પ્રભુ મળ્યા. પણ આ ગોપીજનો કે ગોપીજનોના માર્ગ ચાલનારા શ્રી ગુંસાઈજીના સેવકો તો બધી જ ભક્તિ પ્રેમપૂર્વક એક સાથે (નિવહ) કરી રહ્યા છે. તેવી વિશિષ્ટ પૂર્ણ ભક્તિ શ્રીગોકુલમાં શ્રીગુંસાઈજીએ, શ્રીવલ્લભે અને શ્રીગિરિધરે પ્રકટાવી છે. (૩)

(૧૦૮) આસાવરી ૨ ૨/૧૬૭

હીં યાચક શ્રી વલ્લભ તુમારો યાચન તુમકો આયો હો
મહાઉદાર દેત સબહીન કો યહ સુન કેં ઉઠી ધાયો ૧
ભૂષણ વસન ગ્રામ સુખ સંપતિ સો હમ યાચત નાહિ
દ્વારે પર્યો રહું સેવન કર ચરણ છત્ર કી છાંહી ૨
જો જીન યાચ્યો સો તીન પાયો પૂરી મનકી આશા
પુત્ર ભયો શ્રીવલ્લભ પ્રભુ કે મિટે સકલ કલી ત્રાસા ૩
જન્મ કૃતારથ કરૌ નિરંતર નિજજન દાસ કહાઉં
મદનમોહન લાવણ્ય સિંઘુ કોં દેખત મન ન અઘાઉ ૪
ચરણકમલ નિત્ય સાંત્વન કરકર સુફલ કરોં નિજ દેહ
તુમ ગુણ છંદ વૃંદસોં રાખોં રાખો અધિક સનેહ ૫
મન પ્રસન્ન ગિરિધરકી સેવા દિજે પરમ દયાલ
તુમ્હારે શ્રીમુખ વચન સુનનકોં કીજે મનહી મરાલ ૬

ભાવાર્થ :

શ્રીવલ્લભનો સેવક આજે શ્રીવલ્લભને દ્વારે આવ્યો છે અને શ્રી વલ્લભને વિનતી કરે છે કે હું નિઃસાધન છું. જે કંઈ આપની કૃપાથી પ્રાપ્ત થાય તેમાંથી નિર્વાહ કરું છું પરંતુ આજે કંઈક વિશેષ પ્રસંગ છે તેથી હું યાચના કરું છું આપની પાસે, કેમકે હું આપનો છું (તમારો) અને હું યાચનાર્થે જ આપ સમક્ષ આવ્યો છું.

આપ તો ઉદાર શિરોમણિ છો અને જીવના દોષોને ધ્યાનમાં લીધા વગર સૌ કોઈને અધિકારાનુસાર આપો જ છો. પેલી અડેલની જ્ઞાતિણી ડોસી કે જે આપના પ્રતિ દ્વેષ કરતી હતી તો પણ આપે તેને આપ્યું જ હતું ને ! આ સાંભળીને હું દોડતો આવ્યો છું (યહ સુનકે ઉઠી ધાયો) (૧)

હું ભક્તિમાર્ગી છું. માત્ર ભક્ત જ નથી. તેથી ભક્તિ લજવાય તેવું કંઈ જ નહિ માંગું. સંસાર વધારનારા લૌકિક, ભૂષણ, વસ્ત્ર, સુખ, સંપત્તિ તેની અમે ભક્તો યાચના નથી કરતા. (ભૂષણ, વસન, ગ્રામ (લૌકિક) સુખ સંપત્તિ સો હમ યાચત નાહિ). હું તો આપનો શરણાગત છું તેથી મને એટલું દાન કરો કે આપના દ્વારે પડયો રહું અને જે કંઈ સેવા આપો તે કરતો રહું (સેવન કર) કે જ્યાં આપના ચરણ મારા શિર પર હોય, જેમ છત્ર માથા ઉપર હોય તેમ તેમ થશે તો તો હું મને મહાભાગ્યવાન સમજીશ. હું છત્રધારી રાજા થયો કે જેના શિર પર આપના ચરણારવિંદ હોય. તેની છાયા મારો તાપ દૂર કરશે, સાતા આપશે, જે અભયપદ રૂપ હશે. આ તો મેં મારી આશા કહી. (૨)

આપે તો જેણે જેણે જે કંઈ માંગ્યું છે તેને તે તે આપીને તેના મનોરથ પૂરા કર્યા છે તેથી મારી આશા પણ પૂરશો જ.

આજે વિશેષ આનંદનો દિવસ છે કેમકે શ્રીવલ્લભ પ્રભુને ત્યાં સાક્ષાત્ પ્રભુ પ્રકટયા છે. ભગવાનની લીલા જ એવી છે કે એક ભગવાન પિતા રૂપે થાય અને તે જ ભગવાન પુત્ર રૂપે થાય અને જ્યાં પ્રભુ પધારે. જે પ્રભુ સંબંધિત હોય તેને કલિનો ત્રાસ થતો નથી શ્રીવલ્લભે સંન્યાસ નિર્ણયમાં આ જ વાત કરીને શંકાનું સમાધાન કર્યું છે.

ભક્તિમાર્ગેડપિ ચેદ્દોષ-સ્તદા કિં કાર્યમુચ્યતે
અત્રા રંભે ન નાશઃસ્યાદ્ દૃષ્ટાંતસ્ય અપિ અભાવતઃ
કેમકે ભગવાનના સંબંધવાળા ભક્તોને કલીથી થતા દોષ નથી સંભવતા
(મીટે સકલ કલી ત્રાસા) (૩)

ભક્ત તો શ્રીવલ્લભ પાસે એટલું જ માગે કે મને આપના નિજજન તરીકે સ્વીકારીને દાસત્વ નિરંતર આપો અને તેમ કરીને મારા જન્મને કૃતાર્થ કરો.

પદ્મનાભદાસે કહ્યું હતું આપને ભોજનમાં બે ઘડી વિલંબ થાય તો મારો દાસ જન્મ વ્યર્થ થાય, આ દાસભાવ છે.

પ્રભુ આજે મદનમોહન થઈને પધાર્યા છે તેથી જ જેમ લોકમાં મદન-કામને વશ સર્વ કોઈ થઈ જાય છે તેમ શ્રીગુંસાઈજીના દર્શન કરતાં જ બધાંની પ્રપંચ વિસ્મૃતિ થાય છે અને આપના સ્વરૂપમાં આકર્ષિત (મોહીત) થઈ જાય છે. માણેકચંદભાઈને પોતાના જરૂખામાં શ્રીગુંસાઈજીના દર્શન કોટી કંદર્પ લાવણ્ય યુક્ત થયા હતા તેથી તેઓ બંને સ્ત્રી-પુરૂષ, આપ જ્યાં સુધી બિરાજ્યા ત્યાં સુધી આપને નિહારતા જ રહ્યા ! (૪)

આપના ચરણકમલ તાપ દૂર કરનારા છે તેવા ચરણ કમલ મારા શિર પર ધારીને આ મારા દેહને પણ સફલ કરો, ફલરૂપ કરી દો. આપ ફલરૂપ છો અને આપના કૃપાસ્પર્શથી હું પણ ફલરૂપ બનીશ.

આપ તો સર્વ ગુણ સંપન્ન (ગુણ-છંદ) છો. તેનો વિનિયોગ અમ ભક્ત-વૃંદ પ્રતિ અધિક સ્નેહ પ્રકટ કરવામાં યોજીત કરો તેવી વિનતી છે. (૫)

હે દયાળુ શ્રીગુંસાઈજી, મને શ્રી ગિરિધરલાલની સેવા આપો કે જે હું પ્રસન્ન ચિત્તથી કરું.

ચેતસ્ તત્ પ્રવણં સેવા અને સેવા મારા મનથી સહજપણે સતત થયા કરે (માનસી) તેવું દાન કરો.

વળી અનવસરમાં ભગવદ્-ગુણગાન કથા મારા સામર્થ્યથી નહિ પણ આપના શ્રીમુખનાં વચનોથી સાંભળું. મારું મન આપ ભક્તિ-હંસ (મરાલ) બનાવો કે જેથી હું માત્ર ભક્તિ-વચનો જ સાંભળું. જેમ પિરજાદી તથા અલીખાને આપની કથા સાંભળતા હતા તેમ.

હે વલ્લભનંદન, હું બીજા પાસે નહિ માગનારો આપની કૃપાનો યાચક આપના પ્રાકટયદિન નિમિત્તે આપની પાસે આપનું દાસત્વ, ભક્તિ, સેવા અને કથાલાભ માગું છું. (૬)

(૧૦૯) ટોડી ૩ ૨/૧૭૧

ચતુરાઈ તાકી સાંચી જો શ્રીવલ્લભનંદન જુ કો સ્મરણ કરે.
સોજન નિકટ રહો કે દૂરે રસના શ્રીવિઠ્ઠલેશ ધરે. ૧
સેવા કરે કે ન કરે મનકર્મ-વચન ઈનહીં કે ચરણકમલ અનુસરે.
ચતુરવિહારી જૂ કહે ઐસો સેવક મેરે હૃદય તેં કબહું ન ટરે. ૨

ભાવાર્થ :

શ્રીગુંસાઈજીમાં અનન્ય આસક્તિ ધરાવતા ભક્ત સંબંધે આ વધાઈ છે. તેવા ભક્તના લક્ષણ અને શંકાનું સમાધાન આ વધાઈમાં છે.

ક્યારેક એવું બને કે શ્રીગુંસાઈજીના અનન્ય સેવકને કે જેને આપની સ્વરૂપાસક્તિ છે. જેમ કે માણિકચંદ, ચાચાજી વગેરે. ચતુરાઈ શબ્દ ચિત્ત સંબંધે કરીને છે. ચિત્તની ઉત્તમ સ્થિતિ તે ચતુરાઈ. લોકમાં ચાલાકી શબ્દ કે હોંશીયારી શબ્દ તેના સમાન ગણાય છે પણ અહીં તેમ નથી.

ચિત્તની સર્વોચ્ચ સ્થિતિ કઈ ? શ્રીવલ્લભનંદન શ્રીવિઠ્ઠલેશનું સ્મરણ કર્યા કરે તે.

શ્રી પ્રભુચરણથી દૂર જવું પડે, આપની સ્વરૂપ સેવાનો લાભ ન મળે, તો તેવા સંજોગોમાં તે જીવનો શું કંઈ અપરાધ કારણરૂપ હશે ?

તો કહે છે ના... શ્રીવિઠ્ઠલેશ તેવા ભક્તને પોતાના હૃદયમાંથી ક્યારેય ખસેડતા નથી. આપ પણ તેનું સ્મરણ કરે છે કે જે પોતાની જીભ પર શ્રીવિઠ્ઠલેશને સતત જપે છે કે જે મન-કર્મ-વચન દરેક પ્રકારે આપશ્રીના ઉપદેશાનુસાર જ જીવન જીવે છે.

પછી કદાચ તેવો ભક્ત આપની સન્મુખ રહે કે દૂર રહે, આપશ્રીની સાક્ષાત્ સેવા કરી શકે કે ન કરી શકે તે બાબત ગૌણ બની જાય છે.

આમ શ્રીપ્રભુચરણથી દૂર જનાર શ્રીચાચાજીનો પ્રસંગ પ્રસિદ્ધ છે. રૂકમણિ વહુજી આપને પૂછે છે કે આપનાં નેત્ર લાલ કેમ છે ત્યારે શ્રીગુંસાઈજી કહે છે, ચાચાજી મારા નેત્ર સમાન છે, તેમને કંઈક દૈહિક દુઃખ હશે તેથી તે મને અનુભવાય છે. ચાચાજી પરદેશથી પાછા આવ્યા ત્યારે પૂછતાં જણાવ્યું કે મારા અંગુઠાને (પગના) ઠેસ લાગવાથી વાગ્યું હતું. આ પ્રકાર પરસ્પર પ્રીતિનો છે, સ્વામી-સેવક ભાવમાં અનન્યતાનો છે, સદા તેઓ એકબીજાના હૃદયમાં બિરાજેલા હોય છે. (૧)

કેટલાંક આને ભગવત્ સેવા છોડીને નામસ્મરણ કરવા સાથે સરખાવે છે તે યોગ્ય નથી કેમકે તેથી તો શ્રીપ્રભુચરણની આજ્ઞાનું ઉલ્લંઘન થઈ જાય છે. વળી આ ઉપદેશ, કથાની આસક્તિદશાવાળાની છે કે જે ભગવદ્ ગુણગાન વગર તરફડે. આ દીનકરદાસની કથા છે, ચાચાજીની કથા છે, પિરજાદીની કથા છે. તેથી સેવાથી છૂટી, નામનું નામસ્મરણ પકડી લેવા રૂપ તરણાને જે પકડીને સંસારથી પાર ઉતરવા ઈચ્છતા હશે તે તો ભ્રમમાં જ રહે છે. તેવી લૌકીકી ચતુરાઈ કરવાવાળાને શ્રીવિઠ્ઠલેશ પણ પોતાનાથી દૂર જ રાખશે. (૨)

(૧૧૦) સારંગ ૪ ૨/૧૭૩

કેસરકી ધોતી કટી કેસરી ઉપરના ઓઢે
તીલક મુદ્રા ધર ઠાડે મંદિર ગિરિધર કે
દોઉજનકી પ્રીતિકછુ કાહૂપેં ન કહી જાય
ઉત નંદનંદન ઈત વલ્લભ વરકેં ૧
કરકે શૃંગાર આજ લાડીલે ગોપાલજૂકો
લેત હેં બલાય વારવાર દોઉ કરકે
બેઉ મુસીકાત જાત ફૂલે ન સમાત ગાત
કહેં હરિદાસ મેં નિહાર દગ ભરકે ૨

ભાવાર્થ :

શ્રીગુંસાઈજીનો પ્રાકટયોત્સવ છે. આપશ્રી શૃંગાર કરીને પધાર્યા છે, હવે પોતાના પ્રિયતમને શૃંગાર કરવા પધારી રહ્યા છે.

આપે કટી પર કેસરી ધોતી ધારણ કરી છે અને શ્રી અંગ પર કેસરી ઉપરણો ઓઢયો છે. ભાલ પર તીલક અને શ્રી અંગ પર વૈષ્ણવી મુદ્રાને ધારણ કરીને આપ શ્રી ગિરિધર-ઠાકોરજીના મંદિર પધાર્યા છે.

આપનામાં શ્રીચંદ્રાવલીજીનો ભાવ પ્રકટ થયો છે તેથી આપે કટી પર કેસરી-

ઉત્સવ રૂપ કટી વસ્ત્ર અને તેના પર ઓઢણી પણ કેસરી છે. પ્રભુના યશની ધ્વજારૂપ આપ છે. કપાળ પર કુમકુમ તીલક-સૌભાગ્ય ચિન્હ છે અને સ્વકીય તરીકેની ઓળખ રૂપે આપે આ શૃંગાર બાહુ પર, કંઠ પર, હૃદય પર અને ઉદર પર તેમ વિવિધ મુદ્રા રૂપ શૃંગાર ધારણ કર્યા છે.

પરકીયામાં પરસ્પર પ્રીતિ સ્વકીયા કરતાં કંઈક વિશેષ હોય છે, પ્રીતિ કરતાં પણ આતુરતા વિશેષ હોય છે, જે પ્રીતિરૂપે પ્રકટ થાય છે. અહીં તો બન્નેય નિધિ છે તેથી તેમની પ્રીતિ પણ અગણિત છે તેથી કોઈ જ તેનું પૂર્ણતઃ વર્ણન કરી શકે તેમ નથી.(દોઉં જનકી પ્રીતિ કછુ કાહૂં પે ન કહી જાયે.) કેમકે બન્નેઉ જેના (વલ્લભના) આત્મજ છે તે પણ ખૂબ જ પ્રીતિ સભર છે. પ્રભુ નંદજી (આનંદરૂપ)ના સૂત છે તો શ્રીવિઠ્ઠલ શ્રીવલ્લભવરના (પ્રિયત્વ) પુત્ર છે (ઉત નંદનંદન ઈતિ વલ્લભવર કે.) (૧)

શ્રીવિઠ્ઠલેશે પોતાના લાડીલા ગોપાલના શૃંગાર આજે સ્વહસ્તે કર્યા છે. આ સારસ્વતકલ્પની લીલા છે. તેથી સામાન્યતઃ તો શ્રીયશોદાજી લાલનના શૃંગાર કરે છે પણ આજે તો શ્રીચંદ્રાવલીજીએ ગોપાલ (ઈંદ્રિયધારી-ગોપીઓના ભાવનું પાલન કરનાર)ના શૃંગાર લાડ-વ્હાલ કરતાં કરતાં કર્યા છે, અને તે કર્યા પછી આપને કોઈની નજર ન લાગે માટે બંને હાથથી (દોઉ કરકે) (બલૈયા) ઓવારણા લઈ રહ્યા છે.

સ્નેહનું પરસ્પર આદાન-પ્રદાન થાય છે. તેથી બંનેના હૃદય હર્ષથી પૂલકાયમાન થઈ જાય છે. (ફૂલે ન સમાત) અને તે હૃદયનો ભાવ વદનકમળ પર પ્રકટ થઈ જાય છે. (બેઉ મુસીકત જાત) પ્રકટ થઈને સ્થિર થાય છે. આ શૃંગાર સમયે આભરણાદિ આપવા-મૂકવા માટે પ્રભુના ઘરની દાસી (હરિ-દાસ) કુમારિકાજી-રાધાસહચરીજી ત્યાં ઠાડા છે. તે આ બંનેય-યુગલ સ્વરૂપના દર્શન નયનાં ભરી ભરીને કરી રહ્યા છે. (કહેં હરિદાસ મેં નિહાર દગ ભરકે) શૃંગારરસ-સંયોગ રસનું દાન પરસ્પર અને તેની પ્રસાદી હરિભક્તોને પણ મળે છે. (૨)

(૧૧૧) સારંગ ૫ ૨/૧૭૪

ગોવલ્લભ ગોવર્ધન વલ્લભ શ્રીવલ્લભ ગુણ ગીને ન જાંઈ
ભૂવકી રેણું તરૈયા નભકી ઘનકી બુંદે પરત લખાઈ ૧
જિનકે ચરણકમલરજ વંદિત સંતન હોત સદા ચિતચાંઈ
છિતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નંદનંદનકી સબ પરછાંઈ. ૨

ભાવાર્થ :

અહીં શ્રી છિતસ્વામીજી જે વધાઈ ગાય છે તે જાણે વલ્લભની હોય, નંદનંદનની હોય તેમ જણાય છે. પણ તેમની એકાંતિક ભક્તિ શ્રીવિઠ્ઠલેશચરણ પ્રતિ છે તેથી જે કંઈ કહે પણ તેમનો ભાવ તો શ્રીગુંસાઈજી પ્રતિ જ છે.

શ્રીગુંસાઈજીને ગાયો પ્રિય છે, ગોવર્ધન પણ પ્રિય છે. આપશ્રીની પ્રિયતાના ગુણો ગણી ન શકાય એટલા બધા છે અથવા કહો કે વલ્લભ ગાય રૂપે છે અને એ જ વલ્લભ ગોવર્ધન રૂપે છે. આમ સર્વ કાંઈ વલ્લભ બન્યા છે. તેથી તેમના ગુણો અગણિત છે અથવા ગાયોના સ્વામી આપ છે, શ્રીગોવર્ધન-ભક્ત શિરોમણિના સ્વામી-વલ્લભ પણ આપ છે આવા શ્રીલક્ષ્મીજી અથવા શ્રીસ્વામિનીજીના પ્રીય શ્રીવલ્લભના ગુણ અગણિત છે. અગણિત એટલે કેટલા ?

ભૂ-જમીન-પૃથ્વી ઉપરની રેણુ-રજને ગણો તો તેથી પણ વધુ (તરૈ) અથવા આકાશમાના ઘન-વાદળમાંથી વરસતા બુંદોની સંખ્યાથી પણ વધારે (પર) તેમ જણાવે છે (લખત) અથવા વેદને તેમ લાગે છે તેથી નેતિનેતિ કહે છે અથવા જમીનથી આકાશ સુધી બધું જ જે કંઈ જગ્યા છે તે ભરી દઈએ તો તેનાથી પણ પર-વધારે ગુણો આપના છે. (૧)

આવા આપના ચરણકમલની એક રજને વંદન કરવા માત્રથી સંત (જે પ્રભુને સમર્પિત થઈ જાય છે તે)ને પ્રભુ પ્રિય લાગવા લાગે છે. પ્રભુમાં આસક્તિ થઈ જાય છે અથવા ચરમકમલરજ નિરોધ સિદ્ધ કરી દે છે (ચિતચાંઈ). અને તે નિરોધ આવેશ માત્ર નથી પણ સદાકાળ રહે છે. છિતુ ચોબા કહે છે - શ્રીગુંસાઈજી તો મારા સ્વામી છે, હું આપનો દાસ છું, તે જ મારો સર્વ ભાર ઉઠાવવાવાળા ગિરિધરન છે, તે જ વ્રજભક્તોનો નિરોધ સિદ્ધ કરવા ગોવર્ધનધારણની લીલા કરનારા છે અને તે જ નંદનંદન છે બાકી જે કંઈ છે તે સર્વ તો આપની છાયા છે. તે સર્વ આપે ધારણ કરેલા રૂપ છે. તે સર્વ ઈચ્છે કે ન ઈચ્છે પણ આપથી વિમુખ થઈ શકે જ નહિ. અહીં પ્રભુ નંદનંદન શ્રીવિઠ્ઠલના બ્રહ્માત્મક સ્વરૂપનું વર્ણાન જણાય છે. આપ સર્વરૂપ છે. અહીં પરમાત્મ સ્વરૂપ છે કેમ કે દેહધારીના આપ આત્મા છે અને જીવ પડછાયો છે.

અહીં ભગવાનરૂપે ગુણ ગીને ન જાઈ કહેતા ષડ્ધર્મ યુક્ત છે અને કૃષ્ણ રૂપે નંદનંદન તરીકે કહ્યા છે અને ઘરના ઠાકુર રૂપે વલ્લભ-પ્રિય કહ્યા છે. (૨)

ગાયનસોં રતિ ગોકુલસોં રતિ ગોવર્ધનસોં પ્રીતિ નિવાહી
શ્રીગોપાલ ચરણ સેવારતિ ગોપસખા સબ અમિત અથાઈ ૧
ગોવાણી જો વેદકી કહિયત શ્રીભાગવત ભલે અવગાહીં
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નંદનંદનકી સબ પરછાંઈ ૨

ભાવાર્થ :

છીતસ્વામીજી માટે શ્રીપ્રભુચરણ અને ઠાકોરજી વચ્ચે કોઈ ભેદ નથી તેથી તો તેવા ભાવવાળા છિતસ્વામીએ બિરબલનું વર્ષાસન ત્યાગીને તેને મ્લેચ્છ જાણ્યો છે. જેમ શ્રીયમુનાષ્ટકના શ્લોક-૪માં ''ઘનાઘનનિભે સદા-ધ્રુવપરાશરાભિષ્ટદે''માં શ્રીયમુનાજી અને શ્રી ઠાકોરજીને અભેદ ભાવે શ્રીવલ્લભે વર્ણવ્યા છે તેમ. શ્રીપ્રભુચરણને ગાયો પ્રતિ ખૂબ જ રતિ-પ્રેમભાવ છે તેથી તો આપે ગોપાલપુર ગામ વસાવીને ગાયોના વાડામાં ગાયોને સુખ થાય તેવી વ્યવસ્થા ગોઠવી.

આપને ગોકુલ પ્રતિ પણ રતિ છે કેમકે ગોકુલ તો આપના પ્રાણનાથ કૃષ્ણનું ગામ છે. આપ ગોકુલ બિરાજે છે અને નિત્ય જતીપુરા જઈ શ્રીગોવર્ધનધરની સેવા કરે છે, આપ જતીપુરા પોતાના નવનીત પ્રિયજીને પધરાવીને નથી બિરાજતા.

શ્રીગોવર્ધન પ્રતિ પણ આપને પ્રીતિ છે તેથી આપ નિત્ય તેમના દર્શન કરી ગોવર્ધન ધરની સેવા કરે છે. ગોવર્ધનધરને શ્રમ ન થાય માટે આપે ત્યાં ઉપર પહોંચવાનો નાનો રસ્તો બનાવ્યો છે. તેનાથી ભિન્ન જગ્યાએ કોઈ ચાલે નહિ તેવી આપે સેવકોને સૂચના પણ આપી છે. આ પ્રકારે આપે આપની પ્રીતિને પ્રકટ કરી છે.

શ્રીગોપાલ-શ્રીગોવર્ધનધરની ચરણ-સેવામાં પણ આપને અત્યંત રતિ છે. જેથી તો શ્રીનવનિતપ્રિયજીની ગોકુળમાં અને ગોવર્ધનધરની જતીપુરામાં તેમ બાળકિશોર બંને લીલા ભાવના સ્વરૂપોની સેવા પ્રીતિ પૂર્વક કરે છે. આપ શૃંગાર કરતા હતા ત્યારે બહાર ધનના ઢગલા થવાના ખખડાટથી ચિત્ત સ્હેજ હટી ગયું ત્યારે આપે તેવા અનર્થકારક ધનને શ્રીયમુનાજીમાં પધરાવી દેવા આજ્ઞા કરી હતી. આવી આપની પ્રીતિ શ્રીગોવર્ધનધરમાં હતી. (૧)

(અનવસરના સમયમાં આપ શ્રીમદ્‌ભાગવતનું નિત્ય પારાયણ કરતા હતા (સાપ્તાહિકી નહિ) કેમકે ભાગવત અગોચર ભગવદ્ વાણી છે. (ગો-ગુપ્ત) અને શ્રીમદ્ ભાગવત્‌ની વેદથી ન્યૂનતા નથી. વેદમાં જે અસ્પષ્ટ લાગે તેનો ખૂલાસો

ભાગવતમાંથી મળે છે. આપે સુબોધિનીજી પર ટિપ્પણીજી નામક ટીકા પણ લખી છે.

છીતસ્વામીજી કહે છે - જે શ્રીગિરિધરણ-ઠાકુરજી છે તે જ શ્રીવિઠ્ઠલ-ગુંસાઈજી છે. આ બંને નંદનંદન છે અને જે કંઈ લીલાપરિકર છે તે આપના પડછાયા સમાન છે. જેમ પડછાયો વ્યક્તિથી દૂર ન રહી શકે તેમ આપના ભક્તો આપને સ્હેજ પણ છોડી શકતા નથી. તેવી પ્રીતિનું સિંચન આપે પોતાના ભક્તોમાં કર્યું છે. (૨)

(૧૧૩) સારંગ ૭ ૨/૧૭૬

કલિમેં એક બડો આધાર
શ્રીવલ્લભ ગૃહ શ્રીવિઠ્ઠલપ્રભુ આન લીયો અવતાર ૧
પૂરણબ્રહ્મ શ્રીકૃષ્ણ બિરાજત ખેલત આંગન દ્વાર
માધવ ચરણશરણ જે આયે તે ઉતરે ભવપાર ૨

ભાવાર્થ :

જે કલિકાળના પ્રભાવના કારણે ચિત્તશુદ્ધિ કે દોષ નિવૃત્તિ શક્ય નથી તેવા સમયમાં ભવ પાર ઉતરવા માટે સાધન રૂપ નાવડી કઈ ? અને તે મળી તો પણ તેનું સામર્થ્ય પાર ઉતારવાનું છે ? તેના પ્રત્યુત્તર રૂપે માધવદાસ કહે છે કે શ્રીવલ્લભના ઘરમાં શ્રીવિઠ્ઠલપ્રભુએ અવતાર લીધો છે. (૧)

તે શ્રીવિઠ્ઠલ સ્વયં પૂર્ણબ્રહ્મ કૃષ્ણ જ છે અને તે જ બાલકેલી કરતા આંગણા દ્વાર પાસે કે આંગણાની નજીકમાં ખેલી રહ્યા છે.

જે કોઈ જન રીત અનુસાર આપશ્રીને શરણે જાય તેને આપ જરૂર ભવ પાર કરાવી દે છે કેમકે આપ જ પ્રભુ છે. (૨)

(૧૧૪) સારંગ ૮ ૨/૧૭૮

શ્રીવિઠ્ઠલેશ ચરણકમલ પાવન ત્રૈલોકકરણ
દરસ પરસ સુંદરવર વારવાર વંદે
સમરથ ગિરિરાજધરણ લીલા નીજ પ્રકટ કરન
સંતન હિત માનુષતન વૃંદાવન ચંદે ૧
ચરણોદક લેત પ્રેત તતક્ષણ તે મુક્ત ભયે
કરૂણામય નાથ સદા આનંદવિધિ કંદે
વારને ભગવાનદાસ વિહરત સદા રસિકરાય
જય જય યશ બોલ બોલ ગાવત શ્રુતિ છંદે ૨

ભાવાર્થ :

ભગવાનદાસ કહે છે શ્રી વિઠ્ઠલેશનાં ચરણકમલનો પ્રતાપ એવો છે કે ત્રણે લોકના જીવોને (સ્વર્ગ, પૃથ્વી, પાતાળ) પવિત્ર-દોષરહિત કરવા સમર્થ છે. આપની સુંદરતા શ્રેષ્ઠ છે એવાં હે પ્રભુ, હું આપના દર્શન કરું છું, આપના ચરણસ્પર્શ કરું છું અને હું આપને વારંવાર વંદન કરું છું.

આપ જ કૃષ્ણનો અવતાર છે. જે કૃષ્ણે ગિરિરાજધારણ કરીને ઈન્દ્રને તથા વ્રજભક્તોને પોતાનું સામર્થ્ય બતાવીને આ નિજલીલાને પ્રકટ કરી હતી.

આપ જે વૃંદા-ગોપીઓના (વન) સમૂહ કે જે તારા સમાન છે તેમના માટે આપ ચંદ્ર (વૃંદાવન ચંદ) છો. તેવા આપ પરમેશ્વર હોવા છતાં ભક્તોના હિત માટે તેમને સ્વરૂપાનંદનું આ દેહથી જ દાન કરવા માટે મનુષ્ય તનુ ધારણ કર્યું છે. (૧)

એ પ્રસંગ પ્રસિદ્ધ છે કે આપના ચરણોદકથી પ્રેતનો તત્કાલ ઉદ્ધાર થયો હતો, આ પ્રમાણ છે. આવા જીવોના ઉદ્ધારનું કારણ આપનો કરૂણામય સ્વભાવ જ છે. આપ આનંદરૂપ તત્વ-મૂળ રૂપે છે અથવા સર્વને પ્રસન્ન કરનાર આનંદરૂપ છો. ભગવાનદાસ કહે છે - હું આપના સ્વરૂપ પર બલિહારી-ન્યોછાવર થઈ જાઉં છું. આપ રસના ભોક્તાઓમાં શ્રેષ્ઠ (રસિકરાય) તેવા, પોતાના જનોને આનંદરસનું દાન કરવા વિહાર કરો છો. (વિહરત સદા રસિકરાય) આપની આવી ચેષ્ટાને નિહારીને શ્રુતિ જયઘોષ કરતી આપનો યશ છંદબદ્ધ રીતે ગાઈ રહી છે.

અલૌકિક આનંદરસનું દાન આપ સિવાય કોણ કરે ? તેથી યશ વારંવાર ગાય છે. જય જય યશ બોલ બોલ ગાવત શ્રુતિ છંદે. (૨)

(૧૧૫) સારંગ ૯ ૨/૧૭૯

સદા વ્રજ હી મેં કરત વિહાર
તબકે ગોપ ભેખ વપુ ધાર્યો અબ દ્વિજવર અવતાર ૧
તબ ગોકુલમેં નંદસુવન અબ વલ્લભ રાજકુમાર
આપુન ચરિત્ર શિખાવત ઓરન નિજમત સેવાસાર ૨
યુગલરૂપ ગિરિધરન શ્રી વિઠ્ઠલ લીલા એક અનુસાર
ચતુર્ભુજ પ્રભુ સુખ શૈલ નિવાસી ભક્તન કૃપા ઉદાર ૩

ભાવાર્થ :

આજે શ્રીવલ્લભકુમાર તરીકેનું આપનું પ્રાકટય છે અને ત્યારે-સારસ્વતકલ્પમાં

આપ નંદજીના કુંવર હતા. આજે ઉત્તમ દ્વિજ વર્ણમાં અવતાર છે, ત્યારે વૈશ્ય નંદજીને ત્યાં ગોપના વેશે દેહ ધર્યો હતો. (૧)

પરંતુ બંનેમાં જે સમાનતા છે તે એ કે આપ સદા વ્રજમાં જ વિહાર કરો છો. ત્યારે પણ ગોકુલ વૃંદાવનમાં વિહાર કરતા હતા અને અત્યારે પણ ગોકુલ-ગોપાલપુરમાં વિહાર કરો છો. ત્યારે વ્રજભક્તો સાથે અને આજે પણ વૈષ્ણવોની મધ્યમાં આપ બિરાજો છો.

આપની જીવનશૈલી-ચરિત્ર જ એવું છે કે તેનાથી આપના નિજજનો, પુષ્ટિભક્તિના સાર રૂપ જે સેવા છે તે શિખી જાય છે. આપ સેવા કરી શિખવે શ્રી હરિ. (૨)

એક ગિરિધરણ શ્રીકૃષ્ણ અને બીજા શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ચરણ આ બંને યુગલ રૂપ છે. આ બે સ્વરૂપ છે પણ લીલા એક સમાન-સરખી છે. ચતુર્ભુજદાસ કહે છે મારા સ્વામી (શ્રીઠાકોરજી અને વિઠ્ઠલેશ) તેમનું નિવાસ સ્થાન તો સુખ શૈલ (ભજનાનંદ) છે. આપ આનંદમય છે અને તેનું દાન કરવામાં પણ ખૂબ જ ઉદાર અને કૃપાવંત છો. (૩)

(૧૧૬) સારંગ ૧૦ ૨/૧૮૩

અમૃત રસ શ્રવ્યો શ્રીવલ્લભ મુખ માધુરી
તાહી પીયો શ્રીવિઠ્ઠલેશ અતી હી અધાયકે
કૃપાકર રંચ દીયો દૈવી જીવન કો
કરહૂ અનુપાન પ્રપંચ તેં બચાય કે ૧
ઔષધીન આન ઐસી ભવસાગર તરવેકી
કીની હે અનેક ભાંત વિધસોં બનાય કે
વિષ્ણુદાસ નિશવાસર ભજો ઈનકે પદ
ચિંતા મત કરો, ધની શ્રી વિઠ્ઠલેશ પાય કે ૨

ભાવાર્થ :

વિષ્ણુદાસ છીપા જે શ્રીગુંસાઈજીના ઘરના પોરીયા છે તે પોતાની જ અનુભવ વાણી કહે છે.

પોતાનાં રંગેલાં થાન વેચવા નીકળેલા વિષ્ણુદાસ આગ્રામાં શ્રીમહાપ્રભુને ભેટી જાય છે. કપડાંનો ભાવ ચારઘણો બતાવે છે. શ્રીમહાપ્રભુ કૃપા કરીને તેના ચારઘણા

પ્રપંચને ખરીદી લે છે અને બદલામાં તેને ભગવદાસક્તિ ચૂકવે છે. વિષ્ણુદાસ ન્યાલ થઈ જાય છે કેમકે સેવાફલનું (અમૃતરસ) દાન આપે તેમને કરાવ્યું છે અને તે પણ સ્વમુખથી. તે ન સમજાયું તો આપે વિવરણ કરીને દાન કર્યું છે.

અમૃતરસ શ્રવ્યો શ્રીવલ્લભમુખ માધુરી

શ્રીવિઠ્ઠલેશે પણ આ સર્વ અમૃતરસ જે કન્હૈયાશાલ ક્ષત્રી તથા શ્રીદામોદરદાસ હરસાનીના હૃદયકુંભમાં શ્રીવલ્લભ પધરાવીને ગયા હતા તે આપે સામે જઈને ધરાઈ ધરાઈને પીધો.

શ્રીવિઠ્ઠલેશ અતિ કૃપાળુ છે તેથી તે જ શ્રીવલ્લભના માર્ગનું રહસ્ય પોતાના સેવકોને પણ યથાધિકાર રંચક દૈવીજીવ જાણ્યા તેમને આપ્યું. (કૃપા કર રંચ દીયો દૈવી જીવનકો) (૧)

આ અમૃતરસ જે છે તેનું ફળ શું છે તે કહે છે કે આ ઔષધી રૂપ છે. જીવમાં રહેલા દોષો-રોગોને દૂર કરે છે. તેથી તેનું અનુપાન કરશું તો પ્રપંચ-સંસારથી બચી જઈશું. (કરહું અનુપાન પ્રપંચ તે બચાય કે) અને આ ઔષધી એવી બનાવી છે કે જીવ ભવસાગર તરી જાય છે. (ઔષધિની આન ઐસી ભવસાગર તરવેકી) જીવો ભિન્ન ભિન્ન પ્રકારના છે તેથી તે દરેક માટે આપે ભવસાગર તરવાના ભક્તિરૂપ ઉપાયો પણ જાત ભાતના બતાવ્યા છે. ૨૫૨ વૈ. ની વાર્તા વાંચતાં જણાશે કે દરેકની ભક્તિનો પ્રકાર ભાતભાતનો છે પણ દરેકને ભજનાનંદરૂપ સુખ એટલે કે પ્રભુની સાક્ષાત્ અનુભૂતિરૂપ ફળ મળે છે. તે અમૃતરસનું અનુપાન કરી શકે છે તે સમાન છે. (કીની હૈં અનેક ભાંત વિધીસોં બનાય કે) વિષ્ણુદાસ વૃદ્ધ થયા છે ત્યારે સેવા સારી રીતે નભતી નથી ત્યારે શ્રીગુંસાઈજી પાસે આવે છે અને કંઈ સેવા માગે છે. શ્રીગુંસાઈજી વિષ્ણુદાસની પસંદગીની સેવા આપી દે છે. આ જે સેવા માગી તે પણ અમૃતરસ રૂપ છે કેમ કે શ્રીગુંસાઈજીના પોરીયા થયા હોવાથી આપ ત્યાંથી જ હંમેશા પધારે ત્યારે આપના ચરણની ઝાંખી થયા કરે. (વિષ્ણુદાસ નિસવાસર ભજો ઈન કે પદ) હવે તેમને કોઈ ચિંતા નથી કેમ કે તેમના માથે ધની શ્રી વિઠ્ઠલેશ બિરાજે છે. તેના કારણે તો તે ભલભલા પંડિતોને પ્રત્યુત્તર આપી શકતા હતા. શ્રીવલ્લભના મુખનાં વચનો કેવાં અમૃતરૂપ છે કે જેણે આજે આપણે વિસરી ગયાં છીએ તે વિષ્ણુદાસ આપણને સ્મરણ કરાવે છે. (૨)

(૧૧૭) નટ ૧૧ ૨/૧૮૩

જો પેં શ્રીવિઠ્ઠલ રૂપ ન ધરતે
તો કેસેંકે ઘોર કલિયુગ કે મહાપતિત નિસ્તરતે ૧
સેવારીતિ, પ્રીતિ વ્રજજનકી શ્રીમુખતે વિસ્તરતે
શ્રીવિઠ્ઠલનામ અમૃત જીન લીનો રસના સરસ સુફલતે ૨
કીરતિ વિશદ સુની જીન શ્રવણની વિષય વિષ પરહરતે
ગોવિન્દ બલ દર્શન જીન પાયો ઉમગ ઉમગ રસ ભરતે ૩

શ્રીવલ્લભાષ્ટક શ્રીગુંસાઈજીએ રચ્યો છે. તેના એક શ્લોકની જ લગભગ પ્રતિકૃતિ રૂપ આ કીર્તન ગોવિન્દ સ્વામીએ રચ્યું જણાય છે.

નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચેદ્ અધિધરણિતલં ભૂતનાથોદિતાસન્
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દેવસર્ગેડપિ જાતાઃ ૧
ઘોષાધીશં તદે મે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્નૈવ દૈવી
સૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્ નિજફલરહિતા દેવ વૈશ્વાનરૈષાઃ ૨

ભાવાર્થ :

ગોવિંદસ્વામી કહે છે જો શ્રીવિઠ્ઠલ ભૂતલ પર રૂપ ધારીને ન પધારત તો આ ઘોર કલિયુગ જે સૌને મહાપતીત કરી રહ્યો છે, તેવા મહાપતીતો કેવી રીતે તરી જાત ? અર્થાત્ ભવસાગરને ન તરી શકત. (૧)

આપે પોતાના શ્રીમુખથી સેવાનો પ્રકાર તથા વ્રજજનોનો ભાવ પ્રકટાવીને તેનો વિસ્તાર કર્યો. રાગ-ભોગ-શૃંગારથી રીતી અને પોતાનાં વચનામૃતોથી ભાવ. 'શ્રીવિઠ્ઠલ' નામ જ 'અમૃત' છે, તે પીનારને ફરી જન્મ-મરણ નથી થતા. આપનાં વચનામૃતો રસ ભરપૂર છે અને તેનું શ્રવણ કરે તે ઉત્તમ ફળ (સુફલતે)ને પામે છે. અલીખાન-પીરજાદી તો મ્લેચ્છ હતા પણ આપની વાણીનું શ્રવણ તેમને ફળ્યું.(૨)

જેમણે જેમણે આપની દશે દિશામાં ફેલાયેલી કીર્તિના ગાન સાંભળ્યા તેમને તેમને સંસારના વિષયોમાંથી આસક્તિ લુપ્ત થઈ ગઈ અને ભગવદાસક્તિ પ્રાપ્ત થઈ ગઈ. રૂપમુરારીદાસ જે શિકાર કરીને આવ્યા હતા, પણ આપણી કીર્તિરૂપ દર્શનથી ઉત્તમભક્ત થઈ ગયા. વિષયો છૂટી ગયા, છીતુ ચોબાની પણ આ જ કથા છે. આપની કીર્તિ સાંભળીને પરીક્ષા લેવા આવ્યો હતો પણ અનન્ય ભક્ત થઈ ગયો.

ગોવિન્દસ્વામી કહે છે કે પ્રભુની કૃપાથી (ગોવિન્દબલ) જેમને શ્રીવિઠ્ઠલેશના દર્શન થયા તેના હૃદયમાં આપ અઢળક (ઉમંગ) ભજનાનંદ રૂપ રસ ભરી દે છે. માણિકચંદને અટારીમાંથી દર્શન થયા તો રાતભર રસથી છક્યા રહ્યા અને આર્તીથી ભરેલા થયા (ઉમગ ઉમગ રસ ભરતે) (૩)

(૧૧૮) નટ ૧૨ ૨/૧૮૪

હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી
સદા સેઉં શ્રીવલ્લભનંદન કહા કરું જાય કાશી ? ૧
ઈનેં છાંડ જો ઔરે ધ્યાવે સો કહીયે અસુરા સી
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ બાની નિગમ પ્રકાશી ૨

ભાવાર્થ :

છીતસ્વામી કહે છે કે અમારા ઉપાસ્ય તો શ્રીવિઠ્ઠલનાથ છે અમે બીજા કોઈને જાણતા નથી. અમે તો તે કે જે શ્રીવલ્લભના નંદન-લાલન છે. તેમની જ સેવા કરીએ છીએ. અમારે તીરથ જઈને કયું ફળ મેળવવાનું છે ? સર્વ ફળનું ય ફલ તો અહીં છે.

માટે જ પુરૂષોત્તમદાસ શેઠની બેટી રૂકમિનિ ૨૪ વર્ષે, જ્યારે ગુંસાઈજી પધાર્યા ત્યારે ગંગાકાંઠે ગઈ. તેણે ગંગાસ્નાન નહિ પણ સૌના તારણહાર શ્રીવિઠ્ઠલના દર્શન સિંધુમાં સ્નાન કર્યું છે. તે પણ સેવા છોડી ગંગા સ્નાને ન્હોતી ગઈ. (૧)

શ્રીપ્રભુચરણને છોડીને જે બીજે ફલ પામવાને દોડે એનો અર્થ જ એ થયો કે તે આસુરી ભાવવાળો જીવ છે. અન્યથા તેને બીજે જવાની રૂચિ જ શા માટે થાય ?

એક વૈષ્ણવ શ્રીનાથજીની પંખાની સેવા છોડીને તે વ્રજયાત્રા કરવાની શ્રીગુંસાઈજી પાસે આજ્ઞા માંગે છે, ત્યારે સૌ વૈષ્ણવોને આશ્ચર્ય થાય છે કે શ્રીપ્રભુચરણ તથા શ્રીગિરિરાજધરણનું સાન્નિધ્ય છોડી યાત્રાએ કેમ જાય છે? પણ તેણે જે ફૂલ ચોરનાર છોકરાને શ્રીજીની સમક્ષ માર્યો હતો તે આસુરાવેશે તેને આમ કરાવ્યું હતું.

છીતુજી કહે છે કે - મારા સ્વામી શ્રીવિઠ્ઠલ છે તે જ ગિરિધરણ છે અને એમની વાણિ રૂપ જે નિગમ-વેદ છે તેનો જ પ્રકાશ પોતાના વચનામૃત રૂપે કર્યો છે.

તેવા વચનો જેમનાં છે તે જ મારા ઉપાસ્ય છે, તે જ મારા સેવનીય છે, તેમના જ ચરણકમલનો હું દાસ છું અને તેમની જ વાણીનું શ્રવણ કરું છું. (૨)

(૧૧૯) પૂર્વી ૧૩ ૨/૧૮૫

તુમારે ચરણકમલકે શરણ
રાખો સદા સર્વદા જનકોં વિઠ્ઠલેશ ગિરિધરણ ૧
તુમ બીન ઓર નહિ અવલંબન ભવસાગર દુસ્તરણ
ભગવાનદાસ જાય બલિહારી ત્રિબિધ તાપ ઉર હરણ ૨

ભાવાર્થ :

ભગવાનદાસ કહે છે - હે વિઠ્ઠલેશ, હું આપના ચરણકમલનો શરણાગત છું. આપના ચરણકમલ જ મારા ભાવના રક્ષક છે. (તુમારે ચરણકમલ કે શરણ). આ આપના જનને આપ આપના આશ્રયે હંમેશાં રાખો અને સર્વ પ્રકારે રાખો. જેમ કૃષ્ણલીલામાં આપ વ્રજભક્તોના રક્ષક બન્યા હતા અને આપે ગિરિને ધારણ કર્યો હતો, તે આશયની લીલા આપ મારા અર્થે કરો, કેમકે જેમ ગોપીજનો આપના જન હતા તેમ હું પણ આપનો છું. (૧)

જેમ વ્રજભક્તોને આપ સિવાય કોઈનું અવલંબન-આધાર ન્હોતો તેમ મને પણ નથી અને આ ભવસાગર તો તરી જવો અતિ દુર્લભ છે. (ભવસાગર દુસ્તરણ) અથવા ભવસાગરને પાર કરાવનાર આપ માત્ર જ છો.

આપે જ મારા હૃદયના ત્રણ પ્રકારના - આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક તાપને સમાવ્યા છે. આપની મારા પર અનહદ કૃપા છે. હું આપને ન્યોછાવર થાઉં છું. (ભગવાનદાસ જાય બલિહારી ત્રિવિધ તાપ ઉર હરન) (૨)

(૧૨૦) ગૌરી ૧૪ ૨/૧૮૬

હોં ચરણાત પત્રકી છૈયાં
કૃપાસિંધુ શ્રીવલ્લભનંદન બહ્યો જાત રાખ્યો ગહી બહીયા ૧
નવનખચંદ્ર શરદમંડલ છબિ હરતતાપ સ્મરત મન મહિયા
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ સુયશ વખાન સકત શ્રુતિ નહીયાં ૨

ભાવાર્થ :

છીત સ્વામી કહે છે કે - મારો આશ્રય (છૈયા) આપ વૃક્ષ રૂપી પાંદડાની છાયાનો છે. જો આ છાંયો પ્રાપ્ત ન થયો હોત તો તો હું સંસારના દાવાગ્નિમાં બળીને ભષ્મ થઈ ગયો હોત ! અથવા છીતસ્વામી કહે છે કે - હું તો સંસારના ભવસાગરના પ્રવાહમાં તણાઈ રહ્યો હોત. તેમાંથી બચવાનો મારો કોઈ પુરૂષાર્થ ન્હોતો કે

ન્હોતું સામર્થ્ય પણ આપના ચરણરૂપી એક પાંદડું મને તે ભવસાગરમાં પ્રાપ્ત થયું તેના આધારે હું બચી ગયો. (હોં ચરણાત પત્ર કી છૈયાં) હું ભવસાગરમાં પાંદડું હતો પણ આપ તો કૃપાસિંધુ હતા. વળી આપ શ્રીવલ્લભનંદન છો, આપના સર્વસ્વ તેવા કૃષ્ણ છો તેથી તો આપે મને નિઃસાધન જાણીને મારો હાથ પકડી લીધો અને પ્રવાહમાં વહી જતો હતો તેને બચાવી લીધો (બહ્યો જાત રાખ્યો ગહી બહીયાં) (૧)

જે કોઈ આપનું સ્મરણ મનમાં પણ કરે છે તેના ત્રિવિધ તાપનું હરણ કરવાવાળા આપના ચરણના નૂતન નખચંદ્રોની શિતળતા છે. તેવું આપનું સ્વરૂપ છે. (છબિ)

છીતુના સ્વામી શ્રીગિરિધરન જ વિઠ્ઠલ રૂપ પ્રકટયા છે. તેમના યશ-ગુણની કીર્તિ પૂરેપૂરી વેદની શ્રુતિઓ પણ કરી શકવા સમર્થ નથી. (સુયશ વખાણ સકત શ્રુતિ નહિયાં) (૨)

(૧૨૧) કાન્હરો ૧૫ ૨/૧૯૪

તિહારી કૃપા વિઠ્ઠલેશ ગુસાંઈ
અપથ મારગ તજે, ભક્તિ મારગ રુચિ શ્રીગિરિવરધર દઈ દીખાઈ ૧
તન મન પ્રાણ સમર્પણ કીનોં શ્રીભાગવત-વિધિ નઈ શિખાઈ
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ અગનિત મહિમા વરની ન જાઈ. ૨

ભાવાર્થ :

છીતસ્વામી શ્રીગુંસાઈજીના પોતા પરના ઉપકારોને યાદ કરે છે તથા આપના અન્ય પરની કૃપા વર્ષાના દર્શન કરીને કહે છે કે હે વિઠ્ઠલેશ આપ કૃપાવંત છો માટે જ આપ ગુસાંઈ કહાવો છો. સર્વ દેહધારી (ગો)ના સ્વામી (સૈયાં) હોવાના કારણે આપ કૃપાવંત છો.

જે કોઈ અપથ-ગેરમાર્ગે ચાલતો હોય પણ જો તેને છોડી દેવાની તત્પરતા બતાવે અને જેની ભક્તિમાર્ગમાં રૂચિ હોય એટલે કે જે પરબ્રહ્મ કૃષ્ણની પ્રેમપૂર્વિકા સેવા અને કથામાં રૂચિ ધરાવતો હોય તેને આપ શ્રીગિરિવરધર-ઠાકોરજીના દર્શન કરાવો છો. (દીખાઈ) અને પછી તેના માથે પધરાવી દઈ સાક્ષાત્ દર્શન કરાવો છો. (દઈ) તેને સમર્પણ ભાવથી દીક્ષીત કરે છે. તેથી તે પોતાના તન-મન-પ્રાણ બહારનો દેહ (તન) અંદરનો દેહ (મન) અને સર્વ ચેષ્ટામાં કારણરૂપ (પ્રાણ) સર્વનો વિનિયોગ માત્ર ભગવદર્થે જ કરાવો છો. આ પ્રકારે તેને પોતાનું સર્વ સમર્પણ પ્રભુમાં કરાવડાવો છો, જેના કારણરૂપ શ્રીગુંસાઈજી આપ છો. (૧)

વળી આપે શ્રી ભાગવત પારાયણ સંબંધિતની નવી રીત (પ્રકાર) પોતાના સેવકોને શિખવી.

શ્રીભાગવત સર્વ ગ્રંથો વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-પુરાણ વગેરેનો સાર છે, કેમકે તેમાં જે કંઈ લીલા વર્ણન છે, તેમાં પ્રભુની સર્ગથી શરૂ કરી આશ્રય સુધીની સર્વ લીલાનું વર્ણન છે અને તે પ્રભુએ આનંદાર્થે જ કરી છે, અન્ય કોઈ પ્રયોજન નથી માટે ભક્તે પણ તે લીલાનું ગાન ભક્તિ અર્થે જ કરવાનું છે. અન્ય કોઈ પ્રયોજન માટે નહિ.

આ નવી વાત છે કેમકે આ પહેલાં ભાગવતકથા કહેનારા અને સાંભળનારા તેનો ઉપયોગ દુઃખ નિવૃત્તિ અને સુખ પ્રાપ્તિ માટે કરતા હતા, જે ભાગવતનું અવમૂલ્યન હતું.

શ્રીમદ્ ભાગવત સ્વયં ભગવાનનું નામાત્મક સ્વરૂપ હોવાથી તેનો મહિમા-માહાત્મ્ય અગણિત છે. તેનું ફલ બ્રહ્માનંદ (ગણિતાનંદ) થી પણ આગળ છે. આ વાત આપે આપના સેવકોને દૃઢ કરાવી. આપે ભાગવત પર ટિપ્પણી કરીને કૃષ્ણભટ્ટને આપી- આપ નિત્ય અનવસરમાં સુબોધિનીનું પઠન-વાચન કરતા-સંભળાવતા. પીરજાદી વગેરે આપના મુખ્ય શ્રોતા હતા. આમ આપે સેવા-કથાના પ્રેમમય ભક્તિમાર્ગે પોતાના જીવોને દોરીને મહા ઉપકાર કર્યા.

છીતસ્વામીને મન તો શ્રીવિઠ્ઠલ અને શ્રીગિરિધર અને શ્રીમદ્ ભાગવત વગેરેની વચ્ચે કોઈ ભેદ નથી. ભેદ સહિષ્ણુ અભેદ છે. તેવી તેમની દૃષ્ટિ છે. તેથી તો તે શ્રીવિઠ્ઠલેશનો જ મહિમા ગાઈ રહ્યા છે. અથવા પોતાનામાં જ શ્રીગિરિવરધરનાં દર્શન કરાવે છે (છિતસ્વામીને અને માણેકચંદને) (૨)

(૧૨૨) કાન્હરો ૧૬ ૨/૧૯૫

પરમકૃપાળુ શ્રીવલ્લભનંદન કરત કૃપા નિજ હાથ દે માથે
જે જન શરણ આય અનુસરહી ગહિ સોંપત શ્રીગોવર્ધન નાથેં ૧
પરમ ઉદાર ચતુર ચિંતામણિ રાખત ભવધારા તે સાથેં
ભજી કૃષ્ણદાસ કાજ સબ સરહીં જો જાને શ્રીવિઠ્ઠલનાથે ૨

ભાવાર્થ :

શ્રીવલ્લભનંદન હોવાના કારણે આપ પુષ્ટિસ્થ છે અને તેથી પરમકૃપાળુ છે. વલ્લભનંદન હોવાના કારણે આપ સેવકજનોના પ્રિય બની રહ્યા છો અને સેવકો આપને પ્રિય છે. તેની અભિવ્યક્તિરૂપે આપ પોતાનો હસ્ત સેવકના માથે ધરો

છો. એટલે કે આપે શરણ–રક્ષકપણું સ્વીકાર્યું છે અથવા આપના જે નિજ-ઠાકોરજી છે તેમના શરણાગત ભક્તોને કરી દીધા છે. (નિજેચ્છા-નિજાનામ્- નિજભક્તા નામ્).

જે કોઈ ભક્ત આપના શરણે રીતે કરીને આવે છે તેના પૂર્વકાળના દોષોને આપ ધ્યાનમાં નથી લેતા. રૂપમુરારીદાસ શિકારીના વેશમાં આપને શરણે આવ્યા, તેવા અનેક પ્રસંગો છે. પણ શરણે આવ્યા પછી જે આપના માર્ગીય ઉપદેશનું સારી રીતે અનુસરણ કરે છે. (અનુસર હી) તેવાને આપ ગ્રહણ (ગ્રહી) કરી રાખો છો અને પછી તેને શ્રીગોવર્ધનનાથને સોંપો છો અથવા તો જેની ઈન્દ્રિયોનું ઉર્ધ્વીકરણ (અલૌકિકત્વ) કરવા જે સમર્થ છે. (નાથ) તેમને સોંપો છો. (૧)

પોતાનાં ભક્તનું ઈષ્ટ કરવા બાબતમાં આપ સમાન ઉદાર કોઈ નથી. (પરમ્ ઉદાર) આપ આ સંબંધે ચતુર પણ છો. કેમકે દરેક ભક્તની ભિન્ન ભિન્ન ખાસીયત, જીવનશૈલી હોવા છતાં આપ દરેકને પ્રભુયોગ્ય બનાવી દો છો. તે જ આપની ચતુરતા છે.

કોઈ ભોળી વહુ છે. તો કોઈ કૃષ્ણભટ્ટ ચતુર છે. કોઈ નિત્યલીલાના દર્શન કરનાર મુગ્ધ છે તો કોઈ સાપને મારનારો ક્રૂર છે, કોઈ દીવાન છે તો કોઈ માટી ખોદે છે. કોઈ લક્ષ્મીદાસ આપને ટકોરે છે. તો કોઈ માણેકચંદ પરમ આજ્ઞાંકિત છે.

આ સર્વ માટે આપ ચિંતામણિરૂપ છો. કેમકે વગર માંગે, માત્ર મનમાં ઈચ્છા કરનારને આપ તેના કલ્યાણરૂપ મનોરથ પૂર્ણ કરવાવાળા છો અને આ જે ભવસાગરનો પ્રવાહ છે તેવા પ્રચંડ પ્રવાહમાં આપ તેને હાથ આપી બચાવનારા છો, એટલું જ નહિ તેની ઉન્નત ગતિ કરાવનારા છો.

કૃષ્ણદાસ કહે છે - જે આપને ભજે છે અને આપને સ્વયં વિઠ્ઠલનાથ ઠાકોરજી તરીકે અભેદરૂપે જાણે છે તેના સર્વ કાર્યો સિદ્ધ થઈ જાય છે.

કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુંસાઈજીને છ માસ માટે શ્રીગોવર્ધનધરની સેવાથી દૂર કર્યા. આ વાત જ્યારે બિરબલે જાણી ત્યારે કૃષ્ણદાસને કેદ કર્યા પણ ગુંસાઈજીએ આ વાત જાણી ત્યારે ગિરધરજીને કહ્યું - કૃષ્ણદાસ છૂટશે પછી જ હું અન્ન લઈશ. આવી પરમકૃપાળુતા-ઉદારતા-શરણાગત વત્સલતા અને અપકારને ધ્યાનમાં નહિ લેનારા થતાં સેવકને પ્રતિ ઉપકાર કરનારા આપ છો. તેવી કૃષ્ણદાસને પ્રતિતિ થઈ ત્યારે કૃષ્ણદાસે ભાવવિભોર અવસ્થામાં આ કીર્તન આપની સમક્ષ ગાયું. (૨)

(૧૨૩) રાગ બિહાગ ૧૭ ૨/૧૯૮

જુગ જુગ રાજ કરો શ્રીગોકુલ જુગ જુગ રાજ કરો
યહ સુખ ભજન પ્રતાપ તેજ તેં છિન ઈત ઉસ ન ટરો ૧
પાવનરૂપ દિખાય મહા પ્રભુ પતીતન તાપ હરો
વિશ્વવિદિત દીની ગતિ પ્રેતન કર્યોં ન જગત ઉદ્ધરો ૨
શ્રીવલ્લભકુલ કમલ અમલ રવિ યશ મકરંદ ભરો
નંદદાસ પ્રભુ ષટ્‌ગુણ સંપન્ન શ્રીવિઠ્ઠલેશ વરો ૩

ભાવાર્થ :

નંદદાસજી શ્રીપ્રભુચરણના આશ્રયનું પદ ગાય છે. હે વિઠ્ઠલેશ, આપ શ્રીગોકુલમાં યુગો પર્યંત રાજ કરો એટલે કે કૃષ્ણપ્રેમી ભક્તોનાં હૃદય ‘શ્રીગોકુલ’ છે કે જ્યાં શ્રીકૃષ્ણ લીલાપરિકર સહિત બિરાજે છે પણ આ લીલા અવગાહનના નિયામક-રાજા આપ છો આપ કૃપા કરો તો જ હૃદયમાં બિરાજેલા પ્રભુની નિરોધ લીલાની અનુભૂતિ થાય. તેથી જ કહે છે - ‘યહ સુખ ભજન પ્રતાપ તેજ તેં’ આ જે ભજનરૂપ સુખ છે તે આપના તેજ પ્રતાપના કારણે જ શક્ય બને. એટલા માટે આપ મારા હૃદયમાંથી એક ક્ષણ પણ ખસો નહિ. આપ ખસશો તો લીલાનુભૂતિ પણ બંધ થશે. (છિન ઈત ઉત ન ટરો.) (૧)

અમે તો અધમ-પતીત છીયે એટલે કે અનેક દોષોથી ભરેલા છીએ અને તેથી અમે ગમે તેટલું સાધન કરીએ તો પણ અમારા વિષયાકાન્ત દેહમાં પ્રભુ બિરાજે નહિં. એવું કોઈ સાધન નથી કે જે અમારા દોષોને નિઃશેષ કરી શકે. તેથી આપનું પાવન કરવાવાળું રૂપ અમને દર્શાવો. તેના દર્શન માત્રથી જ અમારા દોષોની સંપૂર્ણ નિવૃત્તિ થઈ જાય તો ભગવદ્‌ સંયોગમાં રસરૂપ પ્રભુની અનુભૂતિ થાય.

આપે એક વખત આવા જ પાવનરૂપના દર્શન પ્રેતયોની વાળાને કરાવ્યા હતા. જેથી તે હતીત-પતીતનો ઉધ્ધાર થઈ ગયો હતો. જો આવાનો ઉધ્ધાર કરી શકો તો તો પછી જગતને ઉધ્ધારવાનું સામર્થ્ય આપમાં હોય જ. (વિશ્વવિદિત (જગજાહેર) દીની ગતિ (ઉધ્ધાર) પ્રેતન ક્યોં ન જગત ઉધ્ધરો.) (૨)

શ્રીવલ્લભના ઉત્તમ કુળમાં આપ વિશુદ્ધ કમલ સમાન છો અને આપ તો રવી-સૂર્ય સમાન છો. આપના પ્રાકટયથી વલ્લભ કૂળની ખ્યાતિ દશે દિશામાં ફેલાઈ છે.

તેવો આપનો યશ-ગુણગાન-મકરંદ રૂપ સુગંધથી મને પણ ભરી દો. આપની કથાથી મારું ચિત્ત પ્લાવિત થઈ જાય તેમ કાં ન કરો ?

(શ્રીવલ્લભકુલ કમલ અમલ, રવિયશ મકરંદ ભરો)

નંદદાસજી કહે છે શ્રીવિઠ્ઠલેશ તો મારા સ્વામી છે કે જે ષડ્ગુણથી સંપન્ન છે. એવા શ્રી વિઠ્ઠલેશ સાથે મારું અતૂટ જોડાણ બની રહો. (વરોં) અથવા વિઠ્ઠલેશ મારું વરણ કરે. મને પોતાનો કરી રાખો.

નંદદાસજી કહે છે કે જીવ તો પતીત છે પણ આપનું પાવનકારી રૂપ દુષ્ટોનો પણ ઉદ્ધાર કરે, તો અમારો તો કરે જ, એટલું જ નહિ અમારું હૃદય પણ આપની ભક્તિથી ભરી દે, કેમકે આપ તો સર્વગુણોને ધારણ કરી રાખનારા છો. (૩)

ભોગી

(૧૨૪) આસાવરી ૧ ૨/૨૩૪

ભોગી ભોગ કરત સબ રસકો
નંદનંદન જસોદાકો જીવન ગોપીન માન પતિ સર્વસ કો ૧
તિલભર સંગ તજત નહિ નિજજન ગાન કરત મનમોહન જસકોં
તિલતિલ ભોગ ધરત મન ભાવત પરમાનંદ સુખ લે યહ રસકો ૨

ભાવાર્થ :

ભોગી છે તે તો બધા જ રસનો ભોગ કરે તો જ ખરો ભોગી. સર્વ રસનો ભોગ કરવાનું સામર્થ્ય તે ભોગી. શાસ્ત્રમાં જે રસ કહ્યા છે તે તો ખરા જ.

જૂઓ હવે પ્રભુ કેવા કેવા રસનો ભોગ કરે છે તે જોઈએ.

નંદજીની સાથે પોતે પુત્ર ભાવે ભોગ કરે છે.

જશોદાજીનો વાત્સલ્યભાવ છે અને તેમના જીવનરૂપ છે. તેથી તેવા ભાવનો ભોગ કરે છે.

ગોપીજનો સાથે માન-ભાવનો ભોગ કરે છે. અને સર્વના રક્ષક-પતિ છે તે ભાવનો પણ ભોગ કરે છે. નંદજીમાંથી રાજસ ભાવનો યશોદાજીમાંથી સાત્વિક ભાવનો અને ગોપીજનોમાંથી તામસ ભાવનો તથા સર્વના પતિ રક્ષક હોવામાં નિર્ગુણ ભાવનો. આમ આ ''ભોગી ભોગ કરત સબ રસકો.''

પ્રભુ ભોક્તા છે અને જડ-જીવ સૃષ્ટિ ભોગ્ય છે. જેમ ચેતનજીવો જડ સૃષ્ટિને પોતાની ભોગ્ય માને છે તેમ! (૧)

આ ભોગી પોતાના ભોગ્યનો સંગ ક્ષણભર (તિલભર) પણ છોડતા નથી, આ ઉત્તમ ભોગીનું લક્ષણ છે. દરેક જડ-જીવમાં સચ્ચિદાનંદત્વ સર્વકાળમાં હોય છે જ. જીવમાં અંતર્યામી-પરમાત્મ સ્વરૂપે હોય છે જ. તેથી આપ જીવને કે જડને ક્ષણ ભર પણ ત્યજતા નથી.

તે જ પ્રકારે પ્રભુ જેને પોતાનો જાણે છે તેને સંયોગરૂપે હંમેશાં સંગી બનાવે છે અને વિપ્રયોગમાં અંતઃકરણમાં બિરાજીને સંગી બનાવે છે. તેથી આ ભોગી ક્ષણભર પણ નિજ્જનને છોડતા નથી. (તિલભર સંગ તજત નહિ નિજજન) અને આ ભક્તો પણ પોતાના ભોગીના યશનું ગાન કર્યા કરે છે. તેમનું મન પ્રભુથી મોહ પામ્યું છે. તેથી તેઓને માટે પણ પ્રભુના ગુણગાન સિવાય કોઈ વિષય જ નથી રહ્યો. તેથી તો તેઓ પણ પોતાના ભોગીને જે જે ગમે છે તે તે બધી જ વસ્તુ (તીલ-તીલ) (અસંખ્ય) અથવા પ્રત્યેક ક્ષણે પ્રભુને, ભોગ ધરતા જ રહે છે અને પ્રભુ પણ ભક્તના આ ભોગનું કે ભક્તના સ્નેહ રસનું સુખ લે છે અથવા પ્રભુ-ભોગી જે રસનો ભોગ કરે છે તે પરમ-આનંદ રૂપ છે.

અથવા ભક્ત પોતાની પાસેની તુચ્છ-નાનીસી વસ્તુ પણ ભોગ ધરે છે તે પણ પ્રભુને પ્રસન્ન કરવાના ઈરાદે! ને તે સામગ્રીના ભાવથી ધરે છે તેના રસનું (ભક્તના) કે (ચીજના) પ્રભુ ખૂબ જ આનંદપૂર્વક અને રસપૂર્વક સુખ લે છે, જેમ પદ્મનાભદાસજીએ છોલાની અલગ અલગ ઢગલી કરી તેમાં બધી ચીજના ભાવ કર્યો. તો પ્રભુ તે તે ભાવથી ખૂબ પ્રસન્ન થઈ આરોગતા વળી ગિરિધરજીને કહ્યું આપના છપ્પનભોગ કરતાં પદ્મનાભદાસના એક છોલામાં વિશેષ રસ આવ્યો. આવા ભોગી છે આ. (૨)

મકરસંક્રાંતિ

(૧૨૫) ધનાશ્રી ૨ ૨/૨૩૫

ગોપાલ માઈ ખેલત હે ચોગાન
વ્રજકુમાર બાલકસંગ લીને વૃંદાવન મૈદાન ૧
ચંચલ બાજી નચાવત આવત હોડ લગાવત આન
સબહી હસ્ત લે ગેંદ ચલાવત કરત બાબાકી આન ૨

કરત ન શંક-નિઃશંક મહાબલ હરત નૃપતિ કુલ માન
પરમાનંદદાસકો ઠાકુર ગુન આનંદ નિધાન 3

ભાવાર્થ :

હે સખી જો આ ગોપાલ 'ચોગાન' નામક રમત રમે છે. આ વ્રજકુમાર બધા બાળકોની સાથે લઈને વૃંદાવનના મોટા મેદાન પર આવ્યા. (૧)

કેવી રીતે આવ્યા તો પોતાના તેજીલા (ચંચલ) ઘોડાને નચાવતા આવ્યા અને હોડ-હરિફાઈ કરાવતા આવ્યા. બધા હાથમાં ગેંદ લઈને ફેંકે છે અને ફેંકતા ફેંકતા બાબાની દુહાઈ દે છે. (૨)

પ્રભુની આ રમતમાં તે મહાબલ છે તે નિઃશંક છે. કેમકે તેમના પ્રાવીણ્ય સામે રાજાઓના કુળનું અભિમાન હોય તે પણ હરાઈ જાય છે. પરમાનંદદાસના આ ઠાકુર તો આનંદ નામક ગુણના નિધાન ભંડાર છે. (ચોગાન-કંઈક પોલો-ઘોડા પર રમાતી રમત હોવી જોઈએ.) (૩)

પતંગ

(૧૨૬) અડાનો 3 ૨/૨૪૦

કાન્હ અટા પર ચંગ ઉડાવત મૈં ઈતને ઉત આંગન હેર્યો
નૈન ભયે વિભિચારી નારાયણ ભાજત લાજ કીધોં ભટ મેરો. ૧
મોહી તો યહ જક લગી રહત હૈ ક્યોં હૂં ક્યોં હૂં ફિરત ન ફેર્યો
પરમાનંદ પ્રભુ યહ અચંભો એંચત ડોર કીધોં મન મેરો ૨

ભાવાર્થ :

૧ કનૈયો અટારી-અગાશી ઉપર પતંગ ઉડાવે છે અને હું તો તેને અહીં-તહીં આંગનમાં જ શોધતી રહી.

મારાં નૈન (દૃષ્ટિ) વ્યભિચારી હોવાથી શોધવા માટે ભટકવા લાગી.

હે નારાયણ ! તેને તો ભાગી જતાંય લાજ ન આવી અને મારામાં શુરવીરતા ન હોવાથી હું તેને રોકી ન શકી.

મારી જીદ્દ છે, પણ તે ય કેમે કરી પાછા ફરતા નથી. પરમાનંદ પ્રભુએ આશ્ચર્યજનક કર્યું કે મારા જીવનનો દોર ઝૂંટવી લઈને મન એમનામાં કરી લીધું.

૨. કનૈયો અટારી પર ચંગ ઉડાડે છે અને હું આંગણામાં અહીં તહીં શોધું છું. મારા નયન તેમના પ્રતિ ખૂબજ લાલાયિત છે પણ તે નારાયણ તો ભાગી ગયા. તેથી મને લાજ આવી. પછી મારી શૂરવીરતા કેવી.... ?

૩. કનૈયો તો અલૌકિક સ્થાન (અટારી) અક્ષર પર બિરાજીને આ બધી લીલા કરી રહ્યો છે. (ચંગ ઉડાવત) અને હું તો તેમને ભૂતલ પર શોધું છું. એટલે કે તેમની લીલા સ્વરૂપ અપ્રાકૃત છે અને હું તેમને પ્રાકૃત જાણીને વ્યવહાર કરવા માંગું છું. (મૈં ઈતને ઉત આંગન હેર્યો)

૪. મારી દૃષ્ટિ શુદ્ધ નથી. (વ્યભિચારી) અશુદ્ધ છે એટલે કે હું અજ્ઞાની છું. આપના સ્વરૂપને જાણતો નથી, કે તે તો નારાયણ છે ! તેથી તે લૌકિકભાવ વાળાથી દૂર જ ભાગે છે. (ભાજત). પરંતુ મારામાં માત્ર અજ્ઞાન છે એટલું જ નહિ પણ લજ્જા ય નથી. (લાજ કીધોં) એટલે કે અજ્ઞાન હોવાનું ભાન પણ નથી. તેથી તો હું તેને શોધ્યા કરું છું, સદોષ છું છતાં !

તે તો શૂરવીર છે. (ભટ) તેથી તે વિચારે છે કે આ જીવ જેવો છે તેવો પણ છે તો મારો (મેરો).

મારા મનને એક જીદ્દ આવી ગઈ કે તેને શોધવો છે. તેથી તેને પ્રાપ્ત કર્યા વગર પાછા ફરવા નથી માંગતું.

પરંતુ એક નવાઈની વાત બની કે મારું મન તેને શોધવા ભટકતું હતું ત્યાં તો તેણે જ મારા મનને અટકાવી દીધું. સ્થિર કરી દીધું (સેંચત). મારા જીવનની દોરી તેનામાં સ્થિર થઈ ગઈ. મારા પતંગ જેવા મનને, મારી જીવન દોરી જબરદસ્તીથી આંચકી લઈને પોતાને તાબે કરી દીધી.

તે મારા અનેક પ્રયાસોથી ન મળ્યા પણ પોતાની ઈચ્છાથી મળ્યા. ''સાહિબ કૈસે મિલે ?''

હું લોકાર્થી બનવાથી કૃષ્ણ મારા માટે અપ્રાપ્ય બની ગયા. પણ મેં આપને ન છોડયા તેથી તેમણે મારી લોકાર્થીતાને નષ્ટ કરી, પ્રભુએ મારું લૌકિક વ્યભિચારત્વ છોડાવીને મારામાં તેમના પ્રતિ નારાયણ ભાવ જગાડયો. પતિ જ પોતાનીની લાજ રાખે. આપ તેવા શૂરવીર છો. જ્યારે ડોર મારા હાથમાં રાખી હતી ત્યારે મારો પતંગ છે તની મને ન્હોતી ખબર પણ પ્રભુએ કૃપા કરી મારી ડોર તેમના હાથમાં લઈ મારા ચંગને સ્થિર કરીને મને દર્શન કરાવ્યા. (બતાવ્યો) (૨)